# હૈમ-સંસ્કૃત પ્રવેશિકા

## પ્રથમા

## ૧

લેખક
પાટણ નિવાસી
પંડિત શિવલાલ નેમચંદ શાહ

-: પ્રકાશક :-
ભદ્રંકર પ્રકાશન
શાહીબાગ, અમદાવાદ-૪. ફોન : (૦૭૯) ૨૮૬૦૭૮૫

# હૈમ-સંસ્કૃત પ્રવેશિકા

## પ્રથમા

## ૧

લેખક
પાટણ નિવાસી
**પંડિત શિવલાલ નેમચંદ શાહ**

-: સહયોગ :-
**શ્રી ભાભર જૈન સંઘ**

-: પ્રકાશક :-
**ભદ્રંકર પ્રકાશન**
C/o. ફકીરચંદ મણીલાલ શાહ
૪૯/૧, મહાલક્ષ્મી સોસાયટી, સુજાતા ફલેટ પાસે,
શાહીબાગ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪.
ફોન : (૦૭૯) ૨૨૮૬૦૭૮૫

૮મી આવૃત્તિ
નકલ ૨૦૦૦
વિક્રમ સંવત ૨૦૬૦

## પ્રાપ્તિ સ્થાન

૧. **દિનેશચંદ્ર શિવલાલ શાહ**
૧૪, કલાદર્શન ફ્લેટ,
ભારતી સોસાયટી સામે,
પાટણ. (ઉ.ગુ.)

૨. **જૈન શ્રેયસ્કર મંડળ**
સ્ટેશન રોડ, મહેસાણા (ઉ.ગુ.)

૩. **સરસ્વતી પુસ્તક ભંડાર**
રતનપોળ, હાથીખાના
અમદાવાદ-૧.

૪. **પાર્શ્વનાથ પુસ્તક ભંડાર**
તળાટી રોડ,
પાલીતાણા.

મૂલ્ય : ૪૦-૦૦

મુદ્રક : **વર્ધમાન એન્ટરપ્રાઈઝ**
અમદાવાદ - ૩૮૦ ૦૦૪.
ફોન : (૦૭૯) ૨૨૮૬૦૭૮૫

## બે બોલ......

કલિકાલ સર્વજ્ઞ શ્રીહેમચંદ્રાચાર્ય ભગવંતના પદાર્પણથી પવિત્ર બનેલી પરમાર્હત્ કુમારપાળ મહારાજાના ન્યાય અને જીવદયાની ભાવનાથી ભાવિત બનેલી પાટણની ધન્યધરા ઉપર સિદ્ધ-હેમ-શબ્દાનુશાસન વ્યાકરણની રચના થઈ અને તેનાથી હજારો ભવ્યાત્માઓ સંસ્કૃત પ્રાકૃતનો અભ્યાસ કરવા સદ્ભાગી બન્યા. કાળક્રમે અલ્પબુદ્ધિવાળાઓ પણ શાસ્ત્રવાંચન કરી શકે તે માટે સાધનગ્રંથરૂપે - પાટણનાં જ વતની અને પાટણમાં રહીને હૈમ સંસ્કૃત પ્રવેશિકાની રચના કરી શ્રાદ્ધવર્ય શ્રી શિવલાલભાઈએ પાટણને એક વધુ યશકલગી અપાવી છે.

પંડિતજી પાસે મેં મારા સંયમના પ્રથમ વર્ષોમાં અભ્યાસ કર્યો અને તે વ્યાકરણ કરાવવાની એમની પદ્ધતિ એવી કે વ્યાકરણના પુસ્તકમાં કયા પાના ઉપર કયું સૂત્ર છે તે નામની જેમ મગજમાં બેસી ગયેલું હતું.

શાસ્ત્રવાંચન - સંશોધન કે સંપાદનમાં ઉપકારી દેવ-ગુરુની કૃપા અને ઉપકારની સાથે પંડિતજીનો ઉપકાર ભૂલાય તેમ નથી. એઓ તો ખૂબ જ સમાધિ સાધી ગયા પણ એમના હસ્તે રચાયેલ આ પાઠ્ય પુસ્તકો સંસ્કૃતની ૩ બુકોથી પ્રસિદ્ધ છે. જે દરેક સંસ્કૃત પાઠશાળાઓમાં સાધુ-સાધ્વીજી ભગવંતોનો સંસ્કૃતનો અભ્યાસ આ બુકોથી શરૂ થાય છે.

એમાં પંડિતજીના સ્વર્ગવાસ પછી બે બુકો જ્યાં હતી તે બધી ભેગી કરીને જ્યાં જ્યાં જરૂરત હતી ત્યાં ત્યાં પહોંચાડી

પણ આ તો પાઠ્ય પુસ્તક, જેથી એક વખત બુક ભણવાની પૂરી થાય એટલે એ બુક પણ પૂરી થઈ જાય, એટલે માંગ વધવા લાગી.

પંડિતજીના સુપુત્રરત્ન સુશ્રાવક દિનેશભાઈને જણાવ્યું અને તેઓએ અનુમતિ આપી કે બાપુજીએ જે રીતે છપાવેલ છે તેમાં કોઈ સુધારા-વધારા કર્યા વિના છપાય તેમ કરશો. તેમની ભાવનાને ધ્યાનમાં લઈ પ્રેસ-દોષ શુદ્ધિ કરીને આ બુક તૈયાર કરી તે આજે ફરી નવી આવૃત્તિ રૂપે પ્રકટ કરતા પંડિતજીનો સંઘ ઉપર અને મારા ઉપર ચડેલા ઉપકારથી કંઈક હળવાશ અનુભવાય છે એ જ.

**- પં. વજ્રસેનવિજયજી**

**જામનગર**

**શ્રાવણસુદ-૧, સંવત - ૨૦૫૫**

# અનુમોદના

॥ શ્રી મુનિ સુવ્રત સ્વામિને નમઃ ॥

॥ શ્રીમદ્ વિજયાનંદ-કમલ-વીર-દાન-પ્રેમ-રામચંદ્ર-મહોદય સૂરિ ગુરુભ્યો નમઃ ॥

## ભાભર સંઘના અનન્ય ઉપકારી

સ્વ. દાદા શ્રી જિતવિજયજી મહારાજા,
સ્વ. પરમપૂજ્ય શ્રી હીરવિજયજી મહારાજા,
સ્વ. પરમપૂજ્ય શ્રી બુદ્ધિવિજયજી મહારાજા,
સ્વ. પરમપૂજ્ય પં. શ્રી તિલકવિજયજી ગણિવર
સ્વ. પરમપૂજ્ય આ.ભ.શ્રીમદ્ વિજય શાન્તિચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા
સ્વ. પરમપૂજ્ય આ.ભ.શ્રીમદ્ વિજય કનકપ્રભ સૂરીશ્વરજી મહારાજા
સ્વ. પરમપૂજ્ય આ.ભ.શ્રીમદ્ વિજય સોમચન્દ્ર સૂરીશ્વરજી મહારાજાના

**અગણિત ઉપકારોની સ્મૃતિમાં**

**સ્વ. પરમપૂજ્ય આ.ભ.શ્રીમદ્ વિજય**

**રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા**ના શિષ્યરત્ન

**પ.પૂ. મુનિપ્રવર શ્રી આત્મરતિ વિજયજી મહારાજની**

પ્રેરણાથી ભાભર જૈન મૂર્તિપૂજક સંઘ તરફથી
હૈમ સંસ્કૃત પ્રવેશિકા ભાગ-૧ છપાવવાનો પૂર્ણ લાભ
લીધો છે. તે બદલ અમો હાર્દિક અનુમોદના કરીએ છીએ.

- લી. નમસ્કાર આરાધક ટ્રસ્ટ
વતી ભદ્રંકર પ્રકાશન

# સમાલોચના

## પ.પૂ.આ. શ્રી કનકસૂરીશ્વરજી મ.

## (કલ્યાણ જૈન માસિકામાંથી)

સમસ્ત ભારતમાં પ્રાચીન સંસ્કૃતિ, ભાષા તેમજ વિજ્ઞાનનો કલ્યાણકર પ્રચાર કરવામાં જેઓએ પોતાની સમગ્ર શક્તિઓનો સદુપયોગ કરવા દ્વારા જૈનધર્મનું ગૌરવ અને તેજ ફેલાવ્યું તે મહાન્ વિભૂતિ આપણા પૂર્વજ આચાર્ય ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજશ્રીની અનુપમ કૃતિ, સિદ્ધહેમશબ્દાનુશાસન લગભગ ભૂલાતું જાય. એ કેટકેટલું શોચનીય કહેવાય !

આજ કારણે સિદ્ધહેમશબ્દાનુશાસનના સૂત્રોને લક્ષ્યમાં રાખીને અલ્પબુદ્ધિના તથા અલ્પપરિશ્રમ લેવાની ઈચ્છાવાળા સંસ્કૃતભાષાના અભ્યાસીવર્ગને તે ભાષાના વિશિષ્ટ બોધમાં સુવિધા રહે, તે જ શુભ આશયથી, પ્રસ્તુત હૈમ સંસ્કૃત પ્રવેશિકા પ્રથમાનું આયોજન અધ્યાપક ભાઈ શ્રી શિવલાલ નેમચંદ શાહે કર્યું છે. આ પ્રવેશિકામાં ૫૧ પાઠો છે, પણ આ પાઠો સરળ અને સંસ્કૃત ભાષાના પ્રાથમિક અભ્યાસીને દરેક રીતે અનુકૂલ રહે તે રીતે ટુંકાણમાં યોજયા છે. પાઠોની સંકલના, પદ્ધતિપૂર્વકની ક્રમસર તથા અભ્યાસી વર્ગના જ્ઞાનને ધીરેધીરે વિસ્તૃત કરવાની સમુચિત યોજના પૂર્વકની છે. વાક્યો, શબ્દો, નિયમો ઈત્યાદિ, સંસ્કૃત ભાષાનું અધ્યયન કરવામાં પ્રગતિ કરનારા અભ્યાસીગણની કક્ષાને નજર સમક્ષ રાખીને યોજવામાં આવેલ છે. આ પ્રવેશિકાના યોજક પં. શ્રી શિવલાલભાઈએ મહેસાણા સંસ્કૃત પાઠશાળામાં અભ્યાસ કરી, વર્ષો સુધી ત્યાં અધ્યાપકના સ્થાને રહી, સંસ્કૃત, પ્રાકૃત આદિ ભાષાઓમાં સારૂં પ્રભુત્વ પ્રાપ્ત કરેલ છે. 'સિદ્ધહેમ શબ્દાનુશાસન' વ્યાકરણ ગ્રંથના પઠન-પાઠનમાં તેમણે સુંદર

પરિશ્રમ લીધો છે. તેના પરિપાકરૂપે તેઓની કૃતિ, કલિકાલ સર્વજ્ઞ શ્રીહેમચંદ્રસૂરીશ્વરજી મહારાજશ્રીના વ્યાકરણ ગ્રંથના પ્રવેશદ્વારરૂપે અવશ્ય કાર્યસાધક બની શકશે, તે નિઃસંદેહ છે.

ડૉ. ભાંડારકરની માર્ગોપદેશિકા કરતાં નિયમો આદિની રચના સરળતાથી તથા સ્પષ્ટતાપૂર્વક અલ્પબુદ્ધિના અભ્યાસક્રમને પણ સહજ રીતે ગ્રાહ્ય થઈ શકે તે રીતે કરવામાં આવી છે.

આજે જૈનસમાજમાં સંસ્કૃતભાષાનો અભ્યાસ વધતો ચાલ્યો છે, છતાં આ પ્રવેશિકાના પઠન-પાઠનમાં જોઈએ તેટલો રસ હજુ સમાજના સાધુ-સાધ્વી અને શ્રાવક-શ્રાવિકાવર્ગમાં જાગ્રત થયો નથી, એ આપણાં પોતાના આંગણે રહેલી ઉમદા વસ્તુ પ્રત્યેની આપણી અક્ષમ્ય ઉપેક્ષા દર્શાવે છે, માટે જ ફરી-ફરીને એકજ હકીકત કહેવાની રહે છે કે-જૈન સમાજના પ્રત્યેક સંસ્કૃતભાષાના અભ્યાસકોએ પોતાના અભ્યાસ માટે આ ગ્રંથનો-પ્રવેશિકાનો જ આશ્રય લેવો જોઈએ અને સંચાલકોએ સંસ્કૃતભાષાના પ્રાથમિક અભ્યાસ માટે આ પ્રવેશિકાનો જ પ્રચાર કરવો જોઈએ, એ દરેક રીતે જરૂરી છે.

કલિકાલ સર્વજ્ઞ પૂ.આ.ભ.શ્રીહેમચંદ્રસૂરીશ્વરજી મ.ના સિદ્ધહેમવ્યાકરણના પ્રચારને પ્રોત્સાહન આપતા આ પ્રકાશનની પાછળ તેના કર્તા પં. શ્રી શિવલાલભાઈનો પરિશ્રમ ધન્યવાદને પાત્ર છે, ગૂર્જર દેશના ગૌરવસમા પ્રસ્તુત પ્રકાશનના પ્રચારને સર્વ કોઈએ વેગવંતો બનાવવાનાં પોતાના કર્તવ્યને અદા કરવામાં પ્રગતિશીલ રહેવું જરૂરી છે. એ દ્વારા સૂરીશ્વરજીએ કરેલા અમાપ ઉપકારોને સ્મૃતિપથમાં રાખીને કૃતજ્ઞભાવે અંજલી આપી ઋણમુક્ત બનવા સર્વ કોઈએ જાગ્રત થવું જોઈએ.

કલિકાલ સર્વજ્ઞ આચાર્ય ભગવાન શ્રીહેમચન્દ્રસૂરીશ્વરજી

મહારાજશ્રી રચિત 'સિદ્ધહેમ શબ્દાનુશાસન'ના પ્રવેશદ્વારરૂપ સંસ્કૃત-ભાષાના અભ્યાસક વર્ગ રૂચિને ઉત્તેજક પ્રસ્તુત પ્રવેશિકાનો દ્વિતીય ભાગ તેના યોજક પંડિત શ્રી શિવલાલભાઈએ પરિશ્રમપૂર્વક તૈયાર કરીને પ્રસિદ્ધ કર્યો છે. ડૉ. ભાંડારકરની માર્ગોપદેશિકા કે મન્દિરાન્તઃ પ્રવેશિકા કરતાં સુગમ, સરળ તથા સહજગ્રાહ્ય થઈ શકે તેવી પદ્ધતિપૂર્વક આ ગ્રંથની સંકલના કરવામાં આવી છે. ભાંડારકરની બે પુસ્તકો કરતાં આ પ્રવેશિકાના પ્રથમા તથા દ્વિતીયાના બે પુસ્તકોમાં સંસ્કૃત-ભાષાના અભ્યાસીને સરલતાપૂર્વક બોધ થઈ શકે તેવી પદ્ધતિએ આ ગ્રંથો તૈયાર કરવામાં આવ્યા છે. પ્રથમામાં ૫૧ પાઠો છે. વાક્યો, શબ્દો, ધાતુઓ ઈત્યાદિની યોજના સુગમતાથી થઈ છે.

આ પુસ્તકમાં હૈમશબ્દાનુશાસનનો અભ્યાસ કરવાની રૂચિવાળાને કે સંસ્કૃત ભાષાના અભ્યાસક વર્ગની રૂચિને પોષી અને સંતોષી શકે તેવું સાહિત્ય સુંદર રીતે રજુ થયું છે. જૈન સમાજના પ્રત્યેક અભ્યાસી વર્ગને કે શિક્ષણના વિષયમાં રસ લેનાર વર્ગને એકજ કહેવાનું રહે છે કે 'પૂ.પાદ કલિકાલ સર્વજ્ઞ આચાર્ય શ્રીહેમચંદ્રસૂરીશ્વરજી મહારાજશ્રીના પગલે પગલે તેઓશ્રીની કૃતિના અદ્યતન રૂપાંતરરૂપ પ્રસ્તુત ગ્રંથના અધ્યયન-અધ્યાપનમાં સર્વ કોઈ રસ લે, અને આવા ગ્રંથો શીઘ્રાતિશીઘ્ર નૂતન આવૃત્તિ પામે' એ કહેવા ફરી ફરી દિલ થયા કરે છે.

ગૂર્જરભૂમિના એક મહાન સુપુત્ર તથા સમસ્ત સંસારના વિશ્વવંદ્ય જ્યોતિર્ધરની સાહિત્યિક કૃતિને બાલભોગ્ય શૈલીમાં ગૂર્જરભાષામાં સંકલિત કરનારી આ પ્રથમા તથા મધ્યમાને ગૂર્જરદેશના અભ્યાસકો સમસ્ત ભારતમાં પ્રચાર કરવા સજ્જ બને, તે આવશ્યક છે.

**સમાજ હજુ સવિશેષપણે આ બંને ગ્રંથોને દરેક રીતે - સક્રિયપણે આવકારે એ આશા અસ્થાને નહિ ગણાય!**

## -: પ્રસ્તાવના :-

ભારતવર્ષની અને એકંદરે સમગ્ર જગતની દેશભાષા જ્યારે જુદા જુદા સ્વરૂપવાળી પ્રાકૃત ભાષા પ્રાયઃ રહી છે. ત્યારે શાસ્ત્રીય રીતે વિવિધ વિજ્ઞાનો રજુ કરવા માટેની ભાષા આખા દેશમાં સંસ્કાર પામ્યા પછી સંસ્કૃત ભાષા રહી છે, જેથી કરીને તે ભાષા પણ એક જીવતી જાગતી વિશ્વની વિશિષ્ટ ભાષા છે.

પ્રાકૃત અને સંસ્કૃત ભાષાના અગાધ શબ્દ ભંડોળમાં ભારત દેશની મહાન્ આર્ય પ્રજાની આધ્યાત્મિક મહા-સંસ્કૃતિના આદર્શ ઉપર રચાયેલા માનવ જીવનના પ્રત્યેક અંગ-પ્રત્યંગને લગતી તમામ ગંભીર પરિભાષાઓ સંકળાયેલી છે.

સંસ્કૃત ભાષાનું સાહિત્ય જેમ વિપુલ છે, તેજ પ્રકારે માનવી હૃદય ઉપર તેનો પ્રભાવ પણ એવો જ તેજસ્વી છે, માનવહૃદયની ભક્તિનો પ્રવાહ પણ તેના તરફ સદાયે વહેતો જ રહ્યો છે અને રહેશે.

માનવી-બુદ્ધિને ગ્રાહ્ય એવો કોઈ પણ વિષય નથી કે જેને લગતું વાઙ્મય એ ભાષામાં ન હોય શિલ્પઃ જ્યોતિષઃ સંગીતઃ વૈદ્યકઃ નિમિત્તઃ ઈતિહાસઃ નીતિઃ ધર્મ અર્થઃ તત્ત્વજ્ઞાનઃ વ્યવહારઃ અધ્યાત્મઃ વિગેરેને લગતા વિવિધ કર્તૃક અનેક ગ્રન્થો એ ભાષામાં હતા અને આજે પણ મોટા પ્રમાણમાં મળી આવે છે.

આ રીતે રોજના જીવન સાથે સંપર્ક ધરાવતા વિષયો ઉપરાંત પ્રાચીન સાહિત્ય સંશોધનઃ પ્રાચીન શોધખોળઃ ભાષા વિજ્ઞાનઃ તુલનાત્મક ભાષા શાસ્ત્ર વિગિરેના અભ્યાસ માટે પણ આ ભાષાના અભ્યાસની આવશ્યકતા હજુ એવીને એવી જ ઉભી રહી છે.

પ્રાકૃત અને સંસ્કૃત ભાષા ભારત સંસ્કૃતિનો જ પ્રાણ છે, એમ નહિ, પરંતુ બહુ જ ઉંડા ઉતરીને વિચારીયે તો "વિશ્વભરના માનવ

જીવનનો પણ એ પ્રાણ છે." એમ કહેવું એ વધારે ઉચિત અને સત્યપૂર્ણ છે.

ઉત્તર અને પૂર્વ ભારતમાંથી સંસ્કૃત ભાષાનું પ્રભુત્વ મધ્ય ભારત અને માળવા પ્રદેશમાં જણાયા પછી, છેલ્લા હજાર વર્ષના ગાળામાં ગુજરાતનો પ્રદેશ પણ તેમાં ખૂબ ખૂબ સમૃદ્ધિ ઉમેરે છે.

કલિકાલ સર્વજ્ઞ મહાન્ જૈનાચાર્ય શ્રીહેમચંદ્રાચાર્ય મહારાજના વખતથી તો સાગરમાં જેમ ભરતી આવે તેમ એકાએક સંસ્કૃત શિષ્ટ સાહિત્યની રચનામાં ભરતી જ આવે છે. એ સોલંકીઓ (ચૌલુક્ય)નો રાજ્યકાળ હતો.

સિદ્ધહેમચંદ્રશબ્દાનુશાસન નામના પ્રસિદ્ધ વ્યાકરણની રચના પણ એ કાળમાં જ (ગૂર્જરેશ્વર સિદ્ધરાજ જયસિંહની વિનંતીથી ગુજરાતના પ્રાચીન પાટનગર પાટણમાં) થઈ છે.

સંસ્કૃતઃ પ્રાકૃતઃ શૌરસેનીઃ માગધીઃ પિશાચીઃ અપભ્રંશઃ એ છ ભાષાના નિયમોથી ભરપૂર અષ્ટાધ્યાયીમય તત્ત્વપ્રકાશિકા પ્રકાશ મહાર્ણવ ન્યાસ સાથે, એક જ વર્ષમાં એકલે જ હાથે કલિકાલ સર્વજ્ઞ પ્રભુએ એ મહાવ્યાકરણ તૈયાર કર્યું હતું.

વિશ્વ વાઙ્મયના આભરણ તુલ્ય એ મહાવ્યાકરણને મહારાજા સિદ્ધરાજ જયસિંહે પોતાના પાટનગર પાટણ (અણહિલપુર)માં રાજ્યના જ્ઞાનકોશાગારમાં બહુમાનપૂર્વક સ્થાપિત કર્યું હતું. તે મહાવ્યાકરણને ચાલુ અભ્યાસક્રમમાં દાખલ કરવા માટે-તેની ઘણી નકલો કરાવવામાં આવી હતી અને બીજી પણ અનેક યોજનાઓ પ્રચારમાં મૂકવામાં આવી હતી. કાકલ નામના અને કાયસ્થ વિદ્વાન્ અધ્યાપકે તેનો અભ્યાસ કરાવવામાં અથાગ પરિશ્રમ ઊઠાવ્યો હતો. તે વ્યાકરણના અભ્યાસથી ગુજરાત અને દૂરદૂરની ભૂમિ ગર્જી રહી હતી.

કાળના વહેવા સાથે ગુજરાત ઉપર પરચક્રની અનેક આંધીઓના શ્યામ ઓળા ઉતર્યા, ને તેના અભ્યાસમાં ઘણી મંદતા આવી છતાં તેનો

પ્રભાવ પ્રબળ હતો. તેનું તેજ આકર્ષણ હતું. તેની મીઠાશની અસર જાદુઈ હતી. ધીમે ધીમે ફરીથી તેના પઠનપાઠનમાં વેગ આવ્યો છે. હાલમાં, ત્યાગી કે ગૃહસ્થી અનેક અભ્યાસીઓ તેનો અભ્યાસ કરી રહ્યા છે અને ભાષાના અભ્યાસમાં વિશેષ વેગ આવતો જણાય છે.

સંસ્કૃતભાષાનો અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓ, તે મહાવ્યાકરણમાં અને સંસ્કૃત ભાષામાં સરળતાથી રસપૂર્વક પ્રવેશ કરી શકે અને ટુંક સમયમાં સંસ્કૃત ભાષાનો સારો અભ્યાસ કરી શકે તે માટે તે વ્યાકરણને અનુલક્ષીને સરળ અને રસમય પ્રવેશિકાઓ લખવાનો વિચાર મને આવ્યા કરતો હતો.

આ ભાવનાને મૂર્ત સ્વરૂપ આપવા મેં મારી ઈચ્છા કેટલાયેક અભ્યાસી જૈનમુનિ મહાત્માઓ અને બીજા વિદ્વાનો પાસે વખતો વખત વ્યક્ત કર્યા કરી. તેઓની હાર્દિક પ્રેરણા અને મારા ઉત્સાહને પરિણામે હાલ જે કાંઈ અલ્પ ફળ આવ્યું છે, તે આપ સર્વના હાથમાં મૂકીને હું આજે કાંઈક આનંદ અનુભવું છું.

આ હૈમ-સંસ્કૃત-પ્રવેશિકાનો આ સ્વરૂપાવતાર, પરમ પૂજ્ય પરમ તપસ્વી શાન્ત મહાત્મા પંન્યાસ પ્રવર શ્રી શ્રી શ્રી ૧૦૦૮ શ્રી કાન્તિવિજયજી મહારાજશ્રીની અસાધારણ કૃપાદૃષ્ટિ, પંડિત શ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખનું સાંસ્કારિક માર્ગદર્શન પંડિતજી વર્ષાનન્દધર્મદત્તજી મિશ્ર વ્યાકરણાચાર્યજીની વ્યાકરણ સંબંધિ સ્ખલનાઓ સામે લાલબત્તી ધરવાની તત્પરતા વિગેરે તત્ત્વોનો ઋણી છે.

વિદ્યાર્થીઓઃ અધ્યાપકોઃ તથા વિદ્વાનોની નજરમાં જે જે સ્ખલનાઓ અને કરવા યોગ્ય જે જે વિશેષ સૂચનાઓ જોવામાં આવે તે સર્વ તેઓ સહૃદયભાવે અવશ્ય સૂચવશે એવી આશા સાથે વિરમું છું.

*પાટણ (અણહિલપુર)* *શિવલાલ નેમચંદ શાહ*

# હાર્દ....

"હેમ-સંસ્કૃત-પ્રવેશિકા"નામની આ પુસ્તિકા તેની સાથે જોડાયેલા હૈમ શબ્દ ઉપરથી સમજી શકાય છે, કે "બાલ્યકાળથી જ અનેક શાસ્ત્રોના અને સ્વ-પર અનેક દર્શનોના તથા વિદ્યાઓના અસાધારણ જ્ઞાન સાથે આધ્યાત્મિક અદ્ભુત ઉચ્ચ ચારિત્રને લીધે સંપૂર્ણ પવિત્ર જીવન જીવતા આજીવન સંપૂર્ણ બ્રહ્મચારી મહાયોગી અને તેમના સમયથી માંડીને આજ સુધીના કાળમાં અનન્ય મહામાનવ તરીકે વિશ્વ વિશ્રુત મહાન્ જૈનાચાર્ય કલિકાલ સર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય મહારાજની અદ્ભુત કૃતિ ભારત વાઙ્મયના ગ્રન્થરત્ન સિદ્ધહેમચંદ્રશબ્દાનુશાસન નામના પ્રસિદ્ધ વ્યાકરણના આધારે રચાયેલ છે."

વિશેષ અવલોકનથી એમ પણ સમજી શકાય કે - "તે મહાવ્યાકરણના નિયમો અને સિદ્ધાંતોને આધારે રચાયેલી હોવાથી - આ પ્રવેશિકા (૧) તેમાં સરળતાથી પ્રવેશ કરી શકાય; તથા (૨) સ્વતંત્ર રીતે પણ સંસ્કૃત ભાષાનો સરળતાથી બોધ મેળવી શકાયઃ એવી દ્વિવિધ વ્યવસ્થાથી રચવામાં આવેલી છે."

સામાન્ય રીતે શાસ્ત્રીય પદ્ધતિને આધારે કોઈપણ વિષયના ગ્રન્થની રચના કરવામાં ગ્રન્થ રચનાના ઘણા શાસ્ત્રીય નિયમોનો આધાર લેવો પડે છે, તેમાંય સંસ્કૃત વ્યાકરણશાસ્ત્રની વિશાળ પ્રસ્થાનવાળી છતાં સંક્ષેપમાં રચનાના અનેક સૂક્ષ્મ નિયમો લાગુ કરવા ઉપરાંત ઘણી જ સંભાળપૂર્વક ઉચ્ચ-વ્યવસ્થા શક્તિનો ઉપયોગ કરવો પડે છે, એ દષ્ટિએ પણ તુલના કરી જોતાં, સિદ્ધ હેમચંદ્રશબ્દાનુશાસન નામનું વિશ્વવિખ્યાત મહાવ્યાકરણ સાંગોપાંગો અને અસાધારણ પ્રકારનું છે. "એમ વિદ્વદ્‌માન્ય થઈ ચૂક્યુ છે."

પદ્ધતિસરઃ સંકલનાબદ્ધઃ સુસંબદ્ધવિષયક્રમઃ યોગ્ય શબ્દસંક્ષેપ વિષયની તદ્દન અસંદિગ્ધ વિશદતાઃ પ્રક્રિયા લાઘવઃ ગંભીર વિવેચનઃ

ગર્ભિત સૂત્ર રચના: યોગ્યમતમતાન્તર સંગ્રાહકતા: વિદ્યાર્થીઓની સુરુચિને આકર્ષે તેવી પાઠ્ય પુસ્તકને લગતી વ્યવસ્થા વિદ્વદ્બુદ્ધિને સંતર્પણતા અને સહર્ષ સંતોષ-પ્રદાનતા, વિગેરે અનેક ગુણગુણથી અલંકૃત અનેરી ખૂબીઓનો મહાસાગર એ ગ્રન્થ-રત્ન છે.

તેનો, સંસ્કૃત ભાષાના સર્વ સામાન્ય પ્રાથમિક અભ્યાસીઓને સાશ્ચર્ય અને સાનંદ યથાશક્ય પરિચય પ્રાપ્ત કરવાનો મોટામાં મોટો લાભ આ પ્રવેશિકાથી પ્રાપ્ત થશે.

કર્તાએ, આ હૈમ-સંસ્કૃત પ્રવેશિકા પ્રથમા: મધ્યમા: અને ઉત્તમા: રૂપે રચીને ત્રણ વિભાગમાં સંસ્કૃત ભાષાનું સરળતાથી આવશ્યક જ્ઞાન પૂરતી રીતે કરાવવાની ધારણા રાખેલી છે. આ ઉદ્દેશ ધ્યાનમાં રાખીને આ પ્રથમા પ્રવેશિકા તૈયાર કરવામાં સારી કુશળતા વાપરી છે.

૧. સંપૂર્ણ સરળતા.

૨. વિષયોનો સમાવેશ ઘણો.

૩. વિદ્યાર્થીના માનસને બોજો પડવા ન દેવાની અને કંટાળો ઉત્પન્ન ન થવા દેવાની ઠામ ઠામ રખાયેલી કાળજી.

૪. જરાયે ગુંચવાડો ઉભો ન થાય, તેવી અસંદિગ્ધ રીતે વિષયની વિશદ સ્પષ્ટતા.

૫. એક બે દિવસમાં જ પુરા થઈ જાય અને વિદ્યાર્થીમાં નવો ઉત્સાહ જગાડે, તેવા વિષયવાર નાના નાના પાઠો.

૬. જેમ બને તેમ માતૃભાષામાં પરિચિત થતા શબ્દોનો વપરાશ અને તેનો કોશ.

૭. પરિચિત ઉપરથી અપરિચિતનો બોધ કરાવતી પરિચય પદ્ધતિનો યથાસ્થાને આશ્રય.

૮. નવા નવા વિષયોનો ઢગલો વિદ્યાર્થી સામે એકદમ ન રજુ કરી દેતાં, તે તે વિષયોનો અભ્યાસ સહજ રીતે પાકો થતો જાય,

તેવી ગર્ભિત રીતની પુનરાવર્તન પદ્ધતિ તથા વચ્ચે વચ્ચે જુદા જુદા અભ્યાસ પાઠો અને પ્રશ્નાવલીઓ મૂકીને વિદ્યાર્થીના અભ્યાસની સંગીનતાની ખાત્રી કરી લેવાની શિક્ષકોને પૂરી પાડવામાં આવેલી વ્યવસ્થિત સગવડ.

૯. સરળ રોચક અને વિકાસક્રમે બુદ્ધિને જગાડતાં જેમ બને તેમ પ્રાચીન સાહિત્યમાંથી પસંદ કરાયેલા સંસ્કૃત વાક્યો.

૧૦. વિદ્યાર્થી ત્રાસે નહિ, તેટલી પરિમિત સંખ્યામાં હોવા છતાં યથાસ્થાને અભ્યાસની કસોટી કરી લેનારા ભાષાન્તર માટેનાં ગુજરાતી વાક્યો.

૧૧. ક્રમબદ્ધ, સરળ ભાષામાં, જેમ બને તેમ સંપૂર્ણ છતાં સંક્ષેપમાં ભાવ બરાબર સમજાય તેવી સ્પષ્ટતા સાથે વ્યાકરણના સૂત્રોને સંપૂર્ણ રીતે સંગ્રહી લે તેવા નિયમો.

૧૨. કેટલેક ઠેકાણે "સૂત્રોની વિશાળ વ્યાપ્તિને હજુ વિદ્યાર્થીની શક્તિ નહિં પહોંચી શકે" તેવું અનુમાન કરી ઉચિત રીતે નિયમોના ત્યાં જ પાડી બતાવેલા બે ત્રણ ભાગો તથા કોઈ કોઈ સ્થળે સરલતાને બાધ ન આવવા દેવા માટે, જુદા જુદા પાઠોમાં આપેલા વિભાગો મળીને પણ એક આખો નિયમ આપી દેવાની લેવાયેલી કાળજી.

૧૩. પાઠમાં જ સીધી અને સળંગ રીતે વિષય તરફ આકર્ષી પાઠમાં જ વિદ્યાર્થીનું ધ્યાન કેન્દ્રિત કરવા માટે, નીચે ટીપ્પણમાં નિયમો આપવાની સૂચક પદ્ધતિનો કરવામાં આવેલો ત્યાગ.

૧૪. ઘણી ખરી વસ્તુઓની સમજુતી ન આપતાં સૂચક નિર્દેશવાળાં શીર્ષકો કરીને સંક્ષેપને આપવામાં આવેલું ભારે ઉત્તેજન.

૧૫. પ્રયોગોની ક્રમશઃ અને વ્યવસ્થિત સાધનિકા માટે ગતપાઠોના નિયમો સૂચવવા અપાયેલા વ્યવસ્થિત આંકડા.

૧૬. કશીયે મુશ્કેલી વિના સમજી શકાય તેવી સાધનિકા સમજાવ્યા બાદ, ઉદાહરણ પુરતું જ કરાવાયેલું ધાતુ અને નામો વિ.નું સંપૂર્ણ પ્રત્યક્ષ રૂપદર્શન.

૧૭. કોશ બહુ જ ઓછો અને જરૂર પુરતો જ આપીને, જેમ બને તેમ પાઠોનું કદ વધવા ન દેવાની રાખવામાં આવેલી વફાદારી.

૧૮. સંસ્કૃત વ્યાકરણ શાસ્ત્રની પરિભાષા અનુબંધ અને પરિપાટીને પણ જેમ બને તેમ અક્ષત રાખવા માટે લેવાયેલો પરિશ્રમ અને છતાં વિદ્યાર્થીને તે કોઈ રીતે નડતરરૂપ ન થતાં આગળ આગળ સહાયક થાય, તેવી પૂરતી સંભાળ.

૧૯. કઠીન વિષય પણ સહેલાઈથી સમજી શકાય, તેવી રીતે પૂર્વ ભૂમિકા રચીને સાધવામાં આવેલો ક્રમિક વિકાસ.

૨૦. વિભક્તિ અને સંધિઓના વધુમાં વધુ ઉપયોગી નિયમોનો જેમ બને તેમ લગભગ મોટા ભાગનો સંગ્રહ.

૨૧. સરળતાથી વપરાશ કરી શકાય તેવી રીતે તેવા પ્રકારના તદ્ધિત પ્રત્યયો; સમાસો; કૃદંતો તથા તેના વિગ્રહો (અર્થ સમજવા માટે વિભાગો છુટા પાડી બતાવવા તે) તથા કર્મણિ વિગેરે; પ્રયોગોની સ્પષ્ટ સમજુતીઓ.

૨૨. હાઈસ્કુલ અને કોલેજના વિદ્યાર્થીઓને સંસ્કૃત વ્યાકરણના નિયમો મોઢે કરવા તથા સાધનિકા તૈયાર કરવામાં ઘણી મુશ્કેલીઓ નડતી જોવામાં આવે છે. કેટલાક વિદ્યાર્થીઓ તો પુષ્પની સુગંધ લેવાય તે જ રીતે માત્ર પાઠોમાંથી સુગંધ લેતાં લેતાં આગળ વધી જેમ તેમ કરીને પાસ થતા હોય છે, તેને લીધે તેમનું વ્યાકરણ જ્ઞાન તદન નબળું-નહિ જેવું જ રહી જાય છે, તે દોષ ન રહેવા પામે અને જેમ બને તેમ ઓછી મહેનતે યાદ રહી જવા પામે, દૃષ્ટિ સામે દરેક બાબતો રમતી રહે, મન સાથે જડાતી જાય, તેવી રીતે કરવામાં આવેલી ખાસ યોજનાઓ.

૨૩. સામાન્ય રીતે ગુજરાતી ભાષા લખી વાંચી જાણનાર બાલક-બાલિકાઓ અને પ્રૌઢ કે વૃદ્ધ સ્ત્રી પુરુષો પણ સારી રીતે આ પ્રવેશિકામાં પ્રવેશ કરી શકે, તે જાતનો ખાસ ધ્યાન રાખવામાં આવેલો ઉદ્દેશ.

૨૪. શિષ્ટ સાહિત્યમાંથી પસંદ કરી પરિશિષ્ટ રૂપે છેલ્લે જોડવામાં આવેલો રોચક અને બોધક સંસ્કૃત સાહિત્ય સંગ્રહ.

૨૫. પુસ્તકનું કદ થોડું વધારીને પણ સિદ્ધહેમચંદ્ર વ્યાકરણના જે જે સૂત્રો આ પ્રવેશિકામાં નિયમ રૂપે વપરાયેલા છે, તે સઘળાયે સૂત્રો અષ્ટાધ્યાયીની ક્રમથી સંપૂર્ણ રીતે પાછળ આપેલા છે, તે તે સૂત્ર ઉપરથી ઉપજાવેલા નિયમો કે તેના ભાગો કયા પાઠના કયા ક્રમમાં છે ? તે બંન્નેય પ્રકારના આંક તેની સાથે જોડવામાં આવેલા છે.

૨૬. તમામ શબ્દોના સંસ્કૃત અને ગુજરાતી એમ બન્નેય પ્રકારના કોશો અકારાદિ ક્રમથી વ્યાકરણની સંજ્ઞાઓ અને ચોક્કસ અર્થો સાથે પાછળ સામેલ કરવામાં આવેલા છે.

૨૭. સંખ્યા વાચક નામોઃ સમાસઃ તદ્ધિતઃ કૃદંતઃ વાક્ય વ્યવસ્થા જેવા વિષયોના પણ પ્રાથમિક દરજ્જાનો સરળતાથી નિર્દેશ કરવામાં આવેલો છે.

૨૮. ઈતર વ્યાકરણોથી પરિચિત અધ્યાપકોને અભ્યાસ કરાવવામાં જરા પણ અગવડ ના પડે તેવી સંભાળ રાખવામાં આવેલી છે.

પુષ્પમકરન્દ ભ્રમર ન્યાયે જ્ઞાનની સુગંધ જેમ બને તેમ જલ્દી મેળવી લેવાના હાલના સમયમાં સરળતાની સાથે સંસ્કૃત ભાષા જેવા કઠીન વિષયના અભ્યાસને રોચક અને રસપ્રદ બનાવવામાં લેખકે સારી સફળતા પ્રાપ્ત કરી છે.

**-પ્રભુદાસ બેચરદાસ પારેખ**

# વિદ્વાનોના અભિપ્રાય

તમારી **हैम संस्कृत प्रवेशिका** પુસ્તિકા જોઈ, રા.રા. શ્રીયુત ડૉ. ભાંડારકર પાણિનીય વ્યાકરણને અનુસરી માર્ગોપદેશિકાના ભાગો તૈયાર કર્યા ત્યારબાદ એ દિશામાં વિદ્વાનોએ અનેક પ્રયત્નો કર્યો છે. તમે પણ એ દિશામાં છતાં એક નવીન પ્રકારનો અનુભવગમ્ય વિશિષ્ટ પ્રયત્ન કર્યો છે. આશા છે તમારી આ કૃતિ આચાર્ય શ્રી હેમચંદ્ર વિરચિત સિદ્ધહેમવ્યાકરણને અનુસરતી અતિસરસ રચના હોઈ એ વ્યાકરણની આદેયતા સ્વીકારનાર વર્ગને સવિશેષ ઉપયોગી થશે, ખાસ કરીને ગુજરાતની ભૂમિમાં ગૂર્જરેશ્વર મહારાજ શ્રી જયસિંહદેવની વિજ્ઞપ્તિથી ગૂર્જરમાતાના એક સમર્થ પુત્ર આચાર્ય શ્રી હેમચંદ્રે રચેલ સર્વાંગપૂર્ણ સિદ્ધહેમવ્યાકરણથી ગૌરવ લેનાર ગુજરાતીઓને તો સવિશેષ આદરણીય થશે. તમારી રચનામાં રહેલી અનેક વિશેષતાઓનો ઉલ્લેખ કરવા કરતાં વિદ્વાનો અને વિદ્યાર્થીઓ સ્વયં સમજીને સ્વીકારે એ જ વધારે ઉચિત છે. આશા છે આગળના ભાગો તૈયાર કરી સત્વરે પ્રજા સમક્ષ તમે રજુ કરશો.

**લી. મુનિ પુણ્યવિજય**

★★★

**પ્રયાસ તમારો સ્તુત્ય છે** **વિજય લાવણ્યસૂરિ**

★★★

તમારી આ સંકલના પ્રાથમિક અભ્યાસીઓને ઉપયોગી થશે, અને ગુજરાતી ભાષા દ્વારા સંસ્કૃતનું સંક્ષેપમાં સરલતાથી તેઓ જ્ઞાન મેળવી શકશે. એટલું જ નહિ, ગુજરાતના સુપ્રસિદ્ધ શબ્દાનુશાસન સિદ્ધહેમચંદ્રના અભ્યાસ માટે પ્રેરાશે-એવી આશા છે.

**-લાલચંદ્ર ભગવાન ગાંધી**

અર્ધ માગધીના મુંબઈ યુનિવર્સિટીના પોસ્ટ ગ્રેજ્યુએટ અધ્યાપક

જૈન પંડિત પ્રાચ્યવિદ્યામંદિર - વડોદરા

શ્રી શિવલાલ નેમચંદ શાહકૃત 'હૈમ-સંસ્કૃત પ્રવેશિકા'નું પ્રથમ પુસ્તક જોયું. આચાર્ય હેમચન્દ્રના સુપ્રસિદ્ધ સિદ્ધહેમ વ્યાકરણને અનુસરીને, વિદ્યાર્થીઓને નવીન પદ્ધતિએ સરળ બોધ થાય એ રીતે આ કૃતિની રચના કરવામાં આવી છે. એમાં સાધારણ પદ્ધતિ જો કે ભાંડારકરની 'સંસ્કૃત માર્ગોપદેશિકા'ની છે, પરંતુ એની વિશિષ્ટ ઉપયોગિતા એ છે કે હૈમ-વ્યાકરણની પરિભાષાનો અને નિરૂપણ પદ્ધતિનો પરિચય કરાવીને એ વિશાળ વ્યાકરણ ગ્રન્થનો મૌલિક અભ્યાસ કરવા પ્રત્યે એ અભ્યાસીને પ્રેરે છે. ગુજરાતના પ્રધાન વ્યાકરણોનો અભ્યાસ ખુદ ગુજરાતમાં જ મુકાબલે ઘણો ઓછો થાય છે; એ સ્થિતિ દૂર કરવામાં આ પુસ્તક સહાયભૂત થશે એમ માનું છું. આ પછીના બન્ને ભાગો - 'મધ્યમા' અને ઉત્તમા પ્રવેશિકા'નું ત્વરિત પ્રકાશન પણ એ રીતે આવકાર પાત્ર થશે.

**ભોગીલાલ જ. સાંડેસરા, એમ.એ.**
અર્ધ માગધી અને ગુજરાતીના અધ્યાપક,
ભો.જે.વિદ્યાભવન, ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ.

★★★

પંડિત **શ્રી શિવલાલ શાહકૃત "હૈમ સંસ્કૃત પ્રવેશિકા"** પુસ્તિકા જોઈ. આ પુસ્તક વિદ્યાર્થીઓને ઓછી મહેનતે વધારે બોધ કરાવી શકે તેમ છે.

સામાન્ય બુદ્ધિવાળા વિદ્યાર્થીને પણ સંસ્કૃત ભાષાના અભ્યાસમાં ઉત્સાહિત બનાવવા માટે આ પુસ્તિકા અસાધારણ સાધન બની શકે તેમ છે. આ સરળ સંયુક્ત પુસ્તિકાને સૌ કોઈ વહેલી તકે અપનાવે એવી આશા રાખું છું.

**લી. છબીલદાસ કેશરીચંદ સંઘવી**
અધ્યાપક શ્રી સ્યાદ્વાદ સંસ્કૃત પાઠશાળા અને
શ્રી ભટ્ટીબાઈ જૈન શ્રાવિકાશાળા - ખંભાત.

एतद्व्याकरणं हितं मितमतिप्रामाण्यमासादितं
हैमव्याकरणाऽनुसारिरचना रम्यं च गम्यं सताम् ।
संक्षिप्तं विशदं च गूर्जरगिरा बालावबोधाय तद्
जाने श्रावक-पण्डितेन शिवलालेनेति सम्पादितम् ॥
धर्म्योदाहरणानि वाक्यरचना प्रायः प्रसादैः पिया
संज्ञा-संधि-विभक्ति-लिङ्ग-वचन-स्त्रीप्रत्ययाद्यैस्ततम् ।
शब्दानुक्रम-धातु-कारक-समासाऽर्थ-प्रभृत्यादृतं
बालानामुदये भविष्यति ततोऽध्येयं हि विद्यार्थिभिः ॥

**पं. वर्षानन्द धर्मदत्त मिश्र व्याकरणाचार्य-बनारस ।**

★★★

સંસ્કૃત ભાષાના સામાન્ય બોધ માટે ઘણાં પુસ્તકોમાં ભાંડારકરની બે પુસ્તકો પ્રસિદ્ધ છે, તે સિદ્ધહેમ વ્યાકરણનો અભ્યાસ કરનારને ઉપયોગી કરતાં ગુંચવણ વધારે છે પરંતુ હૈમ વ્યાકરણની સંકલના પ્રમાણે કોઈ તેવાં પુસ્તકો ન હોવાથી આ પુસ્તકો ચલાવી લેવાતાં હતાં.

ભાઈશ્રી શિવલાલે તૈયાર કરેલ આ પુસ્તક વ્યાકરણનો અભ્યાસ ન કરવો હોય અને સરળપણે સામાન્ય સંસ્કૃત ભાષાપરિચય કરવો હોય તેને માટે પણ તેટલું જ ઉપયોગી છે.

**મફતલાલ ઝવેરચંદ, ખેતરપાળની પોળ, અમદાવાદ.**

★★★

પંડિત શ્રી શિવલાલભાઈએ સિદ્ધહેમના પ્રવેશદ્વાર જેવી બુકો તૈયાર કરવાનું ભગીરથ કાર્ય શરૂ કર્યું છે, તે પૈકી આ પ્રથમ પુસ્તક છે, તેમણે સુંદર કામ કર્યું છે આથી સિદ્ધહેમનો વધારેમાં વધારે પ્રચાર થાય એ જ ભાવના.

**ભુરાલાલ કાળીદાસ, હાથીખાના, રતનપોળ, અમદાવાદ.**

હૈમ-સંસ્કૃત-પ્રવેશિકા એ સંસ્કૃત ભાષાનો અભ્યાસ સરળ થાય એ દષ્ટિ એ જે ગ્રન્થો તૈયાર થાય છે તેમાં આવકારવા લાયક ઉમેરો છે. આચાર્ય હેમચંદ્રે સિદ્ધહેમ વ્યાકરણ પણ સંસ્કૃતને સુગમ કરવાની દષ્ટિએ રચ્યું હતું. તેમની પરિભાષા અન્વર્થ હોય છે એટલે સુગમ વધારે બને છે. તમે એ પરિભાષા પણ આપો છો એ સારૂં કર્યું છે. તમારા ગ્રન્થના અભ્યાસ પછી વિદ્યાર્થીને સિદ્ધહેમ ભણવું સરળ થઈ પડશે.

**રસિકલાલ છોટાલાલ પરીખ**
**અધ્યક્ષ ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ.**

★★★

ગુજરાત પોતાના જે સપૂતની અપ્રતિમ વિદ્વત્તાથી પોતાનું ગૌરવભર્યું મસ્તક ઉન્નત રાખે છે તે કલિકાલ સર્વજ્ઞ શ્રીહેમચન્દ્રાચાર્યના સિદ્ધહેમ વ્યાકરણના આધારે આ પ્રવેશિકાઓ તૈયાર કરી છે. સંસ્કૃત સાહિત્યના સાગરમાં પ્રવેશ કરવા માટે આ નૌકા સરળ તો છે જ, સાથે સુંદર પણ છે. આ બન્ને ભાગદ્વારા વિદ્યાર્થી સંસ્કૃતનું સારામાં સારું જ્ઞાન મેળવી શકશે.

**ચન્દ્રપ્રભાસાગર**

★★★

'હૈમ સંસ્કૃત પ્રવેશિકા' પ્રથમા-૧ હું જોઈ ગયો, 'સિદ્ધહેમ' વ્યાકરણનું અધ્યયન કરવા ઈચ્છનારાઓને માટે આ એક સરસ પ્રવેશિકા છે. પુસ્તક સંભાળપૂર્વક વ્યવસ્થિત રીતે લખાયું છે એમાં શંકા નથી. સિદ્ધહેમ વ્યાકરણના સૂત્રો સાથે પાઠોનો અનુબંધ એ આ પુસ્તકની ધ્યાન ખેંચતી વિશેષતા ગણાય. 'હૈમ સંસ્કૃત પ્રવેશિકા' સંસ્કૃત ભાષાના અભ્યાસનો આરંભ કરતા વિદ્યાર્થીઓને એની સરળતા, વ્યવસ્થા અને સ્પષ્ટતાને કારણે ઉપયોગી બને તેમ છે.

**કાન્તિલાલ વ્યાસ, પ્રોફેસર, મુંબઈ.**

મહાન્ જ્યોતિર્ધર શ્રીહેમચન્દ્રસૂરિની કૃતિને સરળપણે હળવી મહેનતે પ્રાકૃત પ્રજા શીખી શકે તે માટે તમોએ કરેલી આ મહેનતને તો સંસ્કૃતજ્ઞો જ સંપૂર્ણ ન્યાય આપી શકે.

**દ. ક્ષમાભદ્ર વિજય**

★★★

શ્રીયુત શિવલાલભાઈએ રચેલી 'હૈમ સંસ્કૃત પ્રવેશિકા'નું અવલોકન કરતાં આનંદ ઉદ્ભવ્યો, તેની સંકલના જોઈ ઘણાં વર્ષોની ભાવના સફળ બની હોય તેમ જણાયું, કારણકે કેટલાક વર્ષો પહેલાં ભાંડારકરની પુસ્તક ભણાવવાનો પ્રસંગ આવેલ ત્યારે તેના નિયમોની અપૂર્ણતા, ભાષાની અવ્યવસ્થા વિગેરે જોઈ હેમ વ્યાકરણના આધારે સરળ નિયમો બનાવવાની ઈચ્છા થયેલ અને તે મુજબ સંસ્કૃતની બન્ને બુકોના વિષયોને આશ્રયિને સિદ્ધહેમ લઘુવૃત્તિના નિયમો ગુજરાતીમાં તૈયાર કરેલ અને તે મુજબ અધ્યયન કરાવતાં ઘણી જ અનુકૂળતા જણાઈ ત્યારે એવી ઈચ્છા જન્મેલ કે જો આવુ પાઠ્ય પુસ્તક તૈયાર કરાય તો સંસ્કૃત ભાષાના જિજ્ઞાસુઓને અભ્યાસમાં અનુકૂળતા આપનાર જરૂર બને, એજ કાર્ય હૈમ સંસ્કૃત પ્રવેશિકામાં મૂર્તરૂપે જોયું ત્યારે આનંદ થયો.

હૈમ સંસ્કૃત પ્રવેશિકાનો શાળાઓમાં સંસ્કૃતના અભ્યાસક્રમમાં પાઠ્ય પુસ્તક તરીકે ઉપયોગ કરવામાં આવે તો, 'આજે જે સંસ્કૃતનું' બીલ્કુલ પદ્ધતિ વગરનું અને અધકચરું જ્ઞાન વિદ્યાર્થીને આપવામાં આવે છે કે જેને લઈને વર્તમાન વિદ્યાર્થીઓનો મોટો ભાગ સંસ્કૃત અભ્યાસ ઉપર અરુચિ બતાવતો થઈ જાય છે અને પરિણામે એક અત્યુત્તમ ભાષાનો પ્રચાર ઘટતો જાય છે.' તેને બદલે વિદ્યાર્થીવર્ગ સંસ્કૃત ભાષાનો પ્રેમી જરૂર બને.

હૈમ સંસ્કૃત પ્રવેશિકાનો પ્રચાર પરંપરાએ કલિકાલ સર્વજ્ઞ શ્રીહેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ રચેલ હેમ વ્યાકરણ પ્રત્યેનો લોકોનો આદર વધારનાર જરૂર બનશે.

**દઃ વિજયભદ્રસૂરીશ્વર ચરણ ચંચરિક વિજય ૐકારસૂરિ**

આપની બુકો પ્રાથમિક અધ્યેતૃ વર્ગને ઘણી જ ઉપયોગી હોઈ અહીં હવે તે બુકોનું જ અધ્યયન વ્યાપક બન્યું છે.

હવે લઘુવૃત્તિ અને બૃહદ્‌વૃત્તિના અધ્યેતાઓને પણ પ્રાથમિક ભાષાકીય જ્ઞાન હોવું આવશ્યક હોઈ-આપની બે બુકો પૂર્વ ભૂમિકા બહુ સારી પેઠે તૈયાર કરી શકે છે અને માતૃભાષામાં પરિભાષા સ્થિર કર્યા બાદ લઘુવૃત્તિ આદિ અતિ સરલ બની રહે છે.

**પં. વૃજલાલ વાલજી ઉપાધ્યાય**

પ્રાધ્યાપક શ્રી શાન્તિદાસ ખેતશીભાઈ શ્રમણ સંસ્કૃત પાઠશાળા, જામનગર.

★★★

પંડિત શિવલાલભાઈ કૃત ‘ હૈમ પ્રવેશિકા' પ્રથમા, મધ્યમા બન્ને સાંગોપાંગ જોએલ છે. પૂ. સાધુ, સાધ્વીજી મ. સાહેબોને અનેકવાર ભણાવેલ છે અને ભણાવું છું. પ્રવેશિકાઓની રચના સરળ હોઈ મંદશક્તિવાળાઓ પણ સંસ્કૃત ભાષાનું જ્ઞાન સરળતાથી સુંદર મેળવી શકે છે.

આ પ્રવેશિકાઓ કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ શ્રીહેમચન્દ્રાચાર્ય વિરચિત સિદ્ધહેમ વ્યાકરણ તરફ અભિરુચિ ઉત્પન્ન કરવા સાથે તેના અભ્યાસમાં ઘણી જ સરળતા ઉત્પન્ન કરે તેમ છે.

વર્તમાનકાળમાં સંસ્કૃત ભાષાના પ્રચાર કાર્ય માટે આ પ્રવેશિકાઓ પ્રબળ કારણભૂત થશે. અભ્યાસક વર્ગ આ પ્રવેશિકાઓના અભ્યાસ માટે વિશેષ પ્રયત્નશીલ બને તેવી અભ્યર્થના !

ગાગરમાં સાગરની જેમ આ બન્ને પ્રવેશિકાઓમાં વ્યાકરણનો ઉપયોગી વિષય ગુંથવા બદલ પંડિત શ્રી શિવલાલભાઈનો પ્રયત્ન અત્યંત પ્રશંસનીય છે.

**પં. માણેકલાલ હરગોવનદાસ સોનેથા**

સંસ્કૃતવિશારદ સાહિત્યરત્ન સાહિત્યશાસ્ત્રી, પંડિત શ્રીમદ્ વિજયભદ્રસૂરીશ્વરજી જૈન સંસ્કૃત-પ્રાકૃત પાઠશાળા, રાધનપુર.

આજ સુધીમાં પ્રાયઃ ૩૦ પૂજ્યોને હૈમ સંસ્કૃત પ્રવેશિકાના બન્ને ભાગો ભણાવવાનો લાભ મળ્યો છે.

આપે શ્રી હૈમ સંસ્કૃત પ્રવેશિકા પ્રથમા મધ્યમા અને ઉત્તમામાં શ્રી સિદ્ધહેમના સાતે અધ્યાયોના સૂત્રોને લગભગ નિયમો દ્વારા એવી સરળ રીતે ગુજરાતી ભાષામાં ઉતારી દીધા છે કે, તેને ભણતાં અને ભણાવતાં આનંદ આવે છે, સંસ્કૃત વાક્યો પણ ઉપદેશના, વૈરાગ્યના તથા ચરિત્ર ગ્રન્થોના મુક્યા છે, જે ભણનાર તથા ભણાવનારને જીવનમાં ખૂબ જ ઉપયોગી થાય છે.

આપની આ ત્રણેય હૈમ સંસ્કૃત પ્રવેશિકા ભણનારા બાલ અને વૃદ્ધો પણ પંડિત થાય અને આગળ ઉપર શ્રી સિદ્ધહેમશબ્દાનુશાસન-મહાવ્યાકરણ સહેલાઈથી ભણીને મહાપંડિત થાય એમાં જરાય અતિશયોક્તિ નથી.

આપે સં. ૨૦૦૧માં વિજયાદશમીના મહેસાણામાં હૈમ પ્રવેશિકા પ્રથમા લખવાની શરૂઆત કરી અને સં. ૨૦૦૪ ચૈત્ર સુદ-૫ના પાટણ જઈ લગાતાર ૩૬ વર્ષ સુધી અધ્યાપનની સતત પ્રવૃત્તિની સાથે સાંસારિક અનેક કાર્યોની વચ્ચે, ગૃહસ્થ હોવા છતાં એક યોગીની જેમ હૈમ સંસ્કૃત પ્રવેશિકાના ત્રણે ભાગો તથા પ્રથમા-મધ્યમાની ગાઈડો અને સર્વેની અનેક આવૃત્તિઓ માટે જે અથાગ ભોગ આપ્યો છે, તે બદલ ખૂબ ખૂબ ધન્યવાદ છે.

હૈમ સંસ્કૃત પ્રવેશિકાઓની રચના કરી આપે શ્રી સિદ્ધહેમનું ગૌરવ વધાર્યું છે. આ ગ્રન્થત્રયી સિદ્ધહેમ વ્યાકરણની મહાન્ સિદ્ધિના સોપાનની પંક્તિ તરીકે બહાર આવશે. આ મહાન્ ગ્રન્થરત્નોની જૈન સંઘને અમૂલ્ય ભેટ છે.


સર્વ પૂજનવિધિકાર, **શાહ અમૃતલાલ ભારમલ પંડિત**

**શાહ જેઠામલ ભારમલ પંડિત**

વેલાણી એસ્ટેટ બીલ્ડીંગ-દુકાન નં. ૭, ક્વારી રોડ,

**મલાડ, ઈસ્ટ મુંબઈ નં. ૬૪.**

કલિકાલ સર્વજ્ઞ પૂ. પાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ હેમચંદ્રસૂરીશ્વરજી મ.શ્રી વિરચિત વ્યાકરણ ગ્રંથ શ્રી સિદ્ધહેમશબ્દાનુશાસન ખરેખર શબ્દશાસ્ત્રનો વિસ્તાર કરનાર મહાન ઉપકારક ગ્રંથ છે : પૂણ્ય ભૂમિ ગુજરાતના ગૌરવસમા આ વ્યાકરણ ગ્રંથમાં પૂ. પાદશ્રીએ સમસ્ત શબ્દ-શાસ્ત્રના સાગરને ઠાલવેલ છે. તે મહાન વ્યાકરણ ગ્રંથનું અવગાહન કરવાને માટે નૌકા રૂપ આ "હૈમ સંસ્કૃત પ્રવેશિકા"ના ત્રણે ભાગો ખરેખર સંસ્કૃત ભાષાના જ્ઞાનના અર્થી સર્વે કોઈને માટે પરમ આલંબન રૂપ હોવાથી મહાન ઉપકારક છે : આ ગ્રંથરત્નોના રચયિતા પં. શ્રી શિવલાલભાઈએ સિદ્ધહેમ મહાવ્યાકરણનું અવગાહન-મંથન કરીને આ ગ્રંથોમાં સંગીન તથા સુવ્યવસ્થિત રીતે શાસ્ત્રનો સર્વસ્વ સાર અત્ર સંકલિત-સંયોજિત કરીને ખૂબ જ સર્વજન ગ્રાહ્ય પદ્ધતિએ સાહજિક સ્વસ્થ શૈલીએ રજુ કરેલ છે. વર્ષો સુધી સિદ્ધહેમ વ્યાકરણના પઠન-પાઠન દ્વારા તે વિષે તેમનો બોધ પરિપક્વ તેમજ પ્રૌઢ બનેલ છે; જેથી આ ગ્રંથોમાં તે બોધનો પરિપાક સચોટ અને મર્મસ્પર્શી પદ્ધતિએ સુંદર રીતે રજુ થયેલ છે. વ્યાકરણના અંગ રૂપ તદ્ધિત આદિ વિષયો ઉત્તમા-ભાગ-૩ માં પ્રકાશિત કરેલ છે. જેથી સંસ્કૃત માર્ગોપદેશિકા ભાંડારકરના બે ભાગોમાં જે બોધ ન થાય તે બોધ ખૂબ જ સરલ અને સહજ રીતે આ ગ્રંથોના અભ્યાસક વર્ગને થાય, તેવી ઘણી-ઘણી સંસ્કૃત ભાષા શાસ્ત્રની મહત્ત્વની હકીકતો આ ૩ ભાગમાં પં. શ્રી શિવલાલભાઈએ ખૂબ જ ચીવટ કુશળતા તથા સંયોજન શૈલીની વિશિષ્ટતા પૂર્વક અત્ર સંકલિત કરેલ છે :

**કલ્યાણ માસિક**

# विषयानुक्रमः

**સંકેતસૂચિ ........................................................ પૃષ્ટ**

**પ્રવેશ ૧ લો વર્ણ વિચાર ............................................ ૩**

વર્ણો ........................................ ૩
સ્વરોની વિશેષ સંજ્ઞાઓ ............................ ૪
વ્યંજનોની વિશેષ સંજ્ઞાઓ ............................ ૫
વર્ણોનાં સ્થાન અને ઉચ્ચાર ........................ ૭
ઉચ્ચારોમાં વિશેષતા ................................ ૮
સ્વસંજ્ઞા ........................................ ૯
અભ્યાસ ૧ પ્રશ્નો ................................ ૧૦
વ્યંજન અને સ્વરોનો સંયોગ ........................ ૧૧
સંયુક્ત વ્યંજનો-જોડાક્ષરો

**પ્રવેશ ૨ જો. શબ્દ વિચાર ........................................ ૧૨**

**પ્રકરણ-૧ લું ક્રિયાપદ (વર્તમાનકાલ આદિ પ્રયોગ)**

| **પાઠ** | **........................................................ પૃષ્ઠ** |
|---|---|
| ૧ | પહેલો ગણ પરસ્મૈપદ પ્રત્યયો, પરસ્મૈપદી ધાતુઓ...... ૧૩ |
| ૨ | પહેલો ગણ એકવચન................................૧૪ |
| ૩ | પહેલો ગણ દ્વિવચન ................................૧૫ |
| ૪ | પહેલો ગણ બહુવચન ................................૧૬ |
| ૫ | પહેલો ગણ સર્વવચન ................................૧૭ |
| | અભ્યાસ ૧ પ્રશ્નો ................................૧૮ |
| ૬ | કેટલાંક સર્વનામ પદો ................................૧૯ |
| | સંધિ |
| ૭ | પહેલો ગણ ઉપાન્ત્ય ગુણ................................૨૦ |
| ૮ | પહેલો ગણ અન્ત્ય ગુણ ................................૨૧ |
| | સંધિ |

| | | |
|---|---|---|
| ૯ | ચોથો ગણ | ૨૨ |
| ૧૦ | છઠ્ઠો ગણ | ૨૩ |
| ૧૧ | દશમો ગણ | ૨૪ |
| ૧૨ | દશમો ગણ ઉપાન્ત્ય ગુણ | ૨૫ |
| ૧૩ | દશમો ગણ વૃદ્ધિ | ૨૬ |
| ૧૪ | ધાતુઓના આદેશો | ૨૭ |
| | **अस्** ગ. ૨. જા. નાં રૂપો | |
| ૧૫ | આત્મનેપદ પ્રત્યયો | ૨૮ |
| | આત્મનેપદી અને ઉભયપદી ધાતુઓ સંધિ | |
| | અભ્યાસ ૩ પ્રશ્નો | ૨૯ |


**પ્રકરણ ૨ જું. નામપદ**


| **પાઠ** | | **પૃષ્ઠ** |
|---|---|---|
| ૧૬ | વિભક્તિના પ્રત્યયો અને અવ્યયો | ૩૦ |
| ૧૭ | **अ** કારાન્ત પુંલિંગ પ્રથમા વિભક્તિ | ૩૨ |
| ૧૮ | સંધિ | ૩૩ |
| ૧૯ | સંધિ | ૩૫ |
| ૨૦. | **अ** કારાન્ત પુંલિંગ દ્વિતીયા વિભક્તિ | ૩૭ |
| | કર્મ અને કર્તાની સમજ | |
| | સંધિ | |
| ૨૧. | **अ** કારાન્ત નપુંસક-પ્રથમા અને દ્વિતીયા વિભક્તિ | ૩૯ |
| ૨૨. | વિશેષણ અને સર્વનામ- | |
| | પ્રથમા અને દ્વિતીયા વિભક્તિ | ૪૧ |
| ૨૩. | તૃતીયા વિભક્તિ | ૪૩ |
| ૨૪. | ચતુર્થી વિભક્તિ | ૪૫ |
| ૨૫. | પંચમી વિભક્તિ | ૪૭ |
| | સંધિ | |

| | | |
|---|---|---|
| ૨૬ | ષષ્ઠી અને સપ્તમી વિભક્તિ | ૪૯ |
| | સંધિ | |
| ૨૭ | સંબોધન | ૫૨ |
| | **च** અને **वा** નો ઉપયોગ | |
| | ત્રણ પુરુષોની સમજ | |
| | સાતે વિભક્તિનાં રૂપો | |
| ૨૮ | **आ** કારાન્ત (**आप्** પ્રત્યયાન્ત) | ૫૯ |
| | સ્ત્રીલિંગ નામોનાં રૂપો | |
| | અભ્યાસ ૪ | ૬૨ |


## પ્રકરણ ૩ જું. ક્રિયાપદ


| **પાઠ** | | **પૃષ્ઠ** |
|---|---|---|
| ૨૯. | ઉપસર્ગ વિભક્તિના નિયમો | ૬૩ |
| ૩૦. | કર્મણિ પ્રયોગ અને ભાવે પ્રયોગ | ૬૬ |
| | અકર્મક, સકર્મક અને દ્વિકર્મક ધાતુઓની સમજ | |
| | પ્રયોગોની સમજુતી | |
| ૩૧. | હ્યસ્તન ભૂતકાલ પરસ્મૈપદ | ૭૦ |
| | સંધિ | |
| ૩૨. | હ્યસ્તન ભૂતકાળ આત્મનેપદ | ૭૪ |
| | હ્યસ્તન ભૂતકાળ કર્મણિ અને ભાવે પ્રયોગ | |
| | સંધિ | |
| | અભ્યાસ ૫ | ૭૮ |


## પ્રકરણ ૪ થું. નામપદ


| **પાઠ** | | **પૃષ્ઠ** |
|---|---|---|
| ૩૩ | કૃદન્તો - | |
| | ૧ હેત્વર્થકૃદન્ત | ૮૦ |
| | ૨ સંબંધક ભૂતકૃદન્ત | ૮૦ |
| | ૩ કર્મણિ ભૂતકૃદન્ત | ૮૦ |
| | ૪ ભાવે ભૂતકૃન્ત | ૮૧ |
| | ૫ કર્તરિ ભૂતકૃદન્ત | ૮૧ |

| | | |
|---|---|---|
| ૩૪ | સાદા વ્યંજનાંત નામોના રૂપો | ૮૩ |
| | વિભક્તિના નિયમો | ૮૫ |
| ૩૫ | સર્વનામ-પુંલિંગ નપુંસક લિંગના રૂપો | ૮૮ |
| | **अदस्** અને **इदम्** નાં પું. નં. રૂપો | |
| ૩૬ | સર્વનામનાં સ્ત્રીલિંગ રૂપો | ૯૫ |
| | **अदस्** અને **इदम्** ના સ્ત્રીલિંગ રૂપો | |
| | વિભક્તિના નિયમો | |
| | અભ્યાસ ૬ | ૯૯ |

**પ્રકરણ ૫ મું નામપદ**

| પાઠ | | પૃષ્ઠ |
|---|---|---|
| ૩૭ | **इ** કારાન્ત અને **उ** કારાન્ત નામોનાં પુંલિંગ રૂપો | ૧૦૦ |
| | સંધિ | |
| ૩૮ | **इ** કારાન્ત અને **उ** કારાન્ત નામોનાં નપુંસક રૂપો | ૧૦૫ |
| | વિભક્તિના નિયમો. | |
| ૩૯ | હ્રસ્વ **इ** કારાન્ત અને **उ** કારાન્ત તથા દીર્ઘ **ई** કારાન્ત અને **ऊ** કારાન્ત સ્ત્રીલિંગ નામોનાં રૂપો | ૧૦૯ |
| ૪૦ | વર્તમાન કૃદન્તો તથા તેનાં રૂપો | ૧૧૫ |
| | સતિ સપ્તમી અને ષષ્ઠી વિભક્તિ | ૧૧૮ |

**પ્રકરણ ૬ ઠ્ઠું ક્રિયાપદ**

| પાઠ | | પૃષ્ઠ |
|---|---|---|
| ૪૧ | વિધ્યર્થ | ૧૨૨ |
| | સંધિ | |
| ૪૨ | આજ્ઞાર્થ | ૧૨૮ |
| | વિભક્તિનો નિયમ | |

**પ્રકરણ ૭ મું. સમાસ : કૃદન્ત અને તદ્ધિત**

| પાઠ | | પૃષ્ઠ |
|---|---|---|
| ૪૩ | દ્વન્દ્વ અને તત્પુરુષ સમાસ | ૧૩૩ |
| ૪૪ | બહુવ્રીહિ અને અવ્યયીભાવ સમાસ | ૧૩૬ |

૪૫ **अत् ( अतु )** અંતવાળાં નામોનાં રૂપો ................ ૧૩૮
કર્તરિભૂતકૃદન્ત તથા વિધ્યર્થ કૃદન્ત
નિર્ધારણ પષ્ઠી અને સપ્તમી વિભક્તિ.
૪૬ તદ્ધિત-**तम ( तमप् ), तर ( तरप् )** ................ ૧૪૩
**इष्ठ, ईयस् ( ईयसु ) मत् ( मतु )**
**वत्, त्व ता ( तल् )** પ્રત્યયો
**ईयस् ( ईयसु )** અને **मत् ( मतु )** પ્રત્યયાંત નામોનાં રૂપો..
**महत् ( महतृ )** શબ્દનાં રૂપો.


**પ્રકરણ ૮ મું. નામપદ**


**પાઠ** ................ **પૃષ્ઠ**
૪૭ **अन्** અંતવાળાં નામોનાં રૂપો ................ ૧૪૯
**इन्** અંતવાળાં નામોનાં રૂપો ................ ૧૫૨
૪૮ **अस्** અંતવાળાં નામોનાં રૂપો ................ ૧૫૪
**च् ज् स्** અને **ष्** અંતવાળાં નામોનાં રૂપો
સંધિ
૪૯ **ऋ** કારાન્ત નામોનાં રૂપો ................ ૧૫૮
૫૦ સંખ્યાવાચક નામો તથા તેનાં રૂપો ................ ૧૬૨
૫૧ વાક્ય, સર્વનામનાં વિશેષ રૂપો ................ ૧૬૬
સુભાષિત ગદ્ય-પદ્યસંગ્રહ ................ ૧૭૧
**संस्कृत धातुकोश** ................ ૧૭૫
**संस्कृत शब्दकोश** ................ ૧૮૧
ગુજરાતી શબ્દકોશ ................ ૧૯૬
સિદ્ધહેમ વ્યાકરણનાં સૂત્રો ................ ૨૧૯
નિયમાવલિ ................ ૨૩૦
સંસ્કૃતભાષાની અગત્યતા ................ ૨૬૩
સંસ્કૃતભાષા વિષે બે લેખો ................ ૨૬૬


★★★

# સંકેત સૂચિ

| | | | |
|---|---|---|---|
| અ. | અવ્યય | પં. | પંચમી |
| અવ્ય. | અવ્યય | પું. | પુંલિંગ |
| આ. | આત્મનેપદ | પ્ર. | પ્રથમા |
| ઉ. | ઉભયપદ | પ્ર + | પ્ર સાથે |
| એ.વ. | એકવચન | બ.વ. | બહુવચન |
| ગ. | ગણ | ભૂ. કૃ. | ભૂત કૃદન્ત |
| ચ. | ચતુર્થી | વિ. | વિશેષણ |
| તૃ. | તૃતીયા | સ. | સર્વનામ |
| દ્વિ. | દ્વિતીયા | સ. | સપ્તમી |
| દ્વિ. વ. | દ્વિ-વચન | સર્વ. | સર્વનામ |
| ન. | નપુંસક | સં. | સંખ્યાવાચક |
| નિ. | નિયમ | સં. | સંબોધન |
| પ. | પરસ્મૈપદ | સંખ્યા. | સંખ્યાવાચક |
| પર. | પરસ્મૈપદ | સ્ત્રી. | સ્ત્રીલિંગ |
| પરસ્મૈ. | પરસ્મૈપદ | ષ. | ષષ્ઠી |
| પા. | પાઠ | હે. કૃ. | હેત્વર્થ કૃદન્ત |

---------

**પં. શ્રી શિવલાલભાઈએ** અતિપ્રયત્નથી તૈયાર કરેલ 'હેમસંસ્કૃત પ્રવેશિકા' ભા. ૧-૨-૩નો અભ્યાસ કરવાથી સંસ્કૃત ભાષાનું જ્ઞાન સારી રીતે થઈ જાય છે તેમજ 'સિદ્ધહેમ' વ્યાકરણનો અભ્યાસ કરવા માટે આ ત્રણ ભાગ બહૂ જ ઉપયોગી છે.

પંડિતજીનો પ્રયત્ન સ્તુત્ય છે.

**સોમચંદ ડી. શાહ** - સંપાદક 'સુઘોષા' પાલિતાણા

**કપૂરચંદ આર. વારૈયા** - અધ્યાપક પાલિતાણા

# सुलभचरित्राणि

વ્યાકરણ શૈલીથી સંસ્કૃત પ્રવેશિકાઓ તૈયાર કરીને પંડિતજી શિવલાલભાઈએ સંસ્કૃત વાંચન માટે પ્રવેશ માટે દ્વાર સમાન કાર્ય કરીને મુમુક્ષુ આત્માઓ ઉપર જબ્બર ઉપકાર કર્યો છે.

સંસ્કૃતની બે બુકો થયા પછી વાંચનમાં પ્રવેશ કરવા માટે પરમપૂજ્ય પંન્યાસશ્રી વજ્રસેનવિજયજી ગણિવર્ય દ્વારા સંપાદિત **सुलभचरित्राणि** એટલે એકદમ સહેલા સંસ્કૃતના પૂર્વાચાર્ય ભગવંતોએ રચેલા ચરિત્રોનું સંકલન કરીને આ ગ્રંથ તૈયાર કરવામાં આવ્યો છે. આ ચરિત્રોમાં પ્રથમ નજરે જે શબ્દોના અઘરા હોય તેના અર્થો તથા સમાસ છુટા પાડીને તૈયાર કરેલ છે જેથી સંસ્કૃત બુક કરનાર વ્યક્તિને વાંચન પ્રવેશ ખૂબ જ સરળતાથી થઈ શકે.

આ ગ્રંથ પાઠ્યપુસ્તક રૂપે ઉપયોગી બને તેથી દરેક ચરિત્રના અંતે અભ્યાસ રૂપ પ્રશ્નોત્તરી મૂકવામાં આવી છે. જેથી ચરિત્રમાંથી જવાબ શોધીને સંસ્કૃત લેખન-વાંચનનો પણ અનુભવ થઈ શકે.

અને –

આ ગ્રંથમાં પ્રચલિત ચરિત્રોની સાથે - અક્ષયતૃતીયા, ચૈત્રીપૂર્ણિમા, મેરુતેરસ, જ્ઞાનપંચમી, કાર્તિક પૂર્ણિમા, મૌન એકાદશી તથા પોષ દશમીની કથાઓ લીધી છે જેથી વ્યાખ્યાનમાં પણ ઉપયોગી બની શકે.

# सुलभकाव्यप्रवेशिका

ગાગરમાં...સાગર સમાવવો દુષ્કર છે પણ.....ક્યાંક તે સુકર પણ બની જાય છે.

સંસ્કૃતની બે બુકોના અધ્યયન બાદ વાંચનમાં પ્રવેશ કરતાં શ્લોકોનું વાંચન સહેલું બને તે માટે ખંડાન્વય - દંડાન્વય - પદચ્છેદ સમાસ - અર્થ પૂર્વક દરેક શ્લોકનું વાંચન થાય તો શ્લોકનો અર્થ સરળતાથી બેસી જાય તે માટે પરમ પૂજ્ય પંન્યાસજી વજ્રસેનવિજયજી ગણિવર્ય સંપાદિત **सुलभकाव्यप्रवेशिका** ખૂબ જ ઉપયોગી બની રહી છે.

પ્રથમ સકલાર્હત્‌ના ૩૩ શ્લોકો આ પાંચ રીતે સ્પષ્ટ કરીને બતાવ્યા છે.

ત્યારબાદ ભક્તામરના ૪૪ શ્લોકો છે. પરિશિષ્ટમાં **श्रीमित्रानंदचरित्रम्** ના શ્લોકો આપીને તેમાં ખંડાન્વયના નંબર આપીને પોતાની રીતે પદચ્છેદ કરી શકાય તે રીતે તૈયાર કરેલ છે. પદચ્છેદ, ખંડાન્વય, દંડાન્વય કરવાની પદ્ધતિ દૃષ્ટાંતપૂર્વક બતાવેલ છે.

ક્રિયાવિશેષણ અવ્યયો, પુંલિંગ - સ્ત્રીલિંગ - નપુંસકલિંગ, સર્વનામના પ્રથમ શબ્દો આપીને ચાર શ્લોક બતાવ્યા છે. સંક્ષેપમાં સમાસ પ્રકરણ, કૃદન્ત પ્રકરણ, તદ્ધિત પ્રકરણ, કારક (વિભક્તિ) પ્રકરણ, દરેક ગણના પરસ્મૈપદ - આત્મનેપદના કર્તરિ - કર્મણિ એક રૂપ આપીને સમજાવેલ છે.

કાવ્યમાં પ્રવેશ સરળતાથી થઈ શકે તે રીતે આ પુસ્તક તૈયાર કરેલ છે.

# हैम-संस्कृत-प्रवेशिका

## प्रथमा

१

कर्ता

अध्यापक शिवलाल नेमचन्द शाह-पाटण

---

टी : **સિદ્ધહેમશબ્દાનુશાસન નામના વ્યાકરણમાંથી** બનેલી હોવાથી **હૈમ** તથા સંસ્કૃતભાષારૂપી મન્દિરમાં પ્રવેશ કરાવનારી હોવાથી **સંસ્કૃતપ્રવેશિકા** કહેવાય છે.

## अर्हम् ।

મંગલને માટે **પરમેશ્વર**નું ધ્યાન કરવું.

## सिद्धिः स्याद्-वादात् ।

એક જ પદાર્થમાં, જુદી જુદી અપેક્ષાએ જુદા જુદા અનેક ધર્મોનો સ્વીકાર, તે **સ્યાદ્વાદ.** સ્યાદ્વાદથી શબ્દોની સિદ્ધિ-ઉત્પત્તિ અને જ્ઞાન થાય છે.

અથવા-

શુદ્ધશબ્દના **વાદથી**-પ્રયોગથી સિદ્ધિ-સમ્યગ્જ્ઞાન થાય છે અને સમ્યગ્જ્ઞાનથી મોક્ષ થાય છે.

## लोकात् ।

અહીં જે ન કહેવામાં આવ્યું હોય, તે **લોકથી**-તેના જ્ઞાતા પાસેથી જાણવું.

# પ્રવેશ-૧

## વર્ણ વિચાર

### ૧. વર્ણો.

**સ્વરો ૧૪**

अ आ, इ ई, उ ऊ, ऋ ॠ, ऌ ॡ

ए ऐ, ओ औ,

(अं) અનુસ્વાર (अः) : વિસર્ગ

**વ્યંજનો ૩૩**

| | | | | |
|---|---|---|---|---|
| क् | ख् | ग् | घ् | ङ् |
| च् | छ् | ज् | झ् | ञ् |
| ट् | ठ् | ड् | ढ् | ण् |
| त् | थ् | द् | ध् | न् |
| प् | फ् | ब् | भ् | म् |
| य् | र् | ल् | व् | |
| श् | ष् | स् | ह् | |

## ૨. વિશેષ સંજ્ઞાઓ.....સ્વરોની

| | હ્રસ્વ ૫ | દીર્ઘ ૯ |
|---|---|---|
| अ-વર્ણ- | अ | आ |
| इ-વર્ણ- | इ | ई |
| उ-વર્ણ- | उ | ऊ |
| ऋ-વર્ણ- | ऋ | ॠ |
| लृ-વર્ણ- | लृ | ॡ |
| સન્ધ્યક્ષર ૪ | | ए ऐ ओ औ |

– – –

**નામી** : अ વર્ણ સિવાય (હ્રસ્વ इ થી) औ સુધીના સ્વરો નામી કહેવાય છે.

इ ई, उ ऊ, ऋ ॠ, लृ ॡ, ए ऐ, ओ औ. ૧૨.

**સમાન** : અથી લઇને દીર્ઘॡ સુધીના સ્વરો સમાન કહેવાય છે.

अ आ, इ ई, उ ऊ, ऋ ॠ, लृ ॡ. ૧૦.

## ૩. વિશેષ સંજ્ઞાઓ.....વ્યંજનોની

### સ્પર્શ વ્યંજન-૨૫

| | |
|---|---|
| क-વર્ગ- | क्, ख्, ग्, घ्, ङ् |
| च-વર્ગ- | च्, छ्, ज्, झ्, ञ् |
| ट-વર્ગ- | ट्, ठ्, ड्, ढ्, ण् |
| त-વર્ગ- | त्, थ्, द्, ध्, न् |
| प-વર્ગ- | प्, फ्, ब्, भ्, म् |

– – –

| | |
|---|---|
| અન્તસ્થા-૪ | य्, र्, ल्, व् |
| ઉષ્માક્ષર-૪ | श्, ष्, स्, ह् |
| અનુનાસિક-૫ | ङ्, ञ्, ण्, न्, म् |

## ૪. વિશેષ સંજ્ઞાઓ.....વ્યંજનોની. ૨

**૧ ધુટ્ :** વર્ગોનો પાંચમો અક્ષર અને અન્તસ્થા સિવાયના વ્યંજનો **ધુટ્** કહેવાય છે. क् ख् ग् घ्, च् छ् ज् झ्, ट् ठ् ड् ढ्, त् थ् द् ध्, प् फ् ब् भ्, श् ष् स् ह्. ૨૪.

**૨ અઘોષ :** દરેક વર્ગનો **પહેલો** તથા **બીજો** અક્ષર અને श् ष् स् **અઘોષ** કહેવાય છે. क् ख्, च् छ्, ट् ठ्, त् थ्, प् फ्, श् ष् स्. ૧૩.

**૩ ઘોષવાન્ :** અઘોષ સિવાયના બાકીના વ્યંજનો **ઘોષવાન્** કહેવાય છે. ग् घ् ङ्, ज् झ् ञ्, ड् ढ् ण्, द् ध् न्, ब् भ् म्, य् र् ल् व्, ह्. ૨૦.

**૪ શિટ્ :** અનુસ્વાર, : વિસર્ગ ≍ [1]જિહ્વામૂલીય )( [1]ઉપધ્માનીય અને श् ष् स् **શિટ્** કહેવાય છે.

---

૧. જિહ્વામૂલીય क् કે ख् ની પહેલાં જ અને ઉપધ્માનીય प् કે फ् ની પહેલાં જ : વિસર્ગને બદલે વિકલ્પે ક્વચિત્ લખાય છે.

दु≍खम्, दुःखम् । अन्त)(पातः, अन्त पातः ।

# ૫. વર્ણોનાં....ઉચ્ચાર સ્થાન.

વર્ણોનાં ઉચ્ચારસ્થાન આઠ છે-ઉર (છાતી), કંઠ, શિર, જિહ્વામૂલ, દાંત, નાસિકા, ઓષ્ઠ અને તાલુ.

अ વર્ણ, ह् , વિસર્ગ :, क-વર્ગ......કંઠ્ય.

इ-વર્ણ, च-વર્ગ, य् श्.....તાલવ્ય.

उ-વર્ણ, प-વર્ગ, )(ઉપધ્માનીય....ઓષ્ઠ્ય.

ऋ-વર્ણ, ट-વર્ગ, र् ष्.....મૂર્ધન્ય.

लृ-વર્ણ, त-વર્ગ, ल् स्.....દન્ત્ય.

ए , ऐ... ... ... ...તાલવ્ય.

ओ, औ ... ... ...ઓષ્ઠ્ય

व् ... ... ... ...દન્ત્યૌષ્ઠ્ય

≍ જિહ્વામૂલીય ... ...જિહ્વ્ય

અનુસ્વાર ... ...નાસિક્ય

ङ् , ञ्, ण्, न्, म्,... ...પોત પોતાના વર્ગનું સ્થાન,

ઉપરાંત નાસિકાસ્થાન.

# ૬. ઉચ્ચારોમાં....વિશેષતાઓ

**હ્રસ્વ :** જે સ્વર ટુંકા બોલાય છે, તે **હ્રસ્વ** કહેવાય છે
अ, इ વગેરે.

દીર્ઘ : જે સ્વરને બોલતાં લંબાવવા પડે છે, તે **દીર્ઘ** કહેવાય છે.
आ, ई વગેરે.

પ્લુત : સ્વર જ્યારે દીર્ઘ કરતાં પણ વધારે લંબાવીને બોલાય છે, ત્યારે તે **પ્લુત** કહેવાય છે અને સ્વરની આગળ ત્રણ માત્રા સૂચક ३ મૂકીને તે લખવાની રીત છે.
જેમકે- अ३ आ३ વગેરે.

માત્રા : આંખ મીંચતાં કે ઉઘાડતાં જે સમય થાય, તેને **માત્રા** કહેવાય છે. હ્રસ્વની ૧ માત્રા, દીર્ઘની ૨ માત્રા, પ્લુતની ૩ માત્રા.

**અનુનાસિક :**

(૧) સ્વર જ્યારે નાસિકાની મદદથી બોલાય છે, ત્યારે તે **અનુનાસિક** કહેવાય છે અને સ્વર ઉપર ँ અર્ધ ચંદ્રાકાર અને બિંદુ મૂકી તે લખવાની રીત છે. જેમકે -अँ, आँ, अँ३ आँ३ વગેરે.

(૨) વ્યંજનોમાં પણ **य् ल् व्** નાસિકાની મદદથી બોલાય છે ત્યારે તે **અનુનાસિક** કહેવાય છે, અને તે આ રીતે લખાય છે- यँ् , लँ् , वँ्.

## ૭. સ્વ સંજ્ઞા.

**સ્વ** – જે વર્ણોને માંહોમાંહે - એક બીજાની સાથે, સરખા ગણેલા છે તેઓ પરસ્પર સ્વ કહેવાય છે. જેમકે - अ વર્ણના अ, आ, अ૩, आ૩, अँ, आँ, अँ૩ आँ૩ એ સર્વે ભેદો પરસ્પર સ્વ છે.

अ-વર્ણ-પરસ્પર સ્વ
इ-વર્ણ-પરસ્પર સ્વ
उ-વર્ણ-પરસ્પર સ્વ
ऋ-વર્ણ-પરસ્પર સ્વ
लृ-વર્ણ-પરસ્પર સ્વ
ए-કાર-પરસ્પર સ્વ
ऐ-કાર-પરસ્પર સ્વ
ओ-કાર-પરસ્પર સ્વ
औ-કાર-પરસ્પર સ્વ
क-વર્ગ-પરસ્પર સ્વ
च-વર્ગ-પરસ્પર સ્વ
ट-વર્ગ-પરસ્પર સ્વ
त-વર્ગ-પરસ્પર સ્વ
प-વર્ગ-પરસ્પર સ્વ

य्, यँ्-પરસ્પર સ્વ
ल्, लँ्-પરસ્પર સ્વ
व्, वँ्-પરસ્પર સ્વ

र्, श्, ष्, स् અને ह् નો કોઈ સ્વ નથી.

## અભ્યાસ. ૧

૧. નીચેના પ્રશ્નોના જવાબ આપો.

સ્વર કયા કયા અને કેટલા ?

વ્યંજન કયા કયા અને કેટલા ?

હ્રસ્વ સ્વર કયા કયા અને કેટલા ?

દીર્ઘ સ્વર કયા કયા અને કેટલા ?

સ્પર્શવ્યંજન કયા કયા અને કેટલા ?

અનુનાસિક વ્યંજન કયા કયા અને કેટલા ?

સમાન સ્વર કયા કયા અને કેટલા ?

અઘોષ વ્યંજન કયા કયા અને કેટલા ?

શિટ્ વ્યંજન કયા કયા અને કેટલા ?

ધુટ્ વ્યંજન કયા કયા અને કેટલા ?

અનુનાસિક અન્તસ્થા કયા કયા અને કેટલા ?

કંઠ્ય કયા કયા અને કેટલા ?

મૂર્ધન્ય કયા કયા અને કેટલા ?

તાલવ્ય કયા કયા અને કેટલા ?

૨. अ, ए, क्, व्, श्, આ અક્ષરોની કઈ કઈ સંજ્ઞા છે ?

## વ્યંજન અને સ્વરોનો સંયોગ

क् + अ = क
क् + आ = का
क् + इ = कि
क् + ई = की
क् + उ = कु
क् + ऊ = कू
क् + ऋ = कृ
क् + ॠ = कॄ
क् + लृ = क्लृ
क् + लॄ = क्लॄ
क् + ए = के
क् + ऐ = कै
क् + ओ = को
क् + औ = कौ

વ્યંજન એકલો હોય છે, ત્યારે એની નીચે આવો છેકો મૂકાય છે, જેમકે क्

પણ

વ્યંજનમાં સ્વરો મળે છે ત્યારે તેની આકૃતિઓ બાજુમાં બતાવી છે, તેવી થાય છે.

-----

વ્યંજનમાં સ્વર મળ્યા પછી જ . અનુસ્વાર અને : વિસર્ગ જોડાય છે જેમકે -

क् + अ + ं = कं
क् + अ + : = कः

## સંયુક્ત વ્યંજનો-જોડાક્ષરો

| | | |
|---|---|---|
| क् + ष = क्ष. | ज् + ञ = ज्ञ. | प् + र = प्र |
| र् + ष = र्ष. | त् + र = त्र. | द् + द = द्द. |
| द् + ध = द्ध. | क् + त = क्त કે क्त. | द् + ग = द्ग. |
| श् + च = श्च. | ह् + र = ह्र | ह् + व = ह्व |

# પ્રવેશ-૨

## શબ્દ વિચાર

વર્ણોના **શબ્દો** બને છે.

શબ્દો **ચાર પ્રકારના** છે.

| | | |
|---|---|---|
| **૧ જાતિવાચક શબ્દ** | → | गौः ગાય. |
| **૨ ગુણવાચક શબ્દ** | → | शुक्लः સફેદ. |
| **૩ ક્રિયાવાચક શબ્દ** | → | चल् ચાલવું. |
| **૪ દ્રવ્યવાચક શબ્દ** | → | देवदत्तः દેવદત્ત. |

-----

ક્રિયાવાચક શબ્દને **ધાતુ** કહેવાય છે.

-----

પ્રત્યેકપ્રાણિનો, **ખાવું. પીવું.** જવું. **ચાલવું. હોવું.** વગેરે વ્યવહાર-વ્યાપાર, એને **ક્રિયા** કહેવાય છે,
ક્રિયાને જણાવનારૂ જે પદ તે **ક્રિયાપદ.**

-----

ધાતુ સિવાયના બાકીના શબ્દોને **નામ** કહેવાય છે,

-----

સંસ્કૃત ભાષામાં વપરાએલા ધાતુઓના ૧૦ ગણ (વર્ગ) પાડવામાં આવેલા છે.

# પ્રકરણ ૧ લું. ક્રિયાપદ.

## વર્તમાનકાળ. વર્તમાના વિભક્તિ.

### કર્તરિ પ્રયોગ.

## પાઠ ૧ લો. પહેલો ગણ

### પરસ્મૈપદ.

**વર્તમાના વિભક્તિના પરસ્મૈપદ પ્રત્યયો**

| પુરુષ | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| ૧ લો | ★ मि | वस् | मस् |
| ૨ જો | सि | थस् | थ |
| ૩ જો | ति | तस् | अन्ति |

**પરસ્મૈપદ ધાતુઓ**

**नम्** નમવું, નમસ્કાર કરવો

**पठ्** પઠન કરવું, ભણવું

**पत्** પડવું, પડી જવું.

★ **मि** પ્રત્યય, પહેલો પુરુષ એકવચન 'હું' ને જણાવે છે, એટલે કે - 'હું' નો બોધક છે, માટે **मि** વગેરે પ્રત્યયોને **પુરુષ** બોધક પ્રત્યયો કહેવાય છે.

# પાઠ ૨ જો. પહેલો ગણ

## એકવચન

૧ પરસ્મૈપદી ધાતુઓને પરસ્મૈપદ પ્રત્યયો લાગે છે.
**नम् + ति–**

૨ **ति** વગેરે પ્રત્યયો લાગતાં, ધાતુને **अ** **વિ[1]કરણ** પ્રત્યય લાગે છે. **नम् + अ + ति = नमति ।**

૩ **म्** અને **व्** થી શરુ થતાં પ્રત્યયની પહેલાં **अ** હોય તો એ **अ** નો **आ** થાય છે.
**नम् + अ + मि- नम् + आ + मि = नमामि ।**

૪ **ति** વગેરે વિભક્તિના પ્રત્યયો જેને લાગેલા હોય છે, તે પદ કહેવાય છે. **नमति** પદ છે.

૫ વર્તમાનકાળને જણાવવા ધાતુને વર્તમાનાવિભક્તિના પ્રત્યયો લગાડાય છે. **नमति** – તે નમસ્કાર કરે છે.

| સંસ્કૃત વાક્યો | ગુજરાતી વાક્યો |
|---|---|
| नमामि । | તું નમે છે. |
| पठसि । | હું પડું છું. |
| पतसि । | તે ભણે છે. |
| पठामि । | તું પડે છે. |
| नमति । | હું ભણું છું. |

---

૧. ધાતુઓના સમુદાયમાંથી ધાતુઓને જુદો પાડનાર પ્રત્યય-તે **વિકરણ પ્રત્યય** કહેવાય છે.

# પાઠ ૩ જો. પહેલો ગણ

## દ્વિ-વચન

૧ પદને અંતે स् હોય તો એનો र् થાય છે.
**नमतस् - नमतर् –**

૨ પદને અન્તે રહેલા र् નો, જો એની પછી **વિરામ** (એટલે કે કશુંએ ન) આવે અથવા **અઘોષ** વ્યંજન આવે તો : **વિસર્ગ** થાય છે. **नमतः । नमतः पठतः ।**

## પરસ્મૈપદી ધાતુઓ

| | |
|---|---|
| **रक्ष्** રક્ષણ કરવું, સંભાળવું, રાખવું | **भण्** ભણવું, કહેવું |
| **वद्** બોલવું | **खाद्** ખાવું |
| **वस्** વસવું, રહેવું | **दह्** બળવું, બાળવું |

| સંસ્કૃત વાક્યો | ગુજરાતી વાક્યો |
|---|---|
| **पततः ।** | તેઓ બે વસે છે. |
| **रक्षसि ।** | તું બોલે છે. |
| **भणतः ।** | અમે બે બોલીએ છીએ. |
| **वदति ।** | તે રક્ષણ કરે છે. |
| **नमतः ।** | તમે બે પડો છો. |
| **पठावः ।** | હું ખાઉં છું. |

# પાઠ ૪ થો. પહેલો ગણ

## બહુવચન

૧ अ ની પછી अ કે ए આવે તો, પહેલાંનો अ લોપાય છે, પણ જો [1]પદની શરૂઆતમાં રહેલો अ કે ए આવે તો, પહેલાંનો अ લોપાતો નથી.

नम् + अ + अन्ति — नम् + अन्ति = नमन्ति ।

## વર્તમાના વિભક્તિનાં રૂપો

| | | |
|---|---|---|
| नमामि | नमावः | नमामः |
| नमसि | नमथः | नमथ |
| नमति | नमतः | नमन्ति |

## પરસ્મૈપદી ધાતુઓ

| | |
|---|---|
| अट् અટન કરવું, રખડવું | चल् ચાલવું |
| अर्च् અર્ચા કરવી, પૂજા કરવી | चर् ચરવું, ફરવું, આચરવું |

| સંસ્કૃત વાક્યો | ગુજરાતી વાક્યો |
|---|---|
| चलन्ति । | તેઓ પૂજા કરે છે. |
| अटथ । | તેઓ બોલે છે. |
| चरामः । | અમે ચાલીએ છીએ. |
| नमन्ति । | તમે ફરો છો. |
| वसामः । | અમે ભણીએ છીએ. |

---

૧. दण्ड + अग्रम् = दण्डाग्रम् અહિં ड માં રહેલો પૂર્વનો अ લોપાતો નથી, કેમકે अग्रम् એ પદ છે.

## પાઠ ૫ મો. પહેલો ગણ

### પરસ્મૈપદી ધાતુઓ

जीव् જીવવું, આજીવિકા ચલાવવી

त्यज् તજવું, ત્યાગ કરવો, છોડી દેવું

क्षर् ખરવું, પડવું, ઝરવું, ટપકવું

| સંસ્કૃત વાક્યો | ગુજરાતી વાક્યો |
| --- | --- |
| रक्षामः । | તું પડે છે. |
| जीवावः । | તે ચાલે છે. |
| त्यजसि । | અમે બે ખાઈએ છીએ. |
| क्षरन्ति । | અમે બે પડીએ છીએ. |
| वदथ । | તમે ખાઓ છો. |
| अर्चतः । | તેઓ ત્યાગ કરે છે. |
| पठामः । | તમે બે રખડો છો. |
| त्यजामि । | તેઓ બે ભણે છે. |
| खादामि । | હું પૂજા કરું છું. |
| चरति । | તે જીવે છે. |
| पतसि । | હું રાખું છું. |
| वसामि । | તું કહે છે. |
| अटथः । | અમે રહીએ છીએ. |

## અભ્યાસ. ૨

૧ रक्ष् अट् वद् पत् अर्च् क्षर् नम् વગેરે ધાતુનાં રૂપો બોલો અને લખો.

૨ पत् ૩. પુ. એ. वद् ૨. પુ. બ. नम् ૧. પુ. દ્વિ.
वस् ૩. પુ. બ. रक्ष् ૨. પુ. એ. अर्च् ૧. પુ. એ.
क्षर् ૧. પુ. બ. બોલો.

૩ अ નો आ ક્યારે થાય છે ?
स् નો र् ક્યારે થાય છે ?
**પદ** કોને કહેવાય ?
र् નો વિસર્ગ ક્યારે થાય ?

૪ ધાતુ એટલે શું ?
ક્રિયાપદ એટલે શું ?
વર્તમાનકાળ એટલે શું ?

૫ પહેલો પુરુષ. બીજો પુરુષ અને ત્રીજો પુરુષ એટલે શું ?
એકવચન, દ્વિવચન અને બહુવચન એટલે શું ?

## પાઠ ૬ ટ્ઠો.

### કેટલાંક સર્વનામ પદો

| | | |
|---|---|---|
| अहम् હું | आवाम् અમે બે | वयम् અમે |
| त्वम् તું | युवाम् તમે બે | यूयम् તમે |
| सः ([1]सस्) તે | तौ તે બે | ते તેઓ |

સ્વરો કે વ્યંજનો પાસે પાસે આવે, તો **સંધિ** થાય છે.

૧ પદાન્ત **म्** પછી કોઈપણ વ્યંજન આવે, તો એ **म्** ને બદલે પૂર્વના અક્ષર ઉપર **અનુસ્વાર** થાય છે, અથવા **म्** ને ઠેકાણે પછીના વ્યંજનનો **સ્વ અનુનાસિક** થાય છે.

त्वं रक्षसि । त्वं चरसि, त्वञ्चरसि । अहं वदामि, अहवँ्वदामि ।

| સંસ્કૃત વાક્યો | ગુજરાતી વાક્યો |
|---|---|
| स नमति । | હું નમસ્કાર કરું છું. |
| ते रक्षन्ति । | અમે બોલીએ છીએ. |
| तौ पठतः । | તમે ભણો છો |
| त्वम्पतसि । | તું પૂજા કરે છે. |
| जीवामः । | તમે બે જીવો છો. |
| अहञ्चलामि । | અમે બે ત્યાગ કરીએ છીએ. |

---

૧ सस् પછી વિરામ આવે, તો स् નો પા. ૩. નિ. ૧ થી र् થઈને નિ. ૨ થી : વિસર્ગ થાય છે. सः । અને વ્યંજન આવે, તો પા. ૩૫. નિ. ૩ થી स् લોપાય છે. **स पठति** ।

## પાઠ ૭ મો. પહેલો ગણ. ઉપાન્ત્ય ગુણ

૧ વિકરણ પ્રત્યય अ પૂર્વે ધાતુના ઉપાન્ત્ય (એટલે છેલ્લા વ્યંજનની પૂર્વેના) હ્રસ્વ નામિ સ્વરનો ગુણ થાય છે.

૨ ऋ વર્ણનો ગુણ अर्, इ વર્ણનો ગુણ ए, અને उ વર્ણનો ગુણ ओ થાય છે.

**वृष् + अ + ति - व् + अर् + ष् + अ + ति = वर्षति ।**

**जिम + अ + ति = जेमति । शुच् + अ + ति = शोचति ।**

| | | |
|---|---|---|
| **वर्षामि** | **वर्षाव:** | **वर्षाम:** |
| **वर्षसि** | **वर्षथ:** | **वर्षथ** |
| **वर्षति** | **वर्षत:** | **वर्षन्ति** |

### પરસ્મૈપદી ધાતુઓ

**क्रीड्** ક્રીડા કરવી, રમવું

**जप्** જપવું, જાપ કરવો

**जिम्** જમવું, ખાવું

**निन्द्** નિંદા કરવી

**वृष्** વરસવું

**शुच्** શોક કરવો

### સંસ્કૃત વાક્યો

**स वर्षति ।**

**ते जेमन्ति ।**

**क्रीडन्ति ।**

**युवां निन्दथः ।**

**अहं रक्षामि ।**

**त्वमटसि ।**

### ગુજરાતી વાક્યો

તેઓ વરસે છે.

અમે બે જાપ કરીએ છીએ.

અમે રમીએ છીએ.

તમે ફરો છો.

અમે ચાલીએ છીએ.

તમે બે શોક કરો છો.

# પાઠ ૮ મો. પહેલો ગણ. અન્ત્ય ગુણ.

૧ વિકરણ પ્રત્યય अ પૂર્વે ધાતુના અંત્ય (એટલે છેલ્લા) હ્રસ્વ કે દીર્ઘ નામિ સ્વરનો ગુણ થાય છે. तृ - तरति ।

जि + अ + ति -            भू + अ + ति-

ज् + ए + अ + ति -            भ् + ओ + अ + ति-

૨ ए ऐ ओ औ પછી કોઈ પણ સ્વર આવે તો તેઓને ઠેકાણે અનુક્રમે अय् आय् अव् અને आव् થાય છે.

ज्+अय्+अ+ति=जयति । भ्+अव्+अ+ति=भवति ।

| | | |
|---|---|---|
| तरामि | तरावः | तरामः |
| तरसि | तरथः | तरथ |
| तरति | तरतः | तरन्ति |

## પરસ્મૈપદી ધાતુઓ

| | | | |
|---|---|---|---|
| जि | જય પામવો, જિતવું | सृ | સરકવું, ખસવું, જવું |
| तृ | તરવું | स्मृ | સ્મરણ કરવું, સંભારવું, યાદ કરવું |
| धाव् | ધાવું, દોડવું | क्षि | ક્ષય પામવો, ક્ષીણ થવું |
| भू | થવું, હોવું | | |

| સંસ્કૃત વાક્યો | ગુજરાતી વાક્યો |
|---|---|
| अहं जयामि । | અમે બે છીએ. |
| आवां स्मरावः । | તે ક્ષય પામે છે. |
| वयन्तरामः । | તમે ખસો છો. |
| त्वं धावसि । | તેઓ બે જમે છે. |

## પાઠ ૯ મો. ચોથો ગણ

૧ ચોથા ગણના ધાતુઓને **य** વિકરણ પ્રત્યય લાગે છે.

૨ **य** વિકરણ લાગતાં, ચોથા ગણના ધાતુઓમાં ગુણ થતો નથી.

| | | |
|---|---|---|
| **नृत्यामि** | **नृत्यावः** | **नृत्यामः** |
| **नृत्यसि** | **नृत्यथः** | **नृत्यथ** |
| **नृत्यति** | **नृत्यतः** | **नृत्यन्ति** |

### પરસ્મૈપદી ધાતુઓ

**कुप्** કોપ કરવો, કોપવું
**क्रुध्** ક્રોધ કરવો, ગુસ્સે થવું
**तुष्** સંતોષ પામવો, ખુશ થવું
**नश्** નાશ પામવું, નાશી જવું, નષ્ટ થવું
**नृत्** નૃત્ય કરવું, નાચવું

**पुष्** પોષવું, પોષણ કરવું
**मुह्** મોહ પામવો, મુંઝાવું
**लुट्** લોટવું, આળોટવું
**लुभ्** લોભ કરવો, લલચાવું
**क्षुभ्** ક્ષોભ પામવો, ગભરાવું, ખળભળવું

### સંસ્કૃત વાક્યો

**तौ पुष्यतः ।**
**ते लुट्यन्ति ।**
**स वदति ।**
**अहं तुष्यामि ।**
**यूयं क्षुभ्यथ ।**
**युवां कुप्यथः ।**

### ગુજરાતી વાક્યો

તેઓ લોભ કરે છે.
અમે બે મુંઝાઈએ છીએ.
તમે બે ત્યાગ કરો છો.
તમે ક્રોધ કરો છો.
તે બે નાશી જાય છે.
અમે નૃત્ય કરીએ છીએ.

# પાઠ ૧૦ મો. છટ્ઠો ગણ.

૧ છટ્ઠા ગણના ધાતુઓને अ વિકરણ પ્રત્યય લાગે છે.

૨ अ વિકરણ લાગતાં છટ્ઠા ગણના ધાતુઓમાં ગુણ થતો નથી.

| | | |
|---|---|---|
| **स्फुरामि** | **स्फुरावः** | **स्फुरामः** |
| **स्फुरसि** | **स्फुरथः** | **स्फुरथ** |
| **स्फुरति** | **स्फुरतः** | **स्फुरन्ति** |

## પરસ્મૈપદી ધાતુઓ

**मिल्** મળવું, ભેટવું

**लिख्** લખવું

**सृज्** સર્જન કરવું,
સરજવું, રચવું

**स्पृश्** સ્પર્શ કરવો, અડકવું

**स्फुट्** ફૂટવું, ખીલવું

**स्फुर्** સ્ફુરવું, ફરકવું, કંપવું

| સંસ્કૃત વાક્યો | ગુજરાતી વાક્યો |
|---|---|
| **ते मिलन्ति ।** | તે બે મળે છે. |
| **आवां नृत्यावः ।** | હું જીવું છું. |
| **यूयं पठथ ।** | તમે લખો છો. |
| **युवां तरथः ।** | અમે અડકીએ છીએ. |
| **ते स्फुटन्ति ।** | જમીએ છીએ. |
| **स सृजति ।** | તેઓ ગભરાય છે. |
| **वयं लुट्यामः ।** | ફરકે છે. |
| **जयसि त्वम् ।** | તમે નિંદા કરો છો. |

## પાઠ ૧૧ મો. દશમો ગણ.

૧ દશમા ગણના ધાતુઓને પોતાના इ પ્રત્યય લગાડવો પડે છે.
**चिन्त् + इ = चिन्ति । चिन्ति + ति-**
દશમા ગણના ધાતુઓને इ પ્રત્યય લાગ્યા બાદ, પહેલા ગણની જેમ પા. ૨. નિ. ૨ થી अ વિકરણ પ્રત્યય લાગે છે અને ગુણ થાય છે. **चिन्ति + अ + ति-**
**चिन्ते + अ + ति । चिन्तय् + अ + ति = चिन्तयति ।**

| | | |
|---|---|---|
| **चिन्तयामि** | **चिन्तयाव:** | **चिन्तयाम:** |
| **चिन्तयसि** | **चिन्तयथ:** | **चिन्तयथ** |
| **चिन्तयति** | **चिन्तयत:** | **चिन्तयन्ति** |

### પરસ્મૈપદી ધાતુઓ

**चिन्त्** ચિંતવવું, વિચારવું, ચિંતા કરવી
**दण्ड्** દંડ કરવો, દંડવું
**पीड्** પીડવું, દુઃખ દેવું
**पूज्** પૂજવું, પૂજા કરવી
**वर्ण्** વર્ણન કરવું, વર્ણવવું, રંગવું
**सान्त्व्** સાન્ત્વન કરવું, ખુશ કરવું, શાન્ત પાડવું

### સંસ્કૃત વાક્યો

**वयं चिन्तयाम: ।**
**आवां स्पृशाव: ।**
**त्वं दण्डयसि ।**
**लुभ्यन्ति ।**
**वर्षन्ति ।**
**युवां पीडयथ: ।**

### ગુજરાતી વાક્યો

તમે બે શોક કરો છો.
તેઓ બે સાન્ત્વન કરે છે.
હું નૃત્ય કરું છું.
તમે બે પૂજા કરો છો.
અમે વર્ણન કરીએ છીએ.
તમે બે લખો છો.

## પાઠ ૧ ૨ મો. દશમો ગણ. ઉપાન્ત્ય ગુણ.

૧ દશમા ગણનો इ પ્રત્યય લાગતાં ધાતુના ઉપાન્ત્ય હ્રસ્વ નામિ સ્વરનો ગુણ થાય છે. चुर् + इ = चोरि

| | | |
|---|---|---|
| चोरयामि | चोरयाव: | चोरयाम: |
| चोरयसि | चोरयथ: | चोरयथ |
| चोरयति | चोरयत: | चोरयन्ति |

### પરસ્મૈપદી ધાતુઓ

चुर् ચોરવું, ચોરી કરવી

घुष् ઘોષણા કરવી, જાહેર કરવું, ગોખવું, અવાજ કરવો

तुल् તોળવું, જોખવું

भूष् ભૂષા કરવી, શોભા કરવી, શણગારવું

| સંસ્કૃત વાક્યો | ગુજરાતી વાક્યો |
|---|---|
| ते चोरयन्ति । | તમે ચોરી કરો છો. |
| अहं घोषयामि । | તમે બે શણગારો છો. |
| आवां तोलयाव: । | તોળો છો. |
| त्वं भूषयसि । | હું જોખું છું. |
| युवां चोरयथ: । | તેઓ ચોરી કરે છે. |
| यूयं घोषयथ । | અમે બે જાહેર કરીએ છીએ. |
| वयं सान्त्वयाम: । | તું પોષણ કરે છે. |
| अहं जयामि । | અમે રચીએ છીએ. |
| ते पूजयन्ति । | તમે ખસો છો. |

## પાઠ ૧૩ મો. દશમો ગણ. વૃદ્ધિ.

૧ દશમા ગણનો इ પ્રત્યય લાગતાં ધાતુના ઉપાન્ત્ય अ ની અને અન્ત્ય હ્રસ્વ કે દીર્ઘ નામિ સ્વરની વૃદ્ધિ થાય છે.

૨ अ ની વૃદ્ધિ आ, ऋ વર્ણની વૃદ્ધિ आर्, इ વર્ણની વૃદ્ધિ ऐ અને उ વર્ણની વૃદ્ધિ औ થાય છે.

**तड् + इ = ताडि + अ + ति = ताडयति ।**

**पृ + इ = पारि + अ + ति = पारयति ।**

૩ **कथ् गण् रच् स्पृह्** અને **मृग्** વગેરે કેટલાક ધાતુઓમાં इ પ્રત્યય લાગતાં, ગુણ તેમજ વૃદ્ધિ થતી નથી. **कथयति ।**

### પરસ્મૈપદી ધાતુઓ

| | |
|---|---|
| **तड्** તાડન કરવું, મારવું | **कथ्** કહેવું, કથા કરવી |
| **पृ** પૂરું કરવું, પાર પામવું | **गण्** ગણવું, ગણત્રી કરવી |
| **पल्** પાલન કરવું, પાળવું, રક્ષણ કરવું | **रच्** રચવું, રચના કરવી |
| **भक्ष्** ભક્ષણ કરવું, ખાવું | **स्पृह्** સ્પૃહા કરવી, ઝંખવું, તૃષ્ણા રાખવી, ચાહવું |

| સંસ્કૃત વાક્યો | ગુજરાતી વાક્યો |
|---|---|
| **यूयं भक्षयथ ।** | તું ભક્ષણ કરે છે. |
| **त्वं कथयसि ।** | તમે મારો છો. |
| **ते गणयन्ति ।** | હું પૂરું કરું છું. |
| **युवां रचयथः ।** | અમે પાલન કરીએ છીએ. |
| **अहं स्पृहयामि ।** | અમે બે સ્પૃહા કરીએ છીએ. |
| **वयं लुट्यामः ।** | હું તરું છું. |

# પાઠ ૧૪ મો. ધાતુઓના આદેશ.

૧ વિકરણ પ્રત્યય લાગતાં, કેટલાક ધાતુઓના આદેશ થાય છે, તે, તે ધાતુની સામે આવા (  ) કૌંસમાં મૂકેલા છે.

| ગ. ૧. પરસ્મૈ. | ગ. ૪. પરસ્મૈ. |
|---|---|
| **गम्** (**गच्छ्**) ગમન કરવું, જવું | **मद्** (**माद्**) મત્ત થવું, મસ્ત થવું, ભૂલવું, ચૂકવું, પ્રમાદ કરવો, ગાંડા થવું |
| **दृश्** (**पश्य्**) દેખવું, જોવું | **श्रम्** (**श्राम्**) શ્રમ પામવો, ખેદ પામવો, થાકી જવું |
| **स्था** (**तिष्ठ्**) સ્થિર રહેવું, ઉભા રહેવું | **शम्** (**शाम्**) શાન્ત થવું |
| **दा** (**यच्छ्**) દાન કરવું, આપવું | |
| **पा** (**पिब**) પીવું (**पिबति**)[1] | |

**ગ. ૬. પરસ્મૈ.**

**इष्** (**इच्छ्**) ઇચ્છવું

**प्रच्छ्** (**पृच्छ्**) પૂછવું, પ્રશ્ન કરવો

**अस्** હોવું (ગ. ૨ **જો. પરસ્મૈ.**) **નાં રૂપો.**

| | | |
|---|---|---|
| अस्मि | स्वः | स्मः |
| असि | स्थः | स्थ |
| अस्ति | स्तः | सन्ति |

| **સંસ્કૃત વાક્યો** | **ગુજરાતી વાક્યો** |
|---|---|
| अहं गच्छामि । | તે શાન્ત થાય છે. |
| त्वं श्राम्यसि । | અમે ઉભા છીએ. |
| युवामिच्छथः । | તેઓ બે ભૂલે છે. |
| आवां पृच्छावः । | તેઓ જુએ છે. |
| त्वय्यँच्छसि । | તમે પીઓ છો. |

૧. **पिब** આદેશ **अ** કારાન્ત હોવાથી ગુણ થયેલ નથી.

# પાઠ ૧૫ મો. આત્મનેપદ

## વર્તમાના વિભક્તિના આત્મનેપદ પ્રત્યયો

| પુરુષ | એ. વ. | દ્વિ. વ. | બ. વ. |
|---|---|---|---|
| ૧ | ए | वहे | महे |
| ૨ | से | इथे | ध्वे |
| ૩ | ते | इते | अन्ते |

| **આત્મનેપદી ધાતુઓ** | **ઉભયપદી ધાતુઓ** |
|---|---|
| वन्द् ૧. ગ. વંદન કરવું | पच् ૧. ગ. પકાવવું, રાંધવું |
| वृध् ૧. ગ. વધવું | हृ ૧. ગ. હરણ કરવું, લઈ લેવું |

| | | |
|---|---|---|
| **वन्दे** | **वन्दावहे** | **वन्दामहे** |
| **वन्दसे** | **वन्देथे** | **वन्दध्वे** |
| **वन्दते** | **वन्देते** | **वन्दन्ते** |

૧ આત્મનેપદી ધાતુઓને **આત્મનેપદ** પ્રત્યયો લાગે છે.
वन्द्+अ+ए પા. ૪. નિ. ૧ થી अ નો લોપ. वन्दे ।

૨ अ વર્ણનો, તેની પછી આવેલા इ વર્ણ उ વર્ણ ऋ વર્ણ અને ऌ વર્ણ સાથે મળીને અનુક્રમે ए ओ अर् અને अल् થાય છે.
**वन्द्+अ+इते = वन्देते ।**

૩ ઊભયપદી ધાતુઓને બન્ને ય પદના પ્રત્યયો લાગે છે.
**हरति, हरते ।**

| **સંસ્કૃત વાક્યો** | **ગુજરાતી વાક્યો** |
|---|---|
| त्वं हरसि । | અમે વધીએ છીએ. |
| वयं हरामहे । | તમે બે રાંધો છો. |
| आवां पचावहे । | અમે બે વંદન કરીએ છીએ. |
| अहं पचामि । | તેઓ ઉભા રહે છે. |

## અભ્યાસ. ૩

૧ દરેક ગણના વિકરણ પ્રત્યય બોલો.

૨ ગુણ કયા ગણોમાં નથી થતો ?

૩ કયા ધાતુઓમાં વૃદ્ધિ તેમજ ગુણ નથી થતો ?

૪ ધાતુના ગણો કેટલા છે ?

૫ કયા કયા ગણના ધાતુઓ તમે શીખ્યા છો ?

૬ પુરુષબોધક પ્રત્યયો કેટલા પ્રકારના છે ?

૭ ધાતુઓ કેટલા પ્રકારના છે ?

૮ દશમા ગણનો પોતાનો પ્રત્યય કયો છે ?

૯ કયા સ્વરોની કઈ વૃદ્ધિ થાય છે ?

૧૦ કયા સ્વરોનો કયો ગુણ થાય છે ?

૧૧ ગુણ કયાં કયાં અને કોનો થાય છે ?

૧૨ વૃદ્ધિ કયાં કયાં અને કોની થાય છે ?

૧૩ સન્ધ્યક્ષરની પછી સ્વર આવે તો સન્ધ્યક્ષરને બદલે શું થાય છે ?

૧૪ अ વર્ણ પછી इ વર્ણ, उ વર્ણ, ऋ વર્ણ કે ऌ વર્ણ આવ્યો હોય તો, તે अ વર્ણનું એની સાથે મળીને શું શું થાય છે ?

૧૫ **सृ शुच् क्रीड् भू स्था नृत् लिख् दण्ड् घुष् पल् स्पृह् कथ् दा वृध् पच्** ધાતુનાં રૂપો બોલો.

૧૬ **कुप्** ૨. પુ. દ્વિ. **पल्** ૩. પુ. એ. **शम्** ૧. પુ. બ. **वृध्** ૩. પુ. બ. **वन्द्** ૧. પુ. એ. **हृ** ૩. પુ. દ્વિ. નિયમોથી સિદ્ધ કરો.

## પ્રકરણ ૨ જુ. નામપદ

## પાઠ ૧૬ મો. વિભક્તિ અને અવ્યયો.

### વિભક્તિના પ્રત્યયો

| એ. વ. | દ્વિ. વ. | બ. વ. | વિભક્તિ |
|---|---|---|---|
| स् | औ | अस् | **प्रथमा** |
| अम् | औ | अस् | **द्वितीया** |
| आ | भ्याम् | भिस् | **तृतीया** |
| ए | भ्याम् | भ्यस् | **चतुर्थी** |
| अस् | भ्याम् | भ्यस् | **पञ्चमी** |
| अस् | ओस् | आम् | **षष्ठी** |
| इ | ओस् | सु | **सप्तमी** |

વિભક્તિના પ્રત્યયો અહીં મૂળ સ્વરૂપમાં આપેલા છે, પરંતુ તે તે પ્રકારના નામોમાં કેટલાક પ્રત્યયોના આદેશો તથા લોપ થાય છે તે, તે તે ઠેકાણે આપવામાં આવેલ છે, જે પ્રત્યયોનો લોપ થાય છે તેની જગ્યાએ o શૂન્ય મૂકેલ છે.

વિભક્તિના પ્રત્યયો નામને જુદા જુદા અર્થોમાં લાગે છે, તે આગળ બતાવવામાં આવેલ છે.

૧ स् વગેરે વિભક્તિના પ્રત્યયો જેને લાગેલા હોય છે, તે પદ કહેવાય છે. **बाल + स् = बालः** પદ છે.

અહીં પા. ૩ નિ. ૧ થી स् નો र् થઈ પા. ૩ નિ. ૨ થી र् નો : વિસર્ગ થયો છે.

## અવ્યય

૨ અવ્યયનામોને લાગેલા વિભક્તિના પ્રત્યયો લોપાઈ જાય છે. **बहुशस् + स् - बहुशस् -**

૩ વિભક્તિના પ્રત્યયો લોપાયા પછી પણ તે પદ કહેવાય છે. **बहुशस् - बहुशर् - बहुशः ।**

૪ જેના રૂપમાં વ્યય (એટલે ફેરફાર) થતો નથી, તે **અવ્યય** કહેવાય છે.

## અવ્યય

| | |
|---|---|
| **इदानीम्** અત્યારે, હમણાં | **क्व** ક્યાં |
| **इह** અહીં, આ ઠેકાણે | **न** નહીં |
| **कदा** ક્યારે | **प्रातर्** સવારમાં |
| | **बहुशस्** બહુ, બહુવાર |

| સંસ્કૃત વાક્યો | ગુજરાતી વાક્યો |
|---|---|
| **क्व गच्छसि ?** | તમે ક્યાં જાઓ છો ? |
| **इह तिष्ठामि ।** | અમે અહીં ઉભા છીએ. |
| **अहं प्रातः[1] पठामि ।** | તું ચોરી કરે છે ? |
| **स प्रातर्न पठति ।** | હું ચોરી કરતો નથી. |
| **त्वं बहुशः[1] खादसि ।** | તું ક્યારે જાય છે ? |
| **स कदा गच्छति ?** | હું અત્યારે જાઉં છું. |
| **इदानीं गच्छति ।** | તેઓ સવારમાં ભણે છે. |

---

૧ પાઠ. ૩. નિ. ૨ થી ર્ નો, અઘોષ વ્યંજન પર (પછી) આવતાં : વિસર્ગ થયો છે.

# પાઠ ૧૭ મો. अકારાન્ત પુંલિંગ નામ

## પ્રથમા વિભક્તિ.

| स् | औ | अस् |
|---|---|---|
| **बालः** | **बालौ** | **बालाः** |

૧ अ વર્ણનો, તેની પછી આવેલા ए કે ऐ તથા ओ કે औ સાથે મળીને અનુક્રમે ऐ તથા औ થાય છે. **बाल + औ = बालौ ।**

૨ પ્રથમા વિભક્તિનો **अस्** પ્રત્યય પર (પછી) છતાં, પૂર્વના अ નો आ થાય છે. **बाल + अस् - बाला + अस् -** (હવે અહીં પા. ૪. નિ. ૧. નહીં લાગે.)

૩ **સમાન સ્વરનો,** તેની પછી આવેલા **સ્વ સમાન સ્વર** સાથે મળીને સ્વ **દીર્ઘ** સ્વર થાય છે. **बालाः ।**

૪ વાક્યમાંનું જે નામ ક્રિયાપદની સાથે ખાસ સીધો સંબંધ રાખતું હોય, તે નામ **મુખ્ય** કહેવાય છે અને બાકીનાં ગૌણ કહેવાય છે.

૫ મુખ્ય નામને નામાર્થે (નામના પોતાના અર્થમાં) પ્રથમા વિભક્તિ થાય છે. **बालः पठति । बालौ पटतः । बालाः पठन्ति ।**

## अકારાન્ત પુંલિંગ નામ

| | |
|---|---|
| **आचार्य** આચાર્ય, ધર્મગુરુ | **बाल** બાળ, બાળક |
| **कूर्म** કાચબો | **रतिलाल** વિશેષ નામ, તે નામનો માણસ |
| **चन्द्र** ચંદ્ર | **मोदक** લાડવો |
| **नृप** રાજા | **मयूर** મોર |

| સંસ્કૃત વાક્યો | ગુજરાતી વાક્યો |
|---|---|
| रतिलालः पृच्छति । | સુરેન્દ્ર પૂજા કરે છે. |
| आचार्यः कथयति । | બે કાચબા સરકે છે. |
| मोदकाः सन्ति । | ચંદ્ર ક્ષીણ થાય છે. |
| आवामिह तिष्ठावः । | હું અહીં છું. |
| तौ बालौ न पठतः । | બાળકો થાકી જાય છે. |
| बालाः पठन्ति । | બે આચાર્યો ક્યાં જાય છે ? |
| मयूरौ नृत्यतः । | રાજાઓ પાલન કરે છે. |
| युवां क्व गच्छथः ? | તમે ક્યાં રહો છો ? |

## પાઠ ૧૮ મો. સંધિ

૧ स् ના र् પૂર્વે अ હોય અને પછી अ આવે તો, र् નો उ થાય છે.

**बालस् - बालर् + अटति - बाल उ + अटति** - પા. ૧૫. નિ. ૨ થી. **बालो अटति** -

૨ પદાન્તે રહેલા **ए** કે **ओ** પછી अ આવે તો, अ લોપાય છે. અને अ નો લોપ થયો છે તેમ સમજવા તે સ્થાને આવું ઽ અવગ્રહ ચિહ્ન મૂકાય છે. **बालोऽटति ।**

૩ स् ના र् પૂર્વે अ હોય અને પછી **ઘોષવાન્** વ્યંજન આવે, તો પણ र् નો उ થાય છે. **बालउ + जयति - बालो जयति । धर्मो रक्षति ।**

પણ, **प्रातरटति । प्रातर्गच्छति ।** અહીં र् નો उ નહીં થાય, કેમકે **प्रातर्** અવ્યયમાં स् નો र् નથી.

४ પદાન્ત र् પછી श् ष् કે स् આવે તો, र् ને ઠેકાણે અનુક્રમે श् ष् કે स् વિકલ્પે થાય છે - થાય કે ન થાય.
**बालश्शाम्यति । बालस्सरति । प्रातस्स्मरति ।**
ન થાય ત્યારે પા. ૩. નિ. ૨ થી વિસર્ગ થાય.
**बालः शाम्यति । बालः सरति । प्रातः स्मरति ।**

૫ પદાન્ત र् પછી च् કે छ्, ट् કે ठ् અને त् કે थ् આવે તો, र् ને ઠેકાણે અનુક્રમે श् ष् અને स् નિત્ય થાય છે.
**बालश्चरति । बालस्तिष्ठति । प्रातश्चलति ।**

૬ વાક્ય બોલતાં, વક્તા જ્યાં વિરામ લે છે-થોભે છે, ત્યાં સંધિ થતી નથી અને જ્યાં વિરામ લેતો નથી ત્યાં સંધિ થાય છે.
**बालः, अटति । बालोऽटति । बालः, जयति बालोजयति** । ઇત્યાદિ. **बालः, अटति** અહીં **बालः** પછી વિરામ છે, માટે સંધિ થઈ નથી, પણ र् નો વિસર્ગ તો થાય જ, કેમકે र् નો વિસર્ગ, પા. ૩ નિ. ૨ થી વિરામમાં પણ થાય છે. **बालोऽटति** અહીં વિરામ નથી એટલે સંધિ થઈ છે.

સંધિ છૂટી પાડતી વખતે, **बालः अटति** અહીં વિસર્ગ કરીને જ વાક્ય બોલવું, કેમકે સંધિ છૂટી પાડતાં વિરામ લઇને બોલાય છે.

| **પુંલિંગ નામ** | **અવ્યય** |
| --- | --- |
| **जन** જણ, માણસ | **अत्र** અહીં |
| **मृग** હરણ, પશુ | **इति** એ પ્રમાણે, એમ |
| **श्रमण** શ્રમણ, સાધુ | **तत्र** ત્યાં, તે ઠેકાણે |
| **समुद्र** સમુદ્ર, દરિયો | **यत्र** જ્યાં, જે ઠેકાણે |

### સંસ્કૃત વાક્યો

| | |
|---|---|
| धर्मो जयति । | प्रातरहं स्मरामि । |
| बालो धावति । | मोदकोऽस्ति । |
| श्रमणौ गच्छतः, | नृपाश्शाम्यन्ति । |
| क्व गच्छतः ? | मृगाश्चरन्ति । |
| यत्राचार्यस्तिष्ठति, | प्रातर्बालाः पठन्ति । |
| तत्र गच्छतः । | समुद्रः क्षुभ्यति । |

### ગુજરાતી વાક્યો

| | |
|---|---|
| રાજા રક્ષણ કરે છે. | બાળક થાકે છે. |
| વસંતલાલ વિચારે છે. | રાજા ખુશ થાય છે. |
| કાચબો સરકે છે. | ચન્દ્ર વધે છે. |
| 'ધર્મ રક્ષણ કરે છે'- | માણસો તરે છે. |
| એ પ્રમાણે, | રતિલાલ અહીં છે. |
| આચાર્ય કહે છે. | તું સવારમાં રખડે છે. |

## પાઠ ૧૯ મો. સંધિ ચાલુ

૧ स् ના र् પૂર્વે आ હોય અને પછી ઘોષવાન્ વ્યંજન આવે તો, र् લોપાય છે. **बाला गच्छन्ति ।**

૨ स् ના र् પૂર્વે अ વર્ણ હોય અને પછી કોઈપણ સ્વર આવે તો, र् લોપાય છે. અને પછી પાસે આવેલા સ્વરોની સંધિ થતી નથી. (અહીં પા. ૧૮ નિ. ૧ યાદ કરવો.) **बाल इच्छति । बाला इच्छन्ति । बाला अटन्ति ।**

૩ પદાન્ત व् અને य् પૂર્વે अ વર્ણ હોય અને પછી કોઈ પણ સ્વર આવે તો व् અને य् વિકલ્પે લોપાય છે, અને પછી પાસે આવેલા સ્વરોની સંધિ થતી નથી.

बालौ इच्छतः - પા. ૮. નિ. ૨ થી बालाव् इच्छतः-

बाला इच्छतः । લોપ ન થાય ત્યારે, बालाविच्छतः ।

बालौ अटतः । बाला अटतः, बालावटतः ।

## अકારાન્ત પુંલિંગ નામ

| | |
|---|---|
| जीव જીવ, આત્મા | धार्मिक ધર્મ આચરનાર |
| देव દેવ, મહારાજા | प्रधान પ્રધાન, મુખ્ય |

### અવ્યય.

| | |
|---|---|
| ओम् હા | झटिति ઝટ, જલ્દી |

### સંસ્કૃત વાક્યો

| | |
|---|---|
| धार्मिका जयन्ति । | त्वं नृपोऽसि ? |
| श्रमणा गच्छन्ति । | ओम् , अहं नृपोऽस्मि । |
| धार्मिका वर्धन्ते । | प्रधानाश्चिन्तयन्ति । |
| मयूरा नृत्यन्ति । | अत्र कान्तिलालोऽस्ति ? |
| भोगिलालो हसते । | नात्र कान्तिलालः । |
| बालाः स्पृहयन्ति । | देवो झटिति गच्छति । |

### ગુજરાતી વાક્યો

| | |
|---|---|
| હરણો દોડે છે. | રાજાઓ રક્ષણ કરે છે. |
| માણસ ઇચ્છે છે. | તે બે જણ ક્યાં જાય છે ? |
| જીવો જીવે છે. | મહારાજા વંદન કરે છે. |
| બાળકો મુંઝાય છે. | બાળકો બહુવાર ખાય છે. |
| દેવદત્ત રાંધે છે. | અહીં લાડવા નથી ? |

# પાઠ ૨૦ મો. अકારાન્ત પુંલિંગ નામ

## દ્વિતીયા વિભક્તિ.

| म् | औ | अस् |
|---|---|---|
| **बालम्** | **बालौ** | **बालान्** |

૧ દ્વિતીયા વિભક્તિના **अस्** પ્રત્યયના अ સહિત પૂર્વનો સમાન સ્વર દીર્ઘ થાય છે અને તે વખતે **પુંલિંગ** નામોમાં **अस्** પ્રત્યયના **स्** નો **न्** થાય છે.

**बाल + अस् - बालास् - बालान् ।**

૨ દ્વિતીયા વિભક્તિ કર્મને થાય છે.

૩ (अ)કર્તા ક્રિયા વડે જેને ખાસ પ્રાપ્ત કરવાને ઇચ્છે, તે કર્મ. **ग्रामं गच्छति** । જવાની ક્રિયાવડે શું પ્રાપ્ત કરવાને ઇચ્છે છે ? ગામ, માટે ગામ એ કર્મ છે.

(आ) જે કરાય તે કર્મ. **हारं रचयति** । શું રચાય છે ? (શું કરાય છે ?) હાર, માટે હાર એ કર્મ છે.

(इ) ક્રિયાનું ફળ જેમાં હોય, તે કર્મ. **चौरं ताडयति** । મારવાની ક્રિયાનું ફળ-ઘા, શેમાં છે ? ચોરમાં, માટે ચોર, એ કર્મ છે.

૪ ક્રિયાને, જે કરે તે કર્તા. **आचार्यो धर्मं कथयति** । કહેવાની ક્રિયા કોણ કરે છે ? આચાર્ય, માટે આચાર્ય, એ કર્તા છે.

ક્રિયાપદને કોણ પૂછવાથી જે આવે, તે **કર્તા** અને શું પૂછવાથી જે આવે, તે **કર્મ**, તથા કોણ અને શું પૂછવાથી એકજ જવાબ આવે તો **કર્તા** સમજવો.

૧ પદાન્ત **न्** પછી **च्** કે **छ्**, **ट्** કે **ठ्** તથા **त्** કે **थ्** હોય અને તેની પછી પણ અધુટ્ (ધુટ્ સિવાયનો) વર્ણ હોય, તો એ **न्** ને ઠેકાણે અનુક્રમે **श्**, **ष्** તથા **स्** થાય છે અને પૂર્વના સ્વર ઉપર અનુસ્વાર મૂકાય છે અથવા પૂર્વનો સ્વર અનુનાસિક થાય છે. **बिडालान् + ताडयति-**

**बिडालांस्ताडयति । बिडालाँस्ताडयति ।**

અહીં પદાન્ત **न्** પછી **त्** છે અને **त्** ની પછી **સ્વર** છે, તે ધુટ્ નથી-**અધુટ્** છે, એટલે નિયમની બધી શરતો છે.

## અકારાન્ત પુંલિંગ નામ

| | |
|---|---|
| **ग्राम** ગામ, ગામડું | **पुत्र** પુત્ર |
| **चौर** ચોર | **बिडाल** બિલાડો |
| **जनक** પિતા | **ब्राह्मण** બ્રાહ્મણ |
| **धर्म** ધર્મ, ફરજ, સ્વભાવ | **वीर** વીર, શૂરવીર, મહાવીર |

### સંસ્કૃત વાક્યો

| | |
|---|---|
| **जना धर्ममिच्छन्ति ।** | **आचार्यं शिष्या वन्दन्ते ।** |
| **बालो मोदकं जेमति ।** | **जनकः पुत्रान्सान्त्वयति ।** |
| **नमामि वीरम् ।** | **स बिडालांस्ताडयति ।** |

### ગુજરાતી વાક્યો

| | |
|---|---|
| બાળક ચન્દ્રને જુવે છે. | સુરેશચન્દ્ર રમેશચન્દ્રને ચાહે છે. |
| માણસો દેવોને પૂજે છે. | પિતા પુત્રોની ચિંતા કરે છે. |
| રાજા બે ગામ સંભાળે છે. | તે બ્રાહ્મણ બે લાડવા ખાય છે. |

## પાઠ ૨૧ મો. अકારાન્ત નપુંસકલિંગ નામ.

### પ્રથમા અને દ્વિતીયા વિભક્તિ

| | | |
|---|---|---|
| म् | ई | इ |
| म् | ई | इ |
| **कमलम्** | **कमले** | **कमलानि** |
| **कमलम्** | **कमले** | **कमलानि** |

નપુંસકલિંગ નામોની પ્રથમા અને દ્વિતીયા વિભક્તિ સરખી જ હોય છે.

૧ પ્રથમા અને દ્વિતીયાના બહુવચનનો इ પ્રત્યય લાગતાં સ્વરાન્ત નપુંસક નામોની પછી न् ઉમેરવામાં આવે છે. **कमल न्+इ-** પા. ૪૭ નિ. ૧ થી न् ની પહેલાંનો સ્વર **દીર્ઘ** થાય છે. **कमलानि** । પા. ૪૦ નિ. ૪ જુઓ.

૨ (अ) એકજ પદમાં र् ष् કે ऋ વર્ણથી પર રહેલા न् નો ण् થાય છે. **पूर्णः** ।

(आ) તેમજ-र् ष કે ऋ વર્ણ અને न् ની વચ્ચે ल् च વર્ગ ट વર્ગ, त વર્ગ श् અને स् સિવાય કોઇપણ વર્ણ હોય, તો પણ न् નો ण् થાય છે. **मित्राणि** । **पुष्पाणि** । પણ, **काष्ठानि** અહી न् નો ण् નહીં થાય.

(इ) તેમજ-પદને છેડે न् હોય, તો તે न् નો ण् થતો નથી. **नरान्** ।

૩ દ્વિવચનને છેડે રહેલા ई, ऊ અને ए ની પછી સ્વર આવે તો સંધિ થતી નથી. **फले इच्छति** । **फले अत्र** । **पचेते अन्नम्** ।

## અકારાન્ત નપુંસકલિંગ નામ

अङ्ग અંગ
अन्न અનાજ
उदर પેટ
उद्यान બગીચો
कमल કમળ
काष्ठ લાકડું
गृह ઘર
जल જળ, પાણી

धन ધન
नगर શહેર
पुस्तक પુસ્તક
फल ફળ
मित्र મિત્ર
मुख મુખ, મોઢું
वन જંગલ
शरीर શરીર, દેહ

### સંસ્કૃત વાક્યો

अङ्गं स्फुरति ।
अन्न जलमस्ति ।
काष्ठं दहति ।
फले पततः ।
कमलानि स्फुटन्ति ।
शरीरं नश्यति ।

श्रमणा उद्यानं गच्छन्ति ।
जना धनमिच्छन्ति ।
देवदत्तः पुस्तकं लिखति ।
वयं धनं रक्षामः ।
स उदरं स्पृशति ।
मित्राणि न त्यजामः ।

### ગુજરાતી વાક્યો

તું ધન ઇચ્છે છે.
તું મુખ જુવે છે.
વન બળે છે.
ફળો પડે છે.
પાણી ટપકે છે.
મિત્ર ધન આપે છે.

અમે અન્ન ખાઇએ છીએ.
બે પુસ્તકો અહીં છે.
રાજા નગરનું રક્ષણ કરે છે.
હું મિત્રોને ચાહું છું.
બાળકો ઘેર જાય છે.
રતિલાલ મિત્રોને પૂછે છે.

# પાઠ ૨૨ મો. વિશેષણ અને સર્વનામ

## પ્રથમા અને દ્વિતીયા વિભક્તિ

૧ [૧]નામના અર્થમાં વિશેષતા (એટલે વધારો) કરે, તે **વિશેષણ.**

૨ વિશેષણ જેના અર્થમાં વિશેષતા કરે, તે **વિશેષ્ય.**

૩ વિશેષણને **લિંગ, વચન** અને **વિભક્તિ** પોતાના વિશેષ્ય પ્રમાણે થાય છે.

**शोभनः पुरुषः** સારો પુરૂષ. **शोभनं कमलम्** સારું કમળ. **शोभनं पुरुषं स्पृहयति । शोभनं कमलं स्पृहयति ।**

૪ નામને બદલે વપરાય તે **સર્વનામ.** જેમકે, **अहं गच्छामि** કોઇ પણ માણસ પોતાના નામને બદલે **अहम्** (હું) વાપરે છે, એટલે 'હું' એ સર્વનામ છે.

૫ સર્વનામ વિશેષણ તરીકે પણ વપરાય છે. **स बालो न पठति ।**

## સર્વનામની પ્રથમા દ્વિતીયા વિભક્તિ

| | | | | |
|---|---|---|---|---|
| ★अस्मद्- | अहम् | आवाम् | वयम् | ૧ |
| | माम् | आवाम् | अस्मान् | ૨ |
| ★युष्मद्- | त्वम् | युवाम् | यूयम् | ૧ |
| | त्वाम् | युवाम् | युष्मान् | ૨ |

---

★ अस्मद् અને युष्मद् સર્વનામનાં રૂપો દરેક લિંગમાં સરખાં જ છે, લિંગવાર જુદાં જુદાં નથી.

૧. જુદુ પાડવાનુ કાર્ય કરે તે **વિશેષણ.** જુદુ પાડવા યોગ્ય હોય તે **વિશેષ્ય.**

| | | | | |
|---|---|---|---|---|
| तद्- (પું. ) | सः | तौ | ते | १ |
| | तम् | तौ | तान् | २ |
| (ન.) | तद्-त् | ते | तानि | १ |
| | तद्-त् | ते | तानि | २ |

## સર્વનામ

अस्मद् હું

युष्मद् તું

तद् તે

### પુંલિંગ નામ

अश्व ઘોડો

महिष પાડો

## વિશેષણ

कुशल કુશળ, હોંશિયાર

कृष्ण કાળું

पूज्य પૂજનીય, પૂજવા યોગ્ય

प्रभूत પુષ્કળ, ઘણું

शोभन સારૂ, સુંદર

श्वेत સફેદ, ધોળું

## સંસ્કૃત વાક્યો

श्वेतोऽश्वो धावति ।

सोऽर्चति देवम् ।

तानहं नेच्छामि ।

स तं कथयति ।

तद्वनं दहति ।

स मां भणति ।

कमले इह स्तः ।

मृगाश्चरन्ति ।

कूर्मस्सरति ।

स धर्मं चरति ।

प्रभूतं जलमस्ति ।

इदानीं वयं युष्माँस्त्यजामः ।

नृपोऽस्मांस्त्यजति ।

आवामत्र न वसावः ।

यूयं ता इच्छथावां न ।

फले अहं पश्यामि ।

महिषः कृष्णो भवति ।

स इह न तिष्ठति ।

तत्र न गच्छति सः ।

अहं धर्मं न त्यजामि ।

ते गृहे पश्यामि ।

## ગુજરાતી વાક્યો

| | |
|---|---|
| શ્રમણો વનમાં જાય છે. | હું અત્યારે પુસ્તક લખું છું. |
| માણસો અનાજ ખાય છે. | અમે બે પાણી પીએ છીએ. |
| રાજા ચોરોને મારે છે. | ચોરો ધન હરણ કરે છે. |
| શિષ્ય આચાર્યને વાંદે છે. | હું તે મિત્રોને યાદ કરું છું. |
| બ્રાહ્મણો રાંધે છે. | તેઓ અમને ગણતા નથી. |
| અહીં તે પુસ્તકો નથી. | રતિલાલ આચાર્યને પૂછે છે. |
| આચાર્ય પૂજ્ય છે. | કુશળ માણસને હું ચાહું છું. |

# પાઠ ૨૩ મો. તૃતીયા વિભક્તિ

| | इन | भ्याम् | ऐस् |
|---|---|---|---|
| પું. | बालेन | बालाभ्याम् | बालैः |
| ન. | कमलेन | कमलाभ्याम् | कमलैः |

अકારાન્ત નપુંસકલિંગ નામના પ્રત્યયો અને રૂપો પ્રથમા દ્વિતીયા અને સંબોધન સિવાય બાકીની વિભક્તિઓમાં अકારાન્ત પુંલિંગ નામના જેવા જ છે.

૧ **भ्याम्** પ્રત્યય લાગતાં પૂર્વના **अ** નો **आ** થાય છે.
**बाल + भ्याम् = बालाभ्याम् ।**
**बाल + ऐस्** પા. ૧૭ નિ. ૧ થી **बालैः ।**

૨ તૃતીયા વિભક્તિ **કરણને** થાય છે.

૩ જેના વડે ક્રિયા કરાય તે **કરણ,** એટલે કે ક્રિયા કરવામાં બહુ જ ઉપયોગી સાધન. **पादाभ्यां गच्छति ।**

૪ 'સાથે' એવો અર્થ જણાતો હોય ત્યારે તેના સંબંધવાળા નામને તૃતીયા વિભક્તિ થાય છે.

सह (અવ્યય)=સાથે, पुत्रो जनकेन सह गच्छति । पुत्रो जनकेन गच्छति । सह વિના પણ તૃતીયા થાય છે.

## સર્વનામની તૃતીયા વિભક્તિ

| | | | |
|---|---|---|---|
| अस्मद्- | मया | आवाभ्याम् | अस्माभि: |
| युष्मद्- | त्वया | युवाभ्याम् | युष्माभि: |
| तद्- (પું.ન.) | तेन | ताभ्याम् | तै: |

### પુંલિંગ નામ

| | | | |
|---|---|---|---|
| अलङ्कार | આભૂષણ | पाद | પગ |
| दण्ड | લાકડી, દંડ | रथ | રથ |

### નપુંસકલિંગ નામ

| | | | |
|---|---|---|---|
| चक्र | પૈડું | दुःख | દુઃખ |

### સંસ્કૃત વાક્યો

जना दुःखेन मुह्यन्ति ।
वृद्धो दण्डेन चलति ।
मित्रेण सह रतिलालो वसति ।
अहं ताभ्यां सह नगरं गच्छामि ।
बाला मोदकैस्तुष्यन्ति ।
आवाभ्यां सह वीरं पूजयथ ।
स त्वया सह पठति मया सह न ।
श्रीचन्द्रो युष्माभि: सह जेमति ।

### ગુજરાતી વાક્યો

માણસો આભૂષણોવડે શરીર શણગારે છે.
ધર્મવડે ધન વધે છે.
રથ બે પૈડે ચાલે છે.
જીવો પાણીવડે જીવે છે.
હું તમારી બેની સાથે તરું છું.

## પાઠ ૨૪ મો. ચતુર્થી વિભક્તિ.

| | य | भ्याम् | भ्यस् |
|---|---|---|---|
| પું. | बालाय | बालाभ्याम् | बालेभ्यः |
| ન. | कमलाय | कमलाभ्याम् | कमलेभ्यः |

૧ य પ્રત્યય લાગતાં પૂર્વના अ નો आ થાય છે **बालाय** ।

૨ भ् થી શરૂ થતાં બહુવચનના પ્રત્યયો લાગતાં પૂર્વના अ નો ए થાય છે. **बालेभ्यः** ।

૩ ચતુર્થી વિભક્તિ સંપ્રદાનને થાય છે.

૪ (अ) જેને આપવામાં આવે, તે **સંપ્રદાન. याचकेभ्यो धनं यच्छति** ।

(आ) કર્મ અથવા ક્રિયાવડે કરીને જેની સાથે શ્રદ્ધા, ઉપકાર, કીર્તિ, દુઃખનાશ વગેરેની ઇચ્છાથી ખાસ વિશિષ્ટ સંબંધ કરવામાં આવે, તે **સંપ્રદાન. शिष्याय धर्मं कथयति । देवेभ्यो नमति** ।

૫ માટે, વાસ્તે, સારુ, કાજે, અર્થે-એવા અર્થમાં ચતુર્થી વિભક્તિ થાય છે. **कुण्डलाय हिरण्यम्** ।

૬ **नमस्** કે **स्वस्ति** અવ્યય સાથે જોડાયેલા નામને ચતુર્થી વિભક્તિ થાય છે.

**नमस्** નમસ્કાર. **स्वस्ति** કલ્યાણ.
**नमो देवेभ्यः । स्वस्ति सङ्घाय** ।

## સર્વનામની ચતુર્થી વિભક્તિ

| | | | |
|---|---|---|---|
| अस्मद्- | मह्यम् | आवाभ्याम् | अस्मभ्यम् |
| युष्मद्- | तुभ्यम् | युवाभ्याम् | युष्मभ्यम् |
| तद्- (પું.ન.) | तस्मै | ताभ्याम् | तेभ्यः |

| પુંલિંગ નામ | નપુંસકલિંગ નામ |
|---|---|
| छात्र વિદ્યાર્થી | दान દાન |
| मद અહંકાર | सुख સુખ |
| याचक માગણ, ભિક્ષુક | सुवर्ण સોનું |
| सङ्घ સંઘ, સમુદાય | हिरण्य સોનું |

### સંસ્કૃત વાક્યો

नृपा ब्राह्मणेभ्यः सुवर्णं यच्छन्ति ।

ताभ्यां शिष्याभ्यां धर्मं कथयति ।

वयं बालेभ्यो मोदकान्यच्छामः ।

धनं दानाय न मदाय ।

स्वस्ति श्रमणेभ्यः ।

तुभ्यं नमः ।

### ગુજરાતી વાક્યો

અમે બે, બે વિદ્યાર્થીઓને બે પુસ્તક આપીએ છીએ.
હું બે પુત્રો સાથે તમને વારંવાર નમસ્કાર કરું છું.
ધર્મ સુખને માટે થાય છે, દુઃખને માટે થતો નથી.

# પાઠ ૨૫ મો. પંચમી વિભક્તિ

| | | | |
|---|---|---|---|
| | **आत्** | **भ्याम्** | **भ्यस्** |
| પું. | **बालात्** | **बालाभ्याम्** | **बालेभ्यः** |
| ન. | **कमलात्** | **कमलाभ्याम्** | **कमलेभ्यः** |

૧ પદને અંતે રહેલા ધુટ્ વ્યંજનને ઠેકાણે તેના સ્થાનના વર્ગનો ત્રીજો વ્યંજન થાય છે. **बालात् - बालाद् ।**

૨ અઘોષ વ્યંજન પર આવતાં, શિટ્ સિવાયના ધુટ્ વ્યંજનને ઠેકાણે તેના વર્ગનો પહેલો વ્યંજન થાય છે. **रथाद् + पतति रथात्पतति ।**

૩ વિરામ પર આવતાં, શિટ્ સિવાયના ધુટ્ વ્યંજનને ઠેકાણે, તેના વર્ગનો પહેલો વ્યંજન વિકલ્પે થાય છે.**पतति रथात् । पतति रथाद् ।**

૪ વર્ગનો પાંચમો અક્ષર પર આવતાં, પદાન્તે રહેલા વર્ગના ત્રીજા વ્યંજનને ઠેકાણે તેના વર્ગનો અનુનાસિક વ્યંજન વિકલ્પે થાય છે.

**चौरो ग्रामान्नश्यति । चौरो ग्रामाद्नश्यति ।**

૫ પંચમી વિભક્તિ **અપાદાનને** થાય છે.

૬ જેનાથી છૂટું પડવાનું હોય, તે **અપાદાન.**

**वृक्षात्पर्णं पतति ।**

૭ **વિના** અવ્યય સાથે જોડાયેલા નામને **દ્વિતીયા, તૃતીયા** કે **પંચમી** વિભક્તિ થય છે.

**धर्मं विना, धर्मेण विना, धर्माद्विना सुखं न भवति ।**

## સર્વનામની પંચમી વિભક્તિ.

| | | | |
|---|---|---|---|
| अस्मद् - | मद् | आवाभ्याम् | अस्मद् |
| युष्मद् - | त्वद् | युवाभ्याम् | युष्मद् |
| तद् (પું.ન.) | तस्मात् | ताभ्याम् | तेभ्यः |

| પુંલિંગ નામ | | નપુંસકલિંગ નામ | |
|---|---|---|---|
| प्रासाद | મહેલ | पर्ण | પાંદડું |
| वानर | વાંદરો | पाप | પાપ, ખોટું કામ |
| वृक्ष | ઝાડ | पुण्य | પુણ્ય, સારૂં કામ |

### સંસ્કૃત વાક્યો

बालः प्रासादात्पतति ।

धर्मं विना सुखं नास्ति ।

वृक्षेभ्यः पर्णानि क्षरन्ति ।

चौरास्त्वद् धनं हरन्ते ।

सङ्घो नगरान्नगरं गच्छति ।

स वानरस्तस्मादुद्यानाद्धावति ।

आवाभ्यां पापानि नश्यन्ति ।

पुण्याद्विना सुखं न भवति ।

### ગુજરાતી વાક્યો

શ્રી મહાવીર અંગો ઉપરથી અલંકારો તજે છે.
અત્યારે તે ઘેરથી ક્યાં જાય છે ?
ધન વિના માણસો મુંઝાય છે.
તે તમારી પાસેથી ધન ઇચ્છે છે.
રાજા ચોરોથી અમારું રક્ષણ કરે છે.

## પાઠ ૨૬ મો.

### ષષ્ઠી અને સપ્તમી વિભક્તિ.

| | | | |
|---|---|---|---|
| | **स्य** | **ओस्** | **नाम्** |
| | **इ** | **ओस्** | **सु** |
| પું. | **बालस्य** | **बालयो:** | **बालानाम्** |
| | **बाले** | **बालयो:** | **बालेषु** |
| ન. | **कमलस्य** | **कमलयो:** | **कमलानाम्** |
| | **कमले** | **कमलयो:** | **कमलेषु** |

૧ **नाम्** પ્રત્યય પર છતાં પૂર્વનો **સમાન** સ્વર દીર્ઘ થાય છે,

**बाल + नाम् = बालानाम् ।**

૨ **ओस्** પ્રત્યય તેમજ **स्** થી શરુ થતાં બહુવચનના પ્રત્યય પર છતાં, પૂર્વના **अ** નો **ए** થાય છે.

**बाल + ओस् - बाले + ओस् = बालयो: ।**

**बाल + सु - बाले + सु -**

૩ નામી, અન્તસ્થા કે **क** વર્ગના કોઈ પણ વ્યંજનથી પર રહેલા **स्** નો **ष्** થાય છે, પરંતુ -

એ **स्** પદની અંદર (આદિમાં કે અંતમાં નહીં) હોવો જોઇએ અને કોઈ પણ નિયમથી કરાયેલો-આવેલો હોવો જોઇએ. **बालेषु ।**[1]

---

૧. **बालेषु ।** અહી આ પાઠના નિ. ૫. થી **स्** આવેલ છે.

૪ નામનો બીજા નામની સાથે સંબંધ હોય ત્યારે, ગૌણ નામને ષષ્ઠી વિભક્તિ થાય છે. **वृक्षस्य पर्णम् ।**

૫ સપ્તમી વિભક્તિ અધિકરણ ને થાય છે.

૬ વસ્તુનો આધાર-વસ્તુને રહેવાનું સ્થાન, તે **અધિકરણ.**
**घटे जलम् । गृहे तिष्ठति । तिलेषु तैलम् ।**

૭ **અસ્વ**(**સ્વ** સિવાયનો)સ્વર પર છતાં, પૂર્વના **इ** વર્ણ, **उ** વર્ણ, **ऋ** વર્ણ અને **लृ** વર્ણનો અનુક્રમે **य् व् र्** અને **ल्** થાય છે.
**अस्ति अत्र = अस्त्यत्र । ग्रामेषु अटन्ति = ग्रामेष्वटन्ति ।**

## સર્વનામની ષષ્ઠી-સપ્તમી વિભક્તિ

| | | | |
|---|---|---|---|
| अस्मद्- | मम | आवयोः | अस्माकम् |
| | मयि | आवयोः | अस्मासु |
| युष्मद्- | तव | युवयोः | युष्माकम् |
| | त्वयि | युवयोः | युष्मासु |
| तद्-(પું.ન.) | तस्य | तयोः | तेषाम् |
| | तस्मिन् | तयोः | तेषु |

### પુંલિંગ નામ

| | |
|---|---|
| तिल તલ | मानव માણસ |
| देह દેહ, શરીર | हस्त હાથ |
| पर्वत પર્વત, પહાડ, ડુંગર | मार्ग રસ્તો |
| सर्प સાપ | |

## નપુંસકલિંગ નામ

| | |
|---|---|
| **कङ्कण** કડું, કંગણ, કંકણ | **नयन** નયન, આંખ |
| **चन्दन** ચંદન, સુખડ, ચંદનનું ઝાડ | **नेत्र** ચક્ષુ, આંખ |
| **ज्ञान** જ્ઞાન, બોધ | **भूषण** ભૂષણ, ઘરેણું |
| **तृण** તણખલું, ઘાસ | **शिखर** શિખર, ટોચ |
| | **शील** સદાચાર, બ્રહ્મચર્ય |

## સંસ્કૃત વાક્યો

**धर्मस्य फलमिच्छन्ति धर्मं नेच्छन्ति मानवाः ।**

**हस्तस्य भूषणं दानं न कङ्कणम् ।**

**देहस्य भूषणं शीलं नालङ्काराः ।**

**श्रमणा मम गृहे वसन्ति ।**

**त्वयि ज्ञानं वर्धते मयि न ।**

**पापान्यस्मासु न सन्ति ।**

**चन्दनं न वने वने ।**

## ગુજરાતી વાક્યો

તમારા બગીચાના તે બે વૃક્ષો ઉપર વાંદરાઓ ફળો ખાય છે.

હું મારી આંખોવડે જોઉં છું તેની આંખોવડે જોતો નથી.

તે પર્વતોના શિખરો ઉપર ઘાસ બળે છે.

તે ઘરમાં અમારા પિતાનું ધન છે.

તમારા ગામોમાં ઘણું અનાજ છે.

તે માર્ગે સાપ જાય છે.

## પાઠ ૨૭ મો. સંબોધનાર્થ પ્રથમા.

| | | | |
|---|---|---|---|
| પું.- | ० | औ | अस् |
| ન.- | ० | ई | इ |

પું. **हे बाल ! हे बालौ ! हे बाला: !**

ન. **हे कमल ! हे कमले ! हे कमलानि !**

૧ સંબોધનના અર્થમાં નામને પ્રથમા વિભક્તિ થાય છે.

૨ કાંઈ પણ કહેવા માટે કોઈને બોલાવવો, સન્મુખ કરવો, તે સંબોધન. **हे बाल ! त्वं क्व गच्छसि ? । हे कमल ! कथं न स्फुटसि ? ।**

૩ પદોને જોડતી વખતે **च** અને જુદાં પાડતી વખતે **वा**, દરેક પદની પછી જુદી જુદી વાર અથવા છેલ્લા પદની પછી એક જ વાર મૂકાય છે અને વાક્યોને જોડતાં કે જુદાં પાડતાં છેલ્લા વાક્યના પહેલા પદની પછી મૂકાય છે.
**च (અવ્યય)= અને. वा (અવ્યય) = અથવા.**

**पर्णं च फलं च पततः । पर्णं पुष्पं फलं च पतन्ति ।**

**पर्णं वा फलं वा पतति । पर्णं फलं वा पतति ।**

**शान्तिलालो गच्छति रतिलालश्च तिष्ठति ।**

**शान्तिलालो गच्छति रतिलालो वा गच्छति ।**

४ अस्मद्- હું, એ પહેલો **પુરૂષ** છે, **युष्मद्**- તું, એ **બીજો પુરુષ** છે, આ બે શબ્દો સિવાય ત્રીજો કોઈ પણ શબ્દ **તે ત્રીજો પુરુષ છે.**

૫ (अ) વાક્યમાં ત્રણે પુરુષ એકી સાથે વપરાયા હોય તો પહેલા પુરૂષની મુખ્યતા રહે છે, એટલે ક્રિયાપદ પહેલા પુરુષમાં મૂકાય છે.

**स च त्वं चाहं च पचामः ।**

(आ) બે પુરુષ એકી સાથે વપરાયા હોય અને જો તેમાં પહેલો પુરુષ હોય તો પહેલાની મુખ્યતા રહે છે અને પહેલો પુરુષ ન હોય તો બીજાની મુખ્યતા રહે છે.

**त्वं चाहं च पचावः । स चाहं च पचावः ।**

**स च त्वं च पचथः ।**

## अકારાન્ત પુંલિંગ નામોના પ્રત્યયો

| | | | |
|---|---|---|---|
| स् | औ | अस् | પ્રથમા |
| म् | औ | अस् | દ્વિતીયા |
| इन | भ्याम् | ऐस् | તૃતીયા |
| य | भ्याम् | भ्यस् | ચતુર્થી |
| आत् | भ्याम् | भ्यस् | પંચમી |
| स्य | ओस् | नाम् | ષષ્ઠી |
| इ | ओस् | सु | સપ્તમી |
| ० | औ | अस् | સંબોધન |

## અકારાન્ત પુંલિંગ बाल શબ્દનાં રૂપો.

| | | | |
|---|---|---|---|
| बालः | बालौ | बालाः | ૧ |
| बालम् | बालौ | बालान् | ૨ |
| बालेन | बालाभ्याम् | बालैः | ૩ |
| बालाय | बालाभ्याम् | बालेभ्यः | ૪ |
| बालात् | बालाभ्याम् | बालेभ्यः | ૫ |
| बालस्य | बालयोः | बालानाम् | ૬ |
| बाले | बालयोः | बालेषु | ૭ |
| बाल ! | बालौ ! | बालाः ! | સં. |

## અકારાન્ત નપુંસકલિંગ નામોના પ્રત્યયો.

| | | | |
|---|---|---|---|
| म् | ई | इ | પ્રથમા, દ્વિતીયા |
| ० | ई | इ | સંબોધન |

બાકીના પ્રત્યયો પુંલિંગ પ્રમાણે

## અકારાન્ત નપુંસકલિંગ कमल શબ્દનાં રૂપો.

| | | | |
|---|---|---|---|
| कमलम् | कमले | कमलानि | ૧ |
| कमलम् | कमले | कमलानि | ૨ |
| कमलेन | कमलाभ्याम् | कमलैः | ૩ |
| कमलाय | कमलाभ्याम् | कमलेभ्यः | ૪ |
| कमलात् | कमलाभ्याम् | कमलेभ्यः | ૫ |
| कमलस्य | कमलयोः | कमलानाम् | ૬ |
| कमले | कमलयोः | कमलेषु | ૭ |
| कमल ! | कमले ! | कमलानि ! | સં. |

## अस्मद् સર્વનામનાં રૂપો.

| | | | |
|---|---|---|---|
| अहम् | आवाम् | वयम् | ૧ |
| माम् | आवाम् | अस्मान् | ૨ |
| मया | आवाभ्याम् | अस्माभिः | ૩ |
| मह्यम् | आवाभ्याम् | अस्मभ्यम् | ૪ |
| मद् | आवाभ्याम् | अस्मद् | ૫ |
| मम | आवयोः | अस्माकम् | ૬ |
| मयि | आवयोः | अस्मासु | ૭ |

## युष्मद् સર્વનામનાં રૂપો.

| | | | |
|---|---|---|---|
| त्वम् | युवाम् | यूयम् | ૧ |
| त्वाम् | युवाम् | युष्मान् | ૨ |
| त्वया | युवाभ्याम् | युष्माभिः | ૩ |
| तुभ्यम् | युवाभ्याम् | युष्मभ्यम् | ૪ |
| त्वद् | युवाभ्याम् | युष्मद् | ૫ |
| तव | युवयोः | युष्माकम् | ૬ |
| त्वयि | युवयोः | युष्मासु | ૭ |

## तद् સર્વનામનાં પુંલિંગ રૂપો.

| | | | |
|---|---|---|---|
| सः | तौ | ते | ૧ |
| तम् | तौ | तान् | ૨ |
| तेन | ताभ्याम् | तैः | ૩ |
| तस्मै | ताभ्याम् | तेभ्यः | ૪ |
| तस्मात् | ताभ्याम् | तेभ्यः | ૫ |
| तस्य | तयोः | तेषाम् | ૬ |
| तस्मिन् | तयोः | तेषु | ૭ |

## નપુંસકલિંગ રૂપો -

| | | | |
|---|---|---|---|
| तद्, त् | ते | तानि | ૧ |
| तद्, त् | ते | तानि | ૨ |

બાકીનાં રૂપો પુંલિંગ પ્રમાણે

## પુંલિંગ નામ

| | |
|---|---|
| **कासार** તળાવ | **भिक्षुक** ભિખારી |
| **किंकर** નોકર | **बाण** બાણ |
| **कृषीवल** ખેડુત | **भार** ભાર, બોજો |
| **देवालय** દેવાલય, દેવલ, મંદિર | **योध** યોધો |
| | **विहग** પક્ષી |
| **बलीवर्द** બળદ | **समर** યુદ્ધ |

| નપુંસકલિંગ નામ | અવ્યયો |
|---|---|
| **आकाश** આકાશ | **एव** નિશ્ચે, જ |
| **पद्म** કમળ | **कथम्** કેમ, શી રીતે, શા માટે |
| **पुष्प** પુષ્પ, ફુલ | **कुतस्** ક્યાંથી, શાથી |
| **युद्ध** યુદ્ધ | **चिरम्** લાંબો વખત |
| **सत्य** સત્ય, સાચું | **तथा** તેમ, તે પ્રમાણે |
| **संस्कृत** સંસ્કૃત | **यथा** જેમ, જે પ્રમાણે |
| **क्षेत्र** ખેતર | **सुष्ठु** સારું |

**આત્મનેપદી ધાતુઓ**
**ગણ ૧ લો.**

डी ઉડવું
भाष् બોલવું
रम् રમવું
लभ् મેળવવું, પામવું, પ્રાપ્ત કરવું
वृत् વર્તવું, હોવું
शुभ् શોભવું, દીપવું
सेव् સેવવું, સેવા કરવી
स्वाद् સ્વાદ લેવો, ખાવું, ચાખવું

**ઉભયપદી ધાતુઓ**
**ગણ ૧ લો.**

नी લઈ જવું, દોરવું
याच् યાચવું, માગવું
राज् દીપવું, શોભવું
वह् વહન કરવું, વહેવું

**ગણ ૬ ઠ્ઠો.**

मुच् (मुञ्च्) મૂક્વું, છોડવું
सिच् (सिञ्च्) સિંચવું, છાંટવું, સિંચન કરવું

**ગણ ૪ થો. આત્મનેપદી**

जन् (जा) જન્મવું, ઉત્પન્ન થવું, જન્મ થવો
युध् યુદ્ધ કરવું

**સંસ્કૃત વાક્યો**

हे विनोद ! त्वमेव संस्कृतं सुष्टु भाषसे ।
भोगिलाल ! वयमुद्याने चिरं रमामहे !
रमेश ! त्वं दिनेशश्च सत्यं न भाषेथे ।
अहं च रमेशश्च ग्रामं गच्छावः ।
रे रे जना ! यूयं कथं धर्मं न सेवध्वे ।
अत्र पर्वतस्य शिखरे जलं कुतः ?

अरे मित्र ! कथं त्वं मम गृहात्तव धनं न नयसि ? ।
लालचन्द्र ! मोहनलालश्च कान्तिलालश्च क्व वसतः? ।
"अरे किङ्कराः ! कदा यूयं वृक्षान्सिञ्चथ्वे ?-
सिञ्चथ न वा" इति नृपः पृच्छति ।
यथाकाशं चन्द्रं विना न शोभते तथा कमलेन-
विना न कासारः ।

ब्राह्मणा मोदकान्स्वादन्ते ।
आकाशे चन्द्रो राजते !

## ગુજરાતી વાક્યો

યુદ્ધમાં યોદ્ધાઓ લડે છે અને બાણોને મૂકે છે.
હે રાજા ! દેવાલયો વિના તારાં ગામો શોભતાં નથી.
હું પુષ્પોવડે શ્રી મહાવીરની પૂજા કરું છું.
હે વિનોદ ! તારા બગીચામાં પુષ્પો છે ? કે નથી ?
ચાકરો ભાર વહન કરે છે અને અન્ન મેળવે છે.
રમેશ ! તું અને રતિલાલ ક્યાં જાઓ છો ?
સવારમાં પક્ષિઓ આકાશમાં ઉડે છે.
રતિલાલ અથવા શાન્તિલાલ બોલે છે.
રાજા ભિખારીઓને અન્ન આપે છે.
તળાવમાં કમળો હોય છે.
યાચકો ધન માગે છે.

## પાઠ ૨૮ મો.

### [1]આકારાન્ત (आप् પ્રત્યયાન્ત) સ્ત્રીલિંગ નામ

#### પ્રત્યયો

| | | | |
|---|---|---|---|
| ० | औ | अस् | ૧ |
| म् | आ | अस् | ૨ |
| आ | भ्याम् | भिस् | ૩ |
| यै | भ्याम् | भ्यस् | ૪ |
| यास् | भ्याम् | भ्यस् | ૫ |
| यास् | ओस् | नाम् | ૬ |
| याम् | ओस् | सु | ૭ |
| स् | औ | अस् | સં. |

#### આકારાન્ત સ્ત્રીલિંગ माला શબ્દનાં રૂપો.

| | | | |
|---|---|---|---|
| माला | माले | मालाः | ૧ |
| मालाम् | माले | मालाः | ૨ |
| मालया | मालाभ्याम् | मालाभिः | ૩ |
| मालायै | मालाभ्याम् | मालाभ्यः | ૪ |
| मालायाः | मालाभ्याम् | मालाभ्यः | ૫ |
| मालायाः | मालयोः | मालानाम् | ૬ |
| मालायाम् | मालयोः | मालासु | ૭ |
| माले ! | माले ! | मालाः ! | સં. |

---

૧ આકારાન્તનામ ૨ પ્રકારે છે. (૧) સ્વાભાવિક તથા (૨) आप् પ્રત્યયાન્ત. સ્વાભાવિકના રૂપો મધ્યમામાં આવશે.

૧ आકારાન્તસ્ત્રીલિંગનામના आ નો औ પ્રત્યયની સાથે (એ બન્ને મળીને) ए થાય છે. **माला + औ = माले ।**

૨ आ અને ओस् પ્રત્યય પર છતાં આકારાન્ત સ્ત્રીલિંગ નામના आ નો ए થાય છે.

**माला + आ-माले + आ-मालय् + आ = मालया ।**

**माला + ओस्-माले + ओस्-मालय् + ओस् = मालयोः ।**

૩ સંબોધનમાં આકારાન્તસ્ત્રીલિંગ નામના आ નો स् પ્રત્યયની સાથે ए થાય છે. हे **माले !**

૪ અકારાન્ત વિશેષણ નામોને સ્ત્રીલિંગમાં आ (आप्) પ્રત્યય લાગે છે. **शोभना माला ।**

## तद् સર્વનામનાં સ્ત્રીલિંગ રૂપો.

| | | | |
|---|---|---|---|
| सा | ते | ताः | १ |
| ताम् | ते | ताः | २ |
| तया | ताभ्याम् | ताभिः | ३ |
| तस्यै | ताभ्याम् | ताभ्यः | ४ |
| तस्याः | ताभ्याम् | ताभ्यः | ५ |
| तस्याः | तयोः | तासाम् | ६ |
| तस्याम् | तयोः | तासु | ७ |

## આકારાન્ત (आप् प्रत्ययान्त) स्त्रीलिंगनाम

| | |
|---|---|
| **अयोध्या** તે નામની નગરી | **बाला** કન્યા, સોળ વર્ષની સ્ત્રી |
| **कन्या** દીકરી, નહિ પરણાવેલી છોકરી | **मथुरा** તે નામની નગરી |
| **कला** કળા | **महिला** સ્ત્રી |
| **क्रीडा** ક્રીડા, રમત | **माला** માળા |
| **गङ्गा** તે નામની નદી | **यमुना** તે નામની નદી |
| **जिह्वा** જીભ | **लता** વેલડી |
| **दया** દયા | **सरला** તે નામની બાઈ |
| **पाठशाला** પાઠશાળા | **क्षमा** ક્ષમા, શાંતિ |

### સંસ્કૃત વાક્યો

तव कन्ये अयोध्याया मार्गं पृच्छतः ।
यमुनाया जलं कृष्णं, गङ्गायाः श्वेतम् ।
पूज्येभ्य आचार्येभ्यस्ता बाला नमन्ति ।
मथुरायां शोभने पाठशाले वर्तेते ।
तयोः पाठशालयोश्छात्राः पठन्ति ।
यथा लतया वृक्षस्तथा क्षमया श्रमणः शोभते ।
ता बाला मालायै पुष्पाणि नयन्ति ।
गङ्गायां सरला मञ्जुला सीता च क्रीडन्ति ।
हे सीते ! तव कन्ये देवमर्चतः ।
हे महिलाः ! यूयं कथं गृहं न रक्षथ ?
चिन्ता शरीरं दहति, क्षमा च पुष्यति ।
सा बाला यमुनां गच्छति ।
क्षमा वीरस्य भूषणम् ।

## ગુજરાતી વાક્યો

વીરનું ભૂષણ ક્ષમા છે અને ધર્મનું ભૂષણ દયા છે.
મારી બે કન્યાઓ રમતોમાં અને કળાઓમાં હોંશિયાર છે.
સીતા ફૂલોની સારી માળાઓ બનાવે છે.
અહીં ગંગાની સાથે યમુના મળે છે.
બે માળાવડે હું બે દેવોને પૂજું છું.
રામ અયોધ્યાના રાજા છે.
સર્પને બે જીભ હોય છે.
તે પાઠશાળામાં ઘણી કન્યાઓ ભણે છે.

---

## અભ્યાસ ૪

**નીચેના રૂપો નિયમથી સિદ્ધ કરો.**

**चौरेण मयूरान् ब्राह्मणैः देवयोः अङ्के धनम्**
**वीर ! पुष्पाणि आचार्येषु नृपात् महिषाः अश्वाय**
**योधाभ्याम् वनेभ्यः कमल ! गङ्गे ! जिह्वे दयया**

**નીચેનાં શબ્દોનાં રૂપો બોલો.**

**चौर मयूर पर्ण पुष्प राम नृप कासार**
**फल तद् अस्मद् युष्मद् सूर्य अयोध्या शोभन**

**સંધિ કરો.**

**बालः ग्रामे अटति । सः अन्नम् यच्छति । बालः चन्द्रम् इच्छति । मोदकम् बालः इच्छति । वने जनाः अटन्ति । कूर्मः सरति । त्वम् पतसि । यूयम् तरथ । गच्छति अत्र जलम् । अत्र अहम् वसामि । पर्णे अत्र स्तः । वनेषु अटन्ति महिषाः । पतति वृक्षात् । न अत्र आचार्यः तिष्ठति । वर्धते इह ज्ञानेन सः । बिडालान् ताडयति । बालाः इच्छन्ति मोदकम् । मालायै अटन्ति ।**

# પ્રકરણ ૩ જુ ક્રિયાપદ.

## પાઠ ૨૯ મો. ઉપસર્ગ

### અવ્યયો

| | | | | | |
|---|---|---|---|---|---|
| **प्र** | **अनु** | **दुस्** | **नि** | **अधि** | **अति** |
| **परा** | **अव** | **दुर्** | **प्रति** | **अपि** | **अभि** |
| **अप** | **निस्** | **वि** | **परि** | **सु** | |
| **सम्** | **निर्** | **आ** | **उप** | **उद्** | |

૧ **प्रादि** (**प्र** વગેરે) અવ્યયો ધાતુની પૂર્વે જોડાઇને ધાતુના જુદી જુદી રીતે અનેક અર્થ ઉત્પન્ન કરે છે ત્યારે તે **ઉપસર્ગ** કહેવાય છે.

૨ (**अ**) કોઈ **ઉપસર્ગ** ધાતુના મૂળ અર્થથી જુદો જ અર્થ બતાવે છે. **गच्छति** તે જાય છે. **आगच्छति** તે આવે છે. **विशति** તે પ્રવેશ કરે છે. **उपविशति** તે બેસે છે.

(**आ**) કોઈ ઉપસર્ગ ધાતુના અર્થને અનુસરે છે અને ધાતુની સાથે અવશ્ય જોડાએલો જ રહે છે, **अनुरुध्यते** તે ઇચ્છે છે.

(**इ**) કોઈ ઉપસર્ગ ધાતુના અર્થમાં વધારો કરે છે.

**ईक्षते** તે જુવે છે **निरीक्षते** તે બારીકાઇથી જુવે છે.

(**ई**) કોઈ **ઉપસર્ગ** માત્ર ધાતુ સાથે જોડાયેલો રહે છે પણ ધાતુના અર્થમાં બીજો કોઈ પણ ફેરફાર કરતો નથી. **विशति** તે પ્રવેશ કરે છે. **प्रविशति** તે પ્રવેશ કરે છે.

૩ ઉપસર્ગ ધાતુના પદમાં ફેરફાર કરે છે. **जयति, पराजयते, विजयते । तिष्ठति, प्रतिष्ठते, संतिष्ठते । रमते, विरमति ।**

૪ (अ) હેતુ નામને **તૃતીયા** વિભક્તિ થાય છે.

(आ) હેતુ એટલે કાર્ય કે ક્રિયા કરવામાં પ્રયોજન રૂપે કે સહાય રૂપે થવાને યોગ્ય હોયતે.

**धनेन कुलम्** કુલની ખ્યાતિમાં ધન **સહાય** રૂપે થાય છે.

**अन्नेन वसति** અન્ન મેળવવાના **પ્રયોજનથી** રહે છે.

૫ સ્ત્રીલિંગનામ સિવાયના ગુ**ણવાચકહેતુ** નામને **તૃતીયા** કે **પંચમી** વિભક્તિ થાય છે. **धर्मात् सुखम् । धर्मेण सुखम् । ज्ञानाद् मुक्तः । ज्ञानेन मुक्तः ।**

૫ અમુક વસ્તુ લઈને તેને બદલે બીજી વસ્તુ આપવાની હોય તો, જે વસ્તુ લેવાની હોય તેને **प्रति** અવ્યયના યોગમાં પંચમી વિભક્તિ થાય છે. **प्रति** - બદલે **तिलेभ्यः प्रति माषान्प्रयच्छति** । તલને (લઈને) બદલે અડદ આપે છે.

## ધાતુઓ

**अर्थ्** ગ. ૧૦. આ. પ્રાર્થના કરવી. **प्र** + પ્રાર્થના કરવી

**अनु + भू** ગ. ૧. પ. અનુભવ કરવો, જાણવું.

**अनु + रुध्** ગ. ૪. આ. ઇચ્છવું, માનવું, તાબે થવું.

**आ + गम् ( गच्छ् )** ગ. ૧. પ. આવવું.

**ईक्ष्** ગ. ૧. આ. જોવું. **निर्** + નિરીક્ષણ કરવું, બારીકીથી જોવું.

**परा + जि** ગ. ૧. આ. પરાજય પામવો, હારી જવું, કંટાળવું,

**परि + हृ** ગ. ૧. ઉ. પરિહાર કરવો, ત્યાગ કરવો.

**प्र + भू** ગ. ૧. પ. ઉત્પન્ન થવું, સમર્થ થવું.

**प्र + जन् ( जा )** ગ. ૪. આ. ઉત્પન્ન થવું, થવું, જનમવું.

**प्र + दा ( यच्छ् )** ગ. ૧. પ. આપવું.

प्र + स्था ( तिष्ठ् ) ગ. ૧. આ. પ્રયાણ કરવું, જવું.
वि + रम् ગ. ૧. પ. વિરમવું, અટકવું.
वि + हृ ગ. ૧. ઉ. વિહાર કરવો, જવું.
वि + जि ગ. ૧. આ. વિજય પામવો, જીતવું.
सिध् ગ. ૪. પ. સિદ્ધ થવું.

## શબ્દો

| | |
|---|---|
| **अद्य** અ. આજ | **धनिक** વિ. ધનવાન |
| **अध्ययन** ન. ભણવું | **मनोरथ** પું. મનોરથ, ઇચ્છા |
| **उद्यम** પું. ઉદ્યમ, પ્રયત્ન | **माष** પું. અડદ |
| **कारण** ન. કારણ, હેતુ | **विद्या** સ્ત્રી, વિદ્યા |
| **कार्य** ન. કાર્ય, કામ | **सिंह** પું. સિંહ |
| **कुल** ન. કુળ | **सुप्त** વિ. સુતેલું |
| **गोधूम** પું. ઘઉં | **सौराष्ट्र** પું. સોરઠ દેશ |
| **तण्डुल** પું. ચોખા | **हि** અ. કારણ કે, ખરેખર, નિશ્ચે, જ |

## સંસ્કૃત વાક્યો

**उद्यमेन हि सिध्यन्ति कार्याणि न मनोरथैः ।**
**न हि सुप्तस्य सिंहस्य प्रविशन्ति मुखे मृगाः ॥**
**लोभात्क्रोधः प्रभवति लोभात्कामः प्रजायते ।**
**लोभान्मोहश्च नाशश्च लोभः पापस्य कारणम् ॥**

| | |
|---|---|
| **आचार्याः *सौराष्ट्रेषु विहरन्ति ।** | **भोगिलालो ग्रामादागच्छति ।** |
| **सुखं धर्माद् दुःखं पापात् ।** | **सज्जनाः पापं परिहरन्ति ।** |
| **देवदत्तो दुःखमनुभवति ।** | **विद्या विनयेन शोभते ।** |

★ દેશના વિશેષ નામો **બહુવચનમાં** વપરાય છે.

### ગુજરાતી વાક્યો

યાચકો ધનવાનની પ્રાર્થના કરે છે.
મોહનલાલ ભણવાથી કંટાળે છે.
ચિમનલાલ ઘઉંને બદલે ચોખા આપે છે.
રતિલાલ પાપથી અટકે છે.
આજે રાજા પ્રયાણ કરે છે.
શિષ્યો આચાર્યને માને છે.
કારણ વિના કાર્ય થતું નથી.
દેવ વિજય પામે છે.

---

## પાઠ ૩૦ મો.

### કર્મણિ પ્રયોગ અને ભાવે પ્રયોગ

૧ જે ધાતુને કર્મ ન હોય, તે ધાતુ **અકર્મક**[1] કહેવાય અને જે ધાતુને કર્મ હોય, તે ધાતુ **સકર્મક**[1] કહેવાય છે.
**चैत्रस्तिष्ठति । देवदत्तस्तण्डुलान्पचति ।**

---

૧ ક્રિયાનું ફળ અને ક્રિયા (વ્યાપાર) બન્ને એકમાં હોય તો ધાતુ **અકર્મક** જાણવો અને જુદા જુદામાં હોય તો ધાતુ **સકર્મક** જાણવો.
**चैत्रस्तिष्ठति** ચૈત્ર ઉભો છે. અહીં ઉભા રહેવાની ક્રિયા અને તેનું ફળ-ઉભા રહેવું-જવું નહિં તે, એ બન્ને ય ચૈત્રમાં છે, માટે **स्था** ધાતુ અકર્મક છે.
**देवदत्तस्तण्डुलान्पचति** દેવદત્ત ચોખા રાંધે છે. અહીં રાંધવાની ક્રિયા દેવદત્તમાં છે અને તેનું ફળ-પાક-પોચાશ ચોખામાં છે, માટે **पच्** ધાતુ સકર્મક છે.
ક્રિયાપદને 'કોણ' અને 'શું' એ બે પ્રશ્નો પૂછવાથી એક જવાબ આવે તો ધાતુ **અકર્મક** જાણવો અને જુદો જુદો જવાબ આવે તો ધાતુ **સકર્મક** જાણવો.

૨ જે ધાતુને બે કર્મ હોય છે, તે ધાતુ **દ્વિકર્મક** કહેવાય છે. જેને ઉદ્દેશીને ક્રિયા કરવામાં આવે, તે **મુખ્ય કર્મ** અને મુખ્ય કર્મની ખાતર જે બીજા ઉપર પણ ક્રિયાની અસર પહોંચે, તે **ગૌણકર્મ**.
**याचका नृपं धनं याचन्ते** યાચકો રાજા પાસે ધન માગે છે.
**गोपोऽजां ग्रामं नयति** ગોવાળ બકરીને ગામ તરફ લઈ જાય છે. **धन** અને **अजा** મુખ્ય કર્મ છે, **नृप** અને **ग्राम** ગૌણકર્મ છે.

૩ (**अ**) અર્થ બદલાય છે ત્યારે કોઈ વખત સકર્મક ધાતુ અકર્મક થાય છે અને અકર્મક ધાતુ સકર્મક થાય છે, **किंकरो भारं वहति** નોકર ભાર વહન કરે છે. **नदी वहति** નદી વહે છે, **देवदत्तस्य सुखं भवति । देवदत्तः सुखमनुभवति ।**
(**आ**) કર્મ મૂકવામાં ન આવ્યું હોય ત્યારે સકર્મક ધાતુ અકર્મક થાય છે. **चैत्रोऽन्नं पचति । चैत्रः पचति ।**

૪ ધાતુ સકર્મક હોય તો **કર્મણિ પ્રયોગ** થાય છે અને અકર્મક હોય તો **ભાવે પ્રયોગ** થાય છે.

૫ કર્મણિ પ્રયોગમાં કે ભાવે પ્રયોગમાં ધાતુને આત્મનેપદ પ્રત્યયો લાગે છે. **खाद् + ते – क्षुभ् + ते –**

૬ કર્મણિ પ્રયોગમાં કે ભાવે પ્રયોગમાં ધાતુને આત્મનેપદ પ્રત્યયો લાગતાં **य** પ્રત્યય લગાડવામાં આવે છે.
**खाद् + य + ते = खाद्यते । क्षुभ् + य + ते = क्षुभ्यते ।**

૭ કર્મણિ પ્રયોગમાં કે ભાવે પ્રયોગમાં **य** પ્રત્યય લાગતાં દશમા ગણનો પોતાનો **इ** પ્રત્યય લોપાય છે પરંતુ ધાતુમાં થયેલ ગુણ કે વૃદ્ધિ કાયમ રહે છે. **चोर्यते । ताड्यते ।**

૮ કર્તાને **તૃતીયા** વિભક્તિ થાય છે.
**बालेन मोदकः खाद्यते । समुद्रेण क्षुभ्यते ।**

## કર્મણિ રૂપો

| | | | |
|---|---|---|---|
| लभ्— | लभ्ये | लभ्यावहे | लभ्यामहे |
| | लभ्यसे | लभ्येथे | लभ्यध्वे |
| | लभ्यते | लभ्येते | लभ्यन्ते |
| दृश्— | दृश्ये★ | दृश्यावहे | दृश्यामहे |
| | दृश्यसे | दृश्येथे | दृश्यध्वे |
| | दृश्यते | दृश्येते | दृश्यन्ते |

## પ્રયોગોની સમજુતી

**કર્તરિ** પ્રયોગમાં, કર્તા મુખ્ય હોય છે તેથી કર્તા જે પુરુષ અને જે વચનમાં હોય છે તે પુરુષ અને તે વચનનો પ્રત્યય ધાતુને લાગે છે. એટલે તે પ્રત્યયવડે કર્તા **અભિહિત** થાય છે - કહેવાઈ જાય છે, માટે કર્તા ને તૃતીયા વિભક્તિ ન થતાં નામાર્થે પ્રથમા થાય છે અને કર્મને દ્વિતીયા વિભક્તિ થાય છે. **बालो मोदकौ खादति । अहं मोदकान्खादामि । समुद्रः क्षुभ्यति ।**

**કર્મણિ** પ્રયોગમાં, કર્મ મુખ્ય હોય છે તેથી કર્મ જે પુરુષ અને જે વચનમાં હોય છે તે પુરુષ અને તે વચનનો પ્રત્યય ધાતુને લાગે છે, એટલે તે પ્રત્યયવડે કર્મ **અભિહિત** થાય છે, માટે કર્મને દ્વિતીયા વિભક્તિ ન થતાં **નામાર્થે પ્રથમા** થાય છે અને કર્તાને **તૃતીયા** વિભક્તિ થાય છે. **त्वया मोदकौ खाद्येते । तेनाऽहं दृश्ये ।**

---

★ કર્મણિ કે ભાવે પ્રયોગમાં ધાતુના આદેશો તેમજ ગુણ થતો નથી. વિશેષ નિયમો માટે ભાગ ૨ જો પા. ૬૭ો જુઓ.

ભાવે પ્રયોગમાં, ભાવ-એટલે ક્રિયા મુખ્ય હોય છે, તેથી ક્રિયાની અપેક્ષાએ ત્રીજા પુરુષ અને એકવચનનો જ પ્રત્યય ધાતુને લાગે છે, એટલે તે પ્રત્યયવડે કર્તા અભિહિત થતો નથી, માટે કર્તાને તૃતીયા વિભક્તિ થાય છે અને કર્મ તો હોતું જ નથી.

## શબ્દો

| | |
|---|---|
| **अलभ्य** વિ. અલભ્ય, ન મળી શકે તેવું | **निशा** સ્ત્રી. રાત્રિ |
| **क्वचित्** અ. કોઈ ઠેકાણે, કોઈ વખત | **मैत्र** પું. તે નામનો માણસ |
| **तृष्णा** સ્ત્રી. આશા, અસંતોષ | **रण** ન. રણ, યુદ્ધ |
| | **श्रद्धा** સ્ત્રી, પ્રેમ, રુચિ |
| | **श्रावक** પું. શ્રાવક |
| | **सूद** પું. રસોઇઓ. |

## ધાતુઓ

**काश्** ગ. ૧. આ. પ્રકાશવું. **प्र** + પ્રકાશવું.
**दिश्** ગ. ૬. ઉ. દાન દેવું, બતાવવું **उप** + ઉપદેશ આપવો
**आ** + આદેશ કરવો, હુકમ કરવો.
**अभि** + **भू** ગ. ૧. પ. અભિભવ કરવો, તિરસ્કાર કરવો, હરાવવું.

## સંસ્કૃત વાક્યો

| | |
|---|---|
| रणे वीरैर्युध्यते बाणाश्च मुच्यन्ते । | जनास्तृष्णाभिरभिभूयन्ते । |
| सरलया पुष्पाणां माला सृज्यते । | देवदत्तेन सुखमनुभूयते । |
| निशायां चन्द्रेण प्रकाश्यते । | नालभ्यं लभ्यते क्वचित् । |
| आचार्यैर्धर्म उपदिश्यते । | नृपेण वयमादिश्यामहे । |
| | मयाद्य ग्रामो गम्यते । |
| | मित्रैर्यूयं त्यज्यध्वे । |

### ગુજરાતી વાક્યો

શ્રાવકોવડે શ્રદ્ધાવડે પુષ્પોવડે શ્રીમહાવીર પૂજાય છે.
બ્રાહ્મણોવડે લાડવા ખવાય છે.
રાજાના પુરુષોવડે ચોરો મરાય છે.
તમારાવડે હું કહેવાઉં છું.
મારાવડે પુસ્તક લખાય છે.
રસિકવડે પાપથી અટકાય છે.
મારાવડે તમે પૂજાઓ છો.
શિષ્યોવડે આચાર્યો વંદાય છે.
રસોઇઆવડે ચોખા રંધાય છે.
તમારાવડે પાપમાં પડાતું નથી.
અમારાવડે તમે બે જોવાઓ છો.
રતિલાલ ઘરમાંથી વનમાં જાય છે.

---

## પાઠ ૩૧ મો.

### હ્યસ્તન ભૂતકાળ. હ્યસ્તની વિભક્તિ

### પરસ્મૈપદ

| પુરુષ | એ. વ. | દ્વિ. વ. | બ. વ. |
|---|---|---|---|
| ૧લો | **अम्** | **व** | **म** |
| ૨જો | **स्** | **तम्** | **त** |
| ૩જો | **त्** | **ताम्** | **अन्** |

**जि** + **त्** — પા.૨.નિ.૨ થી **जि** + **अ** + **त्** — પા. ૮. નિ. ૧ તથા પા. ૭. નિ. ૨ થી **जे** + **अ** + **त्** પા. ૮. નિ. ૨થી **जय्** + **अ** + **त्** —

१ હ્યસ્તની વિભક્તિના પ્રત્યયો લાગતાં ધાતુની પૂર્વે **अ** મૂકવામાં આવે છે. **अ + जय् + अ + त् = अजयत् ।**

२ ઉપસર્ગ સહિત ધાતુ હોય, તો ઉપસર્ગની પછી અને ધાતુની પૂર્વે **अ** મૂકાય છે.

**प्र+विश्+अ+त्—प्र+अ+विश्+अ+त् = प्राविशत् ।**

૩ જો ધાતુની શરૂઆતમાં સ્વર હોય તો, ધાતુની પૂર્વે **अ** ન મૂકતાં, ધાતુના આદિ (શરૂઆતના) સ્વરની વૃદ્ધિ કરવી.

**इष् + अ + त्** પા. ૧૪ નિ. ૧ થી **इच्छ् + अ + त् —**

પા. ૧૩ નિ. ૨ થી **ऐच्छ् + अ + त् = ऐच्छत् ।**

**अ + जय् + अ + अन् —** પા. ૪ નિ. ૧ થી **अजयन् ।**

**अ + जय् + अ + म —** પા. ૨ નિ. ૩ થી **अजयाम ।**

૪ આજના સિવાયના ભૂતકાળને જણાવવા ધાતુને હ્યસ્તની વિભક્તિના પ્રત્યયો લગાડાય છે.

૫ હ્રસ્વ સ્વર પછી પદને અંતે રહેલા **ङ्, ण्** અને **न्** સ્વર પર છતાં બેવડાય છે.

**तस्मिन् + उद्याने = तस्मिन्नुद्याने बालाः क्रीडन्ति ।**

## રૂપો

| | | | |
|---|---|---|---|
| **जि—** | **अजयम्** | **अजयाव** | **अजयाम** |
| | **अजयः** | **अजयतम्** | **अजयत** |
| | **अजयत्** | **अजयताम्** | **अजयन्** |

| | | | |
|---|---|---|---|
| नृत् – | अनृत्यम् | अनृत्याव | अनृत्याम |
| | अनृत्यः | अनृत्यतम् | अनृत्यत |
| | अनृत्यत् | अनृत्यताम् | अनृत्यन् |
| सम+ऋध् – | समार्ध्यम् | समार्ध्याव | समार्ध्याम |
| | समार्ध्यः | समार्ध्यतम् | समार्ध्यत |
| | समार्ध्यत् | समार्ध्यताम् | समार्ध्यन् |
| इष् – | ऐच्छम् | ऐच्छाव | ऐच्छाम |
| | ऐच्छः | ऐच्छतम् | ऐच्छत |
| | ऐच्छत् | ऐच्छताम् | ऐच्छन् |
| चुर् – | अचोरयम् | अचोरयाव | अचोरयाम |
| | अचोरयः | अचोरयतम् | अचोरयत |
| | अचोरयत् | अचोरयताम् | अचोरयन् |
| अस् ગ.૨– | आसम् | आस्व | आस्म |
| | आसीः | आस्तम् | आस्त |
| | आसीत् | आस्ताम् | आसन् |

## ધાતુઓ

**ऋध्**- ગ. ૪. ૫. વધવું. **सम्** + સમૃદ્ધ થવું, વધવું, આબાદ થવું.

**नि+पत्** ગ. ૧. ૫. પડવું, નીચે પડવું.

**रुह्** ગ. ૧. ૫. ચડવું. **आ** + ચડવું.

## શબ્દો

**अज्ञान** ન. અજ્ઞાન.
**अपि** અ. પણ
**कारागृह** ન. કેદખાનું.
**कुमारपाल** પું. કુમારપાલ મહારાજા
**तदा** અ. ત્યારે.
**दिवस** પું. દિવસ
**धनपाल** પું. ધનપાલ કવિ.
**धारा** સ્ત્રી. ધારાનગરી
**नरक** પું. નરકસ્થાન.
**पण्डित** પું. પંડિત
**पुरा** અ. પહેલાં.
**भूपाल** પું. રાજા,
**भोज** પું. ભોજરાજા.
**युधिष्ठिर** પું. યુધિષ્ઠિર.
**व्याकरण** ન. વ્યાકરણ
**शत्रुञ्जय** પું. શત્રુંજયગિરિ.
**सभा** સ્ત્રી. સભા, કચેરી
**सिद्धराज** પું. સિદ્ધરાજ
**स्तेन** પું. ચોર.
**स्वर्ग** પું. સ્વર્ગ, દેવલોક
**ह्यस्** અ. ગઈ કાલે.

### સંસ્કૃત વાક્યો

अकथयदाचार्यः शिष्येभ्यो धर्मम् ।
अजयत्सिद्धराजः सौराष्ट्रान् ।
अवसन्निह पुरा छात्राः ।
कारागृहात्स्तेना अनश्यन् ।
ह्योऽत्र व्याघ्रमपश्यम् ।
अयोध्यायां चिरमवसाम ।
प्राविशद्युधिष्ठिरो नगरम् ।
नृपो ब्राह्मणेभ्यः प्रभूतं धनमयच्छत् ।
प्रभूता ब्राह्मणा आसन् ।
रतिलालो मया सह शत्रुञ्जयमारोहत् ।
हे अनिलकुमार ! निशायां चौरास्तव धनमचोरयन् !
हे देवदत्त ! त्वं क्वागच्छः ? अहमयोध्यायामगच्छम् ।

हे मञ्जुले ! सरला अयोध्याया आगच्छत् ? ।
कुमारपालो भूपालोऽपि सिद्धहेमचन्द्रव्याकरणमपठत् ।
तदाहं स्वर्गस्य सुखमन्वभवं स चान्वभवन्नरकस्य दुःखम् ।

### ગુજરાતી વાક્યો

ગઈ કાલે વિદ્યાર્થીઓ પાઠશાલામાં આવ્યા હતા.
ભોજરાજા પંડિતોને ઘણું ધન આપતો હતો.
તેની સભામાં ઘણા પંડિતો હતા.
ધનપાલ કવિ ધારામાં રહ્યો હતો.
હું અજ્ઞાનથી ધનના લોભમાં પડ્યો.
તે દિવસોમાં હું સુખ અનુભવતો હતો.
તે રાજા ધનવડે સમૃદ્ધ થયો.
પહેલાં અહીં નગર હતું.
રામને બે પુત્રો હતા.
દેવદત્ત ! તું ગામ ગયો હતો ?

---

## પાઠ ૩૨ મો.

### હ્યસ્તન ભૂતકાળ. હ્યસ્તની વિભક્તિ

### આત્મનેપદ

| | | | |
|---|---|---|---|
| | इ | वहि | महि |
| | थास् | इथाम् | ध्वम् |
| | त | इताम् | अन्त |
| भाष् – | अभाषे | अभाषावहि | अभाषामहि |
| | अभाषथाः | अभाषेथाम् | अभाषध्वम् |
| | अभाषत | अभाषेताम् | अभाषन्त |

## કર્મણિ

| | | |
|---|---|---|
| **अभाष्ये** | **अभाष्यावहि** | **अभाष्यामहि** |
| **अभाष्यथाः** | **अभाष्येथाम्** | **अभाष्यध्वम्** |
| **अभाष्यत** | **अभाष्येताम्** | **अभाष्यन्त** |

१ **(अ) त** વર્ગ જ્યારે **श्** કે **च** વર્ગ સાથે જોડાય છે ત્યારે તેને ઠેકાણે તેને મળતો **च** વર્ગ મૂકાય છે, એટલે **त्** , **थ्** , **द्** , **ध्** અને **न्** ને ઠેકાણે અનુક્રમે **च्, छ्, ज्, झ्** અને **ञ्** મૂકાય છે.

**अरक्षत् + शीलम् = अरक्षच्शीलम् ।**

**नृपान् + जयति = नृपाञ्जयति ।**

**आगच्छद् + जनः = आगच्छज्जनः ।**

**(आ) त** વર્ગ જ્યારે **ष्** કે **ट** વર્ગ સાથે જોડાય છે, ત્યારે તેને ઠેકાણે તેને મળતો **ट** વર્ગ મૂકાય છે.

**उद् + डयते = उड्डयते ।**

**अपश्यन् + डिम्भम् = अपश्यण्डिम्भम् ।**

२ **ल्** પર છતાં પદને અંતે રહેલા **त** વર્ગને ઠેકાણે **ल्** થાય છે, પણ **न्** ને ઠેકાણે અનુનાસિક **लँ्** થાય છે.

**वृक्षाद् + लता पतति = वृक्षाल्लता पतति ।**

**वृक्षान् + लता आरोहन्ति = वृक्षाल्लँता आरोहन्ति ।**

૩ પદને અંતે રહેલા **પ્રથમ** અક્ષરની પછી **श्** આવે અને **श्** ની પછી ધુટ્ સિવાયનો વર્ણ હોય તો **श्** નો વિકલ્પે **छ्** થાય છે. **अरक्षच्छीलम् । अरक्षच्शीलम् ।**

૪ માન આપવાને યોગ્ય નામ બહુવચનમાં પણ વપરાય છે.

**आचार्याः कथयन्ति । आचार्यः कथयति ।**

## ધાતુઓ

**आ + नी** ગ. ૧. ઉ. લાવવું.

**डी** ગ. ૧. આ. ઉડવું.

**मुद्** ગ. ૧. આ. હર્ષ પામવો, ખુશી થવું.

**वि + रच्** ગ. ૧૦. પ. રચના કરવી, બનાવવું.

## શબ્દો

**असंख्येय** વિ. સંખ્યા વિનાનું
**आर्या** સ્ત્રી. સાધ્વી.
**आज्ञा** સ્ત્રી. આજ્ઞા.
**कूप** પું. કૂવો.
**चन्दना** સ્ત્રી. ચંદનબાળા.
**जिन** પું. શ્રીજિનેશ્વરદેવ.
**डिम्भ** પું. બાળક
**दुर्योधन** પું.દુર્યોધન
**द्यूत** ન. જુગાર
**पाण्डव** પું. પાંડવ
**माकन्द** પું. આંબો
**राज्य** ન. રાજ્ય.
**लज्जा** સ્ત્રી. લાજ, મર્યાદા
**ललना** સ્ત્રી. જુવાન સ્ત્રી
**लक्ष्मण** પું. લક્ષ્મણ
**वनमाला** સ્ત્રી. તે નામની બાઇ.
**व्यापार** પું. વ્યાપાર

## સંસ્કૃત વાક્યો

**श्रीहेमचन्द्राचार्यैः सिद्धहेमचन्द्रव्याकरणं व्यरच्यत ।**

**दुर्योधनो द्यूतेन पाण्डवानां राज्यमलभत ।**

**अदृश्यन्त वानरा वने वनमालया ।**

**निरैक्ष्यन्त जिनेन जलेऽसंख्येया जीवाः ।**

मयूरोऽमोदत माकन्दे ।
तेन मार्गेणागच्छँश्चौराः ।
मोदकानखादण्डिम्भाः ।
न पर्यहरल्ँललना लज्जाम् ।
आर्या चन्दनामवन्दन्त बालाः ।
आगच्छज्झटिति देवदत्तः ।
अतुष्यत बलीवर्देन तृणैः ।
अपतल्लक्ष्मणो बाणेन ।
कूपेऽपतड्डिम्भः ।
अरक्षच्छीलं सीता ।

## ગુજરાતી વાક્યો

આચાર્યવડે ધર્મ ઉપદેશાયો.
તેણે મને જોયો નથી.
કાલે આકાશમાં ચંદ્ર પ્રકાશ્યો ન હતો.
ફળોના ભારથી વૃક્ષોવડે નમાયું.
મેં શત્રુંજયનાં મંદિરો જોયાં છે.
સવારમાં આકાશમાં પક્ષિઓ ઉડે છે.
ભિખારીઓ રાજા પાસે[1] અન્ન માંગતા હતા.
દેવદત્તે વ્યાપારવડે ધન મેળવ્યું.
તેનાવડે ગંગાનું પાણી લવાયું.
રામવડે પિતાની આજ્ઞા મનાઇ.
ખેડુતો બળદોને ઘેર[1] લઈ જાય છે.

---

૧ દ્વિતીયા વિભક્તિ કરવી, ધાતુ દ્વિકર્મક છે.

# અભ્યાસ ૫

૧ કર્તરિ પ્રયોગમાં અને કર્મણિ પ્રયોગમાં કર્તા અને કર્મને કઈ કઈ વિભક્તિ થાય ? અને શા કારણે ? ભાવે પ્રયોગમાં ક્રિયાપદ ક્યા પુરુષ અને વચનમાં હોય ? અને શા કારણે ?

૨ **निर्+ईक्ष्. सम्+ऋध्. अट्. लभ्. नी. अनु+रुध्. प्र+विश्** અને **चुर्** ધાતુનાં વર્તમાનકાળ તથા ભૂતકાળનાં કર્તરિ અને કર્મણિ રૂપો બોલો.

૩ નીચેનાં કર્તરિ પ્રયોગનાં વાક્યોને કર્મણિ કે ભાવે પ્રયોગમાં ફેરવો :-

**वयमुद्याने चिरं रमामहे । रावणः सीतामनयत ।**
**याचका धनं याचन्ते । मयूरा उद्याने नृत्यन्ति ।**
**देवदत्तः पुष्पैर्वीरमपूजयत् । तेऽस्मान्पश्यन्ति ।**
**अहं जनकस्याज्ञामन्वरुध्ये । त्वं सुवर्णं निरीक्षसे ।**

૪ નીચેનાં કર્મણિ અને ભાવે પ્રયોગનાં વાક્યોને કર્તરિ પ્રયોગમાં ફેરવો :-

**अद्य ग्रामान्मयाऽऽगम्यते । त्वया पापाद्व्यरम्यत ।**
**तस्मिन्वृक्षे मया नयनाभ्यामदृश्यन्त वानराः ।**
**आवाभ्यामुद्यमेन ज्ञानं लभ्यते ।**
**प्रातर्विहगैर्वृक्षेभ्य उदडीयत ।**
**तदा तस्मिन्वने मया यूयं निरैक्ष्यध्वम् ।**

૫ સંધિ કરો :-

लाभात् लोभो वर्धते । वृक्षाद् डयन्ते विहगाः ।
अवदत् शठः । अगच्छन् चौराः ।

૬ નીચેનાં વાક્યોમાં ખાલી મૂકેલી જગ્યાએ યોગ્ય પદો વાપરી વાક્ય પૂરું કરો.

तदा ________ ________ अवसम् ।

क्षमा ________ भूषणम् ।

यथा ________ चन्द्रेण शोभते ________ कासारः ।

किंकराः ________ ग्रामं ________ ।

समरे ________ अयुध्यत ।

युधिष्ठिरः ________ अवदत् ।

विहगौ वृक्षे ________ ।

निशायां ________ राजते ।

________ धर्मं ________ आचार्यः ।

सङ्घेन ________ वयं शत्रुञ्जयं ________ ।

जनाः पापस्य ________ लोभात् न ________ ।

तस्याः ________ अहं न ________ ।

स्वस्ति ________ ।

तस्यै ________ आर्यायै ________ ।

# પ્રકરણ ૪ થું નામપદ.

## પાઠ ૩૩ મો. કૃદન્ત.

૧ ધાતુને જે પ્રત્યયો લાગીને ધાતુ પરથી શબ્દો બને છે, તે પ્રત્યયો **કૃત્** કહેવાય છે. જે શબ્દોને અંતે કૃત્ પ્રત્યય હોય છે તે શબ્દો **કૃદન્ત** કહેવાય છે.

૨ ધાતુને **तुम्** પ્રત્યય લાગીને **હેત્વર્થ કૃદન્ત** બને છે.

**पा + तुम् = पातुम् ।**

**जलं पातुं गच्छति ।** પાણી પીવાને (પીવા માટે) જાય છે.

૩ **(अ)** ધાતુને **त्वा ( क्त्वा )** પ્રત્યય લાગીને **સંબંધકભૂત** કૃદન્ત બને છે. **हृ + त्वा = हृत्वा । रावणः सीतां हृत्वा लङ्कां गच्छति ।** રાવણ સીતાને લઈને લંકામાં જાય છે.

**(आ)** જો ધાતુની પૂર્વે ઉપસર્ગ વગેરે કોઈ અવ્યય જોડાયેલો હોય તો, **त्वा** ને ઠેકાણે **य** થાય છે. **आ + नी + य = आनीय ।**

**(इ)** જો ધાતુને અંતે હ્રસ્વ સ્વર હોય, તો **य** ની પૂર્વે **त्** આવે છે. **वि + जि + त् + य = विजित्य ।**

૪ **त्वा** અને **तुम्** પ્રત્યયવાળાં કૃદન્તો અવ્યય છે.

૫ સકર્મક ધાતુને ભૂતકાળમાં કર્મણિ પ્રયોગમાં **त (क्त)** પ્રત્યય લાગીને કર્મણિભૂત કૃદન્ત થાય છે અને તે કર્મનું વિશેષણ બને છે. **जि + त = जित । रामेण रावणो जितः ।**

રામવડે રાવણ જીતાયો. રામે રાવણ જીત્યો.

૬ અકર્મક ધાતુને ભૂતકાળમાં ભાવે પ્રયોગમાં **त** (**क्त**) પ્રત્યય લાગીને **ભાવેભૂત કૃદન્ત** થાય છે અને તે નપુંસકલિંગ એકવચનમાં વપરાય છે. **भू+त=भूत । दिवसेन भूतम् ।** દિવસ વડે થવાયું. (દિવસ થયો.) **रामेण जितम् ।**

૭ "**જવું**" (ગતિ) અર્થવાળા ધાતુઓને અને **અકર્મક** ધાતુઓને ભૂતકાળમાં કર્તરિ પ્રયોગમાં **त** (**क्त**) પ્રત્યય લાગીને **કર્તરિભૂત કૃદન્ત** પણ થાય છે, અને તે કર્તાનું વિશેષણ બને છે. **सृ + त = सृत । कूर्मः समुद्रं सृतः ।** કાચબો સમુદ્ર તરફ ગયો. **दिवसो भूतः ।** દિવસ થયો.

**रामो जितः । रावणः पराजितः ।**

## ધાતુઓ

**अभि + क्रुध्** ક્રોધ કરવો

**कम्प्** ગ.૧.આ. કંપવું, ધ્રુજવું

**नि + वस्** વસવું, રહેવું

**परि + त्यज्** છોડવું, તજવું

**वप्** ગ. ૧ ઉ. વાવવું

**वि + श्रम्** ગ.૪.પ.વીસામો લેવો

## શબ્દો

**औषध** ન. ઓસડ

**कोशाध्यक्ष** પું. ભંડારનો અધિકારી

**गज** પું. હાથી

**दुग्ध** ન. દૂધ

**निष्क** પું. સોનામહોર

**पान्थ** પું. મુસાફર

**प्रवास** પું. મુસાફરી

**बीज** ન. બીજ, બી

**मृत** ભૂ. કૃ. મરેલું

**लङ्का** સ્ત્રી. લંકાનગરી

**व्याधित** વિ. રોગી, વ્યાધિવાળું

**सत्यपुर** ન. સાચોર ગામ.

**हस्तिनापुर** ન. હસ્તિનાપુર

## કૃદન્તો

| | |
|---|---|
| आदिष्ट ( आ + दिश् + त ) | प्रविष्ट ( प्र + विश् + त ) |
| गत ( गम् + त ) | रन्तुम् ( रम् + तुम् ) |
| जात ( जन् + त ) | विश्रान्त ( वि + श्रम् + त ) |
| पीत्वा ( पा + त्वा ) | स्थित ( स्था + त ) |
| प्रदत्त ( प्र + दा + त ) | पतित ( पत् + त ) |

## સંસ્કૃત વાક્યો

रामेण सह सीता वनं गताऽऽसीत् ।
बलीवर्दा गजा अश्वाश्च जलं पातुं कासारं गताः ।
पान्था देवालये स्थातुं प्रार्थयन्ते ।
धनपालो धारां परित्यज्य सत्यपुरे न्यवसत् ।
स चौरो देवालयं प्रविष्टोऽस्ति ।
रामो रावणं विजित्याऽयोध्यां प्रातिष्ठत ।
दुर्योधनमभिक्रुध्य भीमसेनोऽकम्पत ।
ब्राह्मणेभ्यो निष्कान्दातुं नृपेणाऽऽदिष्टः कोशाध्यक्षः ।
धनं हृत्वा तेन चौरेण वने स्थितम् ।
विद्या मित्रं प्रवासेषु, भार्या मित्रं गृहेषु च ।
व्याधितस्यौषधं मित्रं, धर्मो मित्रं मृतस्य च ॥

## ગુજરાતી વાક્યો

દુર્યોધને દ્યૂતવડે પાંડવોને જીત્યા હતા.
પાંડવો હસ્તિનાપુર છોડીને વનમાં ગયા.
આજે રાત્રે અહીં સિંહ આવેલો છે.
તેણે દૂધ લાવીને અમને આપ્યું.

તે પાણી પીને રમવા ગયો છે.
ભાર ઘરે લઈ જઇને તેણે વીસામો લીધો.
તે દેવ થઇને સ્વર્ગમાં ઉત્પન્ન થયો.
મારાવડે આજે ત્યાં જવાયું નથી.
વનમાં રહેલી સીતાને રાવણ લંકામાં લઈ ગયો.
ખેડુતો ખેતરોમાં બીજ વાવવા ગયા.

---

## પાઠ ૩૪ મો. વ્યંજનાન્ત નામો

### પુંલિંગ

### પ્રત્યયો

| | | | |
|---|---|---|---|
| ० | औ | अस् | પ્ર. સં. |
| अम् | औ | अस् | દ્વિ |
| आ | भ्याम् | भिस् | તૃ. |
| ए | भ्याम् | भ्यस् | ચ. |
| अस् | भ्याम् | भ्यस् | પં. |
| अस् | ओस् | आम् | ષ. |
| इ | ओस् | सु | સ. |

### (પુંલિંગ) નાં રૂપો

| | | | |
|---|---|---|---|
| मरुत्, द्* | मरुतौ | मरुतः | પ્ર. સં. |
| मरुतम् | मरुतौ | मरुतः | દ્વિ. |

*પા. ૨૫ નિ. ૧ થી त् નો द् અને द् નો એ જ પાઠના ૩ જા નિ. થી त् વિકલ્પે થશે.

| | | | |
|---|---|---|---|
| मरुता | मरुद्भ्याम् | मरुद्भिः | તૃ. |
| मरुते | मरुद्भ्याम् | मरुद्भ्यः | ચ. |
| मरुतः | मरुद्भ्याम् | मरुद्भ्यः | પં. |
| मरुतः | मरुतोः | मरुताम् | ષ. |
| मरुति | मरुतोः | मरुत्सु | સ. |

*युध् (પુંલિંગ) નાં રૂપો

| | | | |
|---|---|---|---|
| युत्, द् | युधौ | युधः | પ્ર. સં. |
| युधम् | युधौ | युधः | દ્વિ. |
| युधा | युद्भ्याम् | युद्भिः | તૃ. |
| युधे | युद्भ्याम् | युद्भ्यः | ચ. |
| युधः | युद्भ्याम् | युद्भ्यः | પં. |
| युधः | युधोः | युधाम् | ષ. |
| युधि | युधोः | युत्सु | સ. |

૧ વ્યંજનાદિ[1] પ્રત્યયો પર છતાં પૂર્વનું નામ પદ થાય છે. **मरुत् + भ्याम्**—પા. ૨૫. નિ. ૧ થી **मरुद्भ्याम्**। એ પ્રમાણે **युध् + भ्याम् = युद्भ्याम्। मरुत् + सु — मरुद् + सु** — પા. ૨૫ નિ. ૨ થી **मरुत्सु । युध् + सु । युद् + सु = युत्सु ।**

---

*વ્યંજનાંત સ્ત્રીલિંગ નામોનાં રૂપો પુંલિંગ જેવાં થાય છે.
૧ **य** થી શરુ થતાં પ્રત્યય પર છતાં પૂર્વનું નામ પદ થતું નથી.

## નપુંસકલિંગ

### પ્રત્યયો

| | | | |
|---|---|---|---|
| ० | ई | ॱ इ | પ્ર.દ્વિ.સં. |

### जगत् (નપુંસક) નાં રૂપો

| | | | |
|---|---|---|---|
| **जगत् ,द्** | **जगती** | **जगन्ति** | પ્ર.દ્વિ.સં. |

વ્યંજનાંત નપુંસકનામના પ્રત્યયો અને રૂપો, પ્રથમા, દ્વિતીયા અને સંબોધન સિવાય બાકીની વિભક્તિઓમાં વ્યંજનાંત પુંલિંગ નામના જેવા જ છે.

૨ **પ્રથમા** અને **દ્વિતીયા**ના બહુવચનનો **इ** પ્રત્યય પર છતાં નપુંસક નામના છેલ્લા સ્વરની પછી રહેલા ધુટ્ વ્યંજનની પૂર્વે **न्** ઉમેરાય છે.

**जगत् + इ – जगन्त् + इ = जगन्ति ।**

૩ **स्पृह्** ધાતુનું કર્મ વિકલ્પે સંપ્રદાન થાય છે.

**पुष्पेभ्यः स्पृहयति । पुष्पाणि स्पृहयति ।**

૪ ક્રોધ, દ્રોહ, ઈર્ષ્યા અને અસૂયા અર્થવાળા ધાતુઓના યોગમાં જેના પ્રત્યે કોપ થાય, તે નામ સંપ્રદાન થાય છે.

**मैत्राय क्रुध्यति । मैत्राय कुप्यति । मैत्राय द्रुह्यति ।**

૫ ઉપસર્ગ પૂર્વક **क्रुध्** અને **द्रुह्** ધાતુ હોય, તો જેના પ્રત્યે કોપ હોય, તે નામ સંપ્રદાન ન થાય પણ કર્મ થાય છે. **मैत्रमभिक्रुध्यति ।**

६ "ગમવું" (રુચિ) અર્થવાળા ધાતુઓના યોગમાં જેને ગમતું હોય, તેને ચતુર્થી વિભક્તિ થાય છે.

**जिनदत्ताय रोचते धर्मः ।**

## ધાતુઓ

**गर्ज्** ગ. ૧. ૧૦. પર. ગર્જના કરવી, ગાજવું.

**द्युत्** ગ. ૧. આ. દીપવું, **वि** + ચમકવું, ઝબકવું.

**द्रुह्** ગ. ૪. પર. દ્રોહ કરવો, મારવાની ઇચ્છા કરવી.

**अभि** + દ્રોહ કરવો.

**रुच्** ગ. ૧. આ. રુચવું, ગમવું, દીપવું.

**श्रि** ગ.૧.ઉ.આશ્રય લેવો, સેવા કરવી, આશરે જવું, શરણે જવું.

**आ** + આશ્રય લેવો, સેવા કરવી, આશરે જવું, શરણે જવું.

## વ્યંજનાન્ત નામ

**आपद्** સ્ત્રી. આફત, આપત્તિ
**जगत्** ન. જગત
**मरुत्** પું. પવન, દેવ.
**मुद्** સ્ત્રી. હર્ષ, આનંદ
**मृद्** સ્ત્રી. માટી
**युध्** સ્ત્રી. યુદ્ધ, લડાઇ
**योषित्** સ્ત્રી. સ્ત્રી
**विद्युत्** સ્ત્રી. વીજળી
**वियत्** ન. આકાશ.
**शरद्** સ્ત્રી. શરદઋતુ

## શબ્દો

| | |
|---|---|
| **अनुरूप** વિ. સરખું, જેવું | **निःस्वन** વિ. અવાજ વગરનું |
| **आतप** પું. તડકો | **भाण्ड** ન. વાસણ |
| **उदार** વિ. ઉદાર | **मरण** ન. મરણ, મરવું તે |
| **कुम्भकार** પું. કુંભાર | **वर्षा** સ્ત્રી. વર્ષાઋતુ |
| **क्लान्त** ભૂ. કૃ. થાકી ગયેલું | **वित्त** ન. ધન |
| **छाया** સ્ત્રી. છાયા | **विरक्त** વિ. રાગ વગરનું |
| **निःस्पृह** વિ. સ્પૃહા વગરનું | **शूर** પું. શૂરવીર |

## સંસ્કૃત વાક્યો

**धर्मः शरणमापदि ।**

**वियति विद्योतते विद्युत् ।**

**मरुता समुद्रः क्षुभ्यति ।**

**वीराणां हि रणं मुदे ।**

**कुम्भकारेण मृदो भाण्डानि व्यरच्यन्त ।**

**कारणस्याऽनुरूपं कार्यं जगति दृश्यते ।**

**शरदि न वर्षति गर्जति, वर्षति वर्षासु निःस्वनो मेघः ।**

**उदारस्य तृणं वित्तं, शूरस्य मरणं तृणम् ।**

**विरक्तस्य तृणं भार्या, निःस्पृहस्य तृणं जगत् ॥**

## ગુજરાતી વાક્યો

તડકાથી થાકી ગયેલા માણસો વૃક્ષની છાયામાં આશરો લેતા હતા.

| | |
|---|---|
| લજ્જા સ્ત્રીઓનું ભૂષણ છે. | બાળકોને લાડવા ગમે છે. |
| ધર્મ જગતનું શરણ છે. | બાળક લાડવાને ઝંખે છે. |
| રાજા પ્રધાનો ઉપર ક્રોધ કરે છે. | યુદ્ધમાં યોદ્ધાઓ લડે છે. |

## પાઠ ૩૫ મો. સર્વનામ.

પુંલિંગ

પ્રત્યયો

| | | |
|---|---|---|
| स् | औ | इ |
| म् | औ | अस् |
| इन | भ्याम् | ऐस् |
| स्मै | भ्याम् | भ्यस् |
| स्मात् | भ्याम् | भ्यस् |
| स्य | ओस् | साम् |
| स्मिन् | ओस् | सु |
| ० | औ | इ |

सर्व નાં રૂપો

| | | |
|---|---|---|
| सर्वः | सर्वौ | सर्वे |
| सर्वम् | सर्वौ | सर्वान् |
| सर्वेण | सर्वाभ्याम् | सर्वैः |
| सर्वस्मै | सर्वाभ्याम् | सर्वेभ्यः |
| सर्वस्मात् | सर्वाभ्याम् | सर्वेभ्यः |
| सर्वस्य | सर्वयोः | सर्वेषाम् |
| सर्वस्मिन् | सर्वयोः | सर्वेषु |
| हे सर्व ! | हे सर्वौ ! | हे सर्वे ! |

**सर्व** + **साम्**— પા. ૨૬. નિ. ૨ થી **सर्वे** + **साम्**—પા. ૨૬. નિ. ૩ થી **सर्वेषाम्** ।

૧ વિભક્તિના પ્રત્યયો પર છતાં **किम्** નો **क**, **तद्** નો **त**, **यद्** નો **य**, **एतद्** નો **एत**, અને **द्वि** નો **द्व** થાય છે. **कः । यः ।**

૨ **स्** પ્રત્યય પર છતાં **तद्** અને **एतद्** ના **त्** નો **स्** થાય છે. **सः । एषः** પા. ૨૬. નિ. ૩. જુઓ.

૩ **एतद्** અને **तद्** થી પર આવેલ **स्** પ્રત્યયનો વ્યંજન પર છતાં લોપ થાય છે. **एष गच्छति । स पठति ।**

૪ **द्वि** શબ્દ દ્વિવચનમાં વપરાય છે અને **एक** શબ્દ દ્વિવચનમાં વપરાતો નથી. **द्वौ । एकः । एके ।**

### किम् નાં રૂપો

| | | |
|---|---|---|
| कः | कौ | के |
| कम् | कौ | कान् |
| केन | काभ्याम् | कैः |
| कस्मै | काभ्याम् | केभ्यः |
| कस्मात् | काभ्याम् | केभ्यः |
| कस्य | कयोः | केषाम् |
| कस्मिन् | कयोः | केषु |

આ પ્રમાણે **तद् यद् एतद्** અને **द्वि** નાં રૂપો કરવાં.

## x अदस् નાં રૂપો

| | | |
|---|---|---|
| असौ | अमू | अमी |
| अमुम् | अमू | अमून् |
| अमुना | अमूभ्याम् | अमीभिः★ |
| अमुष्मै | अमूभ्याम् | अमीभ्यः |
| अमुष्मात् | अमूभ्याम् | अमीभ्यः |
| अमुष्य | अमुयोः | अमीषाम् |
| अमुष्मिन् | अमुयोः | अमीषु |

## + इदम् નાં રૂપો

| | | |
|---|---|---|
| अयम् | इमौ | इमे |
| इमम् | इमौ | इमान् |
| अनेन | आभ्याम् | एभिः★ |

x **अदस्** નો **अम** કરવો અને તેનાં **सर्व** પ્રમાણે રૂપો કરવાં, ત્યાર બાદ **म्** પછીના હ્રસ્વસ્વરનો હ્રસ્વ **उ** અને દીર્ઘસ્વર નો દીર્ઘ **ऊ** કરવો પણ બહુવચનમાં **म्** પછી જયાં **ए** હોય ત્યાં દીર્ઘ **ई** કરવો. પ્રથમા અને તૃતીયા એકવચન અનુક્રમે **असौ** અને **अमुना** થાય છે.

★ તૃતીયા બહુવચનમાં **भिस्** નો **ऐस्** આદેશ થતો નથી. પા. ૨૪. નિ. ૨ થી **ए** કરી પછી **ई** કરવો.

\+ **इदम्** નો **इम** કરવો, તૃતીયાવિભક્તિથી માંડીને **अ** કરવો, તૃતીયા એકવચન અને ષષ્ઠી સપ્તમી દ્વિવચનમાં **अन** કરવો અને તેનાં **सर्व** પ્રમાણે રૂપો કરવાં. પ્રથમા એકવચન **अयम्** થાય છે.

| | | |
|---|---|---|
| अस्मै | आभ्याम् | एभ्यः |
| अस्मात् | आभ्याम् | एभ्यः |
| अस्य | अनयोः | एषाम् |
| अस्मिन् | अनयोः | एषु |

### નપુંસકલિંગ

### પ્રત્યયો

| | | | |
|---|---|---|---|
| म् | ई | इ | પ્ર.દ્વિ.સં. |

બાકીના પુંલિંગ પ્રમાણે

### રૂપો

| | | | |
|---|---|---|---|
| सर्वम् | सर्वे | सर्वाणि | પ્ર.દ્વિ.સં. |

બાકીના પુંલિંગ પ્રમાણે

### વ્યંજનાન્ત સર્વનામો

### પ્રત્યયો

| | | | |
|---|---|---|---|
| ० | ई | इ | પ્ર.દ્વિ.સં. |

બાકીના પુંલિંગ પ્રમાણે

### રૂપો

| | | | |
|---|---|---|---|
| किम् | के | कानि | પ્ર.દ્વિ.સં. |
| यत् , द् | ये | यानि | પ્ર.દ્વિ.સં. |
| एतत् , द् | एते | एतानि | પ્ર.દ્વિ.સં. |
| ० | द्वे | ० | પ્ર.દ્વિ.સં. |
| अदः | अमू | अमूनि | પ્ર.દ્વિ.સં. |
| इदम् | इमे | इमानि | પ્ર.દ્વિ.સં. |

બાકીના પુંલિંગ પ્રમાણે

૫ **किम्** સર્વનામનાં રૂપોને **चित्** , **चन** કે **अपि** અવ્યય જોડેલો હોય છે ત્યારે **પ્રશ્નાર્થ** ને બદલે **અનિશ્ચિતાર્થ** થાય છે. **कः** કોણ ? **कश्चित् कश्चन कोऽपि** કોઈ । **किंचित् किंचन किमपि** કાંઈ । **किञ्चिदपि** કાંઈ પણ.

## સર્વનામ

| | | |
|---|---|---|
| **अदस्** આ, પેલું | **किम्** કોણ, શું | **यद्** જે |
| **इदम्** આ | **तद्** તે | **सर्व** સર્વ, બધું |
| **एतद्** આ, એ | **द्वि** બે | **स्व** પોતે, પોતાનું |

## શબ્દો

**आत्मीय** વિ. પોતાનું.
**आम्र** પું. આંબો
**उपाय** પું. ઉપાય, ઇલાજ
**काञ्चन** ન. સોનું
**कुलीन** વિ. કુળવાન
**कुसुम** ન. ફૂલ
**गुण** પું. ગુણ, ફાયદો
**जैन** વિ. જૈન, જૈનધર્મ પાળનાર
**तु** અ. વળી, જ, પણ
**तृष्णा** સ્ત્રી. આશા,તૃષ્ણા, ઇચ્છા

**दरिद्र** વિ. દરિદ્ર, ગરીબ
**नर** પું. નર, પુરુષ
**निम्ब** પું. લીંબડો
**नराधम** પું. અધમપુરુષ
**नियोग** પું. અધિકાર, ફરજ
**पक्व** વિ. પાકેલું પાકું
**पराक्रम** પું. પરાક્રમ, બળ
**प्रिय** વિ. પ્રિય, વહાલું
**बान्धव** પું. ભાઇ
**भ्रष्ट** ભૂ. કૃ. ભ્રષ્ટ થયેલું
**मान** પું. માન, અહંકાર

**विफल** વિ. ફળ વગરનું, નકામું
**वट** પું. વડ
**विशाल** વિ. વિશાળ, મોટું
**व्यसन** ન. ટેવ, દુઃખ, સંકટ
**शक्य** વિ. બની શકે તેવું
**शरण** વિ. શરણ
**श्वशुर** પું. સસરો
**स्वभाव** પું. સ્વભાવ, ધર્મ
**स्वहित** ન. ( **स्वस्य हितम्** ) પોતાનું હિત
**हृदय** ન. હૃદય, હૈયું.

## સંસ્કૃત વાક્યો

**कः किं वदति ?**

**कस्याहं, कस्य बान्धवाः ?**

**यस्यास्ति वित्तं स नरः कुलीनः ।**

**सर्वे गुणाः काञ्चनमाश्रयन्ते ।**

**नियोगाद् भ्रष्टस्य सर्वमपि विफलम् ।**

**नात्मीयाः कस्यचिन्नृपाः ।**

**धर्मः सर्वस्य भूषणम् ।**

**यो व्यसने तिष्ठति, स बान्धवः ।**

**एकोऽहं, नास्ति मम कोऽपि ।**

**इमौ द्वौ भोगिलालस्य पुत्रौ स्तः । अनयोर्ज्ञानं शोभनम् । वनमिदं रमणीयम्; इमे आम्राः, आम्रस्यैतानि पक्वानि फलानि मह्यं रोचन्ते, असौ वटः, एष निम्बः, वृक्षेभ्यः पतितानीमानि कुसुमानि सन्ति, अयं कासारः, कासारेऽमूनि कमलानि दृश्यन्ते, अमी मृगा धावन्ति, कोऽयं जन आगच्छति ?**

सर्वस्य जायते मानः स्वहिताच्च प्रमाद्यति ।

स तु भवति दरिद्रो यस्य तृष्णा विशाला ।

यो यस्य प्रियः स तस्य हृदये वसति ।

पश्याम्यहं जगत्सर्वं न मां पश्यति कश्चन ।

उपायेन हि यच्छक्यं न तच्छक्यं पराक्रमैः ।

श्वशुरः शरणं येषां नराणां ते नराधमाः ।

## ગુજરાતી વાક્યો

આ મારા પિતા આવે છે.

તે દુ:ખોને હું સંભારતો નથી.

પેલો સુંદર મહેલ રાજાનો છે.

રતિલાલ ! આ પુસ્તક કોનું છે ?

કુમુદચન્દ્ર ! એ પુસ્તક મારું છે.

આ દેખાય છે, તે ઘરો અમારાં છે.

અહીં આ બે પુસ્તકો છે, તે અમારા બેનાં છે.

મને ધર્મ ગમે છે અને તને ધન ગમે છે.

આ બે માણસો કયા ગામથી આવેલા છે ?

આ ગામોમાં પહેલાં ઘણાં જૈનો રહેતાં હતા.

મારા એકથી આ સર્વે ગામોનું રક્ષણ કરાય છે.

જેઓનો સ્વભાવ ઉદાર હોય છે, તેઓ સૌને ગમે છે.

## પાઠ ૩૬ મો. સર્વનામ.

### સ્ત્રીલિંગ

#### પ્રત્યયો

| | | |
|---|---|---|
| ० | औ | अस् |
| म् | औ | अस् |
| आ | भ्याम् | भिस् |
| अस्यै ( डस्यै ) | भ्याम् | भ्यस् |
| अस्यास् ( डस्यास् ) | भ्याम् | भ्यस् |
| अस्यास् ( डस्यास् ) | ओस् | साम् |
| अस्याम् ( डस्याम् ) | ओस् | सु |
| स् | औ | अस् |

★ सर्वा નાં રૂપો

| | | |
|---|---|---|
| सर्वा | सर्वे | सर्वाः |
| सर्वाम् | सर्वे | सर्वाः |
| सर्वया | सर्वाभ्याम् | सर्वाभिः |
| सर्वस्यै | सर्वाभ्याम् | सर्वाभ्यः |
| सर्वस्याः | सर्वाभ्याम् | सर्वाभ्यः |
| सर्वस्याः | सर्वयोः | सर्वासाम् |
| सर्वस्याम् | सर्वयोः | सर्वासु |
| हे सर्वे ! | हे सर्वे ! | हे सर्वाः ! |

★ सर्व + પા. ૨૮. નિ. ૪ થી आ = सर्वा

૧ પ્રયોજન (કાર્ય-ફળ)ને માટે પ્રત્યયો વગેરેને નીશાની તરીકે લગાડાતાં જે વર્ણ કે વર્ણો પ્રયોગમાં રખાતા નથી તે ઇત્ કહેવાય છે.

કૌંસમાં, પ્રત્યયો વગેરે, ઇત્ વર્ણ સહિત આપેલા છે. જેમકે **अस्यै ( ङस्यै )** આમાં **ङ्** વર્ણ ઇત્ છે.

૨ **ङ्** ઇત્ વાળો પ્રત્યય પર છતાં અન્ત્ય સ્વર અને તેની પછીના વ્યંજનો લોપાય છે.

**सर्वा + अस्यै ( ङस्यै ) सर्वस्यै** । અહીં અન્ત્ય સ્વર **आ** નો લોપ થયો છે, અન્ત્ય સ્વરાદિનો લોપ કરવો એ જ **ङ्** ઇત્નું પ્રયોજન (ફળ) છે, ઇત્ વર્ણ પ્રયોગમાં રખાતો નથી. **सर्वस्यै** આ પ્રયોગમાં **ङ्** રહ્યો નથી.

**किम् तद् यद् एतद् द्वि** નાં સ્ત્રીલિંગ રૂપો અનુક્રમે **का ता या एता** અને **द्वा** શબ્દો બનાવીને **सर्वा** પ્રમાણે કરવાં, પ્રથમા એકવચનમાં **तद्** અને **एतद्** ના **त्** નો **स्** કરવો. **सा । एषा ।**

### ★ अदस् નાં સ્ત્રીલિંગ રૂપો

| | | |
|---|---|---|
| **असौ** | **अमू** | **अमूः** |
| **अमूम्** | ,, | ,, |

★ **अदस्** નો **अमा** કરવો અને તેનાં **सर्वा** પ્રમાણે **રૂપો** કરવાં, ત્યારબાદ **म्** પછીના હ્રસ્વસ્વરનો હ્રસ્વ **उ** અને દીર્ઘસ્વરનો દીર્ઘ **ऊ** કરવો. પ્રથમા એકવચનમાં **असौ** પુંલિંગ જેવું **રૂપ** થયા છે.

| | | |
|---|---|---|
| अमुया | अमूभ्याम् | अमूभिः |
| अमुष्यै | अमूभ्याम् | अमूभ्यः |
| अमुष्याः | अमूभ्याम् | अमूभ्यः |
| अमुष्याः | अमुयोः | अमूषाम् |
| अमुष्याम् | अमुयोः | अमूषु |

**x इदम् નાં સ્ત્રીલિંગ રૂપો**

| | | |
|---|---|---|
| इयम् | इमे | इमाः |
| इमाम् | इमे | इमाः |
| अनया | आभ्याम् | आभिः |
| अस्यै | आभ्याम् | आभ्यः |
| अस्याः | आभ्याम् | आभ्यः |
| अस्याः | अनयोः | आसाम् |
| अस्याम् | अनयोः | आसु |

૩ ક્રિયાનાં વિશેષણો નપુંસકલિંગ એકવચનમાં વપરાય છે. અને તેને દ્વિતીયા વિભક્તિ થાય છે.

**भृशं प्रयतते ।** બહુ પ્રયત્ન કરે છે.

૪ **धिक्, अन्तरेण** વગેરે અવ્યયની સાથે જોડાયેલા નામને **દ્વિતીયા** વિભક્તિ થાય છે. **धिग्जाल्मम्** લુચ્ચાને ધિક્કાર થાઓ. **अन्तरेण धर्मं सुखं न भवति ।** ધર્મ વિના સુખ થતું નથી.

**ધાતુઓ**

**परि + ईक्ष्** ગ. ૧. આ પરીક્ષા લેવી.

**यत्** ગ. ૧. આ. યત્ન કરવો. **प्र** + પ્રયત્ન કરવો, મહેનત કરવી.

---

x **इदम्**નો **इमा** કરવો, તૃતીયા વિભક્તિથી માંડીને **आ** કરવો પણ તૃતીયા એકવચન અને ષષ્ઠી, સપ્તમી દ્વિવચનમાં **अना** કરવો અને **सर्वा** પ્રમાણે રૂપો કરવાં, પ્રથમા એકવચનમાં **इयम्** થાય છે.

## શબ્દો

**अङ्गना** સ્ત્રી. સ્ત્રી
**अबला** સ્ત્રી. સ્ત્રી
**अभिधान** ન. નામ
**उचित** વિ. ઉચિત, યોગ્ય
**एवम्** અ. એ પ્રમાણે, એમ
**काक** પું. કાગડો
**कापुरुष** પું. ( **कुत्सितः पुरुषः** ) ખરાબ પુરુષ
**गल** ન. ગળું, ડોક
**ततस्** અ. તેથી, ત્યાંથી
**तत्र** અ. તેમાં
**पुनर्** અ. ફરીથી, ફરીને
**पुष्पमाला** સ્ત્રી. ફૂલોની માળા
**मेष** પું. ઘેંટો
**युक्त** ભૂ. કૃ. જોડાયેલ, સહિત
**रत्न** ન. રત્ન
**रत्नमाला** સ્ત્રી. ( **रत्नानां माला** ) રત્નોની માળા.
**प्रणम्य** ( **प्र+नम्+य** ) પ્રણામ કરીને
**परम** વિ. શ્રેષ્ઠ, ઉત્કૃષ્ટ
**पारितोषिक** ન. ઇનામ
**प्रवीण** વિ. હોશિયાર
**परिणीत** ( **परि+नी+त** ) પરણેલ
**भृश** વિ. અત્યંત, ઘણું
**मदन** પું. કામદેવ
**मनोहर** વિ. મનોહર, સુંદર
**महिष** પું. પાડો
**मार्जार** પું. બીલાડો
**मिथिला** સ્ત્રી. મિથિલાનગરી
**रामलक्ष्मण** પું. ( **रामश्च लक्ष्मणश्च** ) રામ અને લક્ષ્મણ
**वस्त्र** ન. વસ્ત્ર, કપડું
**विश्वास** પું. વિશ્વાસ, શ્રદ્ધા
**सतत** વિ. હંમેશ, નિરંતર

## સંસ્કૃત વાક્યો

**सर्वासामङ्गनानां शीलं परमं भूषणम् ।**
**कस्यै कन्यायै एता मनोहरा रत्नमालाः प्रायच्छन्नृपः ?**
**एतस्यै मम कन्यायै ।**
**अस्यामयोध्यायां चिरमवसम् ।**
**काः का बालाः पर्यैक्ष्यन्त त्वयैतस्यां पाठशालायाम् ।**
**एताभ्यां द्वाभ्यां कन्याभ्यां एतयोर्द्वयोः कलयोर्भृशं प्रायत्यत ।**

एकैषा पुष्पमाला, एका चैषा, एवं द्वे पुष्पमाले मम गले स्तः ।
विनयेन देवं प्रणम्य प्राविश्यत सर्वाभिरार्याभिः ।
यदेतत्तत्र पतितं वस्त्रं दृश्यते तत्कस्याश्चिदपि बालाया वर्तते, ततस्तद्यस्या भवति तस्यै दातुं प्रयत्यतेऽस्माभिः ।
एतस्यां मिथिलायां या रामेण या च लक्ष्मणेन कन्या परिणीता तयोरेकस्या अभिधानं सीता एकस्याश्चोर्मिला- ताभ्यां द्वाभ्यां युक्ताभ्यां रामलक्ष्मणाभ्यां यस्यामयोध्यायां प्राविश्यत सैषा ।
इयं रत्नमाला मम, एषा तव ।
अमू कन्ये यमुनां गच्छतः ।
यां चिन्तयामि सततं मयि सा विरक्ता ।
धिक् तां च तं च मदनं च इमां च मां च ।
असौ काचिदबला वनेऽटति ।
इमा बाला मया पुराऽदृश्यन्त ।
मार्जारो महिषो मेषः, काकः कापुरुषस्तथा ।
विश्वासात्प्रभवन्त्येते, विश्वासस्तत्र नोचितः ॥

### ગુજરાતી વાક્યો

જે કન્યાઓ ભણે છે તેઓને હું ઇનામ આપું છું.
આ રતિલાલ સર્વ કળાઓમાં પ્રવીણ છે.
આ બે બાળાઓએ કઈ બે, ફૂલોની માળાઓ બનાવી છે ?
આ સરલા પોતાનાં આ બે પુસ્તકો લઈ જાય છે.
પેલી કુંભારની સ્ત્રીઓ માટીના ઘડા બનાવે છે.
જે મથુરામાં કૃષ્ણ જન્મ્યા હતા તેને છોડીને આ દ્વારિકામાં તે રહ્યા હતાં.

### અભ્યાસ ૯

૧ કૃદન્તના પ્રકારો દૃષ્ટાન્ત આપી સમજાવો.
૨ शरद् वियत् अदस् અને किम् નાં રૂપો બોલો.

૩ ચતુર્થી વિભક્તિ ક્યારે અને કોને થાય છે ?
૪ કેવા પ્રત્યયો પર છતાં પૂર્વનું નામ પદ થાય છે ?
૫ ક્રિયાવિશેષણ એટલે શું ? અને તેને કઈ વિભક્તિ થાય ?
૬ ઇત્ એટલે શું ? અને ड् ઇત્ નું ફળ શું ?

## પ્રકરણ ૫ મું નામપદ.

### પાઠ ૩૭ મો.

#### इકારાન્ત અને उ કારાન્ત પુંલિંગ નામો

પ્રત્યયો

| | | | |
|---|---|---|---|
| स् | औ | अस् | પ્ર. સં. |
| म् | औ | अस् | |
| ना | भ्याम् | भिस् | |
| ए | भ्याम् | भ्यस् | |
| अस् | भ्याम् | भ्यस् | |
| अस् | ओस् | नाम् | |
| औ ( डौ ) | ओस् | सु | |

मुनि (પું.) નાં રૂપો

| | | |
|---|---|---|
| मुनिः | मुनी | मुनयः |
| मुनिम् | मुनी | मुनीन् |
| मुनिना | मुनिभ्याम् | मुनिभिः |
| मुनये | मुनिभ्याम् | मुनिभ्यः |
| मुनेः | मुनिभ्याम् | मुनिभ्यः |
| मुनेः | मुन्योः | मुनीनाम् |
| [1]मुनौ | मुन्योः | मुनिषु |
| हे मुने ! | हे मुनी ! | हे मुनयः ! |

૧ मुनि + औ ( डौ ) – પા. ૩૬. નિ. ૨ થી मुनौ । भानौ ।

## भानु (પું.) નાં રૂપો

| | | |
|---|---|---|
| भानुः | भानू | भानवः |
| भानुम् | भानू | भानून् |
| भानुना | भानुभ्याम् | भानुभिः |
| भानवे | भानुभ्याम् | भानुभ्यः |
| भानोः | भानुभ्याम् | भानुभ्यः |
| भानोः | भान्वोः | भानूनाम् |
| [1]भानौ | भान्वोः | भानुषु |
| भानो ! | भानू ! | भानवः ! |

१ इકારાન્ત અને उકારાન્ત નામોના અન્ત્ય इ અને उ નો પ્રથમા દ્વિતીયાના **औ** પ્રત્યય સહિત દીર્ઘ **ई** અને **ऊ** થાય છે. **मुनि + औ = मुनि । भानू ।**

२ પ્રથમાનો **अस्** પ્રત્યય પર છતાં इકારાન્ત અને उકારાન્ત નામોના અન્ત્ય इ અને उ નો અનુક્રમે **ए** અને **ओ** થાય છે.
**मुनि + अस् – मुने + अस् = मुनयः । भानवः ।**

३ ચતુર્થીનો **ए** અને પંચમી ષષ્ઠીનો **अस्** પ્રત્યય પર છતાં इકારાન્ત અને उકારાન્ત નામોના અન્ત્ય इ અને उ નો અનુક્રમે **ए** અને **ओ** થાય છે.

**मुनि + ए – मुने + ए = मुनये । भानवे ।**

**मुनि + अस् – मुने + अस् –**

**भानु + अस् – भानो + अस् –**

४ **ए** અને **ओ** પછી પંચમી ષષ્ઠીના **अस्** નો **र्** થાય છે. **मुने + र् = मुनेः २ । भानोः २ ।**

૫ **સંબોધન**માં હ્રસ્વસ્વરાન્તનામોના અન્ત્ય સ્વરનો **स्** પ્રત્યય સહિત ગુણ થાય છે. **हे मुने ! । हे भानो ! ।**

## त्रि નાં પુંલિંગ રૂપો

**त्रयः । त्रीन् । त्रिभिः । त्रिभ्यः २ । त्रयाणाम् । त्रिषु ।**

૬ ષષ્ઠી બહુવચનમાં **त्रि** નો **त्रय** થાય છે. **त्रयाणाम् ।**

૭ **र्** પછી **र्** આવે તો, પૂર્વનો **र्** લોપાય છે અને તેની પૂર્વે રહેલા **अ, इ** અને **उ** દીર્ઘ થાય છે. **पुनर् + रिपुः = पुना रिपुः । इन्दुर् + राजते = इन्दू राजते ।**

## इકારાન્ત પુંલિંગ નામો

| | |
|---|---|
| **असि** તલવાર | **नृपति** રાજા |
| **कपि** વાંદરો | **पाणि** હાથ |
| **कवि** કવિ | **मुनि** મુનિ |
| **गिरि** પર્વત | **शान्ति** શાન્તિનાથ ભગવાન |

## उકારાન્ત પુંલિંગ નામો

| | |
|---|---|
| **इन्दु** ચંદ્ર | **रिपु** શત્રુ |
| **गुरु** ગુરુ | **वायु** વાયુ |
| **तरु** ઝાડ | **विष्णु** વિષ્ણુ, કૃષ્ણ |
| **पशु** પશુ | **शत्रु** શત્રુ |
| **भानु** સૂર્ય | **शिशु** નાનું બાળક |
| **मृत्यु** મરણ | **साधु** સાધુ, સજ્જન |

## इकारान्त અને उकारान्त વિશેષણો

| | |
|---|---|
| **त्रि** (સંખ્યા) ત્રણ | **बहु** બહુ, ઘણું |
| **सुरभि** સુગંધિ | **मृदु** નરમ, પોચું, કોમળ |

## ધાતુઓ

| | |
|---|---|
| **अव + गम्** જાણવું | **भज्** ગ. ૧. ઉ. ભજવું, સેવવું |

## શબ્દો

| | |
|---|---|
| **उदय** પું. ઉદય | **माया** સ્ત્રી. માયા, કપટ |
| **एकत्र** અ. એક ઠેકાણે | **मौक्तिक** ન. મોતી |
| **कुङ्कुम** ન. કુંકુમ, કંકુ | **वचन** ન. વચન |
| **गन्ध** પું. ગંધ | **वज्र** પું. વજ્ર, ઇન્દ્રનું હથિયાર |
| **चित्त** ન. ચિત્ત, મન | **वात** પું. પવન |
| **दुर्जन** પું. ખરાબ માણસ | **वार्ता** સ્ત્રી. વાત |
| **न्याय** પું. ન્યાય | **वैष्णव** પું. વિષ્ણુને માનનાર |
| **प्रणत** ( **प्र+नम्+त** ) નમેલું | **शिशिर** પું. શિશિર ઋતુ |
| **पद्म** ન. કમળ | **शीत** વિ. ઠંડુ |
| **पर्जन्य** પું. વરસાદ | **शैल** પું. પર્વત |
| **पादप** પું. વૃક્ષ | **स्थिर** વિ. સ્થિર |
| **माणिक्य** ન. માણેક | **सर्वत्र** અ. સર્વ ઠેકાણે |

## સંસ્કૃત વાક્યો

**नमो नमः शान्तये तस्मै ।**

**लोभः कस्य न मृत्यवे ।**

**गिरौ वर्षति पर्जन्यः ।**

**भानोरुदयेन जना मोदन्ते ।**

**नैकत्र मुनयः स्थिराः ।**

न्यायेन नृपतिः शोभते ।
वायुरयं हरति गन्धं पुष्पाणाम् ।
अयं शिशू रमतेऽतो मह्यं रोचते ।
नृपतिर्भोजः कविभ्यो धनमयच्छत् ।
न रोचतेऽध्ययनमस्मै बालाय ।
इमे बहवो जना अमुष्माद् ग्रामादागताः सन्ति ।
एभ्यस्तां वार्तामवगच्छामि ।
अमीषां त्रयाणामप्याचार्याणां पादानहं प्रणतोऽस्मि ।
चन्दनस्य गन्धः सुरभिः ।
कुङ्कुमस्य स्पर्शो मृदुः ।
शैले शैले न माणिक्यं, मौक्तिकं न गजे गजे ।
साधवो नहि सर्वत्र, चन्दनं न वने वने ॥
पादपानां भयं वातः, पद्मानां शिशिरो भयम् ।
पर्वतानां भयं वज्रः, साधूनां दुर्जनो भयम् ॥
न कश्चित्कस्यचिन्मित्रं, न कश्चित्कस्यचिद्रिपुः ।
कारणेन हि जायन्ते, मित्राणि रिपवस्तथा ॥

## ગુજરાતી વાક્યો

આ સુગંધિ પવન ક્યાંથી આવે છે ?
આ કેદખાનામાં ત્રણ ચોરો છે.
આ ત્રણ યોદ્ધાઓવડે રાજાએ નગરનું રક્ષણ કર્યું.
ઉદ્યાનનો ઠંડો આ વાયુ અમારું ચિત્ત હરે છે.
જૈનો જિનેશ્વરને અને વૈષ્ણવો વિષ્ણુને ભજે છે.
આ વાયુવડે ઝાડો ઉપરથી બધાં પુષ્પો ખરી પડ્યાં.
માણસોમાં માન અને પશુઓમાં માયા હોય છે.
રાજાઓ પણ ગુરુઓનાં વચનો માને છે.

ગુરુઓ રાજાઓને ધર્મનો ઉપદેશ કરે છે.
આ નાના બાળકોને કોઈ કાંઈ આપતું નથી.
પેલાં ફળો આ વાંદરાઓએ ખાધાં.
મારા હાથમાં એક તલવાર છે.

---

## પાઠ ૩૮ મો.

### इકારાન્ત અને उ કારાન્ત નપુંસક નામો

### પ્રત્યયો

| | | | |
|---|---|---|---|
| ० | ई | इ | પ્ર. દ્વિ. સં. |

બાકીના પાઠ ૧૬ પ્રમાણે

૧ નામ્યન્ત નપુંસક નામોને સ્વરાદિ પ્રત્યયોની પૂર્વે न् ઉમેરવામાં આવે છે, પણ **आम्** પ્રત્યયનો **नाम्** આદેશ થાય છે. **वारि + ई – वारि + न् + ई = वारिणी । मधुनी ।**

**वारि (ન.) નાં રૂપો**

| | | |
|---|---|---|
| **वारि** | **वारिणी** | **वारीणि** |
| **वारि** | **वारिणी** | **वारीणि** |
| **वारिणा** | **वारिभ्याम्** | **वारिभिः** |
| **वारिणे** | **वारिभ्याम्** | **वारिभ्यः** |
| **वारिणः** | **वारिभ्याम्** | **वारिभ्यः** |
| **वारिणः** | **वारिणोः** | **वारीणाम्** |
| **वारिणि** | **वारिणोः** | **वारिषु** |
| **वारे ! वारि** | **वारिणी** | **वारीणि** |

### **मधु** (ન.) નાં રૂપો

| | | |
|---|---|---|
| **मधु** | **मधुनी** | **मधूनि** |
| **मधु** | **मधुनी** | **मधूनि** |
| **मधुना** | **मधुभ्याम्** | **मधुभिः** |
| **मधुने** | **मधुभ्याम्** | **मधुभ्यः** |
| **मधुनः** | **मधुभ्याम्** | **मधुभ्यः** |
| **मधुनः** | **मधुनोः** | **मधूनाम्** |
| **मधुनि** | **मधुनोः** | **मधुषु** |
| **मधो ! मधु** | **मधुनी** | **मधूनि** |

**वारीणि, मधूनि** પા. ૪૭ નિ. ૧ થી દીર્ઘ.
**वारि + नाम् = वारीणाम्** પા. ૨૬ નિ. ૧થી દીર્ઘ.

૨ સંબોધન એકવચનમાં નામ્યન્ત નપુંસક નામોના અંત્ય સ્વરનો વિકલ્પે ગુણ થાય છે.

**वारे ! वारि ! । मधो ! मधु ! ।**

૩ અંગ કે સ્વભાવ વગેરેનાં વિશેષણો, અંગ કે સ્વભાવ વગેરે જેના હોય તેની પ્રસિદ્ધિ માટે વપરાતાં હોય તો, તે અંગ કે **સ્વભાવ** વગેરેને **તૃતીયા** વિભક્તિ થાય છે.

**देवदत्तस्य पादः खञ्जः – देवदत्तः पादेन खञ्जः ।**
**नृपतेः स्वभाव उदारः – नृपतिः स्वभावेनोदारः ।**

૪ **तुल्य** અર્થવાળા નામ સાથે જોડાયેલા નામને **તૃતીયા** કે ષષ્ઠી વિભક્તિ થાય છે.

अयं नृपो दाने कर्णेन तुल्यः । कर्णेन समः ।
अयं नृपो दाने कर्णस्य तुल्यः । कर्णस्य समः ।

| | |
|---|---|
| इકારાન્ત નપુંસક નામ | इકારાન્ત વિશેષણ |
| **वारि** પાણી | **शुचि** પવિત્ર, ચોકૂખું |

**उ કારાન્ત પુંલિંગ નામો**

| | |
|---|---|
| **अश्रु** આંસુ | **मधु** મધ |
| **तालु** તાળવું | **वसु** ધન, પૈસા |

**उ કારાન્ત વિશેષણો**

| | |
|---|---|
| **साधु** સારું, શ્રેષ્ઠ | **स्वादु** મધુર, મીઠું |

**ધાતુઓ**

| | |
|---|---|
| **क्षल्** ગ. ૧૦. પ. ધોવું. | **शुष्** ગ. ૪. પ. સૂકાવું |

**શબ્દો**

| | |
|---|---|
| **अनित्य** વિ. અનિત્ય | **धर्मसंग्रह** પું. ( **धर्मस्य संग्रहः** ) ધર્મનો સંગ્રહ |
| **कर्तव्य** વિ. કરવું, કરવા યોગ્ય | **नित्य** વિ. નિત્ય, હંમેશ |
| **खञ्ज** વિ. લંગડું | **प्रदोष** પું. સાંજ |
| **जिह्वाग्र** ( **जिह्वाया अग्रम्** ) જીભની ટોચ | **प्रभात** ન. પ્રભાત, સવાર |
| **तडाग** ન. તળાવ | **भ्रमर** પું. ભમરો |
| **तत्त्व** ન. તત્ત્વ, સારભૂત વસ્તુ | **माधुर्य** ન. મધુરતા |
| **त्रैलोक्य** ન. ત્રણલોક | **रवि** પું. સૂર્ય |
| **दीपक** પું. દીવો | **रमा** સ્ત્રી. લક્ષ્મી, વિષ્ણુની સ્ત્રી |

| | |
|---|---|
| **विभव** પું. ધન, દોલત | **सम** વિ. સરખું |
| **शाश्वत** વિ. શાશ્વત, હંમેશનુ | **समान** વિ. તુલ્ય |
| **सुपुत्र** પું. સારો પુત્ર | **हलाहल** ન. ઝેર |
| **संनिहित** વિ. પાસે રહેલ | **हरि** પું. ઇન્દ્ર, વિષ્ણુ |
| **स्पर्श** પું. સ્પર્શ | **हीन** વિ. હીન, ઓછું |

**સંસ્કૃત વાક્યો**

**मधुभि र्भ्रमरा माद्यन्ति ।**
**वारिणः स्पर्शः शीतः ।**
**मेघो वारि वर्षति ।**
**हरी रमां पश्यति ।**
**मधुनि माधुर्यमस्ति ।**
**वारिभिर्जीवा जीवन्ति ।**
**शुचिने कुलाय स्वस्ति ।**
**ज्ञानेन हीनाः पशुभिः समानाः ।**
**अमुष्मिन्नगरे पुराऽहं न्यवसम् ।**

**एभिः कविभिः काव्यानि स्वादूनि विरच्यन्ते ।**
**मधु तिष्ठति जिह्वाग्रे हृदये तु हलाहलम् ।**
**जगति त्रीणि तत्त्वानि देवो गुरुर्धर्मश्च ।**
**प्रदोषे दीपकश्चन्द्रः, प्रभाते दीपको रविः ।**
**त्रैलोक्ये दीपको धर्मः, सुपुत्रः कुलदीपकः ॥**
**अनित्यानि शरीराणि, विभवो नैव शाश्वतः ।**
**नित्यं संनिहितो मृत्युः, कर्तव्यो धर्मसंग्रहः ॥**

## ગુજરાતી વાક્યો

માણસો ધન ઇચ્છે છે.
ભમરાઓ કમળોમાંથી મધ પીએ છે.
હું જીભવડે તાળવે અડકું છું.
આ તળાવનું પાણી પવિત્ર છે.
આ ઘડામાંથી પાણી ઝમે છે.
પાણી વડે મેં મારા હાથ ને પગ ધોયા.
આ બગીચાના આ ત્રણ વૃક્ષો ઉપર ઘણાં ફળો દેખાય છે.
સૂર્યના તાપવડે તળાવનું આ પાણી સૂકાય છે.
આ ગામમાં મારા ત્રણ મિત્રો હતા.
આ તળાવમાં ઘણા કમળો છે.
આ બાળકની બન્નેય આંખોમાંથી આંસુઓ વહે છે.

---

## પાઠ ૩૯ મો.

### હ્રસ્વ इकारान्त અને उ કારાન્ત તથા દીર્ઘ ईકારાન્ત (ङी પ્રત્યયાન્ત) અને ऊકારાન્ત સ્ત્રીલિંગ નામો

### પ્રત્યયો

| | | | |
|---|---|---|---|
| स् | औ | अस् | પ્ર. સં. |
| म् | औ | अस् | |
| आ | भ्याम् | भिस् | |
| ऐ | भ्याम् | भ्यस् | |
| आस् | भ्याम् | भ्यस् | |
| आस् | ओस् | नाम् | |
| आम् | ओस् | सु | |

હ્રસ્વ **इ** કારાન્ત અને **उ** કારાન્ત સ્ત્રીલિંગ નામોના ચતુર્થી પંચમી ષષ્ઠી અને સપ્તમી એકવચનના પ્રત્યયો વિકલ્પે હ્રસ્વ **इ** કારાન્ત **उ** કારાન્ત પુંલિંગ નામોના જેવા પણ થાય છે.

હ્રસ્વ **इ** કારાન્ત અને **उ** કારાન્ત સ્ત્રીલિંગ નામોને હ્રસ્વ **इ** કારાન્ત અને **उ** કારાન્ત પુંલિંગ નામોના પાઠ. ૩૭, ૧થી ૫ નિયમો લાગે છે.

## मति (સ્ત્રી.) નાં રૂપો

| | | |
|---|---|---|
| मतिः | मती | मतयः |
| मतिम् | मती | मतीः |
| मत्या | मतिभ्याम् | मतिभिः |
| मत्यै, मतये | मतिभ्याम् | मतिभ्यः |
| मत्याः, मतेः | मतिभ्याम् | मतिभ्यः |
| मत्याः, मतेः | मत्योः | मतीनाम् |
| मत्याम्, मतौ | मत्योः | मतिषु |
| मते ! | मती ! | मतयः ! |

## धेनु (સ્ત્રી.) નાં રૂપો

| | | |
|---|---|---|
| धेनुः | धेनू | धेनवः |
| धेनुम् | धेनू | धेनूः |
| धेन्वा | धेनुभ्याम् | धेनुभिः |
| धेन्वै, धेनवे | धेनुभ्याम् | धेनुभ्यः |
| धेन्वाः, धेनोः | धेनुभ्याम् | धेनुभ्यः |
| धेन्वाः, धेनोः | धेन्वोः | धेनूनाम् |
| धेन्वाम्, धेनौ | धेन्वोः | धेनुषु |
| धेनो ! | धेनू ! | धेनवः ! |

દીર્ઘ ઈકારાન્ત (ङी પ્રત્યયાન્ત) સ્ત્રીલિંગ નામોમાં પ્રથમા એક વચનનો પ્રત્યય '0' છે.

### नदी (સ્ત્રી.) નાં રૂપો

| | | |
|---|---|---|
| नदी | नद्यौ | नद्यः |
| नदीम् | नद्यौ | नदीः |
| नद्या | नदीभ्याम् | नदीभिः |
| नद्यै | नदीभ्याम् | नदीभ्यः |
| नद्याः | नदीभ्याम् | नदीभ्यः |
| नद्याः | नद्योः | नदीनाम् |
| नद्याम् | नद्योः | नदीषु |
| नदि | नद्यौ | नद्यः |

### वधू (સ્ત્રી.) નાં રૂપો

| | | |
|---|---|---|
| वधूः | वध्वौ | वध्वः |
| वधूम् | वध्वौ | वधूः |
| वध्वा | वधूभ्याम् | वधूभिः |
| वध्वै | वधूभ्याम् | वधूभ्यः |
| वध्वाः | वधूभ्याम् | वधूभ्यः |
| वध्वाः | वध्वोः | वधूनाम् |
| वध्वाम् | वध्वोः | वधूषु |
| वधु | वध्वौ | वध्वः |

૧ સંબોધનમાં દીર્ઘ **ई**કારાન્ત અને **ऊ**કારાન્ત સ્ત્રીલિંગ નામોનો અન્ત્ય સ્વર **स्** પ્રત્યય સહિત હ્રસ્વ થાય છે.

**नदी + स् = हे नदि !। वधू + स् = हे वधु !।**

૨ સ્વર પછી તરત જ **उ** કારાન્ત વર્ણ આવેલો હોય, એવા (**खरु** સિવાયના) **उ** કારાન્ત ગુણવાચક વિશેષણોને સ્ત્રી-લિંગમાં **ई** (**ङी**) પ્રત્યય વિકલ્પે થાય છે. **साध्वी, साधुः चन्दना । बह्वी, बहुः मृद् । पाण्डुः भूमिः** અહીં **ई** નહીં થાય.

### **इ**કારાન્ત-**उ** કારાન્ત સ્ત્રીલિંગ નામો

| | |
|---|---|
| **ऋद्धि** વૈભવ | **मुक्ति** મોક્ષ |
| **औषधि** ઔષધિ | **रात्रि** રાત |
| **कीर्ति** કીર્તિ | **रीति** રીત, રીવાજ |
| **दुर्गति** ખરાબ ગતિ | **वृष्टि** વરસાદ |
| **भूमि** ભૂમિ, પૃથ્વી | **शक्ति** શક્તિ, બળ |
| **मति** બુદ્ધિ | **धेनु** ગાય |

### **ई**કારાન્ત-**ऊ**કારાન્ત સ્ત્રીલિંગ નામો

| | |
|---|---|
| **दासी** દાસી | **महिषी** પટરાણી |
| **देवी** દેવી | **वापी** વાવ |
| **नदी** નદી | **श्वश्रू** સાસુ |
| **नारी** નારી, સ્ત્રી | **सरयू** તે નામની નદી |
| **भगिनी** બહેન | **वधू** વહુ |

## શબ્દો

**अधुना** અ. હમણાં
**अन्यत्र** અ. બીજે ઠેકાણે
**अम्बु** ન. પાણી
**इषु** પું. બાણ
**ऋषभ** પું. ઋષભદેવ ભગવાન, પહેલા તીર્થંકર
**किम्** અ. શું, શા માટે
**कृपण** વિ. લોભી
**क्रिया** સ્ત્રી. ક્રિયા
**खरु** વિ. ખરું, કઠણ, સફેદ
**खल** વિ. ખરાબ, દુર્જન
**गोप** પું. ગોવાળ
**गृहीत्वा** સં. ભૂ. કૃ. ગ્રહણ કરીને
**जलनिधि** પું. સમુદ્ર
**जात ( जन्+त )** ભૂ. કૃ. જન્મેલું, જન્મ્યું, થયું
**तीर** ન. તીર, કાંઠો
**दिवा** અ. દિવસે
**देवता** સ્ત્રી. દેવતા
**नल** પું. નળરાજા
**निधि** પું. ભંડાર
**पर** સ. બીજુ
**परिपीडन** ન. દુઃખ
**पाण्डु** વિ. પીળુ, ફીક્કુ
**प्रवहण** ન. વહાણ
**मेरु** પું. મેરુ પર્વત
**रथ्या** સ્ત્રી. શેરી, રસ્તો
**लोक** પું. લોક, જગત
**विपरीत** વિ. ઊલટું
**विवाद** પું. ઝઘડો
**वृथा** અ. ફોગટ
**शत्रु** પું. શત્રુ
**शान्ता** સ્ત્રી. રામની બહેન

## ધાતુઓ

**तृप्** ગ. ૪. પ. ખુશ થવું, તૃપ્ત થવું.
**ध्यै ( ध्याय् )** ગ. ૧. પ. ધ્યાન કરવું.
**प्र + सृ** ગ. ૧. પ. પ્રસરવું, ફેલાવું

## સંસ્કૃત વાક્યો

**गोपो धेनूर्ग्रामं नयति ।**
**वाप्या गृहीत्वाम्बु नयन्ति वध्वः ।**
**अमूषामौषधीनां लताः किं पश्यसि ? ।**

★ कृपणस्यर्द्धया परे सुखमनुभवन्ति ।
रामः स्वस्यै भगिन्यै शान्तायै बहु धनमयच्छत् ।
अमूभी रथ्याभी रथोनृपतेर्गतः ।
अमुष्यै साध्व्यै चन्दनाया आर्यायै नमो नमः ।
यत्र नार्यस्तु पूज्यन्ते, रमन्ते तत्र देवताः ।
अनया रीत्याऽहमिषुभिः शत्रुमजयम् ।
अयोध्या नगरी सरय्वास्तीरे भवति ।
"यूयं वयं" वयं यूयं", इत्यासीन्मतिरावयोः ।
किं जातमधुना येन, "यूयं यूयं" "वयं वयम्" ॥
वृथा वृष्टिः समुद्रेषु, वृथा तृप्तस्य भोजनम् ।
वृथा दानं समर्थस्य, वृथा दीपो दिवाऽपि च ॥
विद्या विवादाय धनं मदाय, शक्तिः परेषां परिपीडनाय ।
खलस्य साधोर्विपरीतमेतज्, ज्ञानाय दानाय च रक्षणाय ॥

ગુજરાતી વાક્યો

કવિઓનાં કાવ્યો તેમની કીર્તિ માટે થાય છે.
મુનિ જ્ઞાન અને ક્રિયાવડે મુક્તિ મેળવે છે.
મુનિઓ રાત્રિમાં શ્રી મહાવીરનું ધ્યાન ધરે છે.
ધર્મ માણસને દુર્ગતિથી બચાવે છે.
સરલા ઋષભદેવને વંદન કરે છે.
આ નદીનું પાણી બહુ મીઠું છે.
વહુઓ સાસૂઓને વિનયથી નમે છે.
સૂતેલી દમયંતીને છોડીને નળરાજા બીજે ચાલ્યો ગયો.

---

★ कृपणस्य + ऋद्धया = कृपणस्यर्द्धया પા. ૧૫.
નિ. ૨ થી अ + ऋ બન્ને મળીને अर् થયો છે.

ઘણા દેવો અને દેવીઓ સાથે ઇન્દ્રો મેરુ ઉપર આવ્યા.
હે દાસી ! પટરાણી મહેલમાં છે, કે નથી ?
આ નદીમાંથી આ વહાણ સમુદ્રમાં જાય છે.
સમુદ્ર ઘણી નદીઓના પાણીનો ભંડાર છે.
આ ધારાનગરીમાં પૂર્વે ઘણાં કવિઓ હતાં.
આ ફૂલોની માળાઓ પટરાણી માટે લઈ જાઉં છું.
સજ્જનોની કીર્તિ ત્રણેય લોકમાં પ્રસરે છે.

---

## પાઠ ૪૦ મો.

### વર્તમાન કૃદન્ત.

૧ વર્તમાન કાળમાં પરસ્મૈપદી ધાતુને **अत् ( शतृ )** અને આત્મનેપદી ધાતુને **आन ( आनश् )** પ્રત્યય લાગીને **વર્તમાન કૃદન્ત** બને છે.

### કર્તરિ વર્તમાન કૃદન્ત

**गम् + अत्** –
પા. ૨. નિ. ૨ થી **अ** + વિકરણ, **गम् + अ + अत्**–
પા. ૧૪. નિ. ૧ થી **गच्छ् + अ + अत्**–
પા. ૪. નિ. ૧ **गच्छत् । नृत्यत् । विशत् । चोरयत् ।**
**ईक्ष् + अ + आन**–

૨ **आन** પ્રત્યયની પૂર્વે **अ** હોય, તો તે **अ**ની પછી **म्** ઉમેરાય છે.
**ईक्षमाणः । वृत्–वर्तमानः । अनुरुध्यमानः ।**
**चन्द्रमीक्षमाणाश्चकोरा मोदन्ते ।**
ચંદ્રને જોતા ચકોર પક્ષીઓ આનંદ પામે છે.

## કર્મણિ વર્તમાન કૃદન્ત

પા. ૩૦. નિ. ૪. ૫. ૬ થી **गम्+य+म्+आन=गम्यमान ।**
**पुष्यमाण । विश्यमान ।**
પા. ૩૦ નિ. ૭ થી **चोर्यमाण ।**
**सङ्घेन गम्यमानं नगरं दूरमस्ति ।**
સંઘવડે જવાતું નગર દૂર છે.

## ભાવે વર્તમાન કૃદન્ત

પા. ૩૦. નિ. ૪. ૫. ૬ થી **प्र + काश् + य + म् + आन =**
**प्रकाश्यमान । चन्द्रेण प्रकाश्यमानमस्ति ।**
ચંદ્ર વડે પ્રકાશાતું છે. (પ્રકાશાય છે.)

**अत् ( शतृ ) પ્રત્યયાન્ત વર્તમાન કૃદંતનાં રૂપો**

## પ્રત્યયો

વ્યંજનાન્ત નામોના પ્રત્યયો પ્રમાણે. પા. ૩૪.

૩ પુંલિંગ અને સ્ત્રીલિંગમાં વિભક્તિના પહેલા પાંચ પ્રત્યયો **घुट्** કહેવાય છે.

૪ નપુંસકલિંગમાં પ્રથમા અને દ્વિતીયાના બહુવચનનો **इ** પ્રત્યય **घुट्** કહેવાય છે.

૫ **घुट्** પ્રત્યયો પર છતાં, [1]**ऋ** અને **उ** ઇત્‌વાળા નામોના છેલ્લા વ્યંજનની પૂર્વે **न्** ઉમેરાય છે. **गच्छत्** + ० (પ્ર. એ. વ.) – **गच्छन्त्** –

---

૧ વર્તમાન કૃદંતનો **अत् ( शतृ )** પ્રત્યય, કર્તરિભૂત કૃદન્તનો **तवत्( क्तवतु )**પ્રત્યય, તદ્ધિતનો **मत्( मतु )**પ્રત્યય અને **ईयस् ( ईयसु )** પ્રત્યય, તથા **महत् ( महतृ )** વિશેષણ અને **भवत् ( भवतु )** સર્વનામ, આ નામો **ऋ** અને **उ** ઇત્‌વાળાં છે.

૬ પદને અન્તે વ્યંજનનો સંયોગ હોય તો સંયોગના અન્ત્ય વ્યંજનનો લોપ થાય છે. **गच्छन्** ।

### પુંલિંગ રૂપો

| | | | |
|---|---|---|---|
| **गच्छन्** | **गच्छन्तौ** | **गच्छन्तः** | પ્ર. દ્વિ. સં. |
| **गच्छन्तम्** | **गच्छन्तौ** | **गच्छतः** | |
| **गच्छता** | **गच्छद्भ्याम्** | **गच्छद्भिः** | |
| **गच्छते** | **गच्छद्भ्याम्** | **गच्छद्भ्यः** | |
| **गच्छतः** | **गच्छद्भ्याम्** | **गच्छद्भ्यः** | |
| **गच्छतः** | **गच्छतोः** | **गच्छताम्** | |
| **गच्छति** | **गच्छतोः** | **गच्छत्सु** | |

૭ **ऋ** અને **उ** ઇત્‌વાળા નામોને **સ્ત્રીલિંગમાં ई ( ङी )** પ્રત્યય લાગે છે. **गच्छत् + ई –**

૮ સ્ત્રીલિંગનો **ई** પ્રત્યય તેમજ નપુંસકલિંગ દ્વિવચનનો **ई** પ્રત્યય પર છતાં –

(**अ**) **अ** અને **य** વિકરણ પછી રહેલા **अत्** પ્રત્યયનો **अन्त्** થાય છે. **गच्छन्ती । चोरयन्ती । नृत्यन्ती ।**

(**आ**) છઠા ગણના **अ** વિકરણ પછી રહેલા **अत्** પ્રત્યયનો વિકલ્પે **अन्त्** થાય છે. **विशन्ती-विशती ।**

### સ્ત્રીલિંગ રૂપો

**गच्छन्ती** **गच्छन्त्यौ** **गच्छन्त्यः**

વગેરે **नदी** પ્રમાણે

### નપુંસકલિંગ રૂપો

**गच्छत्, द्** **गच्छन्ती** **गच्छन्ति** પ્ર. દ્વિ. સં.

બાકીનાં પુંલિંગ પ્રમાણે

**गच्छन्ति** રૂપમાં-નિ. ૫ થી **न्** ઉમેરાયો છે.

**अस्** ગણ, ૨. નું કર્તરિ વર્તમાન કૃદંત **सत्** થાય છે. **सत्**- છતું. **सत्** શબ્દ, સારું કે પૂજ્ય એવા અર્થમાં પણ વપરાય છે.

| | | | | |
|---|---|---|---|---|
| પું. | **सन्** | **सन्तौ** | **सन्तः** | **गच्छत्** પ્રમાણે |
| સ્ત્રી. | **सती** | **सत्यौ** | **सत्यः** | **नदी** પ્રમાણે |
| ન. | **सत्, द्** | **सती** | **सन्ति** | પ્ર.દ્વિ.સં. |

બાકીનાં પુંલિંગ પ્રમાણે

૯ જેની ક્રિયા, અન્યની ક્રિયાને ઓળખાવતી હોય-જણાવતી હોય, તે નામને **સપ્તમી** વિભક્તિ થાય છે, આ વિભક્તિને **સતી સપ્તમી** કહે છે.

**वर्षति मेघे चौरा आगताः ।**

વરસાદ વરસતે છતે, ચોરો આવ્યા હતા.

(જ્યારે વરસાદ વરસતો હતો, ત્યારે ચોરો આવ્યા હતા)

મેઘની વરસવાની ક્રિયા, ચોરોની આવવાની ક્રિયાને જણાવે છે, માટે **मेघ** શબ્દને **સપ્તમી** વિભક્તિ થઈ છે, તેમજ **वर्षत्** કૃદંતને પણ મેઘ નું વિશેષણ હોવાથી સપ્તમી થઈ છે. વરસતા મેહમાં ચોરો આવ્યા હતા.

૧૦ સતિ સપ્તમી વિભક્તિ થવાને પ્રસંગે જો વાક્યમાં અનાદર જણાતો હોય તો **ષષ્ઠી** વિભક્તિ પણ થાય છે.

**नन्दः पशव इव हताः पश्यतो राक्षसस्य ।**

રાક્ષસ નામના મંત્રિના દેખતાં છતાં (મંત્રિને ગણકાર્યા વિના) પશુઓની માફક નંદો રેંસી નંખાયા.

**अग्नि** પું. અગ્નિ
**अशुभ** વિ. (**न शुभम्**) અશુભ
**आघ्रातुम्** હે. કૃ. સુંઘવાને
**आनन्द** પું. આનંદ
**इव** અ. જેમ
**उद्गत** વિ. ઉગેલ
**कानन** ન. જંગલ
**काल** પું. સમય, વખત
**केतकीगन्ध** પું.
(**केतक्याः गन्धः**)
કેતકીનો ગંધ
**चन्द्रकान्त** પું. ચંદ્રકાન્તમણિ
**चित्तरञ्जन** ન.
(**चित्तस्य रञ्जनम्**)
ચિત્તનું રંજન
**चेत्** અ. જો
**जननी** સ્ત્રી. માતા
**दिन** પું. દિવસ
**दीप** પું. દીવો
**दुष्पुत्र** પું. ખરાબ પુત્ર
**दूर** ન. વિ. દૂર, છેટે
**दृष्ट** (**दृश् + त**)
**नष्ट** (**नश् + त**)
**नाथ** પું. નાથ, ધણી
**नीच** વિ. નીચ, હલકું
**पतङ्ग** પું. સૂર્ય
**पताका** સ્ત્રી. ધજા
**पुण्डरीक** ન. કમળ
**पूजित** (**पूज् + त**)
પૂજાએલ
**प्रजा** સ્ત્રી. પ્રજા, રૈયત
**फल** ન. ફળ, કાર્ય
**भद्र** ન. કલ્યાણ
**मूल** ન. મૂળ
**वह्नि** પું. અગ્નિ
**शुष्कवृक्ष** પું.
(**शुष्कश्चासौ वृक्षश्च**)
સુકું ઝાડ
**षट्पद** પું. ભમરો
**सङ्ग** પું. સોબત
**स्वयम्** અ. પોતે, જાતે
**हत** ભૂ. કૃ. હણ્યું, હણેલું
**हिमरश्मि** પું. ચંદ્ર

## ધાતુઓ

**अप + ईक्ष्** ગ. ૧. આ. અપેક્ષા રાખવી, ઇચ્છા રાખવી
**उप + विश्** ગ. ૬. પ. બેસવું
**उद् + गम्** ગ. ૧. પ. ઉગવું, ઉંચે જવું.
**कस्** ગ. ૧. પ. ખીલવું **वि** + વિકસવું, ખીલવું.
**गै ( गाय् )** ગ. ૧. પ. ગાવું.
**द्रु** ગ. ૧. પ. ભીંજવું, ઝરવું.
**रट्** ગ. ૧. પ. રડવું, રટવું.
**वि + सम् + वद्** ગ. ૧. પ. વિપરીત થવું. નિષ્ફળ થવું, વિપરીત બોલવું.

## સંસ્કૃત વાક્યો

**नगरं प्रविशती मित्रे युष्माकं मुदे कथं न भूते ?**
**सतीं सीतां रामो वनेऽत्यजत् ।**
**उपाये सति कर्तव्यं सर्वेषां चित्तरञ्जनम् ।**
**पताकाभि र्भूष्यमाणे जिनप्रासादे गायन्त्यो रममाणाश्च-बाला जनकेन दृष्टाः ।**
**देवेनानुभूयमानाय सुखाय नृपो नित्यं स्पृहयति ।**
**अस्मिन्कासारे प्रभूतैः कमलै र्भूयमानमस्ति ।**
**नाथे कुतस्त्वय्यशुभं प्रजानाम् ।**
**यस्मिञ्जीवति जीवन्ति बहवः, सोऽत्र जीवति ।**
**पूजितैः पूज्यमानो हि केन केन न पूज्यते ?**
**विकसति हि पतङ्गस्योदये पुण्डरीकम्;**
**द्रवति च हिमरश्मावुद्‌गते चन्द्रकान्तः ।**
**न भवति, भवति च न चिरं, भवति चिरं चेत्, फले विसंवदति ।**
**कोपः सत्पुरुषाणां, तुल्यः स्नेहेन नीचानाम् ॥**

**गुणाः सर्वत्र पूज्यन्ते, दूरेऽपि वसतां सताम् ।**
**केतकीगन्धमाघ्रातुं स्वयं गच्छन्ति षट्पदाः ॥**
**एकेन शुष्कवृक्षेण दह्यमानेन वह्निना ।**
**दह्यते काननं सर्वं, दुष्पुत्रेण कुलं यथा ॥**

### ગુજરાતી વાક્યો

મેઘ વરસતે છતે મોરો નાચે છે.
દીવો હોતે છતે કોણ અગ્નિની અપેક્ષા રાખે છે ?
મહેલમાં પ્રવેશ કરતી રાણીઓને જોતો રાજા ઉભો છે.
વખત જતાં તેનો શોક શાન્ત થયો.
દિવસો જતાં રતિલાલ પંડિત થયો.
વેલડીનું મૂળ નષ્ટ થયે છતે પાંદડાં સૂકાય છે.
ગુરુ ઊભા છતાં શિષ્ય બેસે છે.
જીવતો માણસ કલ્યાણ જુએ છે.
સજ્જનોનો સજ્જનોની સાથે સંગ પુણ્યથી જ થાય છે.
ગામ જતી માતાને જોતી બાળા રડે છે.
તમારા ઘરે આવતાં મને આનંદ થાય છે.
વનમાં ચરતી ગાયોએ તળાવમાં પાણી પીતો વાઘ જોયો.
આ રસ્તે ચાલતાં લોકોનું ધન ચોરો ચોરતા નથી.
દોડતા ઘોડા ઉપરથી તે પડી ગયો.
ચોરો વડે ચોરાતાં ઘરેણાં અમે મેળવ્યાં.
લોકોને પીડા કરતા માણસોને રાજા દંડે છે અને મારે છે.

---

### અભ્યાસ ૭

૧ **મૃદુ** વિ. અને વ. કૃ. નાં ત્રણે લિંગે રૂપો બોલો.
૨ સંધિ કરો,. **मौने मुनिः रमते ।**
૩ સતિ સપ્તમીના દાખલા આપો.
૪ વ. કૃ. નાં કર્તરિ કર્મણિ વાક્યો બનાવો.

## પ્રકરણ ૬ ઠ્ઠું ક્રિયાપદ

### પાઠ ૪૧ મો.

### વિધ્યર્થ. સપ્તમી વિભક્તિ

પરસ્મૈપદ

| | | | |
|---|---|---|---|
| ૧ | इयम् | इव | इम |
| २ | इस् | इतम् | इत |
| ૩ | इत् | इताम् | इयुस् |

આત્મનેપદ

| | | | |
|---|---|---|---|
| ૧ | ईय | ईवहि | ईमहि |
| २ | ईथास् | ईयाथाम् | ईध्वम् |
| ૩ | ईत | ईयाताम् | ईरन् |

કર્તરિ રૂપો

नम् + अ + इयम्

| | | | |
|---|---|---|---|
| | नमेयम् | नमेव | नमेम |
| | नमेः | नमेतम् | नमेत |
| | नमेत् | नमेताम् | नमेयुः |
| अस् ગ.૨. | स्याम् | स्याव | स्याम |
| | स्याः | स्यातम् | स्यात |
| | स्यात् | स्याताम् | स्युः |

| | | | |
|---|---|---|---|
| **भाष् –** | **भाषेय** | **भाषेवहि** | **भाषेमहि** |
| | **भाषेथाः** | **भाषेयाथाम्** | **भाषेध्वम्** |
| | **भाषेत** | **भाषेयाताम्** | **भाषेरन्** |

**કર્મણિ રૂપો**

| | | | |
|---|---|---|---|
| **नम् –** | **नम्येय** | **नम्येवहि** | **नम्येमहि** |
| | **नम्येथाः** | **नम्येयाथाम्** | **नम्येध्वम्** |
| | **नम्येत** | **नम्येयाताम्** | **नम्येरन्** |
| **भाष् –** | **भाष्येय** | **भाष्येवहि** | **भाष्येमहि** |
| | **भाष्येथाः** | **भाष्येयाथाम्** | **भाष्येध्वम्** |
| | **भाष्येत** | **भाष्येयाताम्** | **भाष्येरन्** |

૧ વિધિ-અર્થ (વિધ્યર્થ) તેમજ બીજા કેટલાક અર્થો જણાવવા ધાતુને **સપ્તમી** વિભક્તિના પ્રત્યયો લગાડાય છે.

વિધિ- ક્રિયા કરવામાં પ્રેરણા કરવી, ક્રિયા કરવા કહેવું,

ઉપદેશ આપવો, તે. **जना धर्ममाचरेयुः ।**
માણસોએ ધર્મ કરવો જોઈએ. માણસો ધર્મ કરે.

સંપ્રશ્ન- નિર્ણય કરવા માટે પ્રશ્ન કરવો-વિચાર કરવો, તે.

**किं भो ! व्याकरणं शिक्षेयोत सिद्धान्तम् ।**
અરે ! શું હું વ્યાકરણ ભણું ? કે સિદ્ધાન્ત ભણું ?

પ્રાર્થન- પ્રાર્થના કરવી, ઇચ્છા બતાવવી, આશા બતાવવી, તે.

**गुरो ! व्याकरणं पठेयम् ।** હે ગુરુજી ! હું વ્યાકરણ ભણું.

૨ એક વાક્ય હેતુ-કારણ બતાવતું હોય અને બીજું વાક્ય ફળ-કાર્ય બતાવતું હોય, ત્યારે ભવિષ્યકાળમાં ધાતુને સપ્તમી વિભક્તિના પ્રત્યયો વિકલ્પે લાગે છે.

**यदि धर्ममाचरेस्तर्हि स्वर्गं गच्छेः ।**

જો તું ધર્મ કરે તો સ્વર્ગમાં જાય.
(જો તું ધર્મ કરીશ તો સ્વર્ગે જઈશ.)

૩ શક્તિને વિષે સંભાવના કરવી-સંભવ બતાવવો હોય, ત્યારે ધાતુને **સપ્તમી** વિભક્તિના પ્રત્યયો લાગે છે.

**अपि लालचन्द्रो व्याकरणं पठेत् ।**

લાલચંદ વ્યાકરણ ભણે પણ.

**अपि समुद्रं बाहुभ्यां तरेत् ।**

કદાચ તે સમુદ્રને બે હાથ વડે તરે.

૪ પદાન્તે રહેલા વર્ગના ત્રીજા વ્યંજન પછી **ह्** આવે તો, **ह्** ને ઠેકાણે, **ह्** ની પૂર્વના વ્યંજનના વર્ગનો ચોથો વ્યંજન વિકલ્પે થાય છે. **उद् + हरति = उद्धरति – उद्हरति ।**

## ધાતુઓ

**आ + चर्** આચરવું, કરવું
**उद् + हृ** ઉદ્ધાર કરવો,
ઉદ્ધરવું, કાઢવું, લેવું

**तप्** ગ. ૧. પ. તપવું
**मन्** ગ. ૪. આ. માનવું

**मूल्** ગ. ૧૦. પ. રોપવું, વાવવું
**उद्** + ઉખેડવું
**वर्ज्** ગ. ૧૦. પ. વર્જવું, છોડવું
**परि** + વર્જવું
**शिक्ष्** ગ. ૧. આ. શીખવું
**सम्** + સારી રીતે જોવું

## શબ્દો

**अथ** અ. હવે
**अति** અ. ઘણું, હદબહાર
**अत्यय** પું. નાશ.
**अर्थकृच्छ्र** ન. ( **अर्थस्य कृच्छ्रम्** ) પૈસાનું દુઃખ
**अपि** અ. પણ, સંભવ અર્થમાં
**असमीक्ष्य ( न समीक्ष्य )**
**असार ( न सारम् )** ખરાબ
**आयतन** ન. સ્થાન
**उत** અ. અથવા, કે
**कण्टक** પું. કાંટો
**कृत** વિ. કરેલું
**जीवनीय** ન. પાણી
**तप्त** ભૂ.કૃ. તપેલું, ગરમ થયેલું
**तर्हि** અ. તો
**तीक्ष्ण** વિ. તીખું, બારીક
**देश** પું. દેશ
**पथ्य** વિ. હિતકારક
**प्रहरण** ન. હથીયાર
**प्रसन्न** વિ. રાજી, ખુશી થયેલું
**पूर्व** સ. પૂર્વે, પહેલું
**प्राज्ञ** પું. ડાહ્યો માણસ
**फलदायक** વિ. ( **फलस्य दायकः** ) ફલને આપનાર.
**बाहु** પું. હાથ
**भोस्**[1] અ. હે.
**यदि** અ. જો.
**वसति** સ્ત્રી. રહેઠાણ, ઉપાશ્રય
**विद्यागम** પું. ( **विद्याया आगमः** ) વિદ્યાની પ્રાપ્તિ
**वृत्ति** સ્ત્રી. આજીવિકા
**व्यथाकर** વિ. પીડા કરનાર
**व्याधि** પું. રોગ
**सकल** વિ. સમગ્ર, બધું
**सार** વિ. સારું, શ્રેષ્ઠ
**सुखार्थ** પું. ( **सुखस्य अर्थः** ) સુખનો હેતુ
**सुन्दर** વિ. સારું, મનપસંદ
**संमान** પું. સારું માન

---

૧ આ શબ્દના **स्** નો પા. ૩ નિ. ૧ થી **र्** થશે, ઘોષવાન્ વ્યંજન તેમજ સ્વર પર છતાં તે **र्** નો લોપ થાય છે. **भो जनाः । भो अत्र ।**

## સંસ્કૃત વાક્યો

अ सारात्सारमुद्धरेत् ।
अति सर्वत्र वर्जयेत् ।
अहं पापं नाचरेयम् ।
भो देवदत्त ! आवां द्वौ शत्रुञ्जयं गच्छेव ।
प्राणानामत्ययेऽपि धर्मो न त्यज्येत ।
देवदत्तस्य व्याधिर्नश्येद्यदि स पथ्यं सेवेत ।
जनाः सुखमनुभवेयुर्यद्यधर्मं नाचरेयुः ।
अत्र मुनीनां वसतिं गच्छेम ।
अपि देवदत्तो व्यापारेण बहु धनं लभेत ।
कृतो हि संग्रहो लोके काले स्यात्फलदायकः ।
प्रहरेद् बाहुना को हि तीक्ष्णे प्रहरणे सति ! ।
एकाऽपि हि हरेच्चित्तं किं पुनः सकलाः कलाः ? ।
विनाऽप्यन्नेन जीव्येत, जीवनीयं विना न तु ।
यस्य प्रसन्नो नृपतिः तस्य कः स्यान्न सेवकः !
न मुह्येदर्थ-कृच्छ्रेषु न च धर्मं परित्यजेत् ।
किमप्यस्ति स्वभावेन सुन्दरं वाप्यसुन्दरम् ।
यदेव रोचते यस्मै भवेत्तत्तस्य सुन्दरम् ॥
यस्मिन्देशे न संमानो, न वृत्ति र्न च बान्धवः ।
न च विद्यागमः कश्चित्, तं देशं परिवर्जयेत् ॥
शत्रुमुन्मूलयेत्प्राज्ञस्तीक्ष्णं तीक्ष्णेन शत्रुणा ।
व्यथाकरं सुखार्थाय, कण्टकेनेव कण्टकम् ॥
गच्छत्येकेन पादेन, तिष्ठत्येकेन पण्डितः ।
ना-ऽ-समीक्ष्य परं स्थानं, पूर्वमायतनं त्यजेत् ॥

## ગુજરાતી વાક્યો

માણસ સાચું બોલે.
રાજા પ્રજાનું રક્ષણ કરે.
શિષ્યોએ ગુરુને વંદન કરવું.
હે વિદ્યાર્થીઓ ! તમારે સવારમાં ભણવું,
જો તમારા વડે સુખ તજાય તો વિદ્યા મેળવાય.
જો રાજાવડે પ્રજા પળાય તો પ્રજા વડે રાજાની આજ્ઞા મનાય.
જો માણસો ધર્મ કરે, તો સુખ મેળવે.
આપણે અહીં ઉદ્યાનમાં બેસીએ.
અરે ! શું, હું રાજાને સેવું કે ઈશ્વરને ભજું ?
હે માણસો ! સદાચાર પાળવો જોઈએ અને લોભ તજવો જોઈએ
અહીં ઝાડની છાયામાં બેસીને આપણે વીસામો લઈએ.
આજે રાત્રે વરસાદ વરસે પણ.
જો હું સાચું બોલું તો રાજાવડે કેદખાનામાંથી મૂકાઉં.
"હવે હું અધર્મ નહિં કરું," એ પ્રમાણે તે રાજાએ-ધર્માચાર્યને+કહ્યું
હવે તમારા વડે ધનનો લોભ તજાવો જોઈએ.
રાજાઓ બ્રાહ્મણોને ગાયો આપે છે.
ચંદ્ર આકાશમાં પ્રકાશે.
કદાચ રામ, રાવણ સાથે યુદ્ધ કરે.
અગ્નિવડે તપેલું સોનું ઓગળી જાય છે. (દ્રુ)
માટીના ઘડા થાય છે અને સોનાના અલંકારો થાય છે.

---

+ ચતુર્થી વાપરો.

## પાઠ ૪૨ મો.

### આજ્ઞાર્થ. પંચમી વિભક્તિ

પરસ્મૈપદ

| | | |
|---|---|---|
| आनि | आव | आम |
| ० | तम् | त |
| तु | ताम् | अन्तु |

આત્મનેપદ

| | | |
|---|---|---|
| ऐ | आवहै | आमहै |
| स्व | इथाम् | ध्वम् |
| ताम् | इताम् | अन्ताम् |

કર્તરિ રૂપો

| | | | |
|---|---|---|---|
| गम् – | गच्छानि | गच्छाव | गच्छाम |
| | गच्छ | गच्छतम् | गच्छत |
| | गच्छतु | गच्छताम् | गच्छन्तु |
| अस् ग.२. | असानि | असाव | असाम |
| | एधि | स्तम् | स्त |
| | अस्तु | स्ताम् | सन्तु |
| भाष् – | भाषै | भाषावहै | भाषामहै |
| | भाषस्व | भाषेथाम् | भाषध्वम् |
| | भाषताम् | भाषेताम् | भाषन्ताम् |

## કર્મણિ રૂપો

| | | | |
|---|---|---|---|
| **गम् –** | **गम्यै** | **गम्यावहै** | **गम्यामहै** |
| | **गम्यस्व** | **गम्येथाम्** | **गम्यध्वम्** |
| | **गम्यताम्** | **गम्येताम्** | **गम्यन्ताम्** |
| **भाष् –** | **भाष्यै** | **भाष्यावहै** | **भाष्यामहै** |
| | **भाष्यस्व** | **भाष्येथाम्** | **भाष्यध्वम्** |
| | **भाष्यताम्** | **भाष्येताम्** | **भाष्यन्ताम्** |

૧ આજ્ઞા અર્થ (આજ્ઞાર્થ) - આજ્ઞા કરવી હોય ત્યારે, અનુજ્ઞા-અનુમતિ, સંમતિ અથવા રજા આપવી હોય ત્યારે તથા અવસરનો ખ્યાલ આપવો હોય ત્યારે, ધાતુને **પંચમી વિભક્તિના** પ્રત્યયો લગાડાય છે.

**ग्रामं गच्छ** ગામ જા. (આજ્ઞા કે રજા)

**अथ नगरं प्रविश** હવે તું નગરમાં પ્રવેશ કર. (અવસર)

૨ આશીર્વાદ આપવો હોય ત્યારે ધાતુને **આશીઃ** વિભક્તિના અને **પંચમી** વિભક્તિના પણ પ્રત્યયો લાગે છે.

**चिरं जीव** ઘણું જીવ. **चिरं जीवतु** ઘણું જીવો.

૩ આશીર્વાદ અર્થમાં **तु** અને **हि** ૨. પુ. એ. વ. નો વિકલ્પે **तात्** આદેશ થાય છે.

**जीव, जीवतात् । जीवतु, जीवतात् । अस्तु, स्तात् ।**

૪ વિધિ, સંપ્રશ્ન અને પ્રાર્થન આ અર્થોમાં ધાતુને **પંચમી** વિભક્તિના પણ પ્રત્યયો લાગે છે. પાઠ ૪૧. નિ. ૧.

વિધિ – **देवदत्तो ग्रामं गच्छतु ।** દેવદત્ત ગામ જાય.

સંપ્રશ્ન – **किं भो व्याकरणं शिक्षै उत सिद्धान्तम् ?**
અરે ! શું, હું વ્યાકરણ શીખું કે સિદ્ધાન્ત ?

પ્રાર્થન – **व्याकरणं पठानि ।** હું વ્યાકરણ ભણું.

૫ **कृतम्, भवतु, अलम्, किम्** એવા નિષેધાત્મક અવ્યયો જે નામ સાથે જોડાયેલા હોય, તે નામને તૃતીયા વિભક્તિ થાય છે. **कृतं तेन** તેના વડે સર્યું.

## શબ્દો

**अतस्** અ. અહીંથી, આથી
**अपराध** પું. ગુન્હો
**अम्बा** સ્ત્રી. માતા
**आङ्ग्लभाषा** સ્ત્રી. અંગ્રેજી ભાષા
**कौन्तेय** પું. કુન્તીનો પુત્ર, યુધિષ્ઠિર
**गोप** પું. ગોવાળ
**जिनेन्द्र** પું. જિનેશ્વરદેવ
**तृषित** વિ. તરસ્યું
**दीन** વિ. ગરીબ
**दुःखित** વિ. દુઃખી
**निरुज** વિ. રોગ રહિત
**पराङ्मुख** વિ. અવળા મુખવાળું
**पुरस्** અ. આગળ, સામે
**प्रभु** વિ. પ્રભુ, સમર્થ
**मा** અ. નહિ, ન
**यद्** અ. કે
**रूप** ન. વર્ણ, સ્વરૂપ
**वर्धमान** પું. મહાવીરસ્વામિ
**शान्ति** સ્ત્રી. શાન્તિ
**शिव** ન. કલ્યાણ
**समीप** ન. તરફ, પાસે
**सर्वजगत्** ન. સર્વજગત
**क्षुधित** વિ. ભુખ્યું

## ધાતુઓ

**अर्प्** ગ. ૧૦. પ. આપવું
**भृ** ગ. ૧. ઉ. ભરવું, પોષવું
**मृग्** ગ. ૧૦. આ. શોધવું (પા. ૧૩. નિ. ૩ થી **मृगयते**)
**क्षम्** (**क्षाम्**) ગ. ૪. પ. ક્ષમા કરવી, માફ કરવું.

नमोऽस्तु वर्धमानाय ।
शिवमस्तु सर्वजगतः ।
भोः छात्राः ! व्याकरणं पठत ।
बाला देवस्य पुरो नृत्यन्तु ।
रतिलाल ! त्वमसत्यं न वद ।
शत्रवः पराङ्मुखा भवन्तु ।
तृष्णोऽधुना मुञ्च माम् ।
त्वं मम मित्रमेधि ।
पापानि शाम्यन्तु ।
जयन्तु ते जिनेन्द्राः ।
रे रे जनाः ! विनयं न परित्यजत ।
भो देवदत्त ! आसने उपविश, जलं च पिब ।
देवदत्त ! चिरं जीवतात् , विद्यां च लभस्व ।
हे अम्ब[१] ! पुनरपि वयं शत्रुञ्जयं गच्छाम ।
किङ्करा भारं वहत, झटिति चलत ।
किं भोः संस्कृतां भाषां शिक्षामहै उताङ्ग्लभाषाम् ।
युष्माभि र्देवः पूज्यतां तस्य चाज्ञानुरुध्यताम् ।
गुणं पृच्छ, न रूपम्, शीलं कुलं च पृच्छ, न धनम् ।
काले वर्षतु पर्जन्यः सुप्रभूतेन वारिणा ।
दरिद्रान्भर कौन्तेय ! मा यच्छ प्रभवे धनम् ।
व्याधितस्यौषधं पथ्यं, नीरुजस्य किमौषधैः ॥

---

૧ બે સ્વરવાળા, માતા અર્થવાળા **आ (आप्)** પ્રત્યયાન્ત નામોનો અન્ત્ય સ્વર **સંબોધનમાં स्** પ્રત્યય સહિત હ્રસ્વ થાય છે. **हे अम्ब ! हे अक्क !** (**अक्का** - સ્ત્રી. માતા.)

## ગુજરાતી વાક્યો

દેવદત્ત અહીંથી જા, ઉભો ન રહે.
માણસો ! સત્ય બોલો, લોભ તજો.
ભૂખ્યાને અન્ન આપો અને તરસ્યાને પાણી આપો.
જો કીર્તિને ઇચ્છો છો, તો ગરીબોની આપત્તિને હરો.
છાત્રોવડે વિદ્યા મેળવાય.
હું દેવાલયમાં જાઉં અને દેવને પૂજુ.
સર્વત્ર માણસો શાન્તિ મેળવે.
આપણાવડે શત્રુઓના પણ અપરાધ માફ કરાય.
તમને ધર્મનો લાભ થાઓ.
હે માણસો ! સત્ય શોધો.
તમે ધર્મ કરો, પાપ ન કરો.
તમારાવડે વિદ્યાર્થીઓને પુસ્તકો અપાઓ.
હું સંસાર (રૂપ) કેદખાનામાંથી મુક્ત થાઉં.
અરે નોકરો ! તમે આ વૃક્ષોને પાણીવડે સિંચો.
હે પુત્ર ! તું સાધુ થા અને ઘણી વિદ્યા મેળવ.
અરે ! તું રાજા પાસે જા અને જઈ ને રાજાને કહે, કે-
આ પાંજરામાંથી પક્ષિઓને છોડી દો.
પૈસાના લોભથી પણ મારાવડે અસત્ય કહેવાય નહિ.
આ માટીના ઘડાઓને ઘરે લઈ જાઓ.
ગોવાળ ગાયોને ગામમાં લઈ જાય.
આવો, આપણે અહીં ઉદ્યાનમાં બેસીએ.
દિનેશ ! હવે તું ભણ, રમ નહિં.

---

### અભ્યાસ ૮

૧ ક્યા ક્યા અર્થોમાં, **સપ્તમી** (વિધ્યર્થ) અને **પંચમી** (આજ્ઞાર્થ) આ બન્ને વિભક્તિઓ થાય છે.

## પ્રકરણ ૭ મું

# સમાસ કૃદન્ત અને તદ્ધિત.

## પાઠ ૪૩ મો. સમાસ

### દ્વન્દ્વ અને તત્પુરુષ

સમાસ એટલે શું ?

૧ નામ (પદ) પોતાની સાથે સંબંધ ધરાવતા બીજા નામ (પદ) સાથે જોડાઈને સંક્ષેપ માટે **એકપદ** બને છે, તે **સમાસ** કહેવાય છે.

૨ સમાસના મુખ્ય ચાર પ્રકાર છે.
**બહુવ્રીહિ અવ્યયીભાવ તત્પુરુષ** અને **દ્વન્દ્વ.**

૩ એકી સાથે બોલતી વખતે, અને (**च**) અવ્યયથી જોડાએલા નામો સમાસ પામે છે, તે દ્વન્દ્વ સમાસ કહેવાય છે.

| વિગ્રહ | સમાસ |
|---|---|
| **रामश्च लक्ष्मणश्च** | **रामलक्ष्मणौ*** । |
| રામ અને લક્ષ્મણ | રામલક્ષ્મણ |

૪ બહુવ્રીહિ અને અવ્યયીભાવ સમાસથી ભિન્ન-જુદા પ્રકારનો **તત્પુરુષ** સમાસ હોય છે. તત્પુરુષ સમાસ અનેક પ્રકારનો છે.

૫ ઘણાખરા ષષ્ઠ્યન્ત નામ પોતાની સાથે સંબંધ ધરાવતા બીજા નામ સાથે સમાસ પામે છે, તે ષષ્ઠી તત્પુરુષ સમાસ કહેવાય છે.

| | |
|---|---|
| **गङ्गायाः जलम्** | **गङ्गाजलम्** । |
| ગંગાનું પાણી. | ગંગાજળ |

★ અનેક પદોનું જ્યારે એકપદ બને છે, ત્યારે તે દરેક પદોને લાગેલા વિભક્તિના પ્રત્યયોનો લોપ થાય છે અને પછી સમસ્ત એક નામને વિભક્તિના પ્રત્યયો લાગે છે. જેમકે –
**रामश्च लक्ष्मणश्च – रामलक्ष्मण + औ = रामलक्ष्मणौ ।**

૬ **न ( नञ् )** અવ્યય, બીજા નામ સાથે સમાસ પામે છે, તે **नञ् तत्पुरुष** સમાસ કહેવાય છે.

૭ **न ( नञ् )** નો વ્યંજનાદિ ઉત્તરપદ પર છતાં **अ** થાય છે.
પૂર્વપદ ઉત્તરપદ
**न** **धर्मः** = **अधर्मः** પાપ

૮ સ્વરાદિ ઉત્તરપદ પર છતાં, **न ( नञ् )** નો **अन्** થાય છે.
**न** **अर्थः** = **अनर्थः** અનર્થ, દુઃખ

૯ એક સરખી વિભક્તિમાં રહેલું વિશેષણ નામ, પોતાના વિશેષ્ય નામ સાથે સમાસ પામે છે, તે કર્મધારય તત્પુરુષ સમાસ કહેવાય છે.
**श्वेतश्चासौ पटश्च** = **श्वेतपटः** સફેદ કપડું.

## ધાતુઓ

**वाञ्छ्** ગ. ૧. પ. વાંછવું, ઇચ્છવું
**ह्वे ( ह्वय् )** ગ. ૧. ઉ. બોલાવવું **आ** + બોલાવવું.

## શબ્દો

**अभ्यास** પું. અભ્યાસ, ટેવ
**जीर्ण** વિ. જીર્ણ, જરી ગયેલ
**तरुणी** સ્ત્રી. જુવાન સ્ત્રી
**द्वार** ન. બારણું, દરવાજો
**नीर** ન. પાણી
**पर** સ. બીજું, પછીનું
**प्लवङ्ग** પું. વાંદરો
**भुजङ्ग** પું. સર્પ
**भृङ्ग** પું. ભમરો
**भेद** પું. ભેદ, જુદાપણું
**मध्य** પું. ન. વચ્ચે
**मैत्री** સ્ત્રી. મિત્રતા, સ્નેહ
**मोघ** વિ. નિષ્ફળ
**मौन** ન. મૌનપણું
**वर** ન. પું. સારું, શ્રેષ્ઠ
**विभाग** પું. જુદું કરવું તે
**विभूति** સ્ત્રી. વૈભવ
**विहङ्ग** પું. પક્ષી
**वै** અ. પાદપૂર્તિ માટે વપરાય છે.
**शाखा** સ્ત્રી. શાખા, ડાળ
**स्वप्न** ન. સ્વપ્ન
**क्षीर** ન. દૂધ

## સંસ્કૃત વાક્યો

विनये शिष्य-परीक्षा ।
अ-मोघं देव-दर्शनम् ।
परोपकारः पुण्याय पापाय पर-पीडनम् ।
क्रोधो मूलमनर्थानां क्रोधः संसार-बन्धनम् ।
स्वप्नेऽपि न स्व-देहस्य सुखं वाञ्छन्ति साधवः ।
हंसः शुक्लो बकः शुक्लः को भेदो बक-हंसयोः ।
नीर-क्षीर-विभागे तु हंसो हंसो बको बकः ॥
विदेशेषु धनं विद्या, व्यसनेषु धनं मतिः ।
पर-लोके धनं विद्या, व्यसनेषु धनं मतिः ॥
काक आह्वयते काकान् याचको न तु याचकान् ।
काक-याचकयो र्मध्ये वरं काको न याचकः ॥
ययोरेव समं वित्तं ययोरेव समं कुलम् ।
तयो मैत्री विवाहश्च नोत्तमाधमयोः पुनः ॥
अनभ्यासे विषं विद्या अ-जीर्णे भोजनं विषम् ।
विषं सभा दरिद्रस्य वृद्धस्य तरुणी विषम् ॥
मूलं भुजङ्गैः शिखरं प्लवङ्गैः शाखा विहङ्गैः कुसुमं च भृङ्गैः ।
श्रितं सदा चन्दन-पादपस्य, परोपकाराय सतां विभूतयः ॥

## ગુજરાતી વાક્યો

ઉત્તમ માણસો ધર્મને છોડતા નથી.
નદીને કાંઠે ઝાડો હોય છે.
ઘરના દ્વારમાં તે ઉભો છે.
દેવ અને ગુરુ પૂજ્ય છે.
હાથી ઘોડા અને બળદો પાણી પીને ગયા.
પંડિતોની સભા વચ્ચે, પંડિત ન હોય તેમણે, મૌન ભજવું.
સુખ અને દુઃખ આવે છે અને જાય છે.

## પાઠ ૪૪ મો. સમાસ

### બહુવ્રીહિ અને અવ્યયીભાવ

૧ એક સરખી વિભક્તિમાં રહેલ નામ, બીજા નામ સાથે સમાસ પામે છે અને જે અન્ય પદનું વિશેષણ બને છે, તે **બહુવ્રીહિ** સમાસ કહેવાય છે. બહુવ્રીહિ સમાસના વિગ્રહમાં અન્ય પદ **यत्** સર્વનામને તે તે અર્થમાં દ્વિતીયાથી માંડીને દરેક વિભક્તિઓ લાગે છે.

**श्वेतम् अम्बरं यस्य स श्वेताम्बरो मुनिः ।**

ધોળું કપડું છે જેનું તે શ્વેતાંબર મુનિ.

**श्वेतम् अम्बरं येषां ते श्वेताम्बरा मुनयः ।**

ધોળા કપડાવાળા મુનિઓ.

**लम्बौ कर्णौ यस्य स लम्बकर्णो रासभः ।**

**बहु ज्ञानं यस्याः सा बहुज्ञाना चन्दना ।**

**नञ्** બહુવ્રીહિ –

**न विद्यन्ते चौराः यस्मिन् स अचौरो ग्रामः ।**

નથી ચોરો જેમાં તે ચોર વિનાનું ગામ.

**नास्ति अन्तः यस्य तद् अनन्तं ज्ञानम् ।**

૨ તૃતીયાન્તનામની સાથે **सह** અવ્યય સમાસ પામે છે, તે સહાર્થ **બહુવ્રીહિ સમાસ** કહેવાય છે.

૩ બહુવ્રીહિ સમાસમાં **सह** અવ્યયનો વિકલ્પે **स** થાય છે.

| | |
|---|---|
| **पुत्रेण सह गतः** | **सपुत्रः, सहपुत्रः गतः ।** |
| **शोकेन सह वर्तते** | **सशोकः, सहशोकः ।** |

૪ જુદા જુદા અર્થમાં રહેલ અવ્યય, બીજા નામ સાથે **પૂર્વપદની** મુખ્યતાએ **નિત્ય** સમાસ પામે છે, તે **અવ્યયીભાવ** સમાસ કહેવાય છે.

**वनस्य समीपम्** = **उपवनम्** વનની સમીપ

**रथस्य पश्चात्** = **अनुरथम्** રથની પાછળ

૫ **અ**કારાન્ત અવ્યયીભાવ સમાસના વિભક્તિના પંચમી સિવાયના પ્રત્યયોનો **अम्** આદેશ થાય છે. **उपवनम्**। પંચમીમાં **उपवनात्**।

**ધાતુઓ**

**रुष्** ગ. ૪. પ. રોષ કરવો, ગુસ્સો કરવો.

**लुप्** ગ. ૪. પ. લોપાઈ જવું, મુંઝાઈ જવું.

**विद्** ગ. ૪. આ. વિદ્યમાન હોવું, હોવું.

**શબ્દો**

**अन्त** પું. અંત, છેડો

**अम्बर** ન. આકાશ, કપડું

**इव** અ. જેવું, જેમ

**एकदा** અ. એકવખત

**कुटुम्बक** ન. કુટુંબ

**चरित** ન. સ્વભાવ, વર્તન

**तुष्ट ( तुष् + त )**

**द्रष्टुम् ( दृश् + तुम् )**

**पत्तन** ન. પાટણ, મોટું શહેર

**प्रसाद** પું. મહેરબાની

**मत्त ( मद् + त )**

**रासभ** પું. ગધેડો

**रुष्ट ( रुष् + त )**

**लुप्त ( लुप् + त )**

**वसुधा** સ્ત્રી. પૃથ્વી

**वसुन्धरा** સ્ત્રી. પૃથ્વી

**वह्नि** પું. અગ્નિ

**विघ्न** પું. વિઘ્ન, અંતરાય

**वीत** વિ. ગયેલું

**क्षम** વિ. સમર્થ

**સંસ્કૃત વાક્યો**

**बहुरत्ना वसुन्धरा ।**

**वैराग्यमेवाभयम् ।**

**राम-रावणयोर्युद्धं राम-रावणयोरिव ।**

**अशोकोऽहं सशोकां त्वां द्रष्टुं न क्षमः ।**

**उदारचरितानां तु वसुधैव कुटुम्बकम् ।**

**बहुविघ्नो मुहूर्तोऽयं ।**

एकदाऽपि सती लुप्त-शीला स्यादसती सदा ।
क्षणे रुष्टः क्षणे तुष्टः, रुष्टः तुष्टः क्षणे क्षणे ।
अ-व्यवस्थित-चित्तानां, प्रसादोऽपि भयंकरः ॥
वृक्ष-शाखा तत्पुरुषः, श्वेताश्वः कर्मधारयः ।
रक्त-वस्त्रो बहुव्रीहि, द्वन्द्वश्चन्द्र-दिवाकरौ ॥

### ગુજરાતી વાક્યો

પર્વતની સમીપમાં નદી વહે છે.
એ નદી સ્વાદુજળવાળી છે.
જેમાં ભય નથી તેવા, આ માર્ગો છે.
પ્રિયદર્શન પુત્ર સાથે પાટણ આવ્યો છે.
ગયેલો છે રાગ જેમાંથી તેવા, શ્રી મહાવીર અમારા નાથ છે.
રામની પાછળ સીતા જાય છે.
આ માણસ જ્ઞાન વિનાનો છે.
નળ દમયન્તી વનમાં રખડ્યાં.
પ્રભુ મહાવીરનું જ્ઞાન અનંતુ હતું.
મત્ત (મસ્ત) છે હાથીઓ જેમાં એવું આ વન છે.
જેમાં ભય નથી તેવા, આ રાજ્યમાં લોકો સુખેથી રહે છે.

---

## પાઠ ૪૫ મો. કૃદન્ત

### अत् ( अतु ) અંતવાળાં નામો.

### કર્તરિ ભૂતકૃદન્ત

૧ ધાતુને ભૂતકાળમાં કર્તરિ પ્રયોગમાં तवत् ( क्तवतु ) પ્રત્ય
લાગીને કર્તરિ ભૂતકૃદન્ત બને છે. नीतवत् । गम्-गतवत्
"જવું" અર્થવાળા ધાતુઓને અને "અકર્મક" ધાતુઓને त
પ્રત્યય લાગીને પણ કર્તરિભૂતકૃદન્ત થાય છે. પા.૩૩.નિ.૯
कूर्मः समुद्रं सृतः । दिवसो भूतः ।

**अत् ( अतु )** અંતવાળાં નામોનાં રૂપો.

## પ્રત્યયો

## પાઠ ૩૪ પ્રમાણે

કર્તરિભૂતકૃદન્તનો **तवत् ( क्तवतु )** પ્રત્યય, તદ્ધિતનો **मत्** **(मतु)** પ્રત્યય અને **भवत् ( भवतु )** સર્વનામ, આ નામો **अत्** **(अतु)** અંતવાળાં છે.

૨ નામને અંતે રહેલા **अत् (अतु)** નો **अ** સ્વર **પુંલિંગ** પ્રથમા એકવચનમાં **દીર્ઘ** થાય છે, પણ સંબોધનમાં દીર્ઘ થતો નથી.

**नीतवत्** + ० (પ્ર. એ. વ.) - **नीतवात्** + ० - પા. ૪૦ નિ. ૫ થી **नीतवान्त्** પા. ૪૦ નિ. ૬ થી **नीतवान्** ।

એ પ્રમાણે **भवत्** નું **भवान्** ।

### પુંલિંગ રૂપો

| | | | |
|---|---|---|---|
| **नीतवान्** | **नीतवन्तौ** | **नीतवन्तः** | પ્ર. |
| **नीतवन्** | **नीतवन्तौ** | **नीतवन्तः** | સં. |

### भवत् સર્વનામ

| | | | |
|---|---|---|---|
| **भवान्** | **भवन्तौ** | **भवन्तः** | પ્ર. |
| **भवन्** | **भवन्तौ** | **भवन्तः** | સં. |

**नीतवत्** કર્તરિભૂતકૃદંત અને **भवत्** સર્વનામનાં પુંલિંગ રૂપો, કર્તરિ વર્તમાન કૃદંત **गच्छत्** નાં પુંલિંગ રૂપો જેવાં છે, ફક્ત પ્રથમા એકવચનમાં **नीतवान्** અને **भवान्** દીર્ઘ થાય છે, એટલો જ તફાવત છે.

### નપુંસક લિંગ રૂપો

| | | | |
|---|---|---|---|
| **नीतवत्,द्** | **नीतवती** | **नीतवन्ति** | પ્ર. દ્વિ. સં. |

બાકીનાં પુંલિંગ પ્રમાણે

### સ્ત્રીલિંગ -

**नीतवती** તથા **भवती** પા. ૪૦ નિ. ૭ થી **ई** પ્રત્યય.

### રૂપો - नदी પ્રમાણે

**गोपो धेनूरण्यं नीतवान् ।**
ગોવાળ ગાયોને જંગલમાં લઈ ગયો.

**बाला वाप्या जलं घटेन गृहं नीतवत्यः ।**
બાળાઓ વાવડીમાંથી પાણીને ઘડાવડે ઘરે લઈ ગઈ.

**मित्रमश्वं ग्रामं नीतवत् ।** મિત્ર ઘોડાને ગામ લઈ ગયો.

### કૃત્ય (વિધ્યર્થ) કૃદન્ત

૩ **तव्य अनीय** અને **य** આ પ્રત્યયો **કૃત્ય** કહેવાય છે.

૪ સકર્મક ધાતુને કર્મણિ પ્રયોગમાં અને અકર્મક ધાતુને ભાવે પ્રયોગમાં કૃત્ય પ્રત્યયો લાગીને કૃત્ય (વિધ્યર્થ) કૃદન્ત બને છે.
**कथ्यते इति कथनीयः कथनीया कथनीयम्** કહેવાય, તે.
**स्थीयते (स्था.** ભાવે. પ્ર.) **इति स्थातव्यम्** રહેવું, તે.

૫ કર્તા ક્રિયા કરવાને શક્તિશાળી હોય અથવા યોગ્ય હોય, ત્યારે ધાતુને કૃત્ય પ્રત્યયો અને વિધ્યર્થ-સપ્તમી વિભક્તિના પણ પ્રત્યયો લાગે છે.

**त्वयाऽयं भारो वहनीयः ।**
તારા વડે આ ભાર ઉપાડી શકાય તેમ છે.

**त्वममुं भारं वहेथाः ।** તું આ ભાર વહન કર.

**त्वया व्याकरणं पठनीयम् ।**
તારા વડે વ્યાકરણ ભણવા યોગ્ય છે.

**त्वं व्याकरणं पठेः ।** તું વ્યાકરણ ભણ.

૬ આજ્ઞા, અનુજ્ઞા અને અવસર આ અર્થોમાં ધાતુને કૃત્ય પ્રત્યયો પણ લાગે છે. પા. ૪૨. નિ. ૧.

**त्वयाऽत्र स्थातव्यम्** । તારે અહીં રહેવું.

**त्वयाऽतो गन्तव्यम्** । તારે અહીંથી જવું.

**अथ त्वयोद्याने गन्तव्यम्** । હવે તારાવડે ઉદ્યાનમાં જવાય.

૭ સમુદાયમાંથી એકને તદ્દન જુદું પાડ્યા વિના (વિભાગ કર્યા વિના) **જાતિ ગુણ** વગેરેની મુખ્યતાએ બુદ્ધિથી જુદું કરવું (નિર્ધારવું) હોય ત્યારે પંચમીને બદલે **ષષ્ઠી** કે **સપ્તમી** વિભક્તિ થાય છે. આ વિભક્તિને **નિર્ધારણ ષષ્ઠી** કે **નિર્ધારણ સપ્તમી** કહેવાય છે.

**क्षत्रियो नराणां नरेषु वा शूरः** । ક્ષત્રિય, માણસોમાં શૂરવીર છે. અહીં **क्षत्रिय** અને **नर** તદ્દન જુદા પડતા નથી. કેમકે **ક્ષત્રિય** એ **નર** છે.

**चैत्रान्मैत्रः पटुः** ।આવા ઉદાહરણોમાં અપાદાન પંચમી થાય, અહીં **चैत्र** અને **मैत्र** તદ્દન જુદા પડે છે. કેમકે **मैत्र** એ **ચૈત્ર** નથી.

### ધાતુઓ

**दीप्** ગ. ૪. આ. દીપવું, સળગવું.
**प्र + वृत्** ગ. ૧. આ. પ્રવર્તવું.
**श्लाघ्** ગ. ૧. આ. વખાણવું.

### શબ્દો

**अन्तिम** વિ. છેલ્લું
**अन्य** સ. બીજું
**अलंकृत** વિ. શણગારેલું, શોભિત
**अवश्यम्** અ. જરૂર, નિશ્ચે
**आदि** પું. શરૂઆત, વગેરે
**आद्य** વિ. પહેલું
**कथयितुम्** ( **कथ् + तुम्** )
**खलु** અ. નિશ્ચે
**गन्तव्य ( गम् + तव्य )**
**नायक** પું. નાયક, ધણી
**नूनम्** અ. નિશ્ચે
**परिहर्तव्य ( परि + हृ + तव्य )** તજવાયોગ્ય
**प्रतिक्रिया** સ્ત્રી. ઉપાય, ઇલાજ

भवत् ( भवतु ) स. આપ
भूषित ( भूष् + त ) સ્ત્રી.
युक्त વિ. યોગ્ય
योग्य વિ. યોગ્ય, લાયક
राशि પું. સમૂહ, ઢગલો
वारिद પું. વરસાદ
विपद् સ્ત્રી. વિપત્તિ, દુઃખ
श्रेष्ठ વિ. શ્રેષ્ઠ, મુખ્ય
सिद्धसेन પું. તે નામના એક મહાકવિ, મહાન્ જૈનાચાર્ય

## સંસ્કૃત વાક્યો

न धर्मात् परमं मित्रम् ।
भवतोऽयं प्रासादः, रमणीयदर्शनः खलु ।
भवद्भ्यः स्वस्ति भवतु ! ।
देवि ! भवत्याः कल्याणं स्तात् ।
भवति गतवति, अस्माकं मरणमेव शरणम् ।
बाला उद्यानात्पुष्पाणि देवालयं नीतवत्यः ।
गुणेन स्पृहणीयः स्यान्न रूपेण दुर्जनः ।
अ-नायके न वस्तव्यं, न वसेद् बहुनायके ।
अजात-मृत-मूर्खाणां वरमाद्यौ न चान्तिमः ।
कन्या ह्यवश्यं दातव्या ।
यस्मिन्कुले यः पुरुषः प्रधानः, सदैव यत्नेन स रक्षणीयः ।
यस्योदयः स वन्द्यो, यथा हीन्दु र्यथा रविः ।
सेव्यस्य सेवावसरः पुण्येनैव हि लभ्यते ।
पुष्पेषु चम्पा नगरीषु लङ्का, नदीषु गङ्गा, च नृपेषु रामः ।
चिन्तनीया हि विपदामादावेव प्रतिक्रिया ।
न कूप-खननं युक्तं, प्रदीप्ते वह्निना गृहे ॥
दुर्जनः परिहर्तव्यो, विद्ययाऽलंकृतोऽपि सन् ।
मणिना भूषितः सर्पः, किमसौ न भयंकरः ? ॥
त्याग एको गुणः श्लाघ्यः, किमन्यै र्गुण-राशिभिः ।
त्यागाज्जगति पूज्यन्ते, नूनं वारिद-पादपाः ॥

### ગુજરાતી વાક્યો

આપવડે રાજ્યનો ભાર **ઉપાડી શકાય** તેમ છે.
આપ સર્વવડે આ ઋષિ **પૂજવા યોગ્ય** છે.
આપના રાજ્યમાં સર્વત્ર શાન્તિ પ્રવર્તો.
હાલમાં આ ગ્રન્થો નથી **મળી શકતા.**
તમે ક્યાં ગયા હતા ?
રતિલાલ કરતાં શાન્તિલાલ હોંશિયાર છે.
રામ રાવણને જીતી શકે.
આ બે શિષ્યો યોગ્ય છે, તેઓ સિદ્ધાન્ત ભણે.
અમે દાસીઓ આપની આજ્ઞા કહેવાને રાજાજી પાસે ગઈ હતી.
આ રાજાના ત્રણ પ્રધાનોમાં આ બે પ્રધાનો શ્રેષ્ઠ છે.
કવિઓમાં સિદ્ધસેન મુખ્ય છે.

---

## પાઠ ૪૬ મો. તદ્ધિત

### ईयस् અને मत् અંતવાળાં નામો

૧ સમાસ કરતાંયે વધારે સંક્ષેપ કરવા માટે નામને જુદા જુદા અર્થોમાં **अण्** વગેરે જે પ્રત્યયો લાગે છે, **તે તદ્ધિત** પ્રત્યયો કહેવાય છે.

**जनानां समूहः, जनता** માણસોનો સમૂહ. **ता ( तल् )** પ્ર.

૨ "પ્રકૃષ્ટ" (ખૂબ, અતિશય) એવા અર્થમાં નામથી **तम ( तमप् )** પ્રત્યય થાય છે.

**सर्वे इमे शुक्लाः, अयमेषां प्रकृष्टः शुक्लः, शुक्लतमः ।**
આ સર્વે ધોળા છે, આ એમનામાં ખૂબ ધોળો છે.
**शुक्लतमः**- ખૂબ ધોળો, અતિશય ધોળો.

૩ "બેમાં પ્રકૃષ્ટ" એવા અર્થમાં તથા 'વિભજ્ય (વિભાગ કરવા લાયક" પ્રકૃષ્ટ "એવા અર્થમાં નામથી **तर ( तरप् )** પ્રત્યય થાય છે.

**द्वाविमौ पटू , अयमनयोः प्रकृष्टः पटुः , पटुतरः ।**

આ બે હોંશિયાર છે, આ, આ બેમાં વધારે હોંશિયાર છે,

**पटुतरः**– વધારે હોંશિયાર, અધિક હોંશિયાર.

**चैत्रान्मैत्रः पटुतरः ।** ("વિભજ્ય પ્રકૃષ્ટ" અર્થ)

ચૈત્રથી મૈત્ર વધારે હોંશિયાર છે.

**ब्राह्मणेभ्यः क्षत्रियाः शूरतराः ।**

૪ ગુણવાચકશબ્દ દ્રવ્યનું વિશેષણ થાય, ત્યારે તે શબ્દથી **तम** અને **तर** ના અર્થમાં અનુક્રમે **इष्ठ** અને **ईयस् ( ईयसु )** પ્રત્યય વિકલ્પે થાય છે.

**पटु + इष्ठ = पटिष्ठः**- ખૂબ હોંશિયાર

**पटु + ईयस् = पटीयस्**– વધારે હોંશિયાર. દ્વિ. પા. ૨૨ નિ. ૧૬ થી **उ** નો લોપ.

૫ **इष्ठ** અને **ईयस्** પ્રત્યય પર છતાં **प्रशस्य** નો **श्र** આદેશ થાય છે. **श्रेष्ठः । श्रेयस् ।**

**ईयस् ( ईयसु ) અંતવાળાં નામોનાં રૂપો**

**पटीयस्** + ० (પ્ર. એ. વ.) –

**ईयस्** અંતવાળાં નામોને ઘુટ્ પ્રત્યયો પર છતાં, પા. ૪૦ નિ. ૫ થી **स्** ની પૂર્વે **न्** ઉમેરાય છે **पटीयन्स्** + ० (પ્ર. એ. વ.) –

૬ **न्स्** અંતવાળાં નામો તેમજ **महत्** (**महतृ** વિશેષણ) નો સ્વર **घुट्** પ્રત્યય પર છતાં **दीर्घ** થાય છે, પણ સંબોધન એકવચનમાં દીર્ઘ થતો નથી. **पटीयान्स्** + ० – પા. ૪૦ નિ. ૬ થી **पटीयान् ।** એ પ્રમાણે **महत्** નું **महान् ।**

૭ પદને અંતે હોય નહિ, એવા **म्** અને **न्** નો **शिट्** વ્યંજન અને **ह्** પર છતાં ૦ અનુસ્વાર થાય છે. **पटीयांसौ** ।

પુંલિંગ રૂપો

| | | | |
|---|---|---|---|
| पटीयान् | पटीयांसौ | पटीयांसः | પ્ર. |
| पटीयांसम् | पटीयांसौ | पटीयसः | દ્વિ. |
| पटीयसा | पटीयोभ्याम् | पटीयोभिः | તૃ. |
| पटीयसे | पटीयोभ्याम् | पटीयोभ्यः | ચ. |
| पटीयसः | पटीयोभ्याम् | पटीयोभ्यः | પં. |
| पटीयसः | पटीयसोः | पटीयसाम् | ષ. |
| पटीयसि | पटीयसोः | पटीयःसु / पटीयस्सु | સ. |
| पटीयन् | पटीयांसौ | पटीयांसः | સં. |

**पटीयस् + भ्याम्** – પા. ૩. નિ. ૧. થી **स्** નો **र्** – પા. ૧૮. નિ. ૩ થી **र्** નો **उ** – પા. ૧૫. નિ. ૨ થી **अ** નો **उ** સાથે મળીને **ओ** = **पटीयोभ्याम्** ।

**महत्** નાં પુંલિંગ રૂપો

| | | | |
|---|---|---|---|
| महान् | महान्तौ | महान्तः | પ્ર. |
| महान्तम् | महान्तौ | महतः | દ્વિ. |
| महता | महद्भ्याम् | महद्भिः | તૃ. |
| महते | महद्भ्याम् | महद्भ्यः | ચ. |
| महतः | महद्भ्याम् | महद्भ्यः | પં. |
| महतः | महतोः | महताम् | ષ. |
| महति | महतोः | महत्सु | સ. |
| महन् | महान्तौ | महान्तः | સં. |

## નપુંસકલિંગ રૂપો

| | | | |
|---|---|---|---|
| **पटीयः** | **पटीयसी** | **पटीयांसि** | પ્ર. દ્વિ. સં. |
| **महत्–द्** | **महती** | **महान्ति** | પ્ર. દ્વિ. સં. |

બાકીનાં પુંલિંગ પ્રમાણે

## સ્ત્રીલિંગ રૂપો

**पटीयसी** **नदी** પ્રમાણે

**महती** **नदी** પ્રમાણે

૮ "તે એને છે" અથવા "તે એમાં છે" એવા અર્થમાં પ્રથમાન્ત નામથી **मत्** ( **मतु** ) પ્રત્યય લાગે છે.
**धेनवः सन्ति अस्य धेनुमत् ।**
ગાયો છે એને (જેને) તે **धेनुमत्** – ગાયોવાળો.

૯ નામમાં ઉપાન્ત્ય કે અન્ત્ય **म्** કે **अ** વર્ણ હોય અથવા અંતે પાંચમાં સિવાયનો વર્ગનો કોઈ વ્યંજન હોય, તો **मत्** ના **म्** નો **व्** થાય છે. **वृक्षाः सन्ति अस्मिन् वृक्षवत् ।**
વૃક્ષો છે એમાં (જેમાં) તે, **वृक्षवत्** – વૃક્ષવાળો.
**मत्** અંતવાળાં નામોનાં રૂપો ત્રણેય લિંગમાં **नीतवत्** જેવાં થાય છે.

૧૦ "એની જેમ" ક્રિયા કરવાના અર્થમાં, કોઈ પણ વિભક્તિ અંતે હોય, એવા નામથી **वत्** પ્રત્યય લાગે છે.
**क्षत्रिया इव क्षत्रियवत् । देवमिव देववत् ।**

૧૧ **वत्** પ્રત્યય જેને લાગેલ હોય, તે નામો અવ્યય છે.
**क्षत्रियवद् ब्राह्मणा युध्यन्ते ।**
ક્ષત્રિયની જેમ બ્રાહ્મણો લડે છે.
**देववत् पश्यन्ति मुनिम् ।** દેવની જેમ મુનિને જુએ છે.

૧૨ "ભાવ-પણુ" અર્થમાં નામને **त्व** અને **ता ( तल् )** પ્રત્યય લાગે છે. **त्व** નપુંસક છે અને **ता ( तल् )** સ્ત્રીલિંગ છે.

**देवस्य भावः देवत्वम्** દેવપણું **शुक्लता** ધોળાપણું.

### ધાતુઓ

**उद् + वि + ईक्ष्** ગ. ૧. આ. જોવું.
**क्षि** ગ. ૧. પ. ક્ષય પામવું.
**परि + वृत्** ગ. ૧. આ. ફરવું.

### શબ્દો

**अरि** પું. શત્રુ
**अवस्था** સ્ત્રી. હાલત
**कथंचन** અ. કોઈ પણ રીતે
**कृपालु** વિ. કૃપાવાળું
**क्वचित्** અ. કોઈ વખત
**दार** પું. (બહુવ.) પત્ની, સ્ત્રી
**निवेदित** વિ. નિવેદન કરાયેલું
**पराभव** પું. હાર, અપમાન
**पराभूत** વિ. હારી ગયેલ
**प्रवृत्ति** સ્ત્રી કાર્ય
**प्रशस्य** વિ. પ્રશંસાપાત્ર, સારું
**बन्धु** પું. ભાઇ, સોબતી
**बल** ન. બળ, શક્તિ, લશ્કર
**भार** પું. સમૂહ
**महत् ( महतृ )** વિ. મોટું
**वेग** પું. વેગ, ઉતાવળ
**विहीन** વિ. રહિત
**सर्वदा** અ. હંમેશ
**सुहृद्** પું. મિત્ર
**संपद्** સ્ત્રી. સંપત્તિ
**स्तोक** વિ. થોડું
**क्षीण ( क्षि + त )**

### સંસ્કૃત વાક્યો

**चक्रवत् परिवर्तन्ते दुःखानि च सुखानि च ।**
**पश्यत यूयममी अश्वा वेगवन्तो धावन्ति ।**
**कुस्थानस्य प्रवेशेन गुणवानपि पीड्यते ।**
**कोपः शाम्यति महतां दीने क्षीणे ह्यरावपि ।**
**स्तोकमप्यमृतं श्रेयो भारोऽपि न विषस्य तु ।**
**अभिमानवतां श्रेयान् विदेशो हि पराभवे ।**

परेषामुपकाराय महतां हि प्रवृत्तयः ।
श्रेयांसि बहुविघ्नानि भवन्ति महतामपि ।
कुरूपता शीलतया विराजते, कुभोजनं चोष्णतया विराजते ।
अशुभं वापि शुभं वापि सर्वं हि महतां महत् ।
रिपावपि पराभूते महान्तो हि कृपालवः ।
परदुःखं कृपावन्तः सन्तो नोद्वीक्षितुं क्षमाः ।
धनवान् बलवाल्ँलोके सर्वः सर्वत्र सर्वदा ।
बुद्धिमानयं बालो विनयवतां च श्रेष्ठतमः ।
मतिमतामपि दरिद्रता दृश्यते ।
इमे गोपा धेनुमन्तस्तस्मात्तेषां शरीरं बलवत्तरम् ।
संपदो महतामेव महतामेव चापदः ।
जीविताशा बलवती, धनाशा दुर्बला मम ।
गच्छ वा तिष्ठ वा पान्थ ! स्वावस्था तु निवेदिता ॥
सर्पः क्रूरः खलः क्रूरः, सर्पात्क्रूरतरः खलः ।
मन्त्रेण सान्त्व्यते सर्पः, खलस्तु न कथंचन ॥
त्यजन्ति सर्वेऽपि धनै र्विहीनं, पुत्राश्च दाराश्च सुहृज्जनाश्च ।
तमर्थवन्तं पुनराश्रयन्ते, वित्तं हि लोके पुरुषस्य बन्धुः ॥

### ગુજરાતી વાક્યો

આ રાજાની સેના મોટી છે અને **વધારે બળવાન્** છે.
આ બાળાઓમાં આ બે બાળાઓ **ખૂબ હોંશિયાર** છે.
આ બે બાળકોમાં આ બાળક **વધારે સારો** છે.
આપ મને **પુત્રની જેમ** જુઓ.
સર્વેમાં આપ મને **ઘણાં પ્રિય** છો.
આપને હું **દેવની જેમ** જોઉં છું.
બ્રાહ્મણો કરતાં ક્ષત્રિયો **વધારે શૂરા** હોય છે.
બળવાળાઓ કરતાં બુદ્ધિવાળાઓ **વધારે બળવાન** છે.
વ્યાકરણોમાં આચાર્ય શ્રીહેમચંદ્રનું વ્યાકરણ **સૌથી સારું** છે.

# પ્રકરણ ૮ મું. નામપદ

## પાઠ ૪૭ મો.

### अन् અને इन् અંતવાળાં નામો

### ૧ अन् અંતવાળાં નામો

राजन् + ० (પ્ર. એ. વ.)–

૧ घुट् પ્રત્યયો પર છતાં न् ની પહેલાંનો સ્વર દીર્ઘ થાય છે, પણ સંબોધન એકવચનમાં દીર્ઘ થતો નથી. **राजान्–**

૨ પદને અંતે રહેલા નામના न् નો લોપ થાય છે.

**राजा । राज्ञः पुरुषः राजपुरुषः । राजन् + भ्याम् = राजभ्याम् ।**

૩ સ્વરાદિ અघुट् (घुट् સિવાયના) પ્રત્યયો પર છતાં **अन्** ના **अ** નો લોપ થાય છે. **राजन् + अस् – राज्न् + अस्** – પા. ૩૨ નિ. ૧ થી **राज् – ञ् + अस् = राज्ञः ।**

૪ ન. પ્ર. દ્વિ. દ્વિવચનનો **ई** પ્રત્યય અને સપ્તમીનો **इ**[1] પ્રત્યય પર છતાં **अन्** ના **अ** નો વિકલ્પે લોપ થાય છે.

**राज्ञि, राजनि ।**

ન. **दामन् + ई = दाम्नी, दामनी ।**

**दामन् + इ = दाम्नि, दामनि ।**

૫ સંબોધનમાં નામના **न्** નો લોપ થતો નથી. **हे राजन् ! ।**

૬ નપુંસકલિંગમાં સંબોધનમાં **न्** નો લોપ વિકલ્પે થાય છે. **हे दाम्, दामन् !**

---

૧. સપ્તમી એ. વ. ના **इ** નું વિધાન ત્રણેય લિંગમાં સમજવું.

### राजन् (પુંલિંગ) નાં રૂપો

| | | |
|---|---|---|
| राजा | राजानौ | राजानः |
| राजानम् | राजानौ | राज्ञः |
| राज्ञा | राजभ्याम् | राजभिः |
| राज्ञे | राजभ्याम् | राजभ्यः |
| राज्ञः | राजभ्याम् | राजभ्यः |
| राज्ञः | राज्ञोः | राज्ञाम् |
| राज्ञि, राजनि | राज्ञोः | राजसु |
| हे राजन् | राजानौ | राजानः |

### सीमन् (સ્ત્રીલિંગ) નાં રૂપો
પુંલિંગ પ્રમાણે

### दामन् (નપુંસક) નાં રૂપો

| | | | |
|---|---|---|---|
| दाम | दाम्नी, दामनी | दामानि | પ્ર. દ્વિ. |
| हे दाम ! दामन् ! | दाम्नी, दामनी | दामानि | સં. |

બાકીનાં પુંલિંગ પ્રમાણે

दामानि નિ. ૧ થી દીર્ઘ.

૭ अन् અંતવાળાંનામોનાં अन् ની પહેલાં व् કે म् અંતવાળો સંયુક્તવ્યંજન હોય, તો अन् ના अ નો લોપ થતો નથી. (નિ. ૩. તથા ૪)

आत्मन् + अस् = आत्मनः । कर्मन् + ई = कर्मणी ।

પરંતુ मूर्धन् + अस् = मूर्ध्नः ।

સ. એ. વ. मूर्ध्नि, मूर्धनि ।

## अन् અંતવાળાં નામો

**आत्मन्** પું. આત્મા, જીવ
**कर्मन्** ન. કર્મ, ક્રિયા
**जन्मन्** ન. જન્મ, અવતાર
**दामन्** ન. માળા
**नामन्** ન. નામ
**पर्वन्** ન. પર્વ
**मूर्धन्** પું. મસ્તક
**राजन्** પું. રાજા
**वेश्मन्** ન. ઘર
**सीमन्** સ્ત્રી. સીમા, હદ

## ધાતુઓ

**फल्** ગ. ૧. પ. ફળવું

## શબ્દો

**उत्कर** પું. ઢગલો
**कण** પું. કણ, દાણો
**कबरी** સ્ત્રી. વેણી
**चिरात्** અ. લાંબા કાળે
**जरा** સ્ત્રી. ઘડપણ
**पराक्रम** પું. પરાક્રમ
**प्रतिकूल** ન. પ્રતિકૂળ, ન ગમતું
**भोज्य** વિ. ખોરાક
**विषम** વિ. વિચિત્ર

## સંસ્કૃત વાક્યો

**अहो ! अस्य राज्ञः विवेकसीमा ।**
**कणानामिव रत्नानामुत्करास्तस्य वेश्मनि ।**
**आत्मनः प्रतिकूलानि परेषां न समाचरेत् ।**
**विद्या राजसु पूजिता न तु धनम् ।**
**जन्मदुःखं जरादुःखं मृत्युदुःखं पुनः पुनः ।**
**कर्मणां विषमा गतिः ।**
**यथा राजा तथा प्रजाः ।**
**किं स्वादुनाऽपि भोज्येन, रोचते न यदात्मने ।**
**पशवोऽपि हि रक्षन्ति, पुत्रान्प्राणानिवात्मनः ।**
**कर्माण्यवश्यं सर्वस्य, फलन्त्येव चिरादपि ।**

## ગુજરાતી વાક્યો

હે રાજા, તું પ્રજાનું પાલન કર.

આ કન્યાની વેણીમાં ફૂલની બે માળા છે.

તમારા ભાઈનું નામ કહો.

આ રાજામાં ઘણું પરાક્રમ છે.

## ૨ **इन्** અંતવાળાં નામો

૮ **इन्** અંતવાળાં નામોનો **न्** ની પહેલાંનો સ્વર, નપુંસકલિંગ પ્ર.દ્વિ.બ.વ.નો **इ** પ્રત્યય અને પુંલિંગમાં પ્ર. એ. વ. નો પ્રત્યય પર છતાં જ દીર્ઘ થાય છે.

### પુંલિંગ

| | | |
|---|---|---|
| **शशी** | **शशिनौ** | **शशिन:** |
| **शशिनम्** | **शशिनौ** | **शशिन:** |
| **शशिना** | **शशिभ्याम्** | **शशिभि:** |
| **शशिने** | **शशिभ्याम्** | **शशिभ्य:** |
| **शशिन:** | **शशिभ्याम्** | **शशिभ्य:** |
| **शशिन:** | **शशिनो:** | **शशिनाम्** |
| **शशिनि** | **शशिनो:** | **शशिषु** |
| **हे शशिन्** | **शशिनौ** | **शशिन:** |

### નપુંસકલિંગ

| | | | |
|---|---|---|---|
| **भावि** | **भाविनी** | **भावीनि** | પ્ર. દ્વિ. |
| **हे भावि ! भाविन्** | **भाविनी** | **भावीनि** | સં. |

૯ **न्**કારાન્ત નામોને સ્ત્રીલિંગમાં **ई (ङी)** પ્રત્યય લાગે છે, પણ **मन्** અંતવાળા નામને **ई (ङी)** પ્રત્યય લાગતો નથી. **मायिन् + ई = मायिनी** રૂપો **नदीवत् । सीमन् ।**

१० **ई ( ङी )** લાગતાં **अन्** નો **अ** લોપાય છે **राजन् + ई – राज् – न् + ई – राज् – ञ् + ई = राज्ञी** રૂપો **नदीवत्** ।

### **इन्** અંતવાળાં નામો

| | |
|---|---|
| **गुणिन्** વિ. ગુણવાળું | **योगिन्** પું. યોગી |
| **भाविन्** વિ. થવાનું, ભવિષ્યનું | **शशिन्** પું. ચંદ્ર |
| **मन्त्रिन्** પું. મંત્રી, પ્રધાન | **शिखरिन्** પું. પર્વત |
| **मायिन्** વિ. માયાવી | **हस्तिन्** પું. હાથી |

### શબ્દો

| | |
|---|---|
| **अगम्य** વિ. અપ્રાપ્ય | **गुहा** સ્ત્રી. ગુફા |
| **अन्यथा** અ. બીજી રીતે, ઉલટું | **नय** પું. નીતિ |
| **गहन** વિ. અઘરું, મુશ્કેલ | **वक्त्र** ન. મુખ |

### સંસ્કૃત વાક્યો

**भावि कार्यमासीत् ।**
**सेवाधर्मः परमगहनो योगिनामप्यगम्यः ।**
**मायिन्यः खलु योषितः ।**
**यथा नेत्रं विना वक्त्रं, विना स्तम्भं यथा गृहम् ।**
**न राजते तथा राज्यं, कदाचिन्मन्त्रिणं विना ॥**
**धीराणां भूषणं विद्या, मन्त्रिणां भूषणं नृपः ।**
**भूषणं च नयो राज्ञां, शीलं सर्वस्य भूषणम् ॥**

### ગુજરાતી વાક્યો

રાજા અને રાણી રથમાં બેસીને ઉદ્યાનમાં ગયાં.
બાળકવડે આકાશમાં ચંદ્ર જોવાયો.
ગુણી ગુણને જુવે છે, દોષને નહિં.
થવાનું અન્યથા થતું નથી.
યોગિઓ પર્વતોની ગુફાઓમાં વસે છે.
હાથીના માથામાં મોતી ઉત્પન્ન થાય છે.

## પાઠ ૪૮ મો. વ્યંજનાંત નામો

### अस् અંતવાળાં નામો

૧ શબ્દને અંતે રહેલા **अस्**[1] નો **अ** સ્વર, પુંલિંગ અને સ્ત્રી-લિંગના પ્રથમા એકવચનમાં દીર્ઘ થાય છે, પણ સંબોધનમાં દીર્ઘ થતો નથી. **चन्द्रमाः** પ્ર. એ. વ.

**चन्द्रमस्** (પું.) નાં રૂપો

| | | | |
|---|---|---|---|
| **चन्द्रमाः** | **चन्द्रमसौ** | **चन्द्रमसः** | પ્ર. |
| **चन्द्रमसम्** | **चन्द्रमसौ** | **चन्द्रमसः** | દ્વિ. |
| **चन्द्रमसा** | **चन्द्रमोभ्याम्** | **चन्द्रमोभिः** | તૃ. |
| **चन्द्रमसे** | **चन्द्रमोभ्याम्** | **चन्द्रमोभ्यः** | ચ. |
| **चन्द्रमसः** | **चन्द्रमोभ्याम्** | **चन्द्रमोभ्यः** | પં. |
| **चन्द्रमसः** | **चन्द्रमसोः** | **चन्द्रमसाम्** | ષ. |
| **चन्द्रमसि** | **चन्द्रमसोः** | **चन्द्रमःसु** / **चन्द्रमस्सु** | સ. |
| **चन्द्रमः** | **चन्द्रमसौ** | **चन्द्रमसः** | સં. |

**अप्सरस्** (સ્ત્રી.) નાં રૂપો પુંલિંગ પ્રમાણે.

**पयस्** (ન.) નાં રૂપો

| | | | |
|---|---|---|---|
| **पयः** | **पयसी** | **पयांसि** | પ્ર. દ્વિ. સં. |

બાકીનાં પુંલિંગ પ્રમાણે.

૨ ધુટ્ વ્યંજનાદિ પ્રત્યય પર છતાં તેમજ પદને અંતે, **च्** અને **ज्** નો અનુક્રમે **क्** અને **ग्** થાય છે. **मुक्तः । त्यक्तः ।**

---

૧ **भू** વગેરે (દશગણના) ધાતુઓમાંના કોઈપણ ધાતુ ઉપરથી બનેલા ધાતુરૂપ શબ્દના અંતે **अस्** હોય તો તેનો **अ** દીર્ઘ થતો નથી. જેમકે, **पिण्डग्रस्** નું પ્ર. એ. વ. **पिण्डग्रः ।**

### वाच (સ્ત્રી.) નાં રૂપો

| | | | |
|---|---|---|---|
| वाक् , वाग् | वाचौ | वाचः | પ્ર. સં. |
| वाचम् | वाचौ | वाचः | |
| वाचा | वाग्भ्याम् | वाग्भिः | |
| वाचे | वाग्भ्याम् | वाग्भ्यः | |
| वाचः | वाग्भ्याम् | वाग्भ्यः | |
| वाचः | वाचोः | वाचाम् | |
| वाचि | वाचोः | वाक्षु | |

**वाच् + सु** પા. ૩૪ નિ. ૧ થી **वाच्** પદ બનશે, નિ. ૨ થી **क्**
**वाक् + सु** – પા. ૨૬ નિ. ૩ થી **ष्**, **वाक् + षु = वाक्षु** ।

**वणिज् (પું.)નાં રૂપો वाच् (સ્ત્રી.) પ્રમાણે**

### आयुस् (ન.) નાં રૂપો

| | | | |
|---|---|---|---|
| आयुः | आयुषी | आयूंषि | પ્ર. દ્વિ. સં. |
| आयुषा | आयुर्भ्याम् | आयुर्भिः | તૃ. |
| आयुषे | आयुर्भ्याम् | आयुर्भ्यः | ચ. |
| आयुषः | आयुर्भ्याम् | आयुर्भ्यः | પં. |
| आयुषः | आयुषोः | आयुषाम् | ષ. |
| आयुषि | आयुषोः | आयुःषु / आयुष्षु | સ. |

**आयुष् + इ** (પ્ર.દ્વિ.બ.વ) – પા. ૩૪. નિ. ૨ થી **न्** ઉમેરાય, **आयुन्स् + इ** –

૩ નામી, અન્તસ્થા કે **क** વર્ગની પછી રહેલા **स्** ની વચ્ચે શિટ્ વ્યંજન કે **न्** નું અંતર હોય તો પણ તે **स्** નો **ष्** થાય છે. **आयुन्ष् + इ = आयूंषि** ।

**आयुस् + सु – आयुर् + सु – आयुः + सु = आयुःषु** ।
**आयुस् + सु – आयुर् + सु** –
પા. ૧૮. નિ. ૪ થી **आयुस् + सु** – નિ. ૩ થી **आयुस् +षु**–

४ **स्** નો **श्** કે **च** વર્ગના યોગમાં **श्** થાય છે અને **ष्** કે **ट्** વર્ગના યોગમાં **ष्** થાય છે. **आयुष्षु** ।

**द्विष् (પું.) નાં રૂપો**

| | | | |
|---|---|---|---|
| **द्विट्, ड्** | **द्विषौ** | **द्विषः** | પ્ર. સં. |
| **द्विषम्** | **द्विषौ** | **द्विषः** | દ્વિ. |
| **द्विषा** | **द्विड्भ्याम्** | **द्विड्भिः** | તૃ. |
| **द्विषे** | **द्विड्भ्याम्** | **द्विड्भ्यः** | ચ. |
| **द्विषः** | **द्विड्भ्याम्** | **द्विड्भ्यः** | પં. |
| **द्विषः** | **द्विषोः** | **द्विषाम्** | ષ. |
| **द्विषि** | **द्विषोः** | **द्विट्सु** | સ. |

**द्विष्** + ० (પ્ર. એ. વ.) – પા. ૨૫. નિ. ૧. અને ૩ થી **द्विट्, ड्** । પા. ૨૫. નિ. ૧ થી **द्विड्भ्याम्** । પા. ૨૫. નિ. ૧ અને ૨ થી **द्विट्** + **सु** –

૫ પદાન્ત **ट** વર્ગ પછી રહેલા **त** વર્ગ અને **स्** નો **ट** વર્ગ અને **ष्** થાય નહિં. **द्विट्सु** અહીં **ष्** નહિં થાય.

**ધાતુઓ**

**युज्** ગ. ૪. આ. યોગ્ય હોવું.

**लङ्घ्** ગ. ૧. આ. લાંઘવું, લંઘવું, ઓળંગવું.

**વ્યંજનાંત નામો**

**अप्सरस्** સ્ત્રી. અપ્સરા
**आयुस्** ન. આઉખું
**ककुभ्** સ્ત્રી. દિશા
**चन्द्रमस्** પું. ચંદ્રમા
**द्विष्** પું. દુશ્મન
**पयस्** ન. પાણી, દૂધ
**भूभुज्** પું. રાજા
**यशस्** ન. યશ
**वचस्** ન. વચન
**वणिज्** પું. વેપારી
**वाच्** સ્ત્રી. વાણી
**सदस्** ન. સભા
**सर्पिस्** ન. ઘી
**क्षुध्** સ્ત્રી. ભૂખ

## શબ્દો

| | |
|---|---|
| **आस्पद** ન. સ્થાન | **भक्षण** ન. ખાવું તે. |
| **निग्रह** પું. શિક્ષા | **मिथ्या** અ. ફોગટ |
| **नूनम्** અ. નિશ્ચે | **वेदना** સ્ત્રી. પીડા, દુઃખ |
| **नाम** અ. ખરેખર | **सम** વિ. સમું, સરખું |
| **पान** ન. પીવું તે. | **सार्थवाह** પું. મોટો વેપારી |

## સંસ્કૃત વાક્યો

**नहि मिथ्या कुलीनवाक् ।**
**पयःपानं भुजङ्गानां विषाय ।**
**न सत्यमपि भाषेत परपीडाकरं वचः ।**
**भूभुजां युज्यते दुष्टनिग्रहः साधुपालनम् ।**
**चन्दनं शीतलं लोके, चन्दनादपि चन्द्रमाः ।**
**साधुसंगतिरेताभ्यां, नूनं शीततरा स्मृता ॥**
**तत्र चासीत्सार्थवाहो, धनो नाम यशोधनः ।**
**आस्पदं संपदामेकं, सरितामिव सागरः ॥**

## ગુજરાતી વાક્યો

વેપારી પોતાના ગામથી ઘીને પાટણ લઈ જાય છે.
કવિઓની વાણીઓમાં મધુરતા હોય છે.
ઘી (ના) ખાવાથી આયુષ્ય વધે છે.
ભૂખ સમું દુઃખ નથી.
હરણીયાં દિશાઓને લાંઘે છે.
દુર્યોધન પાંડવોનો દુશ્મન હતો.
સ્વર્ગમાં અપ્સરાઓ સાથે દેવો ક્રીડા કરે છે.

## અભ્યાસ ૯

૧ **मूर्धन् वेश्मन् सीमन्** અને **गुणिन्** નાં રૂપો બોલો.
૨ **अप्सरस् ककुभ् भूभुज्** અને **सर्पिस्** નાં રૂપો લખો.

# પાઠ ૪૯ મો. ऋકારાન્ત નામો

(૧)

પ્રત્યયો

| | | |
|---|---|---|
| आ ( डा ) | औ | अस् |
| अम् | औ | अस् |
| आ | भ्याम् | भिस् |
| ए | भ्याम् | भ्यस् |
| उर्( डुर्) | भ्याम् | भ्यस् |
| उर्( डुर्) | ओस् | नाम् |
| इ | ओस् | सु |
| स् | औ | अस् |

पितृ (પું.)નાં રૂપો

| | | |
|---|---|---|
| पिता | पितरौ | पितरः |
| पितरम् | पितरौ | पितॄन् |
| पित्रा | पितृभ्याम् | पितृभिः |
| पित्रे | पितृभ्याम् | पितृभ्यः |
| पितुः | पितृभ्याम् | पितृभ्यः |
| पितुः | पित्रोः | पितॄणाम् |
| पितरि | पित्रोः | पितृषु |
| हे पितः | पितरौ | पितरः |

૧ घुट् પ્રત્યયો અને સપ્તમી એકવચનનો इ પ્રત્યય પર છતાં ऋ નો अर् થાય છે. पितरौ । पितरः । पितरम् । पितरि । पितृ + अस् (દ્વિ.બ.વ.) - પા. ૨૦. નિ. ૧ થી पितॄन् । पितृ + उर्( डुर्) - પા. ૩૬. નિ. ૨ થી पितुः । पितृ + स् (સં.એ.વ.) – પા. ૩૭.નિ.૫ થી ગુણ पितर् – पितः ।

२ नाम् પ્રત્યય પર છતાં नृ શબ્દનો ऋ વિકલ્પે દીર્ઘ થાય છે.

नृणाम्, नॄणाम् ।

### दुहितृ (સ્ત્રી.) નાં રૂપો

દ્વિતીયા બહુવચનમાં दुहितॄः

બાકી पितृ પ્રમાણે

### ऋકારાન્ત નામો

| | |
|---|---|
| जामातृ પું. જમાઈ. | नृ પું. નર, પુરુષ. |
| दुहितृ સ્ત્રી. દીકરી. | पितृ પું. પિતા. |
| देवृ પું. દિયર. | भ्रातृ પું. ભાઈ. |
| ननान्दृ સ્ત્રી. નણંદ. | मातृ સ્ત્રી. માતા, મા. |

### શબ્દો

| | |
|---|---|
| अधमाधम ( अधमेषु अधमः ) અધમમાં અધમ | पिशाच પું. ભૂત |
| | भाग्य ન. નશીબ |
| ख्यात વિ. પ્રસિદ્ધ. | मातुल પું. મામો. |
| जयिन् વિ. જયવાળું. | यदिवा અ. અથવા. |
| पितरौ ( माता च पिता च ) માતા-પિતા | शरण ન. શરણ, ઘર. |
| | ज्ञाति પું. સ્વજન. |
| | आत्मन् પું. આત્મા, પોતે. |

### સંસ્કૃત વાક્યો

सत्या वा यदिवा मिथ्या प्रसिद्धिर्जयिनी नृणाम् ।

श्वश्रूदुःखे दुहितॄणां शरणं शरणं पितुः ।

रे रे चित्त ! कथं भ्रातः ! प्रधावसि पिशाचवत् ।

उत्तमा आत्मनः ख्याताः, पितुः ख्याताश्च मध्यमाः ।

अधमा मातुलात्ख्याताः, श्वशुराच्चाऽधमाधमाः ॥

सुहृदो ज्ञातयः पुत्रा, भ्रातरः पितरावपि ।

प्रतिकूलेषु भाग्येषु, त्यजन्ति स्वजनं खलु ॥

## ગુજરાતી વાક્યો

સીતા પોતાની નણંદ શાન્તાને (ના) પગે પડી.
સ્ત્રીઓને જમાઈ વહાલો હોય છે.
અભિમન્યુની માતાનું નામ સુભદ્રા હતું.
હે દિયર ! આ હરણ બહુ સુંદર છે.

(૨)

૩ **तृ** (**तृच्** કે **तृन्**) કૃત્ પ્રત્યયાન્ત નામો તથા **स्वसृ नप्तृ नेष्टृ त्वष्टृ क्षत्तृ होतृ पोतृ प्रशास्तृ** આ નામોના **ऋ** નો **घुट्** પ્રત્યય પર છતાં **आर्** થાય છે.

| | |
|---|---|
| **नप्तृ** પું. પૌત્ર, પુત્રીનો પુત્ર | **क्षत्तृ** પું. સારથિ, દ્વારપાલ |
| **नेष्टृ** પું. એક જાતનો યાજ્ઞિક | **होतृ, पोतृ** પું. યાજ્ઞિક ગોર |
| **त्वष्टृ** પું. વિશ્વકર્મા, સુથાર | **प्रशास्तृ** પું. પ્રકૃષ્ટ શાસક |

### **कर्तृ** ના રૂપો

### પુંલિંગ

| | | |
|---|---|---|
| **कर्ता** | **कर्तारौ** | **कर्तारः** |
| **कर्तारम्** | **कर्तारौ** | **कर्तॄन्** |
| **हे कर्तः** | **कर्तारौ** | **कर्तारः** |

બાકીનાં **पितृ** પ્રમાણે

### નપુંસકલિંગ

| | | | |
|---|---|---|---|
| **कर्तृ** | **कर्तृणी** | **कर्तॄणि** | પ્ર. દ્વિ. |
| **हे कर्तः, कर्तृ** | **कर्तृणी** | **कर्तॄणि** | સં. |

ઇત્યાદિ **वारि** પ્રમાણે કરવાં. પા. ૩૮ નિ. ૧

### સ્ત્રીલિંગ

૪ **ऋ**કારાન્તવિશેષણનામોને **સ્ત્રીલિંગમાં ई** ( **ङी** ) પ્રત્યય લાગે છે. **कर्त्री** – રૂપો **नदी** પ્રમાણે.

## नौ (સ્ત્રી.) નાં રૂપો

| | | | |
|---|---|---|---|
| नौः | नावौ | नावः | પ્ર. સં. |
| नावम् | नावौ | नावः | દ્વિ. |
| नावा | नौभ्याम् | नौभिः | તૃ. |
| नावे | नौभ्याम् | नौभ्यः | ચ. |
| नावः | नौभ्याम् | नौभ्यः | પં. |
| नावः | नावोः | नावाम् | ષ. |
| नावि | नावोः | नौषु | સ. |

### ऋકારાન્ત વિશેષણો.

**कर्तृ** કરનાર
**दातृ** દાતાર, દાનેશ્વરી
**भर्तृ** ધણી, માલીક

**ऋકારાન્ત નામ**

**स्वसृ** સ્ત્રી. બ્હેન

**वक्तृ** વક્તા
**श्रोतृ** સાંભળનાર
**हर्तृ** હરણ કરનાર

**औકારાન્ત નામ**

**नौ** સ્ત્રી. નાવ, જહાજ

### શબ્દો

**अर्थ** પું. પૈસો, ધન
**ऋण** ન. ઋણ, દેવું.
**दारिद्र्य** ન. દરિદ્રપણું.
**ननु** અ. નિશ્ચે
**पथ्य** ન. હિતકારી
**मूल** ન. મૂળ, કારણ
**लुब्ध ( लुभ्+त )** લોભીઓ
**श्रेयस्** ન. કલ્યાણ

**वि + सृज्** ગ. ૬. પ. વિસર્જન કરવું, આપવું.

### સંસ્કૃત વાક્યો

**लुब्धो न विसृजत्यर्थं, नरो दारिद्र्यशङ्कया ।**
**दाता तु विसृजत्यर्थं, तयैव ननु शङ्कया ॥**
**धर्मार्थकाममोक्षाणा-मारोग्यं मूलमुत्तमम् ।**
**रोगास्तस्याऽपहर्तारः, श्रेयसो जीवितस्य च ॥**
**ऋणकर्ता पिता शत्रुः, पुत्रः शत्रुरपण्डितः ।**
**अप्रियस्य च पथ्यस्य, वक्ता श्रोता च दुर्लभः ॥**

### ગુજરાતી વાક્યો

આ વૈદ્યોનાં ઔષધ રોગને હરણ કરનારાં છે.
આ દાનેશ્વરી રાજાની રાણીઓ પણ દાનેશ્વરી હતી.
મારા ધણી (નાથ) માં એક પણ દોષ નથી.
માણસો નાવવડે સમુદ્રમાં તરે છે.
આ મારી બ્હેનની સાસુ છે.

---

## પાઠ ૫૦ મો. સંખ્યાવાચક નામો

| | |
|---|---|
| **एक** સ. એક | **विंशति** સ્ત્રી. વીશ |
| **द्वि** સ. બે | **त्रिंशत्** સ્ત્રી. ત્રીશ |
| **त्रि** વિ. ત્રણ | **चत्वारिंशत्** સ્ત્રી. ચાલીશ |
| **चतुर्** વિ. ચાર | **पञ्चाशत्** સ્ત્રી. પચાશ |
| **पञ्चन्** પાંચ | **षष्टि** સ્ત્રી. સાઠ |
| **षष्** છ | **सप्तति** સ્ત્રી. સીત્તેર |
| **सप्तन्** સાત | **अशीति** સ્ત્રી. એંશી |
| **अष्टन्** આઠ | **नवति** સ્ત્રી. નેવું |
| **नवन्** નવ | **शत** પું. ન. સો. |
| **दशन्** દશ | **सहस्र** પું. ન. હજાર |
| **एकादशन्** અગીઆર | **लक्ष** સ્ત્રી. ન. લાખ |
| **नवदशन्** ઓગણીશ | **कोटि** સ્ત્રી. કરોડ |

**एक** અને **द्वि** નાં રૂપો સર્વનામની સાથે આપી દીધાં છે, **त्रि** નાં પુંલિંગ અને નપુંસકલિંગ રૂપો **इ** કારાન્ત નામોની સાથે આપી દીધાં છે.

**एक द्वि त्रि** અને **चतुर्** નાં રૂપો ત્રણે લિંગમાં જુદાં જુદાં થાય છે.

**न्** અંતવાળાં સંખ્યાવાચકનામો તથા **षष्** તેમજ **युष्मद्** અને **अस्मद्** અલિંગ છે, એટલે તેનાં રૂપો ત્રણેય લિંગમાં એક સરખાં જ થાય છે.

**त्रि** વગેરે શબ્દો બહુવચનમાં જ વપરાય છે. **त्रयो लोकाः सन्ति** ત્રણ લોક છે.

**विंशति** વગેરે શબ્દો વિશેષણ તરીકે વપરાય છે ત્યારે એક-વચનમાં રહે છે. **विंशति घंटाः** વીશ ઘડા. પણ, સંખ્યાના અર્થમાં વપરાય છે ત્યારે ત્રણે વચનમાં આવે છે. **घटानां विंशतिः** ઘડાની એક વીશી (ઘડાની વીશની સંખ્યા). **घटानां विंशती** ઘડાની બે વીશી. **घटानां विंशतयः** ઘડાની ઘણી વીશીઓ.

### સંખ્યાવાચક નામોનાં રૂપો.

૧ સ્ત્રીલિંગમાં **त्रि** અને **चतुर्** નો **तिसृ** અને **चतसृ** આદેશ થાય છે.

**પ્રત્યયો**

| પુંલિંગ | સ્ત્રીલિંગ | નપુંસકલિંગ | |
|---|---|---|---|
| अस् | अस् | इ | પ્ર. દ્વિ. |
| भिस् | भिस् | भिस् | તૃ. |
| भ्यस् | भ्यस् | भ्यस् | ચ. પં. |
| नाम् | नाम् | नाम् | ષ. |
| सु | सु | सु | સ. |

| પુંલિંગ | સ્ત્રીલિંગ | નપુંસકલિંગ |
|---|---|---|
| चत्वारः | चतस्त्रः | चत्वारि |
| चतुरः | चतस्त्रः | चत्वारि |
| चतुर्भिः | चतसृभिः | બાકીનાં |
| चतुर्भ्यः | चतसृभ्यः | પું—વત્ |
| चतुर्भ्यः | चतसृभ्यः | |
| चतुर्णाम् | चतसृणाम् | |
| चतुर्षु | चतसृषु | |

૨ **धुट्** પ્રત્યયો પર છતાં **चतुर्** ના **उ** નો **वा** થાય છે. **चत्वारः** પું. પ્ર. **चत्वारि** ન. પ્ર. દ્વિ.

૩ શબ્દને છેડે મૂળથી જ **र्** હોય તો તેનો **सु** પ્રત્યય પર છતાં કાંઈ ફેરફાર થતો નથી. **चतुर्षु ।**

૪ સ્વરાદિ પ્રત્યયો પર છતાં **तिसृ** અને **चतसृ** ના **ऋ** નો **र्** થાય છે. **तिस्रः । चतस्रः ।**

૫ **नाम्** પ્રત્યય પર છતાં **तिसृ, चतसृ, ष्** કારાંત અને **र्** કારાંતના સમાન સ્વરનો **દીર્ઘ** થતો નથી, પરંતુ **न्** કારાન્તના સમાન સ્વરનો **દીર્ઘ** થાય છે. **तिसृणाम् । चतसृणाम् । षण्णाम् । चतुर्णाम् । पञ्चानाम् । पञ्चन् + नाम् = पञ्चानाम् ।** અહીં પા. ૪૭ નિ. ૨ થી **न्** નો લોપ થાય છે.

૬ **ष्** કારાન્ત અને **न्** કારાન્ત નામોના પ્રથમા – દ્વિતીયાનો પ્રત્યય '0' છે.

૭ વિભક્તિના પ્રત્યયો પર છતાં **अष्टन्** ને બદલે વિકલ્પે **अष्टा** થાય છે.

૮ **अष्टा** થયા પછી પ્રથમા દ્વિતીયાનો પ્રત્યય **औ** છે.

| | | | |
|---|---|---|---|
| **पञ्च** | **षट्, ड्** | **अष्ट** | **अष्टौ** |
| **पञ्च** | **षट्, ड्** | **अष्ट** | **अष्टौ** |
| **पञ्चभिः** | **षड्भिः** | **अष्टभिः** | **अष्टाभिः** |
| **पञ्चभ्यः** | **षड्भ्यः** | **अष्टभ्यः** | **अष्टाभ्यः** |
| **पञ्चभ्यः** | **षड्भ्यः** | **अष्टभ्यः** | **अष्टाभ्यः** |
| **पञ्चानाम्** | **षण्णाम्** | **अष्टानाम्** | **अष्टानाम्** |
| **पञ्चसु** | **षट्सु** | **अष्टसु** | **अष्टासु** |

૯ પદાન્ત **ट** વર્ગ પછી આવેલા **नाम्** **नगरी** અને **नवति** ના **न्** નો **ण्** થાય છે. **षड् + णाम् –**

૧૦ પ્રત્યયનો પાંચમો અક્ષર પર છતાં ત્રીજા અક્ષરને ઠેકાણે નિત્ય **પાંચમો** અક્ષર થાય છે. **षण्णाम् ।**

## શબ્દો

ऋतु પું. ઋતુ
गणभृत् વિ. ગણધર
त्रितय વિ. ત્રણ
पत्नी સ્ત્રી. પોતાની પરણેલી સ્ત્રી
पद ન. પગલું
परोपकारिन् વિ. પરોપકારી
पिपीलिका સ્ત્રી. કીડી
भगवत् વિ. ભગવાન
महेशान ન. મહેસાણા
मास પું. ન. મહિનો
योजन ન. ચાર ગાઉ
विद्यार्थिन् વિ. વિદ્યાર્થી
वैनतेय પું. ગરુડ
शनैस् અ. ધીમેથી
सैनिक પું. સીપાઇ.

## સંસ્કૃત વાક્યો

राज-पत्नी गुरोः पत्नी, भ्रातृ-पत्नी तथैव च ।
पत्नी-माता स्व-माता च, पञ्चैता मातरः स्मृताः ॥
रक्तत्वं कमलानां सत्पुरुषाणां परोपकारित्वम् ।
अ-सतां निर्दयत्वं [1]स्वभावसिद्धं त्रिषु त्रितयम् ॥
दानं भोगो नाशस्तिस्रो गतयो भवन्ति वित्तस्य ।
शतेषु जायते शूरः, सहस्रेषु च पण्डितः ।
वक्ता दश-सहस्रेषु, दाता भवति वा न वा ॥
योजनानां सहस्रं वै, शनैर्गच्छेत् पिपीलिका ।
अ-गच्छन् वैनतयोऽपि पदमेकं न गच्छति ॥

## ગુજરાતી વાક્યો

આ દેવાલયને ચાર દ્વાર છે.
ત્રીશ દિવસનો એક માસ થાય છે.
પાટણથી ચાર યોજન ગયે છતે મહેસાણા આવે છે.

---

१ स्वभावेन सिद्धम् - स्वभावसिद्धम् । धनेन हीनम् - धनहीनम्
આવા સમાસો **તૃતીયા તત્પુરુષ** કહેવાય છે.

એક વરસમાં છ ઋતુઓ આવે છે.
ભગવાન મહાવીરને અગીયાર ગણધર હતા.
અમારી સેનામાં ત્રણ ક્રોડ ચાર લાખ ને વીશ હજાર સૈનિકો છે.
તેની સેનામાં પચાસ લાખ સાઠ હજાર પાંચસો નેવું સૈનિકો છે.
આજે મેં સીત્તેર વિદ્યાર્થીઓની પરીક્ષા લીધી.

---

## પાઠ ૫૧ મો. વાક્ય

૧ ક્રિયાપદના અર્થમાં વિશેષતા બતાવનાર (વિશેષણ) પદો સહિત જે ક્રિયાદ, તે વાક્ય કહેવાય છે.

**धर्मो युष्मान्रक्षतु ।**

કોઈ વખત કર્તા વગેરે પદો, ચાલુ વાત ઉપરથી સમજી જવાય છે, તેથી એકલું ક્રિયાપદ પણ વાક્ય બને છે. **पिब** । કોઈવખત ક્રિયાપદ ચાલુ અર્થ ઉપરથી સમજી જવાય છે, તેથી સાક્ષાત્ ક્રિયાપદ વિના એકલા વિશેષણપદો પણ વાક્ય બને છે.

**शीलं मम स्वम् ।**

૨ **युष्मद्** અને **अस्मद्** સર્વનામનાં દ્વિતીયા, ચતુર્થી અને ષષ્ઠી વિભક્તિનાં રૂપો –

બહુવચનમાં અનુક્રમે **वस्** અને **नस्**
દ્વિવચનમાં અનુક્રમે **वाम्** અને **नौ**
એકવચનમાં અનુક્રમે **ते** અને **मे**
દ્વિતીયાના એકવચનમાં અનુક્રમે **त्वा** અને **मा**

આ રૂપો એકવાક્યની અંદર પદની પછી વિકલ્પે વપરાય છે. જેમકે –

**धर्मो वो रक्षतु, धर्मो युष्मान्रक्षतु ।**
**शीलं मे स्वम्, शीलं मम स्वम् ।**
**धर्मो मा रक्षतु, धर्मो मां रक्षतु ।**

૩ કોઇના સંબંધમાં કાંઈ કહીને ફરીથી તેના જ સંબંધમાં બીજુ કહેવું, તે **અન્વાદેશ** કહેવાય છે. અન્વાદેશ હોય ત્યારે ઉપર જણાવેલી રીતે **वस् नस्** વગેરે નિત્ય થાય છે.

**युवां शीलवन्तौ, तद् वां गुरवो मानयन्ति ।**

૪ અન્વાદેશ હોય ત્યારે દ્વિતીયા વિભક્તિના પ્રત્યયો, તૃતીયા એકવચનનો પ્રત્યય અને **ओस्** પ્રત્યય પરછતાં, **एतद्** અને **इदम्** સર્વનામનો **एनद्** આદેશ થાય છે.

**દ્વિ.** પું. **एनम्, एनौ, एनान्** । સ્ત્રી. **एनाम्, एने, एनाः** ।
ન. **एनद्, एने, एनानि** ।
**તૃ. એ. વ.** પું. ન. **एनेन** । સ્ત્રી. **एनया** ।
**ષ. સ. દ્વિ. વ.** પું. ન. સ્ત્રી. **एनयोः** ।

**सुशीलौ एतौ, तदेनौ गुरवो मानयन्ति ।**

૫ એકપદમાં, ધાતુ અને ઉપસર્ગમાં તેમજ સમાસમાં જે **સંધિ** થતી હોય તે અવશ્ય કરવી જ, કેમકે ત્યાં વિરામ લેવાનો નથી. **नयति** । **अपेक्षते** । **सज्जनः** ।

## શબ્દો

**अधर** પું. હોઠ
**अपर** સ. બીજુ
**अब्धि** પું. સમુદ્ર
**अर्जित** વિ. મેળવેલું
**अवधि** પું. મર્યાદા
**उलूक** પું. ઘુવડ
**कृत्स्न** વિ. સમસ્ત
**केवल** ન. ફક્ત
**कोरक** પું. ન. ફૂલની કળી.
**क्रव्य** ન. માંસ
**गरीयस्** ( **गुरु + ईयस्** )
**गुरु** વિ. મોટું
**ग्रह** પું. રાહુ વગેરે ગ્રહ
**तद्** અ. તે કારણથી, તેથી
**तन्वङ्गी** સ્ત્રી. સુંદર સ્ત્રી
**दम्भिन्** વિ. દંભી
**दारुण** વિ. ભયંકર
**दिवाकर** પું. સૂર્ય

**दृष्ट्वा ( दृश् + त्वा )** જોઇને
**धीमत्** વિ. બુદ્ધિશાળી
**नक्तम्** અ. રાત્રિ
**नभस्** ન. આકાશ
**निज** વિ. પોતાનું
**निलय** પું. ઘર, સ્થાન
**निसर्ग** પું. સ્વભાવ
**पङ्गु** વિ. પાંગળું
**पञ्जर** ન. પાંજરું
**पल्लव** પું. ન. કુંપળ, નવું પર્ણ
**पद्म** ન. કમળ
**प्रेष्य** વિ. નોકર
**ब्रह्मन्** ન. પું. બ્રહ્મ, બ્રહ્મા
**भोक्तव्य** વિ. ખાવું તે
**मक्षिका** સ્ત્રી. માખી
**मधुकरी** સ્ત્રી. ભમરી
**यद्** અ. જેથી
**यादस्** ન. જળજંતુ
**लघु** વિ. હલકું
**वारिधि** પું. સમુદ્ર
**विधि** પું. નસીબ
**विवेकिन्** વિ. વિવેકી
**विहङ्गम** પું. પક્ષી
**शृङ्खला** સ્ત્રી. સાંકળ
**सञ्चित** વિ. એકઠું કરેલું
**सम्यग्** અ. સારી રીતે
**सह्याद्रि** પું. સહ્યપર્વત
**स्व** ન. ધન
**स्वामिन्** વિ. સ્વામી

### ધાતુઓ

**अनु + सृ** ગ. ૧. પ. અનુસરવું.
**उद् + सृज्** ગ. ૬. પ. ત્યાગ કરવો.
**मन्** ગ. ૪. આ. માનવું.
**मान्** ગ. ૪. પ. માનવું, પૂજવું.
**लोक्** ગ. ૧. આ. ગ. ૧૦. પ. જોવું **वि** + જોવું.
**सद् ( सीद् )** ગ. ૧. પ. સીદાવું, દુઃખી થવું.
**प्र** + ખુશી થવું, પ્રસન્ન થવું.
**हस्** ગ. ૧. પ. હસવું.
**उद् + स्था** ગ. ૧. પ. ઉભા થવું.[1]

---

૧ **उद्** ઉપસર્ગ પછી **स्था** ધાતુના **स्** નો લોપ થાય છે. **उत्थीयते, उत्थातुम् ।**

## સંસ્કૃત વાક્યો

यत्प्रेष्य एको भवति, स्वामी भवति चापरः ।
एकः प्रार्थयते भिक्षामपरश्च प्रयच्छति ॥
इत्यादि सम्यगेवेह, धर्माधर्मफलं महत् ।
पश्यन्नपि न मन्येत, यस्तस्मै स्वस्ति धीमते ॥
अस्मिन्नसारे संसारे, निसर्गेणातिदारुणे ।
अवधि र्न हि दुःखानां, यादसामिव वारिधौ ॥
દુધ **क्षीर** ન. **दुग्ध** ન.
દુર્યોધન **दुर्योधन** પું.
દુશ્મન **द्विष्** પું.
દૂર **दूर** ન. વિ.
દેખવુ **दृश् ( पश्य् )** ગ. ૧.પ.
દેખવાને **द्रष्टुम् ( दृश्+तुम् )**
દેવ **देव** પું. **मरुत्** પું.
દેવતા **देवता** સ્ત્રી.
દેવલોક **स्वर्ग** પું.
દેવળ **देवालय** પું.
દેવાલય **देवालय** પું.
દેવી **देवी** સ્ત્રી.
દેવું **ऋण** ન.
દેશ **देश** પું.
દેહ **शरीर** ન.
દોલત **विभव** પું.
દોડવું **धाव्** ગ. ૧.પ.
દોરવું **नी** ગ. ૧. ઉ.
દ્રોહ કરવો **द्रुह्** ગ. ૪. પ.
**अभि+द्रुह्** ગ. ૪.પ.
દંડ કરવો **दण्ड्** ગ. ૧૦.પ.
દંડવું **दण्ड्** ગ. ૧૦.પ.
ધણી **नाथ** પું. **नायक** પું.
**भर्तृ** પું.

ધન **विभव** પું. **वित्त** ન.
**वसु** ન. **धन** ન. **स्व** ન.
**अर्थ** પું.
ધનપાલ કવિ **धनपाल** પું.
ધનવાન **धनिक** વિ.
ધર્મ **धर्म** પું. **स्वभाव** પું.
ધીમેથી **शनैस्** અ.
ધર્મ આચરનાર **धार्मिक** પું.
ધર્મગુરૂ **आचार्य** પું.
ધર્મનો સંગ્રહ **धर्मसंग्रह** પું.
**( धर्मस्य संग्रहः )**
ધારાનગરી **धारा** સ્ત્રી.
ધાવું **धाव्** ગ. ૧.પ.
ધોવું **क्षल्** ગ. ૧૦.પ.
ધોળું **श्वेत** વિ.
ધ્યાન કરવું **ध्यै ( ध्याय् )**
ગ. ૧.પ.
ધ્રુજવું **कम्प्** ગ. ૧. આ.
ધ્વજ **पताका** સ્ત્રી.
ન **मा** અ.
નકામું **विफल** વિ.
ન ગમતું **प्रतिकूल** ન.
નણંદ **ननान्दृ** સ્ત્રી.
નમવું **नम्** ગ. ૧.પ.
નમસ્કાર **नमस्** અ.
નમસ્કાર કરવો **नम्** ગ. ૧.પ.
ન મળી શકે તેવું. **अलभ्य** વિ.
**( लभ्+य )**

નર **नृ** પું. **नर** પું.
નરકસ્થાન **नरक** પું.
નરમ **मृदु** વિ.
નવ **नवन्** વિ.
નષ્ટ થવું **नश्** ગ. ૪.પ.
નહિ **मा** અ. **न** અ.
નાચવું **नृत्** ગ. ૪.પ.
નાનું બાળક **शिशु** પું.
નાથ **नाथ** પું.
નામ **नामन्** ન. **अभिधान** ન.
નાયક **नायक** પું.
નારી **नारी** સ્ત્રી.
નાશ **अत्यय** પું.
નાશ પામવું **नश्** ગ. ૪.પ.
નાશી જવું **नश्** ગ. ૪.પ.
નિંદા કરવી **निन्द्** ગ. ૧.પ.
નિત્ય **नित्य** વિ.
નિરીક્ષણ કરવું **निर्+ईक्ष्** ગ.૧. આ.
નિરંતર **सतत** વિ.
નિવેદન કરાએલું **निवेदित** વિ.
નિશ્ચે **नूनम्** અ. **एव** અ. **खलु** અ. **अवश्यम्** અ. **ननु** અ.
નિષ્ફળ **मोघ** વિ.
નિષ્ફળ થવું **वि+सम्+वद्** ગ. ૧.પ.

નીચ **नीच** વિ.
નીચે પડવું **नि+पत्** ગ. ૧.પ.
નીચ પુરુષ **नराधम** પું.
નીતિ **नय** પું.
નૃત્ય કરવું **नृत्** ગ. ૪.પ.
નેવુ **नवति** સં. સ્ત્રી.
નોકર **किङ्कर** પું. **प्रेष्य** વિ.
ન્યાય **न्याय** પું.
પંડિત **पण्डित** પું.
પકાવવું **पच्** ગ. ૧. ઉ.
પગ **पाद** પું.
પચાશ **पञ्चाशत्** સં. સ્ત્રી.
પછીનું **पर** સ.
પટરાણી **महिषी** સ્ત્રી.
પઠન કરવું **पठ्** ગ. ૧.પ.
પડવું **क्षर्** ગ. ૧.પ. **नि+पत्** ગ. ૧.પ. **पत्** ગ. ૧.પ.
પડી જવું **पत्** ગ. ૧.પ.
પડેલું **पतित ( पत्+त )** ભૂ. કૃ.
પણ **तु** અ. **अपि** અ.
પત્ની **दार** પું.( બહુવચન).
પરણેલ **परिणीत** ભૂ. કૃ. **( परि+नी+त )**
પરાક્રમ **पराक्रम** પું.
પરાજય પામવો **परा+जि** ગ.૧. આ.
પરિહાર કરવો **परि+हृ** ગ. ૧.ઉ.

પરીક્ષા લેવી **परि+ईक्ष्** ગ.૧. આ.
પર્વત **गिरि** પું. **शैल** પું. **शिखरिन्** પું.
પવન **मरुत्** પું. **वात** પું.
પવિત્ર **शुचि** વિ.
પશુ **मृग** પું. **पशु** પું.
પહાડ **पर्वत** પું.
પહેલાં **पुरा** અ.
પહેલા તીર્થંકર **ऋषभ** પું.
પહેલું **आद्य** વિ. **पूर्व** સ.
પક્ષી **विहङ्गम** પું. **विहङ्ग** પું. **विहग** પું.
પાંચ **पञ्चन्** સં.
પાંગળું **पङ्गु** વિ.
પાંડવ **पाण्डव** પું.
પાંદડું **पर्ण** ન.
પાકું **पक्व** વિ.
પાકેલું **पक्व** વિ.
પાટણ **पत्तन** ન.
પાઠશાળા **पाठशाला** સ્ત્રી.
પાડો **महिष** પું.
પાણી **अम्बु** ન. **वारि** ન. **नीर** ન. **जल** ન. **जीवनीय** ન.
પાદપૂરણ માટે વપરાય છે. **वै.** અ.

પાપ **पाप** ન.
પામવું **लभ्** ગ. ૧. આ.
પાર પામવું **पृ** ગ. ૧૦.પ.
પાલન કરવું **पल्** ગ. ૧૦.પ.
પાસે **समीप** ન.
પાસે રહેલું **संनिहित** વિ.
પાળવું **पल्** ગ. ૧૦.પ.
પિતા **पितृ** પું. **जनक** પું.
પીડવું **पीड्** ગ. ૧૦.પ.
પીડા **वेदना** સ્ત્રી.
પીડા **व्यथाकर** વિ.
પીવું **पा ( पिब )** ગ. ૧.પ.
પુછવું **प्रच्छ्( पृच्छ्)** ગ. ૬.પ.
પુણ્ય **पुण्य** ન.
પુત્ર **पुत्र** પું.
પુરું કરવું **पृ** ગ. ૧૦.પ.
પુરુષ **नृ** પુ. **नर** પું.
પુરુષાધમ **नराधम ( अधमश्चासौ नरश्च )**
પુષ્કળ **प्रभूत** વિ.
પુસ્તક **पुस्तक** ન.
પૂજનીય **पूज्य** વિ.
પૂજવા યોગ્ય **पूज्य** વિ.
પૂજવું **पूज्** ગ. ૧૦.પ.
પૂજા કરવી **अर्च्** ગ. ૧.પ. **पूज्** ગ. ૧૦.પ.
પૂર્વ **पूर्व** સર્વ.

પૃથ્વી **वसुधा** સ્ત્રી
**वसुन्धरा** સ્ત્રી.
પેટ **उदर** ન.
પેલું **तद्** સર્વ. **अदस्** સર્વ.
પૈડું **चक्र** ન.
પૈસાનું દુઃખ **अर्थकृच्छ्र** ન.
**( अर्थस्य कृच्छ्रम् )**
પૈસો **वसु** ન. **अर्थ** પું.
પોચું **मृदु** વિ.
પોતાની ઇચ્છા **स्वेच्छा** સ્ત્રી.
**( स्वस्य इच्छा )**
પોતાની પરણેલી સ્ત્રી **पत्नी** સ્ત્રી.
પોતાનું **निज** વિ. **स्व** સર્વ.
**आत्मीय** સર્વ.
પોતાનું હિત **स्वहित** ન.
**( स्वस्य हितम् )**
પોતે **स्वयम्** અ. **स्व** સર્વ.

પોષણ કરવું **पुष्** ગ. ૪. ૫.
પોષવું **पुष्** ગ. ૪.૫.
**भृ** ગ. ૧. ઉ.
પ્રકાશવુ **काश्** ગ. ૧. આ. **प्र+**
પ્રજા **प्रजा** સ્ત્રી.
પ્રણામ કરીને **प्रणम्य**
**( प्र+नम्+य )**
પ્રધાન **मन्त्रिन्** પું. **प्रधान** પું.
પ્રભાત **प्रभात** ન.

પ્રભુ **प्रभु** વિ.
પ્રમાદ કરવો **मद् ( माद् )**-
ગ. ૪.૫.
પ્રયત્ન કરવો **प्र+यत्** ગ.૧.આ.
પ્રયત્ન કરવો તે **उद्यम** પું.
પ્રયાણ કરવું **प्र+स्था** ગ.૧.આ.
પ્રવર્તવું **प्र+वृत्** ગ. ૧. આ.
પ્રશંસાપાત્ર **प्रशस्य** વિ.
પ્રશ્ન કરવો **प्रच्छ् ( पृच्छ् )**
ગ. ૬.૫.
પ્રસરવું **प्र+सृ** ગ. ૧.૫.
પ્રસિદ્ધ **ख्यात** વિ.
પ્રાપ્ત કરવું **लभ्** ગ. ૧.આ.
પ્રાર્થના કરવી **अर्थ्** ગ. ૧૦.આ.
**प्र+अर्थ्**
પ્રિય **प्रिय** વિ.
પ્રેમ **श्रद्धा** સ્ત્રી.
ફક્ત **केवल** ન.
ફરકવું **स्फुर्** ગ. ૬.૫.
ફરજ **धर्म** પું. **नियोग** પું.
ફરવું **चर्** ગ. ૧.૫.
**अट्** ગ. ૧.૫.
**परि+वृत्** ગ. ૧. આ.
ફરીથી **पुनर्** અ.
ફરીને **पुनर्** અ.
ફલને આપનાર **फलदायक** વિ.
**( फलस्य दायकः )**

ફળ **फल** ન.
ફળ વગનું **विफल** વિ.
ફળવુ **फल्** ગ. ૧. ૫.
ફાયદો **गुण** પું.
ફુટવું **स्फुट्** ગ. ૬.૫.
ફુલ **पुष्प** ન. **कुसुम** ન.
ફુલની કળી **कोरक** પું. ન.
ફેલાવું **प्र+सृ** ગ. ૧.૫.
ફોગટ **मिथ्या** અવ્યય. **वृथा** અ.
બગીચો **उद्यान** ન.
બચાવવું **रक्ष्** ગ. ૧.૫.
બતાવવું **दिश्** ગ. ૬.ઉ.
બધું **सर्व** સર્વ. **सकल** વિ.
બનાવવું **सृज्** ગ. ૬.૫.
**वि+रच्** ગ. ૧૦.૫.
બની શકે તેવું **शक्य** વિ.
બહુ **बहु** વિ. **बहुशस्** અ.
બહુવાર **बहुशस्** અ.
બહેન **भगिनी** સ્ત્રી.
બળ **बल** ન. **पराक्रम** પું.
**शक्ति** સ્ત્રી.
બળદ **बलीवर्द** પું.
બળવું **दह्** ગ. ૧.૫.
બાણ **इषु** પું. **बाण** પું.
બારણું **द्वार** ન.
બારીક **तीक्ष्ण** વિ.
બારીકીથી જોવું **निर्+ईक्ष्**
ગ. ૧.આ.
બાળક **डिम्भ** પું. **बाल** પું.
બાળવું **दह्** ગ. ૧.૫.
બી **बीज** ન.
બીજી રીતે **अन्यथा** અ.
બીજ **बीज** ન.
બીજું **पर** સર્વ. **अपर** સર્વ.
**अन्य** સર્વ.
બીજે ઠેકાણે **अन्यत्र** અ.
બીલાડો **बिडाल** પું.
**मार्जार** પું.
બુદ્ધિ **मति** સ્ત્રી.
બુદ્ધિશાળી **धीमत्** વિ.
બે **द्वि** સર્વ.
બેસવું **उप+विश्** ગ. ૬.૫.
બોજો **भार** પું.
બોધ **ज्ञान** પું.
બોલવું **वद्** ગ. ૧.૫.
**भाष्** ગ. ૧.આ.
બોલાવવું **ह्वे ( ह्वय् )**
ગ. ૧.ઉ. **आ+ह्वे**
બ્રહ્મચર્ય **शील** ન.
બ્રહ્મ **ब्रह्मन्** ન.
બ્રાહ્મણ **ब्राह्मण** પું.
ભગવાન **भगवत्** વિ.
ભજવું **भज्** ગ. ૧.ઉ.
ભણવું **अध्ययन** ન.

ભણવું स्मृ ગ. ૧.૫. पठ् ગ. ૧.૫.
  भण् ગ. ૧.૫.
ભમરી मधुकरी સ્ત્રી.
ભમરો भ्रमर પું. भृङ्ग પું.
  षट्पद् પું.
ભયંકર दारुण વિ.
ભરવું भृ ગ. ૧.૭.
ભવિષ્યનું भाविन् વિ.
ભક્ષણ કરવું भक्ष् ગ. ૧૦.૫.
ભાઈ बन्धु પું. भ्रातृ પું.
  बान्धव પું.
ભાર भार પું.
ભાષણ કરનાર वक्तृ વિ.
ભિન્નતા भेद પું.
ભિક્ષુક याचक પું. भिक्षुक પું.
ભીખારી भिक्षुक પું.
ભીંજાવું द्रु ગ. ૧.૫.
ભૂખ क्षुध् સ્ત્રી.
ભૂખ્યું क्षुधित વિ.
ભુલવું मद् ( माद् ) ગ. ૪.૫.
ભૂષા કરવી भूष् ગ. ૧૦.૫.
ભેટવું मिल् ગ. ૬.૫.
ભોજરાજા भोज પું.
ભંડાર निधि પું.
ભંડારનો અધિકારી कोषाध्यक्ष
  પું. ( कोशस्य अध्यक्षः )
ભ્રષ્ટ થએલું भ्रष्ट વિ.

મત્ત થવું मद् ( माद् ) ગ. ૪.૫.
મથુરાનગરી मथुरा સ્ત્રી.
મધ मध ન.
મધુર स्वादु વિ.
મધુરતા माधुर्य ન.
મન चित्त ન. चेतस् ન.
મનપસંદ सुन्दर વિ.
મનોરથ मनोरथ પું.
મરણ मरण ન. मृत्यु પું.
મરવું તે मरण ન.
મરેલું मृत વિ.
મર્યાદા अवधि પું. लज्जा સ્ત્રી.
મસ્ત થવું मद् ( माद् )
  ગ. ૪.૫.
મસ્ત બનેલું मत्त ( मद्+त )
મહાન જૈનાચાર્ય सिद्धसेन પું.
મહારાજા देव પું.
મહાવીર સ્વામિનું નામ
  वर्धमान પું.
મહિનો मास પું. ન.
મહેનત કરવી प्र+यत्
  ગ. ૧. આ.
મહેરબાની प्रसाद પું.
મહેલ प्रासाद પું.
મહેસાણા महेशान ન.
મળવું मिल् ગ. ૬.૫.
માંસ क्रव्य ન.

માગનાર **याचक** પું.
માગવું **याच्** ગ. ૧.ઉ.
માટી **मृद्** સ્ત્રી.
માણસ **जन** પું. **मानव** પું.
માણેક **माणिक्य** ન.
માતા **मातृ** સ્ત્રી. **अम्बा** સ્ત્રી.
માતાપિતા **पितृ** પું. દ્વિ. વ.
માન **मान** પું.
માનવું **मन्** ગ. ૪.આ.
**मान्** ગ. ૧૦.પ.
**अनु+रुध्** ગ. ૪.આ.
માફ કરવું **क्षम्** ( **क्षाम्** ) ગ. ૪.પ.
મામા **मातुल** પું.
માયા **माया** સ્ત્રી.
માયાવી **मायिन्** વિ.
મારવાની ઇચ્છા કરવી **द्रुह** ગ. ૪.પ.
મારવું **तड्** ગ. ૧૦.પ.
માલિક **भर्तृ** પું.
માળા **माला** સ્ત્રી. **दामन्** ન.
મિત્ર **मित्र** ન. **सुहृद्** પું.
મિથિલાનગરી **मिथिला** સ્ત્રી.
મીઠું **स्वादु** વિ.
મૂકવું **मुच्** ( **मुञ्च्** ) ગ. ૬. ઉ.
મુખ્ય **प्रधान** પું.
મુંઝાઈ ગએલ **लुप्त** ( **लुप्+त** )
મુંઝાઈ જવું **लुप्त** ગ. ૪.પ.
મુંઝાવું **मुह्** ગ. ૪.પ.
મુનિ **मुनि** પું.
મુસાફર **पान्थ** પું.
મુસાફરી **प्रवास** પું.
મૂળ **मूल** ન.
મેરૂ પર્વત **मेरु** પું.
મેળવવું **लभ्** ગ. ૧.આ.
મેળવેલું **अर्जित** વિ.
મોટું **गुरु** વિ. **महत्** વિ.
**विशाल** વિ.
મોટું ગામ **पत्तन** ન.
મોટો વેપારી **सार्थवाह** પું.
મોઢું **मुख** ન. **वक्त्र** ન.
મોતી **मौक्तिक** ન.
મોર **मयूर** પું.
મોહ પામવો **मुह्** ગ. ૪.પ.
મોક્ષ **मुक्ति** સ્ત્રી.
મૌન **मौन** ન.
મંત્રી **मन्त्रिन्** પું.
યત્ન કરવો **यत्** ગ. ૧.આ.
યમુના નદી **यमुना** સ્ત્રી.
યશ **यशस्** ન.
યાદ કરવું **स्मृ** ગ. ૧.પ.
યાચવું **याच्** ગ. ૧.ઉ.
યુધિષ્ઠિર **युधिष्ठिर** પું.
**कौन्तेय** પું.

યુદ્ધ **युध्** સ્ત્રી. **रण** ન.
**समर** પું.
યુદ્ધ કરવું **युध्** ગ. ૪.આ.
યોગી **योगिन्** પું.
યોગ્ય **योग्य** વિ. **उचित** વિ.
**युक्त** વિ.
યોગ્ય હોવું **युज्** ગ. ૪.આ.
યોદ્ધો **योध** પું.
રખડવું **अट्** ગ. ૧.૫.
રંગવું. **वर्ण्** ગ. ૧૦.૫.
રચના કરવી **रच्** ગ. ૧૦.૫.
**वि+रच्**
રચવું **रच्** ગ. ૧૦.૫. **सृज्**
ગ. ૬.૫.
રટવું **रट्** ગ. ૧.૫.
રડવું **रट्** ગ. ૧.૫.
રણ **रण** ન.
રતિલાલ **रतिलाल** પું.
રત્નોની માલા **रत्नमाला** સ્ત્રી.
( **रत्नानां माला** )
રથ **रथ** પું.
રમત **क्रीडा** સ્ત્રી.
રમવું **रम्** ગ. ૧.આ. **क्रीड्**
ગ. ૧.૫.
રસોઇઓ **सूद्** પું.
રસ્તો **मार्ग** પું. **रथ्या** સ્ત્રી.
રહિત **विहीन** વિ.

રહેઠાણ **वसति** સ્ત્રી.
રહેવું **वस्** ગ. ૧૦.૫. **नि+वस्**
રક્ષણ કરવું **पल्** ગ. ૧૦.૫.
**रक्ष्** ગ. ૧.૫.
રાગ વગરનું **विरक्त** વિ.
રાજા **भूपाल** પું. **नृपति** પું.
**नृप** પું. **राजन्** પું.
**भूभुज्** પું.
રાજી **प्रसन्न** વિ.
રાજ્ય **राज्य** ન.
રાત **रात्रि** સ્ત્રી.
રાત્રી **निशा** સ્ત્રી.
રામ અને લક્ષ્મણ **रामलक्ष्मण**
પું. ( **रामश्च लक्ष्मणश्च** )
રામની બહેન **शान्ता** સ્ત્રી.
રાંધવું **पच्** ગ. ૧.૭.
રાહુ વગેરે કોઈ એક **ग्रह** પું.
રીતિ **रीति** સ્ત્રી.
રીવાજ **रीति** સ્ત્રી.
રુચવું **रुच्** ગ. ૧.આ.
રુચિ **श्रद्धा** સ્ત્રી.
રોગ **व्याधि** પું.
રોગ રહિત **नीरुज** વિ.
રોગી **व्याधित** વિ.
રોપવું **मूल्** ગ. ૧૦.૫.
રોષ કરવો **रुष्** ગ. ૪.૫.
રૈયત **प्रजा** સ્ત્રી.

લઈ જવું **नी** ગ. ૧.ઉ.
લઈ લેવું **हृ** ગ. ૧.ઉ.
લખવું **लिख्** ગ. ૬.પ.
લડાઈ **युध्** સ્ત્રી.
લલચાવું **लुभ्** ગ. ૪.પ.
લશ્કર **बल** ન.
લક્ષ્મણ **लक्ष्मण** પું.
લક્ષ્મી **रमा** સ્ત્રી.
લાકડી **दण्ड** ન.
લાકડું **काष्ठ** ન.
લાખ **लक्ष** સ્ત્રી. ન. સં.
લાજ **लज्जा** સ્ત્રી.
લાડવો **मोदक** પું.
લાયક **योग्य** વિ.
લાંઘવું **लङ्घ** ગ. ૧.આ.
લાંબા કાળે **चिरात्** અ.
લાંબો વખત **चिरम्** અ.
લાવવું **आ+नी** ગ. ૧. ઉ.
લીંબડો **निम्ब** પું.
લેવું **उद्+हृ** ગ. ૧.ઉ.
લોક **लोक** પું.
લોટવું **लुट्** ગ. ૪.પ.
લોપાઈ ગએલ **लुप्त ( लुप्+त )**
લોપાઈ જવું **लुप्** ગ. ૪.પ.
લોભ કરવો **लुभ्** ગ. ૪.પ.
લોભાએલું **लुब्ध ( लुभ्+त )**
લોભી **कृपण** વિ.

લંકા નગરી **लङ्का** સ્ત્રી.
લંગડું **खञ्ज** વિ.
વંદન કરવું **वन्द्** ગ. ૧.આ.
વક્તા **वक्तृ** વિ.
વખત **काल** પું.
વખાણવું **श्लाघ्** ગ. ૧. આ.
વગર વિચારીને **असमीक्ष्य** અ.
(**न समीक्ष्य** સં. ભૂ. કૃ.)
વચન **वचन** ન. **वचस्** ન.
વચ્ચે **मध्य** પું. ન.
વજ્ર **वज्र** પું. ન.
વધવું **वृध्** ગ. ૧.આ. **ऋध्**
**सम्+ऋध्** ગ. ૪. પ.
વધારે મોટું **गरीयस्** વિ.
( **गुरु+ईयस्** )
વર્જવું **वर्ज्** ગ. ૧૦. પ. **परि+वर्ज्**
વડ **वट** પું.
વર્ણ **रूप** ન.
વર્ણન કરવું **वर्ण्** ગ. ૧૦.પ.
વર્ણવવું **वर्ण्** ગ. ૧૦.પ.
વર્તન **चरित** ન.
વર્તવું **वृत्** ગ. ૧.આ.
વર્ષાઋતુ **वर्षा** સ્ત્રી. (બ.વ.)
વરસવું **वृष्** ગ. ૧.પ.
વરસાદ **वृष्टि** સ્ત્રી. **पर्जन्य** પું.
**वारिद** પું.
વલય **कङ्कण** ન.

વસવું **वस्** ગ. ૧.પ. **नि+वस्**
વસ્ત્ર **वस्त्र** ન.
વહન કરવું. **वह्** ગ. ૧.ઉ.
વહાણ **प्रवहण** ન.
વહાલું **प्रिय** વિ.
વહુ **वधू** સ્ત્રી.
વહેવું **वह्** ગ. ૧.ઉ.
વળી **तु** અ.
વાણી **वाच्** સ્ત્રી.
વાત **वायु** પું.
વાવ **वापी** સ્ત્રી.
વાવવું **वप्** ગ. ૧. ઉ. **मूल्** ગ. ૧૦.પ.
વાંછવું **वाञ्छ्** ગ. ૧.પ.
વાંદરો **कपि** પું. **वानर** પું. **प्लवङ्ग** પું.
વાસણ **भाण्ड** ન.
વગેરે **आदि** પું.
વિઘ્ન **विघ्न** પું.
વિચારવું **चिन्त्** ગ. ૧૦.પ.
વિજય પામવો **वि+जि** ગ. ૧.આ.
વિજળી **विद्युत्** સ્ત્રી.
વિદ્યમાન હોવું **विद्** ગ.૪.આ.
વિદ્યા **विद्या** સ્ત્રી.
વિદ્યાની પ્રાપ્તિ **विद्यागम** પું. **( विद्यायाः आगमः )**
વિદ્યાર્થી **छात्र** પું. **विद्यार्थिन्** પું.
વિદ્વાન **प्राज्ञ** પું.
વિના **विना** અ.
વિપત્તિ **विपद्** સ્ત્રી.
વિપરીત થવું **वि+सम्+वद्** ગ. ૧.પ.
વિપરીત બોલવું **वि+सम्+वद्** ગ. ૧.પ.
વિરમવું **वि+रम्** ગ. ૧.પ.
વિરુદ્ધ થવું. **वि+सम्+वद्** ગ. ૧.પ.
વિશાલ **विशाल** વિ.
વિશ્વાસ **विश्वास** પું.
વિષ્ણુ **विष्णु** પું. **हरि** પું.
વિષ્ણુની સ્ત્રી **रमा** સ્ત્રી.
વિષ્ણુને માનનાર **वैष्णव** પું.
વિસર્જન કરવું **वि+सृज्** ગ. ૬.પ.
વિસામો લેવો **वि+श्रम्** ગ. ૪.પ.
વિહાર કરવો **वि+हृ** ગ. ૧.ઉ.
વીર **वीर** પું.
વીશ **विंशति** સ્ત્રી. સં.
વૃક્ષ **पादप** પું.
વેગ **वेग** પું.
વેપારી **वणिज्** પું.
વેલડી **लता** સ્ત્રી.

વૈભવ **ऋद्धि** સ્ત્રી. **विभूति** સ્ત્રી.
વ્યાકરણ **व्याकरण** ન.
વ્યાધિવાળું **व्याधित** વિ.
વ્યાપાર **व्यापार** પું.
વ્યાપ્ત **संकुल** વિ.
શક્તિ **शक्ति** સ્ત્રી. **बल** ન.
શણગારવું **भूष्** ગ. ૧૦.પ.
શણગાર સજવો **भूष्** ગ.૧૦.પ.
શણગારાએલ **भूषित** ( **भूष्+त** )
શણગારેલ **अलंकृत** વિ.
શત્રુ **रिपु** પું. **शत्रु** પું. **द्विष्** પું.
**अरि** પું.
શત્રુંજયગિરિ **शत्रुञ्जय** પું.
શરણ **शरण** ન.
શરણે જવું **श्रि** ગ. ૧.ઉ.
**आ+श्रि** ગ. ૧.ઉ.
શરદ્ઋતુ **शरद्** સ્ત્રી.
શરીર **शरीर** ન. **देह** પું.
શરૂઆત **आदि** પું.
શહેર **नगर** ન.
શાથી **कुतस्** અ.
શા માટે **किम्** અ. **कथम्** અ.
શાશ્વત **शाश्वत** વિ.
શાંત થવું **शम्** ( **शाम्** ) ૪.પ.
શાંતિ **क्षमा** સ્ત્રી. **शान्ति** સ્ત્રી.
શાંતિનાથ ભગવાન **शान्ति** પું.
શિખર **शिखर** ન.

શિશિરઋતુ **शिशिर** પું.
શિક્ષા **निग्रह** પું.
શીખવું **शिक्ष्** ગ. ૧. આ.
શી રીતે **कथम्** ન.
શુભ **श्रेयस्** ન.
શું **किम्** સર્વ. **किम्** અ.
શૂરવીર **शूर** પું.
શોક કરવો **शुच्** ગ. ૧.પ.
શોધવું **मृग्** ગ. ૧૦.આ.
( **मृगयते** )
શોભવું **शुभ्** ગ. ૧.આ.
**राज्** ગ. ૧.ઉ.
શોભા કરવી **भूष्** ગ. ૧૦.પ.
શોભિત **अलंकृत** વિ. **भूषित** વિ.
શ્રદ્ધા **श्रद्धा** સ્ત્રી. **विश्वास** પું.
શ્રમણ **श्रमण** પું.
શ્રમ પામવો **श्रम्** ( **श्राम्** )
ગ. ૪.પ.
શ્રાવક **श्रावक** પું.
શ્રીજિનેશ્વરદેવ **जिन** પું.
શ્રીહેમચન્દ્રાચાર્ય
**श्रीहेमचन्द्राचार्य** પું.
શ્રેષ્ઠ **परम** વિ. **वर** પું. ન.
**साधु** વિ. **सार** વિ.
સંગત **संगति** સ્ત્રી.
સજ્જન **सत्** પું. **साधु** પું.
સત્ય **सत्य** ન.

સદાચાર **शील** ન.
સભા **सभा** સ્ત્રી.
સમગ્ર **सकल** વિ.
સમય **काल** પું.
સમર્થ **प्रभु** પું. **क्षम** વિ.
સમર્થ થવું **प्र+भू** ગ. ૧.૫.
સમસ્ત **कृत्स्न** વિ.
સમુદાય **सङ्घ** પું.
સમુદ્ર **वारिधि** પું. **जलनिधि** પું.
**अब्धि** પું.
સમું **सम** વિ.
સમૂહ **भार** પું. **राशि** પું.
સમૃદ્ધ થવું **सम्+ऋध्** ગ.૪.૫.
સરકવું **सृ** ગ. ૧.૫.
સરખું **सम** વિ. **अनुरूप** વિ.
સરજવું **सृज्** ગ. ૬.૫.
સરલા નામની બાઈ **सरला** સ્ત્રી.
સર્જન કરવું **सृज्** ગ. ૬.૫.
સર્પ **भुजङ्ग** પું.
સર્વ **सर्व** સર્વ.
સર્વજગત **सर्वजगत्** ન.
**( सर्वं च तज्जगच्च )**
સર્વ ઠેકાણે **सर्वत्र** અ.
સવાર **प्रभात** ન. **प्रातर्** અ.
સળગવું **दीप्** ગ. ૪.આ.
સાંકળ **शृङ्खला** સ્ત્રી.
સાંજ **प्रदोष** પું.

સાંભળનાર **श्रोतृ** વિ.
સાગર **समुद्र** પું.
સાચવવું **रक्ष्** ગ. ૧.૫.
સાચું **सत्य** ન.
સાંચોરગામ **सत्यपुर** ન.
સાઠ **षष्टि** સ્ત્રી. સં.
સાત **सप्तन्** સં.
સાથે **सह** અ. **युक्त** વિ.
સાધુ **साधु** પું. **श्रमण** પું.
સાધ્વી **आर्या** સ્ત્રી.
સાન્ત્વન કરવું **सान्त्व्** ગ.૧૦.૫.
સાપ **सर्प** પું.
સામે **पुरस्** અ.
સારભૂત વસ્તુ **तत्त्व** ન.
સારી રીતે **सम्यग्** અ.
સારી રીતે જોવું **सम्+ईक्ष्**
ગ. ૧.આ.
સારું **शोभन** વિ. **सार** વિ.
**वर** વિ. **प्रशस्य** વિ.
**साधु** વિ. **सुष्ठु** અ.
**सुन्दर** વિ.
સારૂં કામ **पुण्य** ન.
સારૂં માન **संमान** પું.
સારો પુત્ર **सुपुत्र** પું.
સસરો **श्वशुर** પું.
સાસુ **श्वश्रू** સ્ત્રી.
સિંચવું **सिच्( सिञ्च् )** ગ.૬.ઉ.

સિંહ **सिंह** પું.
સિદ્ધ થવું **सिध्** ગ. ૪.પ.
સિદ્ધરાજા રાજા **सिद्धराज** પું.
સિદ્ધક્ષેત્ર **शत्रुञ्जय** પું.
સીત્તેર **सप्तति** સ્ત્રી. સં.
સીમા **सीमन्** સ્ત્રી.
સુંઘવાને **आघ्रातुम्** હે. કૃદન્ત.
સુંદર **मनोहर** વિ.
સુંદર સ્ત્રી **तन्वङ्गी** સ્ત્રી.
સુકાવું **शुष्** ગ. ૪.પ.
સુકુ ઝાડ **शुष्कवृक्ष** પું.
( **शुष्कश्चासौ वृक्षश्च** )
સુખનો હેતુ **सुखार्थ** પું.
( **सुखस्य अर्थः** )
સુગંધિ **सुरभि** વિ.
સુતેલું **सुप्त** વિ.
સૂર્ય **भानु** પું. **रवि** પું.
**पतङ्ग** પું.
સેવવું **भज्** ગ. ૧. ઉ.
**सेव्** ગ. ૧. આ.
સેવા કરવી **श्रि** ગ. ૧. ઉ.
**आ+श्रि** ગ. ૧. ઉ.
**सेव्** ગ. ૧. આ.
સો **शत** પું. ન. સં.
સોનામહોર **निष्क** પું.
સોનું **सुवर्ण** ન. **हिरण्य** ન.
**काञ्चन** ન.

સોબત **सङ्ग** પું. **सम्बन्ध** પું.
**सङ्गति** સ્ત્રી.
સોરઠદેશ **सौराष्ट्र** પું. (બ.વ.)
સંકટ **व्यसन** ન.
સંખ્યા વિનાનું **असंख्येय** વિ.
સંતોષ પામવો **तुष्** ગ. ૪.પ.
સંતોષ પામેલ **तुष्ट** ( **तुष्+त** )
સંપત્તિ **संपद्** સ્ત્રી.
સંભારવું **स्मृ** ગ. ૧.પ.
સંભાળવું **रक्ष्** ગ. ૧.પ.
સંસ્કૃતભાષા **संस्कृत** ન.
**संस्कृतभाषा** સ્ત્રી.
સ્થાન **निलय** પું. **आयतन** ન.
**आस्पद** ન.
સ્થિર **स्थिर** વિ.
સ્થિર રહેવું **स्था** ( **तिष्ठ्** ) ગ. ૧.પ.
સ્પર્શ **स्पर्श** પું.
સ્પર્શ કરવો **स्पृश्** ગ. ૬.પ.
સ્પૃહા કરવી **स्पृह्** ગ. ૧૦.પ.
સ્પૃહા વગરનું **निःस्पृह** વિ.
સ્ફુરવું **स्फुर्** ગ. ૬.પ.
સ્મરણ કરવું **स्मृ** ગ. ૧.પ.
સ્મરણ કરેલ **स्मृत** ( **स्मृ+त** )
સ્ત્રી **अङ्गना** સ્ત્રી. **अबला** સ્ત્રી.
**योषित्** સ્ત્રી. **नारी** સ્ત્રી.
**महिला** સ્ત્રી. **दार** પું. (બ.વ.)
સ્વજન **ज्ञाति** પું.

સ્વપ્ન **स्वप्न** પું.
સ્વભાવ **धर्म** પું. **निसर्ग** પું.
**स्वभाव** પું. **चरित** ન.
સ્વરૂપ **रूप** ન.
સ્વર્ગ **स्वर्ग** પું.
સ્વાદ લેવો **स्वाद्** ગ. ૧.આ.
સ્વામી **स्वामिन्** પું.
હણાયું **हत** વિ.
હંમેશ **सतत** વિ. **नित्य** વિ.
**सर्वदा** અ.
હંમેશનું **शाश्वत** વિ.
હજાર **सहस्र** ન. પું. સં.
હથિયાર **प्रहरण** ન.
હદ **सीमन्** સ્ત્રી.
હદબહાર **अति** અ.
હમણાં **अधुना** અ.
હરણ **मृग** પું.
હરણ કરવું **हृ** ગ. ૧.ઉ.
હરાવવું **अभि+भू** ગ. ૧. આ.
હર્ષ પામવો **मुद्** ગ. ૧. આ.
હલકું **हीन** વિ. **नीच** વિ.
**लघु** વિ.
હવે **अथ** અ.
હસવું **हस्** ગ. ૧.૫.
હસ્તિનાપુર **हस्तिनापुर** ન.
હા **ओम्** અ.

હાથ **पाणि** પું. **हस्त** પું.
**बाहु** પું.
હાથી **गज** પું.
હાર **पराभव** પું.
હારી જવું **परा+जि** ગ. ૧. આ.
હાલત **अवस्था** સ્ત્રી.
હિતકારી **पथ्य** વિ.
હીન **हीन** વિ.
હુકમ કરવો **आ+दिश्** ગ.૬.ઉ.
હું **अस्मद्** સર્વ.
હૃદય **हृदय** ન.
હેતુ **कारण** ન.
હૈયું **हृदय** ન.
હોંશિયાર **कुशल** વિ. **प्रवीण** વિ.
હોઠ **अधर** પું.
હોવું **भू** ગ. ૧.૫. **अस्** ગ.
૨.૫. **वृत्** ગ. ૧.આ.
**विद्** ગ. ૪.આ.
ક્ષમા **क्षमा** સ્ત્રી.
ક્ષમા કરવી **क्षम्** ( **क्षाम्** )
ગ. ૪.૫.
ક્ષય પામવો **क्षि** ગ. ૧.૫.
ક્ષય પામેલ **क्षीण** ( **क्षि+त** )
ક્ષીણ થવું **क्षि** ગ. ૪.૫.
ક્ષોભ પામવો **क्षुभ्** ગ. ૪.૫.
જ્ઞાન **ज्ञान** ન. **विद्या** સ્ત્રી.

# सिद्ध-हेमचन्द्र-शब्दाऽनुशासन-सूत्राणि

१ प्रथमो अध्यायः

१ पादः સંજ્ઞા

१[j] अर्हम् पृ. २[+]

२ सिद्धिः स्याद्वादात् पृ. २

३ लोकात् पृ. २

४ औदन्ताः स्वराः पृ. ३

५ एक-द्वि-त्रि-मात्रा ह्रस्व-दीर्घ-प्लुताः पृ. ८

६ अनवर्णा नामी पृ. ४

७ लृदन्ताः समानाः पृ. ४

८ ए ऐ ओ औ सन्ध्यक्षरम् पृ. ४

९ अं अः अनुस्वारविसर्गौ पृ. ३

१० काऽऽदिर्व्यञ्जनम् पृ. ३

११ अ-पञ्चमाऽन्तस्थो धुट् पृ. ६

१२ पञ्चको वर्गः पृ. ५

१३ आद्य-द्वितीय-श-ष-सा अघोषाः पृ. ६

१४ अन्यो घोषवान् पृ. ६

१५ य-र-ल-वा अन्तस्थाः पृ. ५

१६ अं-अः ≍ क- ⨯ प-श-ष-साः शिट् पृ. ६

१७ तुल्य-स्थानाऽऽस्य-प्रयत्नः स्वः पृ. ९

१८ स्यौजसमौशस् टा-भ्याम् भिस् ङे भ्याम्-भ्यस् ङसि-भ्याम्-भ्यस् ङसो-साऽऽम् ङ्योस्-सुपां त्रयी त्रयी प्रथमाऽऽदिः १६[X]

११ स्त्यादिर्विभक्तिः १६,१

---

j આ અંક વ્યાકરણના સૂત્રોનો નંબર જણાવે છે.

\+ આ અંક પૃષ્ઠનો નંબર જણાવે છે.

X આ અંક પાઠનો નંબર જણાવે છે.

| १-२ | १-३ |
|---|---|
| २० तदन्तं पदम् १६-१, २-४* | १२ ऐदौत् सन्ध्यक्षरैः १७-१ |
| २१ नाम सिदऽ-य्-व्यञ्जने ३४-१ | २१ इवर्णाऽऽदेरस्वे स्वरे य-व-र-लम् २६-७ |
| २६ स-विशेषणमाऽऽख्यातं वाक्यम् ५१-१ | २३ एदैतोऽयाऽऽय् ८-२ |
| २७ अधातु-विभक्ति-वाक्यम -ऽर्थवन्नाम पृ. १२ | २४ ओदौतोऽवाऽऽव् ८-२ |
| २८ शि घुंट् ४०-४ | २७ एदोतः पदान्तेऽस्य लुक् १८-२ |
| २९ पुं-स्त्रियोः स्यमौ-जस् ४०-३ | ३४ ईदूदेद् द्विवचनम् २१-३ |
| ३० स्वराऽऽदयोऽव्ययम् १६ | ३ पादः વ્યંજનસંધિ |
| ३१ चाऽऽदयोऽसत्त्वे २७-३ | १ तृतीयस्य पञ्चमे २५-४ |
| ३४ वत्-तस्याम् ४६-११ | २ प्रत्यये च५०-१० |
| ३५ क्त्वा-तुमऽम् ३३-४ | ३ ततो हश्चतुर्थः ४१-४ |
| ३७ अ-प्रयोगीत् ३६-१ | ४ प्रथमादऽधुटि शश्छः ३२-३ |
| २ पादः સ્વરસંધિ | ५ रः क-ख-पफयोः≍क ⩙ पौ पृ. ६ टीप |
| १ समानानां तेन दीर्घः १७-३ | ६ शषसे शषसं वा १८-४ |
| ६ अवर्णस्ये-वर्णाऽऽदिनै-दोदऽरऽल् १५-२ | ७ च-ट-ते स-द्वितीये १८५ |
| | ८ नो ऽप्रशानो ऽनुस्वारा-ऽनुनासिकौ च पूर्वस्या-ऽधुट् परे २०-५ |

★ આ અંક અનુક્રમે પાઠ અને નિયમ જણાવે છે.

१-३

१४ तौ मुमो व्यञ्जने स्वौ ६-१

२० अतोऽति रो रुः १८-१

२१ घोषवति १८-३

२२ अवर्ण भो भगोऽघोर्लु-
गऽसन्धिः १९-१
पृ. १२८ टीप

२४ स्वरे वा १९-३

२७ ह्रस्वाद् ङ्-ण नो द्वे
३१-५

४० शिड्-हे ऽनुस्वारः ४६-७

४१ रो रे लुग् दीर्घश्चाऽदि-
दुतः ३७-६

४६ एतदश्च व्यञ्जने ऽनग्-
नञ्-समासे ३५-३

५० अघोषे प्रथमोऽशिटः
२५-२

५१ विरामे वा २५-३

५२ न सन्धिः १८-६

५३ रः पदान्ते विसर्गस्तयोः
३-२
३५

५७ अ-रोः सुपि रः ५०-३
३५

१-४

६० तवर्गस्यश्-च-वर्ग-ष्-ट-
वर्गाभ्यां योगे चट-वर्गौ
३२-१

६१ सस्य श-षौ ४८-४

६३ पदान्ताट् टवर्गादऽनाम्
नगरी-नवतेः ४८-५
५०-९

६५ लि लौ ३२-२

४ पादः -

१ अत आः स्यादौ जस्-
भ्याम्-ये
१७-२, २३-१, २४-१

२ भिस ऐस् २३

४ एद् बहु-स्-भोसि
२४-२, २६-२

५ टा-ङसोरिनस्यौ २३,२६

६ ङे-ङस्योर्याऽऽतौ
२४, २५

७ सर्वाऽऽदेः स्मै स्मातौ ३५

८ ङेः स्मिन्

९ जस इः

१-४

१५ अ-वर्णस्याऽऽमः साम् ३५
१७ आपो ङितां यै यास्
यास् याम् २८
१८ सर्वाऽऽदे र्डस्-पूर्वाः ३६
१९ टौस्येत् २८-२
२० औता २८-१
२१ इदुतोऽस्त्रेरीदूत् ३७-१
२२ जस्येदोत् ३७-२
२३ ङित्यदिति ३७-३
२४ टः पुंसि ना ३७
२५ ङि र्डौ ३७
२८ स्त्रिया ङितां वा दै दास्
दास् दाम् ३९
२९ स्त्रीदूतः ३९
३२ ह्रस्वाऽऽपश्च २६, २८,
३७, ३९, ४९
३३ संख्यानां र्-ष्-णाम् ५०
३४ त्रेस्त्रयः ३८-२
३५ एदोद्भ्यां ङसि-ङसो रः
३७
३७ ऋतो डुर् ४९

१-४

३८ तृस्वसृ-नप्तृ-नेष्टृ-
त्वष्टृ-क्षत्तृ-होतृ-पोतृ-
प्रशास्त्रो घुट्यार् ४९-३
३९ अर् डौ च ४१-१
४१ ह्रस्वस्य गुणः ३७-४
४२ एदाऽऽपः २८-३
४३ नित्यदिद्-द्वि-स्वराऽ-
म्बाऽर्थस्य ह्रस्वः ३९-१
पृ. १३४ टीप
४४ अदेतः स्यमोर्लुक् २७
४५ दीर्घ-ङ्याऽऽब् व्यञ्जनात्
सेः २८, ३४, ३९
४६ समानादऽमोऽतः २०,
२८, ३७, ३९
४७ दीर्घो नाम्यऽतिसृचतसृ
-ष्-रः २६-१ ५०-५
४८ नु र्वा ४९-२
४९ शसोऽता, सश्च नः पुंसि
२०-१
५२ वाऽष्टन आः स्यादौ
५०-७
५३ अष्टऔ र्जस्शसोः५०-८

१-४

५४ डति-ष्-णः संख्याया लुप्
५०-६
५५ नपुंसकस्य शिः २१
५६ औरीः २१
५७ अतः स्यमोऽम् २१
५९ अनऽतो लुप् ३४,
३८, ४९
६१ नामिनो लुग् वा ३८-२
६४ अनाऽऽम् स्वरे नोऽन्तः
३८-१
६५ स्वराच्छौ २१-१
६६ धुटां प्राक् ३४-२
७० ऋदुदितः ४०-५
८२ वाः शेषे ५०-२
८४ ऋदुशनस् पुरुदंशो-ऽने-
हसश्च से र्डाः ४९
८५ नि दीर्घः ४७-१
८६ न्स्-महतोः ४६-६
८७ इन् हन् पूषाऽर्यम्णः
शि-स्योः ४७-८
९० अ-भ्वादेरऽत्वसः सौ
४५-२, ४८-१

२-१

२ द्वितीयोऽध्यायः
१ पादः नाम५६

१ त्रि-चतुरस्तिसृ-चतसृ
स्यादौ ५०-१
२ ऋतो रः स्वरेऽनि ५०-८
२१ पदाद् युग्-विभक्त्यैक-
वाक्ये वस्-नसौ बहुत्वे
५१-२
२२ द्वित्वे वाम्नौ ५१-२
२३ ङे-ङसा ते मे ५१-२
२४ अमा त्वा मा ५१-२
३१ नित्यमऽन्वाऽऽदेशे ५१-३
३३ त्यदामेनदेतदो द्वितीया-
दौस्यवृत्त्यन्ते ५१-४
३४ इदमः ५१-४
४० किमः कस्-तसादौ च
३५-१
४१ आ-द्वेरः ३५-१
४२ तः सौ सः ३५-२
७२ सो रुः ३-१
७६ धुटस्तृतीयः २५-१

२-१

८६ च-जः क-गम् ४८-२

८९ पदस्य ४०-६

९१ नाम्नो नो ऽनऽह्नः ४७-२

९२ नाऽऽमन्त्र्ये ४७-५

९३ क्लीबे वा ४७-६

९४ माऽवर्णाऽन्तोपाऽन्ता-ऽपञ्चम-वर्गान्मतो र्मो वः ४६-९

१०८ अनो-ऽस्य ४७-३

१०९ ई-ङौ वा ४७-४

१११ न व-मन्त-संयोगात् ४७-७

११३ लुग-ऽस्या-ऽदेत्यपदे ४-१

११४ डित्यन्त्यस्वराऽऽदेः ३६-२

११५ अवर्णाद-ऽश्नो-ऽन्तो वा ऽतुरीङ्योः ४०-८

११६ श्य-शवः ४०-८

२-२

२ पादः કારક વિભક્તિ

२ स्वतन्त्रः कर्ता २०-४

३ कर्तुर्व्याप्यं कर्म २०-३

२४ साधकतमं करणम् १ २३-३

२५ कर्मा-ऽभिप्रेयः संप्र-दानम् २४-४

२६ स्पृहे र्व्याप्यं वा ३४-३

२७ क्रुद् द्रुहेर्ष्या-ऽसूया-ऽर्थै र्यं प्रति कोपः ३४-४

२८ नोपसर्गाद् क्रुद्-द्रुहा ३४-५

२९ अपाये-ऽवधिर-ऽपा-दानम् २५-६

३० क्रिया-ऽऽश्रयस्या-ऽऽ-धारो-ऽधिकरणम् २६-६

३१ नाम्नः प्रथमैक-द्वि-बहौ १७-५

३२ आमन्त्र्ये २७-१

२-२

३३ गौणात्समया-निकषा-
हा-धिग-ऽन्तरा-ऽन्तरेणा-
ऽति-येन तेनै र्द्वितीया
३६-४

४० कर्मणि २०-२

४१ क्रियाविशेषणात् ३६-३

४४ हेतु-कर्तृ करणेत्थंभूत-
लक्षणे २३-२
२९-४, ३०-८

४५ सहार्थे २३-४

४६ यद्‌भेदैस्तद्वदा-ऽऽख्या
३८-३

४७ कृताऽऽद्यैः ४२-५

५३ चतुर्थी २४-३

५४ तादर्थ्ये २४-५

५५ रुचि कृप्यर्थ-धारिभिः
प्रेय-विकारोत्तमर्णेषु
३४-६

६८ शक्तार्थ-वषड्-नमः
स्वस्ति-स्वाहा-स्वधाभिः
२४-६

६९ पञ्चम्य-ऽपादाने २५-५

२-२/२-३

७२ यतः प्रतिनिधि-प्रतिदाने
प्रतिना २९-३

७७ गुणाद-ऽस्त्रियां नवा
२९-५

८१ शेषे २६-४

९५ सप्तम्यधिकरणे २६-५

१०६ यद्भावो भाव-लक्षणम्
४०-९

१०८ षष्ठी वा-ऽनाऽऽदरे
४०-१०

१०९ सप्तमी चा-ऽविभागे
निर्द्धारणे ४५-७

११५ विना ते तृतीया च
२५-७

११६ तुल्यार्थैस्तृतीया-षष्ठ्यौ
३८-४

१२४ गुरावेकश्च ३२-४

३ पादः ष અને ण विधि

१५ नाम्यन्तस्था-क-वर्गात्प-
दाऽन्तः कृतस्य सः
शिड्-नाऽन्तरेऽपि
२६-३, ४८-३

२-४/३-१

६३ र्-ष्-ऋ-वर्णान्नो ण एकपदेऽनन्त्यस्या ऽ-ल-च-ट-त-वर्ग-श-साऽन्तरे २१-२

४ पादः स्त्री-प्रत्यय

१ स्त्रियां न्-ऋतो-ऽस्व-स्राऽऽदेर्ङीः ४७-९
४९-४

२ अधातूदृदितः ४०-७

१४ मनः । ४७-९

१८ आत् २८-४

३५ स्वरादुतो गुणादऽखरोः ३९-२

३ तृतीयोऽध्यायः

१ पादः समास

१ धातोः पूजाऽर्थ-स्वति गताऽर्थाऽधि-पर्यतिक्रमा-ऽर्थाऽतिवर्जः प्रादिरुपसर्गः प्राक् च २९-१

१८ नाम नाम्नैकार्थ्ये समासो बहुलम् ४३-१

३-१/३-२

२२ एकाऽर्थं चाऽनेकं च ४४-१

२४ सहस्तेन ४४-२

३९ विभक्ति-समीप-समृद्धि-व्यृद्ध्यर्थाऽभावाऽत्यया-ऽसंप्रति पश्चात्-क्रम ख्या-ति-युगपत्-सदृक्सम्पत् साकल्याऽन्ते ऽव्ययम् ४४-४

४२ गति-क्वन्यस्तत्पुरुषः ४३-४

५१ नञ् ४३-६

७६ षष्ठ्ययत्नाच्छेषे ४३-५

९६ विशेषणं विशेष्येणैकार्थं कर्मधारयश्च ४३-९

११७ चाऽर्थे द्वन्द्वः सहोक्तौ ४३-३

२ पादः समास-विधि

२ अमव्ययी-भावस्याऽतोऽ-पञ्चम्याः ४४-५

७ अव्ययस्य १६-२

८ ऐकार्थ्ये पृ. १३६ टीप

३-३

१२४ नञऽत् ४३-७

१२९ अन् स्वरे ४३-८

१४३ सहस्य सोऽन्यार्थे ४४-३

१५४ अनञः क्त्वो यप्
३३-३

३ पादः- क्रिया५६

१ वृद्धिरा-ऽऽरैदौत् १३-२

२ गुणोऽरेदोत् ७-२

३ क्रिया-ऽर्थो धातुः पृ. १२

४ न प्राऽऽदिरऽ प्रत्ययः
३१-२

६ वर्तमाना-तिव् तस् अन्ति, सिव् थस् थ, मिव् वस् मस्, ते आते अन्ते, से आथे ध्वे, ए वहे महे
१, १५

७ सप्तमी-यात् याताम् युस्, यास् यातम् यात, याम् याव याम, ईत ईयाताम् ईरन्, ईथास् ईथायाम्

३-३

ईध्वम्, ईय ईवहि ईमहि ४१

८ पञ्चमी-तुव् ताम् अन्तु, हि तम् त, आनिव् आवव् आमव्, ताम् आताम् अन्ताम्, स्व आथाम् ध्वम्, ऐव् आवहैव् आमहैव् ४२

९ ह्यस्तनी-दिव् ताम् अन्, सिव् तम् त, अम्व् व म, त आताम् अन्त, थास् आथाम् ध्वम् , इ वहि महि ३१, ३२

१० एताः शितः १, १५, ३१ ३२, ४१, ४२,

१७ त्रीणि त्रीण्यन्य-युष्म-दऽस्मदि १

१८ एक द्वि-बहुषु १

१९ नवाऽऽद्यानि शतृ-क्वसू च परस्मैपदम् १

२० पराणि कानाऽऽनशौ चाऽऽत्मनेपदम् १५

३-४/४-२
२१ तत्साप्याऽनाऽऽप्यात्कर्म-
भावेकृत्य-क्त-खलऽर्थाश्च
३०-४, ३०-५, ३३-५
३३-६, ४५-४
२८ परा-वे र्जेः २९-३
१०५व्याऽऽऽङ् परे रमः
२९-३
४ पादः क्रियापद
१७ चुरादिभ्यो णिच् ११-१
७० क्यः शिति ३९-६
७१ कर्तर्यनऽद्भ्यः शव्२-२
७२ दिवादेः श्यः ९-१
८१ तुदादेः शः १०-१
४ चतुर्थोऽध्यायः
२ पादः क्रियापद
११३मव्यस्याः २-३
११९आशिषि तु-ह्योस् तातङ्
४२-३
१२१आतामाऽऽते आथामाऽऽथे
आदिः १५, ३२, ४२
१२२यः सप्तम्याः ४१
१२३याम्युसोरियमियुसौ

४-३/४-४/५-१
३ पादः क्रियापद
१ नामिनो गुणोऽक्ङिति ८-१
२ लघोरुपान्त्यस्य ७-१
५० ञ्णिति १३-१
५१ नामिनो ऽ-कलि हले:
१३-१
८२ अतः १३-३
८३ णेर-ऽनिटि ३०-७
४ पादः क्रियापद
२९ अड् धातोराऽऽदि ह्यॅय-
स्तन्यां चाऽमाङा ३१-१
३१ स्वरादेस्तासु ३१-३
११३ह्रस्वस्य तः पित्कृति
३३-३
११४अतो म आने ४०-२
५ पञ्चमोऽध्यायः
१ पादः कृदन्त
१ आ-तुमोऽ-त्यादिः कृत्
३३-१
११ गत्यर्थाऽ-कर्मक-पिब-
भुजेः ३३-७
४७ ते कृत्याः ४५-३

५-२/५-३/५-४

१४७ क्त-क्तवतू ३३-५, ३३-६, ३३-७, ४५-१

२-पादः कृदन्त

७ अनऽद्यतने ह्यस्तनी ३१-४

१९ सति २-५

२० शत्राऽऽनशावेष्यति तु स-स्यौ ४०-१

३ पादः कृदन्त

१३ क्रियायां क्रियाऽर्थायां तुम् णकच् भविष्यन्ती ३३-२

४ पादः कृदन्त

२२ संभावनेऽलमऽर्थे तदऽर्थानुक्तौ ४१-३

२५ वर्त्स्यति हेतु-फले ४१-२

विधि-निमन्त्रणाऽऽमन्त्रणाऽधीष्ट-संप्रश्न-प्रार्थने ४१-१, ४२-४

२९ प्रैषाऽनुज्ञाऽवसरे कृत्य-पञ्चम्यौ ४२-१

३५ शक्ताऽर्हे कृत्याश्च ४५-५

६-१/७-१/७-२/७-३/७-४

३८ आशिष्याशीः-पञ्चम्यौ ४२-२

४७ प्राक्काले ३३-३

६ षष्ठोऽध्यायः

१ पादः तद्धित

१ तद्धितोऽणाऽऽदिः ४६-१

७ सप्तमोऽध्यायः

१ पादः तद्धित

५२ स्यादेरिवे ४६-१०

५५ भावे त्व-तल् ४६-१२

२ पादः तद्धित

१ तदऽस्याऽस्त्यस्मिन्निति मतुः ४६-८

३ पादः तद्धित

५ प्रकृष्टे तमप् ४६-२

६ द्वयो र्विभज्ये च तरप् ४६-३

९ गुणाङ्गाद् वेष्ठेयसू ४६-४

४ पादः तद्धित-विधि

३४ प्रशस्यस्य श्रः ४६-५

# જૈન ધર્મને સમજવા માટે
# સંસ્કૃત ભાષાની અગત્યતા

જૈન ધર્મના બે અંગ છે, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ક્રિયા. સમ્યગ્જ્ઞાન માટે પિસ્તાલીશ આગમો-દ્વાદશાંગી, ચૌદ પૂર્વ વગેરે અને તેની પછી રચાયેલા મહાન્ ગ્રંથો પૈકી તત્ત્વાર્થસૂત્ર, સન્મતિતર્ક વગેરે વગેરે ગ્રંથો છે. અને દરેક વિષયના પણ જુદા જુદા ઘણા પ્રકરણ ગ્રંથો છે અને ક્રિયા વિવિધ પ્રકારની અનેક ક્રિયાઓ છે. અનેક પ્રકારના અનુષ્ઠાનો પણ ક્રિયાઓમાં જ સમાવેશ પામે છે. આ બધી ક્રિયાઓ, અનુષ્ઠાનો અને આચારો પણ સમ્યગ્જ્ઞાનને પ્રગટ કરવા માટેના જ છે.

વિહિત ક્રિયાઓ-અનુષ્ઠાનો અનેક પ્રકારના છે-નમસ્કાર મહામંત્રનું સ્મરણ, ચૈત્યવંદન, પ્રભુદર્શન, ગુરુવંદન, પૌષધ પ્રતિક્રમણ-સામાયિક, વ્રતો, ચારિત્ર ગ્રહણ, વ્યાખ્યાન, વ્યાખ્યાન શ્રવણ, પચ્ચક્ખાણ, અનેક પ્રકારના વિધિપૂર્વકના તપો, અષ્ટાહ્નિક મહોત્સવો, પૂજાઓ, પૂજનો, શાંતિસ્નાત્ર, સ્નાત્રપૂજા, પ્રભુની અંગપૂજા, અષ્ટપ્રકારી પૂજા, અંગરચના, ઉજમણા, ઉપધાન, યોગોદ્વહન, આચાર્યપદ વગેરે પદપ્રદાનો, પ્રતિષ્ઠા, અંજન શલાકા, ચૈત્ય નિર્માણ, પ્રતિમા ભરાવવી. ગ્રંથો લખવા-લખાવવા-છપાવવા નવા રચવા-રચાવવા ભણવા-ભણાવવા વગેરે છે.

જૈન શાસનની પ્રત્યેક ક્રિયા અને તેની વિધિઓ-વિધાનો સંસ્કૃત પ્રાકૃત ભાષામય છે. અને એમ કહીએ તો પણ ચાલે કે - જેમ લોકશાસન અત્યારે અંગ્રેજી કે હિન્દી ભાષામાં ચાલે છે. તેમ જૈન શાસન-સંસ્કૃત, પ્રાકૃત કે માગધી ભાષામાં ચાલે છે. પ્રત્યેક ક્રિયાનાસૂત્રો સંસ્કૃત કે પ્રાકૃત ભાષામાં છે. જેમ જ્ઞાનના ગ્રંથો પિસ્તાલીશ આગમો દ્વાદશાંગી, ચૌદ પૂર્વો, તત્ત્વાર્થ સૂત્ર, સમ્મતિતર્ક, પ્રતિક્રમણ સૂત્રો

વગેરે સંસ્કૃત કે પ્રાકૃત ભાષામાં છે તેમ ક્રિયાઓ અને વિધિ-વિધાનો પણ સંસ્કૃત કે પ્રાકૃત ભાષામાં છે.

લોકશાસન અર્થ અને કામ પ્રધાન છે, અને જૈનશાસન ધર્મ અને મોક્ષ પ્રધાન છે. લોકશાસનમાં જીવનાર અર્થ અને કામ માટે તે તે ભાષાઓ હિન્દી-અંગ્રેજી વગેરે શીખે છે અને શીખવે છે તેમ જૈનશાસનમાં જીવનારે ધર્મ અને મોક્ષની આરાધના માટે જૈન શાસનની વહિવટી ભાષા સંસ્કૃત અને પ્રાકૃત શીખવી-શીખવવી જોઈએ. પ્રત્યેક ક્રિયાઓ અને તેની વિધિઓ અને વિધાનો કરવામાં આવે છે, કરનાર કરે છે અને કરાવે છે, પણ એ ક્રિયાના સૂત્રો, વિધિના આદેશ સૂત્રો વગેરે તો સંસ્કૃત-પ્રાકૃત ભાષામય છે, તો તેને સમજવા કે શુદ્ધ ઉચ્ચારથી બોલવા, તે તે ભાષાજ્ઞાનની ગુરુનિશ્રાએ અત્યંત અગત્યતા છે.

સંસ્કૃત અને પ્રાકૃત ભાષાનું જ્ઞાન એ માટે પણ અગત્યનું છે કે-ધર્મના ગ્રન્થો અને ધાર્મિક ક્રિયાઓની વિધિઓ અશુદ્ધિના માર્ગે ન ચાલી જાય એટલે કે તેમાં પ્રવેશતી અશુદ્ધિઓને રોકવા માટે તે તે ભાષાઓના જ્ઞાનની અત્યંત આવશ્યકતા છે.

પ્રતિક્રમણ ભણાવનાર કે કરનાર, શાંતિસ્નાત્ર ભણાવનાર કે કરનાર, એવી રીતે દરેક અનુષ્ઠાનો કરનાર-કરાવનાર સંસ્કૃત કે પ્રાકૃત ભાષાનું જ્ઞાન ન ધરાવતો હોય તો તેના મૂળ આશયને-મર્મને તે સમજી શક્તો નથી-એટલે કે આ સૂત્ર, આ શ્લોક, આ આદેશ શું કહેવા માગે છે ? ક્યા આશયથી ક્યા ભાવથી ? આ ક્રિયાઓ કરવાની છે ? તેનું જ્ઞાન દૂર રહે છે એટલે કે-સંસ્કૃત-પ્રાકૃત ભાષાના અનભિજ્ઞ-નહિ જાણનારા દ્વારા થતી તે તે ક્રિયાઓ-વિધિઓ ક્રિયારૂપે રહે છે-જ્ઞાનરૂપે થતી નથી. એટલે દરેક ક્રિયાઓ અને વિધિઓને જ્ઞાન સ્વરૂપે બનાવવા સંસ્કૃત અને પ્રાકૃતભાષા જ્ઞાનની આવશ્યક જરૂર છે. આવશ્યકો જેમ આવશ્યક છે, અવશ્ય કરવાના છે, તેમ

તેના સૂત્રોની ભાષા સંસ્કૃત કે પ્રાકૃત ભાષા પણ આવશ્યક છે-અવશ્ય શીખવાની છે. સંસ્કૃત પ્રાકૃત ભાષાને સમજનાર વર્ગ તે તે સૂત્રો શ્લોકો વગેરે વિશિષ્ટ ઉચ્ચારપૂર્વક બોલી શકશે, અન્યથા તેના ઉચ્ચારોમાં પણ મંદતા અને અશુદ્ધિઓ રહેવાની સંભાવના છે. પ્રત્યેક જૈને આ જૈન ભાષાઓ ઓછાવત્તા અંશે શીખવી જ જોઇએ.

જૈનધર્મના ગ્રન્થો વિપુલ પ્રમાણમાં છે, વિપુલ પ્રમાણમાં લખાયેલ ભંડારોમાં છે. તેને ઉકેલવા માટે સંસ્કૃત પ્રાકૃત ભાષા જ્ઞાનની આવશ્યકતા તો અનેકગણી છે-તે તે ભાષાના જ્ઞાન વિના પાઠો મેળવવા-શુદ્ધ તારવવા મુશ્કેલ છે. તેમજ શુદ્ધ સંશોધન પૂર્વકનું છપાવવું મુશ્કેલ છે.

આમ સંસ્કૃત પ્રાકૃત ભાષાના જ્ઞાન વિના જૈન ધર્મના ગ્રંથોનું જ્ઞાન મેળવવું અને રક્ષણ કરવું. તેમજ ક્રિયા તથા વિધિઓનું જ્ઞાન મેળવવું અને રક્ષણ કરવું અશક્ય પ્રાયઃ છે, એટલે કે જો તે તે ભાષાનું જ્ઞાન ન હોય તો જ્ઞાન અને ક્રિયા એ બન્નેમાં પ્રવેશતી અશુદ્ધિઓ અને એ બન્નેનાં ગ્રન્થોમાં છપાતી અશુદ્ધિઓ વધતી જાય પણ ઓછી ન થાય એટલે તે તે ભાષાના જ્ઞાન વિના તેનું રક્ષણ પણ થઈ શકતું નથી. જે જૈનશાસનનો અમૂલ્ય વારસો છે, જેના દ્વારા આત્માને શુદ્ધ કરવો છે, કર્મથી મુક્ત કરવો છે-મોક્ષ મેળવવો છે તે સાધન પણ તેટલું જ શુદ્ધ હોવું જોઈએ-શુદ્ધ રાખવું જોઇએ-તેની શુદ્ધિનું રક્ષણ કરવું જોઈએ. તે વિષયની ઉપેક્ષા ચલાવી લેવાય નહિ.

આ માટે-આ ઉદ્દેશથી શ્રી ચતુર્વિધસંઘમાં સંસ્કૃત-પ્રાકૃત ભાષા જ્ઞાનની અગત્યતા મૂલથી-પાયામાં જરૂરી છે, એટલે કે તેનું પઠન-પાઠન મૂળમાં-પાયામાં હોવું જોઇએ. અને સંસ્કૃત-પ્રાકૃત ભાષા જ્ઞાનને સારી રીતે જાણનારો વર્ગ તૈયાર થવો જોઇએ. સંસ્કૃત-પ્રાકૃત ભાષાને સારી રીતે જાણનાર-તેની મૌલિક પરિભાષામાં તેને જાણનાર

શ્રમણવર્ગ આપણા જ્ઞાનવારસાને, વિધિવારસાને શુદ્ધ સ્વરૂપમાં રાખી ટકાવી શકશે તેવી રીતે આપણી ક્રિયા-વિધિઓને પણ શુદ્ધ સ્વરૂપમાં રાખી ટકાવી શકશે અને એવી રીતે શ્રાવક વર્ગ પણ સંસ્કૃત-પ્રાકૃત ભાષાને જાણનાર હોય તો તેમના દ્વારા થતાં સંશોધનો, પ્રકાશનો, ગ્રન્થોનું પઠન-પાઠન, વિધિ વિધાનો, ક્રિયાનુષ્ઠાનો મૂળ સ્વરૂપમાં ટકી રહે અને મૂળ ઉદ્દેશને સ્પર્શી શકે એટલે સંસ્કૃત-પ્રાકૃત ભાષા જ્ઞાનને ધરાવનાર વર્ગ શાસનના જ્ઞાન અને ક્રિયા વારસાને તેના મૂળ સ્વરૂપમાં અને મૂળ ઉદ્દેશમાં સમજવા અને ટકાવી રાખવા માટે ઘણો જરૂરી છે, અને તે માટે સંસ્કૃત ભાષા જ્ઞાનની અગત્યની જરૂર છે, સંસ્કૃત દ્વારા પ્રાકૃત જાણી શકાય છે માટે સંસ્કૃતની અગત્યતા પ્રથમ છે.

**શિવલાલ નેમચંદ શાહ**

• • •

## સંસ્કૃત ભણવું શા માટે અને કેવી રીતે ?

**સંસ્કૃત ભાષાની અગત્યતા** પૂર્વના લેખમાં સારી રીતે પ્રતિપાદિત કરેલ છે. હવે સંસ્કૃત ભણવું શા માટે ? અને કેવી રીતે ? એ વિષે અહિં પ્રતિપાદન કરવામાં આવે છે.

સંસ્કૃતભાષા ઘણી કઠીન છે એમ માનવાની જરૂર નથી સંસ્કૃતભાષા પણ એક ભાષા છે. અને તેનો વ્યવહારમાં પણ ઘણી વખત ઉપયોગ કરવામાં આવેલો છે. ઘણા દેશોમાં તે રાષ્ટ્રભાષા તરીકે પણ વપરાતી હતી. પણ ઇંગ્લીશ ભાષાનો પ્રચાર થયો એટલે એ ભાષા સદંતર બંધ જેવી થઈ ગઈ છે. માત્ર શાસ્ત્ર જાણવા માટે કેટલાક ભણતા રહ્યા છે. ખરી રીતે તો દરેક શાસ્ત્રો જાણવા માટે સંસ્કૃતભાષાની અગત્યતા પૂરેપૂરી છે અને તે માટે પૂર્વે સંસ્કૃતભાષાની મુખ્યતા હતી અને લોકો તેને સારી રીતે ભણતાં ગણતાં હતા. અને રાજશાસન પણ એ જ ભાષામાં ચાલતું હતું. રાજશાસન અને ધર્મશાસન જુદુ ન હતું.

મુખ્યપણે સંસ્કૃત શીખવામાટે સંસ્કૃત વ્યાકરણ છે અને તે કલિકાલ સર્વજ્ઞ શ્રીમદ્ હેમચન્દ્રાચાર્યનું પ્રસિદ્ધ છે. તે પૂર્વે બીજાં વ્યાકરણો પ્રસિદ્ધ હતાં તે બધાંને તપાસી જોઈ સિદ્ધહેમ નામનું વ્યાકરણ તેઓશ્રીએ સરળમાં સરળ બનાવ્યું છે. ત્યાર પછી વ્યાકરણ બનાવવાનો કોઇએ પ્રયત્ન કર્યો નથી કેમકે તે સરળ છે અને સુગમતાથી ગ્રાહ્ય છે. અને તેનાં દરેક અંગો તેઓશ્રીએ જ બનાવ્યાં છે. એવું કામ કરનાર ત્યાર પહેલાં કે પછી કોઈ વિદ્વાન્ હમણાં હમણાં થયો જ નથી.

સંસ્કૃતભાષા એટલે શુદ્ધ ભાષા, સંસ્કૃત ભાષાના શબ્દો, શબ્દો કહેવાય છે. તે સિવાયના શબ્દો, અપશબ્દો છે-અપભ્રંશ શબ્દો કહેવાય છે.

જગતમાં પહેલેથી જ શુદ્ધ શબ્દોના ઉચ્ચારો અને અપશબ્દોના-અશુદ્ધ શબ્દોના ઉચ્ચારો ચાલ્યા જ આવે છે. એટલે બન્ને શબ્દો પહેલેથી જ છે. એમાં અપશબ્દો[1] વધતા રહે એ સ્વાભાવિક છે. શુદ્ધ શબ્દો તો જે છે તે જ છે, તે ઓછા થવા સ્વાભાવિક છે.

જે લોકો શિષ્ટ પુરૂષો છે તેમની ભાષામાં શુદ્ધ શબ્દો રહ્યા છે-હતા, એ શુદ્ધ શબ્દો અનંતા છે, તે શબ્દ એકેક[2] સમજાવતાં પાર ન આવે માટે વખત ઉપર વ્યાકરણની રચના થઈ અને વ્યાકરણ દ્વારા એક સામટા અનેક શબ્દો નિયમ દ્વારા સમજાવી શકાય અને શુદ્ધ[3] શબ્દોને સમજવા માટે વ્યાકરણ દ્વારા સમજવા એ જ સરળ ઉપાય છે.

---

१. एकैकस्य हि शब्दस्य बहवोऽपशब्दाः ।

२. प्रतिपदपाठोऽनभ्युपायः शब्दानां प्रतिपत्तौ, तेषामानन्त्यात् ।

३. तस्मात्शब्दोपदेशेऽल्पोपायरूपत्वात्सामान्यविशेषवल्लक्षणमेव वक्तव्यम् १-१-३ बृहन्न्यासः ।

એટલે વ્યાકરણ એ શુદ્ધ શબ્દોનો ભંડાર છે, જે શબ્દો શાસ્ત્રોમાં વપરાય છે તે બધા જ શબ્દો વ્યાકરણાં બતાવેલા છે. અર્થાત્ સર્વ શાસ્ત્રોનો સમાવેશ વ્યાકરણમાં છે એમ કહેવું એ વધારે ઉચિત છે.

લીલાવતીકાર ગણિતજ્ઞ ભાસ્કરાચાર્ય કહે છે કે—

જે માણસ વેદના મુખરૂપ સરસ્વતીના ઘર-વ્યાકરણને જાણે છે તે માણસ વેદને પણ જાણે છે તો અન્ય બીજા શાસ્ત્રોને કેમ ન જાણે, માટે પ્રથમ એને-વ્યાકરણને ભણીને બુદ્ધિમાન પુરુષ બીજા શાસ્ત્રોના શ્રવણનો અધિકારી થાય છે.[1]

દરેક શાસ્ત્રોને સાંભળવા, ભણવા-ગણવા-બોલવાનો અધિકાર વ્યાકરણશાસ્ત્ર ભણ્યા વિના મળતો નથી. આટલો ભાર શાસ્ત્રજ્ઞોએ વ્યાકરણ ભણવા પર મુક્યો છે તે બરાબર જ છે. કેમકે વ્યાકરણ વિના અર્થનો મહા અનર્થ થઈ જાય એટલા માટે એક વિદ્વાને પોતાના પુત્રને હિતશિક્ષા આપતાં કહ્યું છે કે-

'પુત્ર ! તું બહુ ન ભણે તો પણ વ્યાકરણ ભણ, કેમકે-સ્વજન-સંબંધી, શ્વજન-કુતરો, સકલ-સંપૂર્ણ, શકલ-ટૂકડો, સકૃત્-એકવાર, શકૃત-વિષ્ઠા, આવો અર્થનો, (બોલતાં આવડે તો) અનર્થ ન થાય, માટે તું વ્યાકરણ ભણ ![2]

---

१. यो वेद-वदनं सदनं हि सम्यग्,
ब्राह्मयाः स वेदमपि वेद किमन्यशास्त्रम् ।
यस्मादतः प्रथममेतदधीत्य धीमान् ,
शास्त्रान्तरस्य भवति श्रवणेऽधिकारी ॥

२. यद्यपि नाधीषे बहु तदपि पठ पुत्र ! व्याकरणम् ।
स्वजनः श्वजनो मा भूत् सकलं शकलं सकृत् शकृत् ॥

શાસ્ત્રજ્ઞોએ વ્યાકરણને મોક્ષનું અંગ કહ્યું છે.

વ્યાકરણથી પદની સિદ્ધિ થાય છે. પદની સિદ્ધિથી અર્થનો નિર્ણય થાય છે, અર્થથી તત્ત્વજ્ઞાન થાય છે અને તત્ત્વજ્ઞાનથી પરંપરાએ મોક્ષ થાય છે-મુક્તિ મળે છે. ૩

વ્યાકરણ છે એ મોક્ષ પામવાનું પરમ સાધન છે, એટલા માટે આચાર્ય ભગવાન્ શ્રીમદ્ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ વ્યાકરણની શરૂઆતમાં જ ફરમાવે છે કે -

શબ્દાનુશાસન એટલે વ્યાકરણ અને વ્યાકરણ એટલે શબ્દાનુશાસન-શબ્દોને કહેવા, શબ્દાનુશાસનનો વિષય સાધુ-શુદ્ધ શબ્દોને કહેવા એ છે, એટલા શબ્દાનુશાસનનું પ્રયોજન શુદ્ધ શબ્દોને કહેવા એ છે, શુદ્ધ શબ્દોથી સમ્યગ્જ્ઞાન થાય છે, એ અનન્તર પ્રયોજન છે અને સમ્યગ્જ્ઞાન દ્વારા મોક્ષ થાય છે એ પરમ્પર પ્રયોજન છે. ૪

શુદ્ધ શબ્દોના પ્રયોગથી સમ્યગ્જ્ઞાન થાય છે અને સમ્યગ્જ્ઞાનથી મોક્ષ થાય છે માટે આ શબ્દાનુશાસન-વ્યાકરણનો આરંભ-રચના કરાય છે. ૫

શાસ્ત્રો બધા શબ્દરૂપ છે. એટલે પ્રથમ શુદ્ધ શબ્દોને જણાવનાર શબ્દાનુશાસનનો અભ્યાસ કરવો જ પડે, તે વિના શાસ્ત્રજ્ઞ થવાય જ નહિં. શબ્દોની વ્યુત્પત્તિ-પ્રયોગ તેનો ધાતુ જાણ્યા વિના

---

૩. व्याकरणात्पदसिद्धिः पदसिद्धेरर्थनिर्णयो भवति ।
अर्थात्तत्त्वज्ञानं तत्त्वज्ञानात्परं श्रेयः ॥

૪. असाधुत्वनिर्मुक्तानां शब्दानां प्रयुक्तेः सम्यग्ज्ञानलक्षणा सिद्धिर्भवति,
शब्दानुशासनस्य साधवः शब्दा अभिधेयाः,
यमर्थमधिकृत्य प्रवर्तते तत्प्रयोजनम् इति
सम्यग्ज्ञानमनन्तरं प्रयोजनम् तद्द्वारेण च निःश्रेयसं परमिति ।

૫. तस्मात् सम्यग्ज्ञाननिःश्रेयसप्रयोजनं शब्दानुशासनमारभ्यते ।
१-१-२ बृहन्न्यासः

થાય નહિ અને તે વિના શબ્દનું જ્ઞાન થાય નહિ, આ બધું વ્યાકરણ-શબ્દાનુશાસન સમજાવે છે, તે સમજયા વિના-શબ્દનો મર્મ જાણ્યા વિના આગળ કેવી રીતે વધી શકાય ? પ્રથમ શબ્દનો શક્ય-વાચ્ય અર્થ જાણ્યા વિના, લક્ષ્ય અને વ્યંગ્ય અર્થમાં આગળ કેવી રીતે વધી શકાય, માટે પ્રથમ શબ્દજ્ઞાન માટે શબ્દાનુશાસનનો અભ્યાસ કરવો જોઇએ, જેના દ્વારાએ તત્ત્વજ્ઞાન-સમ્યગ્જ્ઞાન અને પછી મોક્ષ થાય છે એ હકીકત છે.

ન્યાયશાસ્ત્ર ભણવું હોય તો વ્યાકરણ પ્રથમ ભણવું જ જોઇએ અને વ્યાકરણ ભણ્યા પછી જ ન્યાય શાસ્ત્ર ભણી શકાય છે.[1] એમ તેઓએ કહેલું જ છે.

એટલે વ્યાકરણ-શબ્દાનુશાસન વિના શાસ્ત્રજ્ઞ થઈ શકાતું નથી અને શાસ્ત્રના જ્ઞાન વિના સિદ્ધાન્તો સમજી શકાતાં નથી, અનુષ્ઠાનોમાં રસ ઉત્પન્ન થતો નથી-શુદ્ધિ આવતી નથી. માટે વ્યાકરણ ભણવું જોઇએ. બુદ્ધિમાન માણસે અવશ્ય વ્યાકરણ ભણવું જોઇએ. વ્યાકરણની ઉપેક્ષા થાય જ નહિ. અલ્પ બુદ્ધિવાળાએ બે કે ત્રણ પ્રવેશિકાઓ કરવાથી-ઓછામાં ઓછી બે પ્રવેશિકાઓ કરવાથી વ્યાકરણનો અભ્યાસ સહેલો-સરળ થઈ જાય છે. વ્યાકરણમાં સર્વશ્રેષ્ઠ વ્યાકરણ 'સિદ્ધહેમ' છે અને તેને આધારે રચાયેલી હૈમ પ્રવેશિકાઓ, સિદ્ધહેમ વ્યાકરણની પ્રાથમિક ભૂમિકા છે.

વ્યાકરણ ન કરી શકનાર વિદ્યાર્થી હૈમસંસ્કૃત પ્રવેશિકાના ત્રણ ભાગ કરે તો એને વ્યાકરણનો આસ્વાદ આવે છે અને સરળતાથી સારી રીતે સંસ્કૃતભાષા શીખી શકે છે. સંસ્કૃતભાષા કઠીન છે એવું મનમાંથી કાઢી નાખવું અને સંસ્કૃતભાષા શીખવા પ્રારંભ કરવો. ધીમે ધીમે પણ તેના સંસ્કારો પડ્યા પછી આગળ જલ્દીથી જઈ શકાશે, એવી પ્રવેશિકાઓની રચના છે.

---

૧. अधीतव्याकरणकाव्यकोशोऽनधीतन्यायशास्त्रो बालः ।

હાલમાં સર્વત્ર હૈમ સંસ્કૃત પ્રવેશિકાઓ દ્વારા સંસ્કૃત શીખવામાં આવે છે અને તે વિદ્યાર્થીપ્રિય થઈ છે. માટે સંસ્કૃતના અભ્યાસીઓ હૈમસંસ્કૃત પ્રવેશિકાઓ દ્વારા સંસ્કૃત શીખે અને પછી બુદ્ધિમાન વિદ્યાર્થી 'સિદ્ધહેમ' વ્યાકરણ શીખીને શાસ્ત્રજ્ઞ બને, એ હેતુથી હૈમસંસ્કૃત પ્રવેશિકાઓની રચના કરવામાં આવી છે. સંસ્કૃત શીખીને પછી પ્રાકૃત શીખવું. પ્રાકૃત શીખવા માટે 'પ્રાકૃત વિજ્ઞાન પાઠમાળા' ઉત્તમ છે. પછી પ્રાકૃત વ્યાકરણ 'સિદ્ધહેમ'નો અષ્ટમ અધ્યાય કરવો જેથી પ્રાકૃત ભાષાનું જ્ઞાન સારું થશે.

આ પ્રમાણે સંસ્કૃત-પ્રાકૃતના અભ્યાસને માટે સર્વશ્રેષ્ઠ સિદ્ધહેમ વ્યાકરણ છે જે વ્યાકરણની રચના કરી પૂજ્ય આચાર્ય શ્રી હેમચન્દ્રસૂરિ મહારાજ સાહેબે આપણા ઉપર અસીમ ઉપકાર કર્યો છે.

'સિદ્ધહેમ' વ્યાકરણના પઠન-પાઠન માટે શ્રમણવર્ગમાં અને શ્રાવક વર્ગમાં જોરદાર પ્રયત્નો થવા જોઈએ, જૈન શાસનની વ્યવસ્થાનુસાર સંસ્કૃત-પ્રાકૃત ભાષાનો અભ્યાસ પ્રત્યેક જૈને ઓછા-વધતા પ્રમાણમાં કરવો જ જોઈએ.

મુખ્યપણે શ્રમણો, શ્રમણોને અને શ્રાવકોને શીખવે. સાધ્વીજીઓ સાધ્વીજીઓને અને શ્રાવિકાઓને શીખવે, એ શ્રેષ્ઠ ઉપાય છે; તો ઘણું કામ થઈ શકે તેમ છે. આ પ્રવૃત્તિ આપણે ત્યાં છે. પણ તેમાં સંસ્કૃત-પ્રાકૃત ભણાવાય છે એ પ્રવૃત્તિમાં પણ વેગ લાવવાની જરૂર છે. વિવેક પૂર્વક અને વિચારપૂર્વક વેગ લાવવાથી સારૂં પરિણામ આવશે. આપણે જૈન સિદ્ધાન્તોને સમજવા માટે અને તેનાં અનુષ્ઠાનોમાં શુદ્ધિ લાવવા, પ્રતિક્રમણ વગેરે સૂત્રોના અર્થો-ભાવાર્થો સમજવા માટે અને વિધિઓને જાણવા માટે અને શાન્તિસ્નાત્ર વગેરે સિદ્ધચક્ર પૂજન વગેરે પૂજનોના જાણકાર થવા માટે સંસ્કૃત-પ્રાકૃત ભણવાનું છે. અવશ્ય ભણવાનું છે, તેના દ્વારા સમ્યગ્જ્ઞાન થશે અને પરંપરાએ મોક્ષ પ્રાપ્ત થશે.

**શિવલાલ નેમચંદ શાહ**

## સંસ્કૃત અભ્યાસ ક્રમ અંગે-

૧ હૈમ સંસ્કૃત પ્રવેશિકા પ્રથમા
૨ હૈમ સંસ્કૃત પ્રવેશિકા મધ્યમા
૩ હૈમ સંસ્કૃત પ્રવેશિકા ઉત્તમા
૪ સિદ્ધહૈમ સારાંશ અનુવાદ પ્રક્રિયા અથવા સસૂત્ર નિયમાવલિ
૫ સિદ્ધહૈમ સારાંશ અનુવાદ વિવરણ-સસૂત્ર વિષયવાર પ્રકરણ
૬ તદન્તર્ગત, અલ્પ દૃષ્ટાન્તોપેત સિદ્ધહૈમ સારાંશ સંસ્કૃત વ્યાકરણ
૭ હૈમ સંસ્કૃત પ્રવેશિકા પ્રથમા માર્ગદર્શિકા | માર્ગદર્શિકાઓની
૮ હૈમ સંસ્કૃત પ્રવેશિકા મધ્યમા માર્ગદર્શિકા | રચનાઓ, પ્રવેશિકાઓ
૯ હૈમ સંસ્કૃત પ્રવેશિકા ઉત્તમામાર્ગદર્શિકા | સાથે જ કરેલી છે.

આ ક્રમે નવ નવ રચનાઓ કરી કૃતજ્ઞજનોના કરકમળમાં મૂકું છું.

અનુક્રમે ત્રણ પ્રવેશિકાઓનો અભ્યાસ કરવો. પછી સસૂત્ર નિયમાવલિ જોવી, સાથે સૂત્રો સમજવાં. પછી સિદ્ધહૈમ સારાંશ અનુવાદ વિવરણ સસૂત્ર વિષયવાર પ્રકરણ, ક્રમે જોવું અને સૂત્રો સમજવાં ત્યારબાદ અલ્પ દૃષ્ટાન્તોપેત સિદ્ધહૈમસારાંશ સંસ્કૃત વ્યાકરણ કંઠસ્થ કરવું. પ્રથમા મધ્યમા અને ઉત્તમાની માર્ગદર્શિકાઓ છે, તેમાં પણ ઘણું સમજાવ્યું છે, તેનું પણ અવસરે વાંચન કરી લેવું.

આ ક્રમે અભ્યાસ કરવાથી અને કરાવવાથી વ્યાકરણનો સારભાગ તૈયાર થઈ જશે, પછી વિશેષ જિજ્ઞાસુએ સિદ્ધહેમ વ્યાકરણનું વાંચન કરવું, જેથી સંપૂર્ણ વ્યાકરણનો અભ્યાસ અનાયાસે અલ્પ સમયમાં થઈ જશે. સિદ્ધહેમના અભ્યાસમાં ક્રમિક પ્રગતિ કરાવવા માટે આ ઉપર મુજબના ક્રમે રચનાઓ કરેલી છે, એમાં જેનાથી જેટલું થાય તેટલું કરવું. આ ક્રમે સંસ્કૃતનો અભ્યાસ કરવાથી અને કરાવવાથી થોડા સમયમાં અલ્પ આયાસે સારું સંસ્કૃત ભાષા જ્ઞાન થશે, સિદ્ધહેમના અને સંસ્કૃતના અધ્યાપકો સારા પ્રમાણમાં તૈયાર થશે, સિદ્ધહેમનો અને સંસ્કૃતનો અભ્યાસ સારા પ્રમાણમાં વધશે ઉત્તમ સંસ્કૃત સાહિત્યના સ્વાધ્યાયનો સારો લાભ પ્રાપ્ત થશે. પરિણામે માર્ગનુસારિતા દ્વારા જીવો શિવપદ પ્રાપ્ત કરશે.

**શિવલાલ નેમચંદ શાહ**

વર્ધમાન એન્ટરપ્રાઇઝ, શાહીબાગ, અમદાવાદ-૪. ફોન : ૨૮૬૦૭૮૫